# महापूजा

**लेखन एवं संशोधन :**

शा. संतवल्लभदास (वेदान्ताचार्य)

**प्रेरणा :**

प.पू.सद्गुरु शा. श्रीघनश्यामप्रकाशदासजी स्वामी

**प्रकाशक :**

दशाब्दि महोत्सव के उपक्रममें श्री स्वामिनारायण गुरुकुल 'भक्तिनगर' कण्डारी

गुरुकुल
कण्डारी

# અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૧. | ભગવાન શ્રી સ્વામિનારાયણ | ૩ |
| ૨. | શ્રી ધર્મદેવ | ૫ |
| ૩. | શ્રી ભક્તિમાતા | ૬ |
| ૪. | શ્રી રામપ્રતાપજી મહારાજ | ૮ |
| ૫. | શ્રી ઈચ્છારામજી મહારાજ | ૯ |
| ૬. | આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ | ૧૦ |
| ૭. | આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ | ૧૧ |
| ૮. | સદ્‌ગુરુશ્રી મુળજી બ્રહ્મચારી | ૧૫ |
| ૯. | સદ્‌ગુરુશ્રી જયાનંદ બ્રહ્મચારી | ૧૬ |
| ૧૦. | સદ્‌ગુરુશ્રી મુક્તાનંદ સ્વામી | ૧૮ |
| ૧૧. | સદ્‌ગુરુશ્રી ગોપાળાનંદ સ્વામી | ૧૯ |
| ૧૨. | સદ્‌ગુરુશ્રી બ્રહ્માનંદ સ્વામી | ૨૧ |
| ૧૩. | સદ્‌ગુરુશ્રી નિત્યાનંદ સ્વામી | ૨૨ |
| ૧૪. | સદ્‌ગુરુશ્રી વ્યાપકાનંદ સ્વામી | ૨૪ |
| ૧૫. | સદ્‌ગુરુશ્રી સ્વરૂપાનંદ સ્વામી | ૨૫ |
| ૧૬. | સદ્‌ગુરુશ્રી કૃપાનંદ સ્વામી | ૨૭ |
| ૧૭. | સદ્‌ગુરુશ્રી આનંદાનંદ સ્વામી | ૨૮ |
| ૧૮. | સદ્‌ગુરુશ્રી ચૈતન્યાનંદ સ્વામી | ૩૦ |
| ૧૯. | સદ્‌ગુરુશ્રી પરમાનંદ સ્વામી | ૩૧ |
| ૨૦. | સદ્‌ગુરુશ્રી અખંડાનંદ વર્ણી | ૩૩ |
| ૨૧. | સદ્‌ગુરુશ્રી વાસુદેવાનંદ વર્ણી | ૩૫ |
| ૨૨. | સદ્‌ગુરુશ્રી મહાનુભાવાનંદ સ્વામી | ૩૭ |
| ૨૩. | સદ્‌ગુરુશ્રી શુકાનંદ સ્વામી | ૩૮ |
| ૨૪. | સદ્‌ગુરુશ્રી આત્માનંદ સ્વામી | ૪૦ |
| ૨૫. | સદ્‌ગુરુશ્રી સ્વયંપ્રકાશનંદ સ્વામી | ૪૧ |
| ૨૬. | સદ્‌ગુરુશ્રી નિષ્કુળાનંદ સ્વામી | ૪૩ |
| ૨૭. | સદ્‌ગુરુશ્રી સચ્ચિદાનંદ સ્વામી | ૪૪ |

| | | |
|---|---|---|
| ૨૮. | શ્રી યજ્ઞાવતાર | ૪૬ |
| ૨૯. | શ્રી વામનાવતાર | ૪૭ |
| ૩૦. | શ્રી બુદ્ધાવતાર | ૪૮ |
| ૩૧. | શ્રી ઋષભ અવતાર | ૪૯ |
| ૩૧. | શ્રી દત્તાત્રેયાવતાર | ૫૦ |
| ૩૨. | શ્રી કપિલાવતાર | ૫૧ |
| ૩૩. | શ્રી મત્સ્યાવતાર | ૫૨ |
| ૩૪. | શ્રી કુર્માવતાર | ૫૩ |
| ૩૫. | શ્રી વરાહાવતાર | ૫૪ |
| ૩૬. | શ્રી નૃસિંહાવતાર | ૫૫ |
| ૩૭. | શ્રી વ્યાસાવતાર | ૫૬ |
| ૩૮. | શ્રી ગજાનન | ૫૭ |
| ૩૯. | સદ્‌ગુરુ શ્રી રામનાંદ સ્વામી | ૫૮ |
| ૪૦. | શ્રી હંસાવતાર | ૫૯ |
| ૪૧. | શ્રી પરશુરામવતાર | ૬૦ |
| ૪૨. | શ્રી કલ્કિ અવતાર | ૬૧ |
| ૪૩. | ભક્તરાજશ્રી દાદાખાચર | ૬૫ |
| ૪૪. | ભક્તરાજશ્રી ઝીણાભાઈ | ૬૭ |
| ૪૫. | ભક્તરાજશ્રી સોમલા ખાચર | ૬૮ |
| ૪૬. | ભક્તરાજશ્રી સુરા ખાચર | ૬૯ |
| ૪૭. | ભક્તરાજશ્રી વીર ભગુજી | ૭૧ |
| ૪૮. | પાર્ષદ રતનજી | ૭૨ |
| ૪૯. | ભક્તરાજશ્રી નાજા જોગીયા | ૭૩ |
| ૫૦. | ભક્તરાજશ્રી અલૈયા ખાચર | ૭૫ |
| ૫૧. | ભક્તરાજશ્રી નાના ખાચર | ૭૭ |
| ૫૨. | માણકી | ૭૮ |
| ૫૩. | ભક્તરાજશ્રી લાખા ભગત | ૮૦ |
| ૫૪. | ભક્તરાજશ્રી ગલુજી | ૮૧ |
| ૫૫. | પાર્ષદશ્રી કુબેરસિંહ | ૮૨ |
| ૫૬. | પાર્ષદશ્રી માનસિંહ | ૮૩ |







| | | |
|---|---|---|
| ૫૭. | પાર્ષદશ્રી ભીમ ભગત | ૮૩ |
| ૫૮. | પાર્ષદશ્રી અર્જુન ભગત | ૮૫ |
| ૫૯. | સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી | ૮૬ |
| ૬૦. | સદ્‌ગુરુશ્રી દેવાનંદ સ્વામી | ૮૮ |
| ૬૧. | સદ્‌ગુરુશ્રી જ્ઞાનાનંદ સ્વામી | ૮૯ |
| ૬૨. | સદ્‌ગુરુશ્રી ગુણાતીતાનંદ સ્વામી | ૯૦ |
| ૬૩. | સદ્‌ગુરુશ્રી યોગાનંદ સ્વામી | ૯૧ |
| ૬૪. | સદ્‌ગુરુશ્રી પ્રજ્ઞાનંદ સ્વામી | ૯૨ |
| ૬૫. | સદ્‌ગુરુશ્રી ગોવિદાનંદ સ્વામી | ૯૩ |
| ૬૬. | સદ્‌ગુરુશ્રી ત્યાગાનંદ સ્વામી | ૯૪ |
| ૬૭. | સદ્‌ગુરુશ્રી વિરક્તાનંદ સ્વામી | ૯૫ |
| ૬૮. | સદ્‌ગુરુશ્રી આધારાનંદ સ્વામી | ૯૬ |
| ૬૯. | સદ્‌ગુરુશ્રી નિરંજનાનંદ સ્વામી | ૯૮ |
| ૭૦. | સદ્‌ગુરુશ્રી અભેદાનંદ સ્વામી | ૯૮ |
| ૭૧. | સદ્‌ગુરુશ્રી નિર્ગુણાનંદ સ્વામી | ૯૯ |
| ૭૨. | સદ્‌ગુરુશ્રી ભૂધરાનંદ સ્વામી | ૯૯ |
| ૭૩. | સદ્‌ગુરુશ્રી સુખાનંદ સ્વામી | ૧૦૧ |
| ૭૪. | સદ્‌ગુરુશ્રી વિજ્ઞાનાનંદ સ્વામી | ૧૦૩ |
| ૭૫. | સદ્‌ગુરુશ્રી નારાયણાનંદ વર્ણી | ૧૦૭ |
| ૭૬. | સદ્‌ગુરુશ્રી આનંદાનંદ વર્ણી | ૧૦૮ |
| ૭૭. | સદ્‌ગુરુશ્રી ગોપાળાનંદ વર્ણી | ૧૧૦ |
| ૭૮. | સદ્‌ગુરુશ્રી વૈકુંઠાનંદ વર્ણી | ૧૧૧ |
| ૭૯. | સદ્‌ગુરુશ્રી શતાનંદ સ્વામી | ૧૧૨ |
| ૮૦. | સદ્‌ગુરુશ્રી યોગાનંદ સ્વામી | ૧૧૩ |
| ૮૧. | સદ્‌ગુરુશ્રી ભગવદાનંદ સ્વામી | ૧૧૪ |
| ૮૨. | સદ્‌ગુરુશ્રી શિવાનંદ સ્વામી | ૧૧૬ |
| ૮૩. | સદ્‌ગુરુશ્રી કૃષ્ણાનંદ સ્વામી | ૧૧૭ |
| ૮૪. | સદ્‌ગુરુશ્રી અક્ષરાનંદ સ્વામી | ૧૧૮ |
| ૮૫. | સદ્‌ગુરુશ્રી સર્વજ્ઞાનંદ સ્વામી | ૧૨૦ |
| ૮૬. | સદ્‌ગુરુશ્રી અદ્‌ભૂતાનંદ સ્વામી | ૧૨૨ |

| | | |
|---|---|---|
| ૮૭. | સદ્‌ગુરુશ્રી શૂન્યાતીતાનંદ સ્વામી | ૧૨૪ |
| ૮૮. | સદ્‌ગુરુશ્રી તદ્રુપાનંદ સ્વામી | ૧૨૫ |
| ૮૯. | સદ્‌ગુરુશ્રી શાંતાનંદ સ્વામી | ૧૨૭ |
| ૯૦. | સદ્‌ગુરુશ્રી પુરુષાનંદ સ્વામી | ૧૨૮ |
| ૯૧. | ભક્તરાજશ્રી મયારામ ભટ્ટ | ૧૩૩ |
| ૯૨. | ભક્તરાજશ્રી પ્રાણગોવિંદ | ૧૩૪ |
| ૯૩. | ભક્તરાજશ્રી લક્ષ્મીરામ | ૧૩૫ |
| ૯૪. | ભક્તરાજશ્રી હેમંતરામ | ૧૩૬ |
| ૯૫. | ભક્તરાજશ્રી શિવયાજ્ઞિક | ૧૩૬ |
| ૯૬. | ભક્તરાજશ્રી મોહનરામ | ૧૩૬ |
| ૯૭. | વિપ્રવર્ય હરિશર્મા | ૧૩૭ |
| ૯૮. | વિપ્રવર્ય કૃપાશંકર | ૧૩૯ |
| ૯૯. | ભક્તરાજશ્રી માંચા ખાચર | ૧૪૦ |
| ૧૦૦. | ભક્તરાજશ્રી જીવા ખાચર | ૧૪૨ |
| ૧૦૧. | ભક્તરાજશ્રી કાશીદાસ | ૧૪૪ |
| ૧૦૨. | ભક્તરાજશ્રી પર્વતભાઈ | ૧૪૫ |
| ૧૦૩. | ભક્તરાજશ્રી નાથજી ભગત | ૧૪૬ |
| ૧૦૪. | ભક્તરાજશ્રી નાચિકેત | ૧૪૭ |
| ૧૦૫. | ભક્તરાજશ્રી નંદુભાઈ | ૧૪૭ |
| ૧૦૬. | ભક્તરાજશ્રી નરોત્તમ ઠાકોર | ૧૪૯ |
| ૧૦૭. | પાર્ષદશ્રી રામસિંહ | ૧૪૯ |
| ૧૦૮. | સદ્‌ગુરુશ્રી નૃસિંહાનંદ સ્વામી | ૧૫૦ |
| ૧૦૯. | ભક્તિમતી લાડુબા | ૧૫૧ |
| ૧૧૦. | ભક્તિમતી જીવુબા | ૧૫૩ |
| ૧૧૧. | શ્રીહરિના જીવન પ્રસંગોની ઐતિહાસિક તવારીખ | ૧૫૬ |
| ૧૧૨. | જનમંગલ મંત્રાર્થ | ૧૫૭ |
| ૧૧૩. | મહાપૂજા વિધિ | ૧૮૩ |
| ૧૧૪. | સ્નાન વિધિ | ૧૮૩ |
| ૧૧૫. | શિખાબંધન વિધિ | ૧૮૩ |
| ૧૧૬. | યજમાનભાલે તિલકમ્ | ૧૮૩ |







| | | |
|---|---|---|
| ૧૧૭. | યજ્ઞોપવીત વિધિ | ૧૮૩ |
| ૧૧૮. | આચમન વિધિ | ૧૮૩ |
| ૧૧૯. | પ્રાણાયામ | ૧૮૩ |
| ૧૨૦. | શાંતિપાઠ | ૧૮૪ |
| ૧૨૧. | ગણપતિ સ્મરણ | ૧૮૪ |
| ૧૨૨. | ભગવત્ સ્મરણ | ૧૮૫ |
| ૧૨૩. | અથ સંકલ્પ | ૧૮૫ |
| ૧૨૪. | પૃથ્વિ પૂજન | ૧૮૬ |
| ૧૨૫. | દિક્ રક્ષણ વિધિ | ૧૮૬ |
| ૧૨૬. | કળશ પૂજન વિધિ | ૧૮૭ |
| ૧૨૭. | કળશમાં વરૂણનું આવાહ્ન | ૧૮૭ |
| ૧૨૮. | શંખ પૂજન વિધિ | ૧૮૮ |
| ૧૨૯. | ઘંટા પૂજન વિધિ | ૧૮૮ |
| ૧૩૦. | દીપ પૂજન વિધિ | ૧૮૯ |
| ૧૩૧. | સૂર્ય પૂજન વિધિ | ૧૮૯ |
| ૧૩૨. | શ્રી ગણપતિ પૂજન વિધિ | ૧૮૯ |
| ૧૩૩. | શ્રી હનુમત્ પૂજન વિધિ | ૨૦૧ |
| ૧૩૪. | દેહન્યાસ વિધિ | ૨૦૮ |
| ૧૩૫. | હૃદયન્યાસ વિધિ | ૨૦૯ |
| ૧૩૬. | અથ ધ્યાનમ્ | ૨૧૦ |
| ૧૩૭. | અથ આવાહનમ્ | ૨૧૧ |
| ૧૩૮. | અથ આસનમ્ | ૨૧૧ |
| ૧૩૯. | અથ પાદ્યમ્ | ૨૧૧ |
| ૧૪૦. | અથ અર્ઘ્યમ્ | ૨૧૧ |
| ૧૪૧. | અથ આચમનમ્ | ૨૧૨ |
| ૧૪૨. | અથ સ્નાનમ્ | ૨૧૨ |
| ૧૪૩. | અથ પંચામૃત સ્નાનમ્ | ૨૧૩ |
| ૧૪૪. | અથ ગન્ધોદક સ્નાનમ્ | ૨૧૫ |
| ૧૪૫. | અથ ઉદ્વર્તન સ્નાનમ્ | ૨૧૬ |
| ૧૪૬. | અથ મહાભિષેક સ્નાનમ્ | ૨૧૬ |

| | | |
|---|---|---|
| ૧૪૭. | અથ શ્રીહરિ અષ્ટોત્તરશતનામ સ્તોત્રમ્ | ૨૧૮ |
| ૧૪૮. | અથ શુદ્ધોદક સ્નાનમ્ | ૨૧૯ |
| ૧૪૯. | અથ વસ્ત્રોપવસ્ત્રે | ૨૧૯ |
| ૧૫૦. | અથ યજ્ઞોપવીતમ્ | ૨૨૦ |
| ૧૫૧. | અથ આભૂષણાનિ | ૨૨૦ |
| ૧૫૨. | અથ ચંદનમ્ | ૨૨૦ |
| ૧૫૩. | અથ અક્ષત | ૨૨૧ |
| ૧૫૪. | અથ પુષ્પાણિ | ૨૨૧ |
| ૧૫૫. | અથ અંગ પૂજા | ૨૨૨ |
| ૧૫૬. | અથ પરિવારાર્ચનમ્ | ૨૨૨ |
| ૧૫૭. | અથ સૌભાગ્ય દ્રવ્યાણિ | ૨૩૦ |
| ૧૫૮. | અથ ધૂપમ્ | ૨૩૩ |
| ૧૫૮. | અથ દીપમ્ | ૨૩૩ |
| ૧૫૯. | અથ નૈવેદ્યમ્ | ૨૩૪ |
| ૧૬૦. | અથ તામ્બુલમ્ | ૨૩૭ |
| ૧૬૧. | અથ ફલાર્ધ્યમ્ | ૨૩૭ |
| ૧૬૨. | અથ દક્ષિણા | ૨૩૭ |
| ૧૬૩. | અથ નિરાજનમ્ | ૨૩૮ |
| ૧૬૪. | અથ પ્રદક્ષિણા | ૨૩૯ |
| ૧૬૫. | અથ નમસ્કાર | ૨૩૯ |
| ૧૬૬. | અથ મંત્ર પુષ્પાજંલિ | ૨૪૦ |
| ૧૬૭. | અથ રાજોપચારાઃ | ૨૪૧ |
| ૧૬૮. | અથ પ્રાર્થના | ૨૪૧ |
| ૧૬૯. | અથ ક્ષમાયાચના | ૨૪૩ |
| ૧૭૦. | અથ વિસર્જનમ્ | ૨૪૪ |
| ૧૭૧. | શ્રીમદ્ આદિનારાયણ કથા | ૨૪૯ |
| ૧૭૨. | શ્રીજી બાવની | ૨૭૪ |
| ૧૭૩. | મહાપૂજાની સામગ્રી | ૨૭૬ |

" શ્રી હરિકૃષ્ણાય નમોનમ : "

# પ્રથમાવરણ



## પ્રથમ આવરણ

ભગવાન શ્રી સ્વામિનારાયણ
શ્રી ધર્મદેવ
શ્રી ભક્તિમાતા
શ્રી રામપ્રતાપજી મહારાજ
શ્રી ઇચ્છારામજી મહારાજ
આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ
આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ





ॐ श्री अवतारीणे स्वामिनारायणाय नमः।।

# ભગવાન શ્રી સ્વામિનારાયણ...

" જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ મહારાજ છે એમ જાણજો " (વ.ગ.મ.૧૩) આવો સ્પષ્ટ ઉદ્‌ઘોષ કરીને અનંત આત્માઓને પોતાની મૂર્તિનું જ્ઞાન આપી આત્યંતિક કલ્યાણનો ધોરી માર્ગ સ્થાપનાર ભગવાન શ્રી સ્વામિનારાયણ અઢારમાં સૈકાના પૂર્વાધમાં વિ.સં.૧૮૩૭ ચૈત્ર શુક્લ નવમીને સોમવારના દિવસે આ પૃથ્વી પર પ્રગટ થયા. વેદવેદ્ય પરાત્પર પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણોથી અંકિત થવાનું પ્રથમ સૌભાગ્ય ઉત્તર હિન્દુસ્તાન-કોશલદેશ-અયોધ્યા પાસેના નાનકડા ગામ છપૈયાની ધન્ય ધરણીને પ્રાપ્ત થયું. માતા ભક્તિદેવી અને પિતાશ્રી ધર્મદેવને બાલ્યોચિત લીલાઓ દ્વારા સુખ આપી કાલિદત્ત જેવા અસુરોનો નાશ કરી અયોધ્યા આવ્યા.

અયોધ્યાવાસીઓને "શ્રીઘનશ્યામ" આકર્ષણનું કેન્દ્ર બન્યા. ત્યાં પણ અનેક લીલાઓ કરી. પિતાશ્રી ધર્મદેવ પાસે વેદ વેદાંગનો અભ્યાસ કર્યો. કાશીએ જઈને વિદ્વાનોને પરાજીત કર્યા. માત-પિતાને દિવ્યગતિ આપીને ૧૧ વર્ષની નાજૂક ઉંમરે હજારો કિલોમીટરની યાત્રા દ્વારા અસંખ્ય તપસ્વીઓની સાધનાનું ફળ આપવાના શ્રીગણેશ કર્યા. વિ.સં.૧૮૪૯ થી ૧૮૫૬ સુધી ઘોર જંગલોમાં તીવ્ર તપશ્ચર્યા કરીને લોજપુર પધાર્યા. ઋષિમુનિઓનાં "નિલકંઠ" મુક્તમુનિના આશ્રમમાં "સરજુદાસ" બન્યા. નવ માસ સુધી ગુરૂદેવ રામાનંદ સ્વામીના દર્શનની રાહે લોજ આશ્રમમાં સેવકની જેમ મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા.

વિ.સં.૧૮૫૭ માં પીપલાણામાં ઉદ્ધવાવતાર સદ્‌ગુરૂશ્રી રામાનંદ સ્વામી પાસે દીક્ષા ગ્રહણ કરીને " સહજાનંદ સ્વામી " અને " નારાયણમુનિ " નામ ધારણ કર્યા..જેતપુરમાં ૨૧ વર્ષની ઉંમરે ઉદ્ધવસમ્પ્રદાયની ધર્મધૂરા સ્વીકારીને ધર્મધૂરન્ધર થયા. પરલોકવાદી અધ્યાત્મ પરંપરામાં પોતાના આશ્રિતોની અન્ન-વસ્ત્ર અને આબરૂની

જવાબદારી પોતાને શિરે લઈ આ લોકની ચિંતા કરી તે વિશ્વધર્મનો અભૂતપૂર્વ પ્રસંગ છે. સમાધિ પ્રકરણ દ્વારા હિન્દુ ધર્મના તમામ અનુયાયીઓને સ્વ સ્વ ઈષ્ટદેવનાં દર્શન કરાવ્યાં. માંગરોળમાં વાવ ખોદાવી. કારિયાણીમાં તળાવ ખોદાવ્યું અને સમાજકાર્યના શ્રીગણેશ કર્યા. ૧૮૬૧ માં પશ્ચિમ પાંચાલદેશમાં ઉન્મત્તગંગાને કાંઠે ગઢપુર એભલખાચરના દરબારગઢમાં પધાર્યા અને આજીવન **''ગઢડું મારૂં અને હું ગઢડાનો''** કહીને ત્યાં જ રહ્યા. ૨૦૦૦ બે હજાર જેટલા પરમહંસ-પાર્ષદોએ તેમના ચરણે તન-મન અપર્ણ કર્યા અને સમાજમાં જાગૃતિની મશાલ પ્રગટાવી, જેને અજવાળે નીચલી કોમના માણસો પણ ઊંચું જીવન જીવતા થયા અને ટૂંક સમયમાં જ વિશાળ જનમેદની તેમના દિવ્ય પ્રભાવથી અંજાયને શરણાગત થઈ. તાંત્રિકો-માંત્રિકો-મંત્રીઓ-રાજવીઓ-શાહુકારો-શેઠિયાઓ-વેઠિયાઓ-ખેડૂતો અને ઈતર ધર્માનુયાયીઓ સુધીના લોકોએ તેમને સાક્ષાત્ પરબ્રહ્મ તરીકે ઉપાસ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેક દિવ્ય ચરિત્રોની સાથે સાથે સમાજની નાડી પારખીને રંગોત્સવ, જન્મોત્સવ, રાસોત્સવ, અન્નકૂટોત્સવ અને શાકોત્સવ જેવા ચિરસ્મરણીય ઉત્સવ સમૈયાઓ અને અદ્રષ્ટપૂર્વ યજ્ઞો કર્યા. ઉપાસનાના માગર્ના વિકાસ માટે છ-છ વિશાળ મંદિરો બંધાવી લક્ષ્મીનારાયણ-નરનારાયણ આદિ દેવોની સ્થાપના કરી એટલું જ નહિ પણ વરતાલમાં મંદિરમાં સ્વહસ્તે ''હરિકૃષ્ણ મહારાજ'' ના નામે પોતાની જ પ્રતિષ્ઠા કરી એ વિશ્વધર્મના ઈતિહાસનો અજોડ પ્રસંગ છે.. એ જ વરતાલમાં સ્વાશ્રિતોની આચારસંહિતા ''શિક્ષાપત્રી'' ની રચના કરી અને સ્વસ્થાને શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને શ્રી રઘુવીરજી મહારાજને દત્તપુત્ર તરીકે સ્વીકારી ગાદીની સોંપણી કરી. વચનામૃત જેવા ગ્રન્થનું સમ્પાદન કરાવ્યું. અને સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, શ્રી હરિદિગ્વિજય જેવા ગ્રન્થોની રચના કરાવી. ૪૯ વર્ષના ટૂંકા સમયમાં યાવત્ ચંદ્રદિવાકરૌ મોક્ષમાર્ગના બંધદ્વાર ખુલ્લા કરીને આત્યાંતિક મુક્તિની પ્રાપ્તિ સહજ કરાવી. ગઢપુરમાં વિ.સં. ૧૮૮૬ માં તિરોધાન લીલા કરીને માનુષિ લીલા સંકેલી આજ સુધી દિવ્યલીલાઓ વિસ્તારી રહ્યા છે.

ઘોર કળિકાળમાં નિજભક્તને પ્રગટ પ્રત્યાક્ષાનુભૂતિનો આનંદ આપનાર ઈષ્ટદેવનાં ચરણોમાં કોટિ-કોટિ વંદન.







ૐ શ્રી ધર્મદેવાય નમઃ॥

## શ્રી ધર્મદેવ

આ ઉદ્ધવ સંપ્રદાયના અનુયાયીઓના પ્રાણ પ્યારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના પિતાશ્રી ધર્મદેવ હતા. તેમનું મૂળનામ દેવશર્મા પાંડે હતું. તેમણે વિક્રમ સંવત્ ૧૭૯૬ કારતક સુદ ૧૧ ના દિવસે ઉત્તર હિન્દુસ્તાનમાં ઈટારનામના ગામમાં સામવેદી બ્રાહ્મણ બાલશર્માના આંગણે માતા ભાગ્યવતીની કૂખે જન્મ ધારણ કર્યો હતો.

પિતાશ્રીએ લાડકોડની સાથે પોતાના બાળકમાં સનાતન વૈદિક સંસ્કૃતિના બીજ રોપ્યા હતા. તેમણે હિન્દુ સંસ્કૃતિના તમામ ધર્મગ્રંન્થોનો અર્ક હરિપ્રસાદને પાયો હતો પરિણામે આ બાળકનું જીવન ધર્મમય બની ગયેલું તેથી જ લોકો તેમને ધર્મદેવ કહેવાનું વધારે પસંદ કરતા. તેમણે જ્ઞાનને પોતાની મિલ્કતની જેમ ગાંઠે બાંધી નહોતું રાખ્યું એટલે તેમની ચારેકોર કીર્તિ વ્યાપેલી. પરિણામે કૃષ્ણશર્મા ત્રવાડી પવિત્ર બ્રાહ્મણે પોતાની કન્યા બાળા ભક્તિદેવીનો હાથ ધર્મદેવને સોંપ્યો.

છપૈયા કન્યાદાન લેવા ગયેલા બાળશર્મા કૃષ્ણશર્માના આગ્રહથી પુત્ર હરિપ્રસાદને ત્યાં જ મૂકીને ઘેર ગયા. ધર્મભક્તિના પવિત્ર સંસારે દેવતાઓને પૃથ્વી પર જન્મ લેવા તલપાપડ કર્યા. સૌ પ્રથમ સંકર્ષણે પુત્રરૂપે પ્રગટ થઈને ધર્મદેવના આંગણાને ભર્યું ભર્યું કરી દીધું. આ જોઈને પૂર્વભવના વેરીઓના પેટમાં તેલ રેડાયું. દારૂણ દુઃખ દર્દથી છુટવાના પ્રયાસરૂપે ધર્મદેવે છપૈયાનો ત્યાગ કરીને અયોધ્યાને વતન તરીકે સ્વીકાર્યું, પણ અસુરોએ તે પ્રયત્નને નિષ્ફળ કર્યો. ત્યારે પિતાનું વચન યાદ આવ્યું '' દુઃખ પડે તો કૂળદેવ હનુમાનજીની આરાધના કરજો. ''

આરાધનાનાં અંગરૂપ તમામ નિયમોનું પાલન કરતાં થકાં બે માસ નિરંતર મારૂતીની આરાધના કરી. સ્વપ્નમાં તેમણે કરેલા સંકેત પ્રમાણે વૃંદાવન જઈને દુર્વાસાના શાપથી જન્મેલા અસંખ્ય ઋષિઓની સાથે અનુષ્ઠાનોની હારમાળા સર્જી અને સાક્ષાત્ શ્રીકૃષ્ણની પાસે પુત્રરૂપે પ્રગટ થવાનું વરદાન મેળવી છપૈયા પધાર્યા.

સુખ-સમૃદ્ધિ-ઐશ્વર્ય શિષ્ય સમુદાય શ્રીહરિની સેવામાં પ્રથમથી જ હાજર થઈ ગયા. સમય જતાં ૧૮૩૭ ચૈત્ર શુક્લ-૯ ના દિવસે રાત્રીએ ૧૦-૧૦ કલાકે સહજાનંદ સૂર્યોદય થયો. પરાત્પર પરબ્રહ્મ ભગવાન ધર્મદેવની સાધનાનાં ફળરૂપે પુત્રરૂપે તેમના આંગણે રમવા લાગ્યા.

પુત્રરૂપે પ્રગટ થયેલા શ્રીહરિના બાલ્યોચિત લીલા ચરિત્રોથી અપાર સુખ પ્રાપ્ત કરીને અંતે તેમની જ કૃપાથી તેમના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન મેળવીને વિ.સં. ૧૮૪૮ જેઠ વદ ચોથ શુક્રવારના રોજ દુર્વાસાના શાપથી મુક્ત થઈને અક્ષરવાસી થયા.



ॐ श्री भक्तिमात्रे नमः।।

## શ્રી ભક્તિમાતા

જ્યાં સુધી સૂર્ય-ચંદ્ર રહેશે ત્યાં સુધી ગ્રન્થકારો, વક્તાઓ, સંતજનો માતા ભક્તિદેવીના ગુણગાન કરશે. કારણકે તેમણે સર્વાવતારી શ્રીહરિની “માતા” બનવાનું ગૌરવ પ્રાપ્ત કરેલું. માતા ભક્તિદેવીનો જન્મ છપૈયા ગામમાં, કૃષ્ણશર્માના આંગણે માઁ ભવાનીની કૂખે સંવત્ ૧૭૯૮ ના કારતક સુદ પૂનમના દિવસે થયેલો. તેમનું બાળપણનું નામ મૂર્તિદેવી હતું. વિચાર, વાણી અને વર્તનથી મૂર્તિદેવી સામાન્ય બાળકીઓથી જુદા જ તરી આવતા. છપૈયાની ગલીઓમાં રમવા કરતાં મંદિરોમાં જઈને બેસવામાં અને હરિકથામાં વધારે રૂચિ હતી. તેમનું રમણ સ્થાન એ જ છપૈયાની ભૂમિ બનેલું જે છપૈયામાં સ્વયં શ્રીહરિ પધારવાના છે.

આ દૈવી ગુણોથી યુક્ત દીકરીને યોગ્ય ઘર મળશે કે કેમ ? માત-પિતાની આ મૂંઝવણનો અંત દેવ ઈચ્છાએ આવ્યો; તે પણ ધાર્યા કરતા વધુ સુખદ. મૂર્તિદેવીના વિવાહ ઈટારના બાલશર્માના સુપુત્ર શ્રીદેવશર્મા (ધર્મદેવ) જેવા વિચક્ષણ પ્રતિભા સંપન્ન વિદ્વાન યુવક સાથે લેવાયા. વિવાહસંસ્કાર સંપન્ન થયા પછી મૂર્તિદેવીનાં માતા-પિતાના અનુરોધથી ધર્મદેવ ઘરજમાઈ રહ્યાં.





છપૈયાની ગલીઓમાં ધર્મદેવની દેવતાઈ ક્રાંતિ વ્યાપવા લાગી. પતિ-પત્ની શાંતિપૂર્વક શાસ્ત્ર મર્યાદાનુસાર જીવન વ્યતીત કરતાં કરતાં ઈશ્વર ભજન કરતા. સમય જતાં માતા ભક્તિની કૂખે સંકષર્ણના અવતાર એવા રામપ્રતાપજીનો જન્મ થયો. ધર્મદેવની કીર્તિ અને ક્રાંતિથી કંટાળી ગયેલા કુબુદ્ધિ કૂડિયા લોકોના કૂડ કપટ ધર્મદેવના પરિવારને ત્રસ્ત કરવા લાગ્યા. શીલ અને આચારથી પવિત્ર પરિવારને આંગણે આવી અવળચંડા લોકો ભિક્ષાની યાચના કરતા. ત્યારે ભક્તિદેવીનું હૈયું ભરાઈ આવતું. પતિ ધર્મદેવની આગળ પોતાની કરૂણતા કહેતાં કહેતાં આ દેવી રડી પડતાં.. પણ તેને ક્યાં ખબર હતી કે કુદરત કંચનને તાવી રહ્યો છે..

એક દિવસ માતા ભક્તિના જીવનમાં વિધાતા બ્રહ્માને આશ્ચર્ય થાય એવો સુખનો સૂર્યોદય થયો. વૈશાખ શુક્લ એકાદશીની રાત્રીએ જાગરણ કરતા આ દંપતિ અને ઋષિઓને શ્રીકૃષ્ણચંદ્રે બાળ સ્વરૂપે પ્રગટ થવાનું વચન આપ્યું. અશ્વત્થામા જેવા દુરાત્માએ આપેલા શાપને મિથ્યા કરતા ચૈત્ર શુક્લ નવમીની રાત્રે દેવહુતિ જેવી કાંતિમતિ માતા ભક્તિદેવીએ બીજા પુત્રને જન્મ આપ્યો.

ભક્તિદેવીના દ્વિતીય પુત્ર એ જ આપણા ઈષ્ટદેવ બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજ. સબ દુઃખ દર્દની દવા મળી ગઈ. જ્યાં પરબ્રહ્મનાં પગલાં થાય ત્યાં કઈ વાતની કસર હોય ! લક્ષ્મી સ્વયં આ પરિવારમાં આવીને વસ્યા... બાળપ્રભુની બાલ્યોચિત લીલાઓની સાથે સાથે ક્યારેક ક્યારેક દિવ્ય ચરિત્રોની દ્રષ્ટા, સાક્ષી માતા ભક્તિ દુઃખોને ભૂલીને જીવ ભરીને પ્રભુ પ્યારનું સુખ લેવા લાગ્યા. ત્યાં પણ અસુરોનો ખૂબ ઉપદ્રવ થવાથી તેઓ અયોધ્યા જઈને રહ્યા, ત્યાર પછી તેમની કૂખે ત્રીજા પુત્ર શ્રી ઈચ્છારામજીનો જન્મ થયો છતાં તેમને વચેટ ઘનશ્યામમાં કંઈક અલૌકિક પ્રીતિ હતી.

અનેકવિધ બાળચરિત્રોથી સુખ આપીને બાળપ્રભુ શ્રીઘનશ્યામ મહારાજે માતા ભક્તિદેવીને બીમારીમાં હરિગીતાનો ઉપદેશ આપ્યો અને અંતે અક્ષરધામનું દિવ્ય દર્શન કરાવી સ્વસ્વરૂપનું જ્ઞાન આપ્યું. અને દુર્વાસાના શાપથી મુક્ત કરીને ધામ પણ આપ્યું.



ॐ श्री रामप्रतापाय नमः।।

## શ્રી રામપ્રતાપજી મહારાજ

ભગવાન શ્રી સ્વામિનારાયણના મોટા બંધુ શ્રી રામપ્રતાપજીભાઈ કીર્તન સમ્રાટ હતા. અસંખ્ય કીર્તનો કંઠસ્થ કરી ગદ્‌ગદ્ કંઠે ગાન કરી ગોવિંદને રીઝવતા. શરીરે ઉંચા, સ્વભાવે ઉગ્ર છતાં પરમકૃપાળુ હતા. ધર્મદેવના મોટા પુત્ર એવા શ્રી રામપ્રતાપભાઈનો જન્મ વિ.સં.૧૮૧૮ શ્રાવણ સુદ અષ્ટમીના દિવસે છપૈયાધામમાં થયેલો.

જેમ રાજાધિરાજ પધારતા હોય ત્યારે પ્રથમ છડીદાર આવે છે. તેમ પૂર્ણ પુરૂષોતમ શ્રીહરિ પધારી રહ્યા હતા ત્યારે તેમના છડીદાર તરીકે સાક્ષાત્ શેષનારાયણ શ્રી રામપ્રતાપજી સ્વરૂપે પધાર્યા હતા. તેમનું બાળપણ વધુ પડતું મામાને ઘેર વીત્યું હતું. તેમનાં લગ્ન છપૈયાથી પશ્ચિમ દિશામાં ત્રણ યોજન દુર આવેલ તરગામના વિદ્વાન્ બ્રાહ્મણ બળદેવપ્રસાદજીનાં સુપુત્રી સુવાસિની સાથે થયાં હતાં. જે સુવાસિની બાઈએ બાળપ્રભુ શ્રીઘનશ્યામને માતૃસ્નેહની સાથે સાથે અનેકવિધ લાડ લડાવ્યા હતા. ‘‘શ્રી ઘનશ્યામલીલામૃતસાગર’’માં મોટાભાઈ અ ને ભાભીના અનેક પ્રસંગોને ચિત્રાત્મક શૈલીમાં વર્ણવવામાં આવ્યા છે.

શ્રી રામપ્રતાપજી શ્રીહરિના મોટાભાઈ હતા અને ૧૯ વર્ષ મોટા હતા. ધર્મદેવ સ્વધામ સિધાવ્યા એટલે બાળપ્રભુ શ્રીઘનશ્યામ મહારાજે તેમને પિતાના સ્થાને માન્યા હતા. અપાર સ્નેહ અને અતૂટ લાગણીઓ હોવા છતાં શ્રીહરિએ ૧૧ વર્ષ બાળલીલાઓ દ્વારા સુખ આપીને અચાનક વનની વાટ લીધી. ત્યાર પછી ૨૮-૨૮ વર્ષ પછી લોયાધામમાં શાકોત્સવ પ્રસંગે સૌ પ્રથમ ભેટ થઈ. ત્યારબાદ પુત્ર-પરિવાર સાથે વરતાલમાં આવ્યા અને નિત્ય મહારાજની સાથે રહેતાં. વરતાલમાં આજે પણ રામપ્રતાપજીનો બંગલો મોજુદ છે. ગઢપુરમાં પણ અયોધ્યાવાસીની જાયગા તરીકે ખાસ વ્યવસ્થા કરવામાં આવેલી.





શ્રીજી સ્વધામગમન બાદ તેમણે શેષ જીવન અમદાવાદમાં વીતાવેલું, છતાં જ્યારે વરતાલ આવે ત્યારે સ્વયં શ્રી હરિકૃષ્ણ મહારાજ મોટાભાઈ આવ્યા છે. એમ જાણી તેમને પોતાનો હાર પહેરાવતા, આનાથી ઊંચી ભક્તિની સિદ્ધિ કંઈ હોઈ શકે? મોટાભાઈ હતા એટલે કોઈ વાર શ્રીહરિને વઢતા પણ ખરા, ઠપકો પણ આપતા. પણ તે તેમની માનુષી લીલા હતી. તેમની પ્રેમગંગાનો અસ્ખલિત પ્રવાહ શ્રીહરિમાં વહેતો. તેમના પુત્ર શ્રી અયોધ્યાપ્રસાદજી અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠના પ્રથમ પીઠાધિપતિ પદે બેતાલીસ વર્ષ સુધી રહેલા.



ॐ श्री इच्छारामाय नमः।।

## શ્રી ઈચ્છારામજી મહારાજ

ભગવાન શ્રી સ્વામિનારાયણનો બાલ્યાવસ્થામાં સગા-સ્નેહીઓમાંથી સૌથી વધુ સ્નેહ પ્રાપ્ત કરનાર શ્રી ઈચ્છારામજી તેમના નાના ભાઈ હતા. તેમનો જન્મ ૧૮૪૨ વૈશાખ સુદ ૨ ને દિવસે અયોધ્યાનગરીમાં થયેલો. તેઓ બાળપ્રભુ શ્રીઘનશ્યામ મહારાજથી છ વર્ષ નાના હતા. તેમનો લગ્ન સંસ્કાર ગામ આંબલિયાના મંછારામની સુકન્યા વરિયાળીબાઈ સાથે થયા હતા.

શ્રી ઈચ્છારામજીને શ્રીહરિમાં અપાર પ્રેમ હતો. તેમની પ્રેમકહાની શાસ્ત્રોને પાને સુવર્ણાક્ષરે નોંધાયેલી છે. જ્યારે શ્રીહરિ વનમાં ગયા ત્યારે સૌથી વધુ દુઃખ શ્રી ઈચ્છારામજીને થયેલું અને જ્યારે માયાતીતાનંદજીએ સમાચાર આપ્યા ત્યારે બંને ભાઈ સાથે નીકળેલા તો પણ ઈચ્છારામજી પહેલા લોયા પહોંચી ગયેલા. મોટાભાઈને મૂકીને ઈચ્છારામજી લોયા આવી પહોંચ્યા એ એમની ભક્તિની સાક્ષી છે. બસ, વર્ષોના અંતે જ્યારે પુનઃ પ્રભુ મળ્યા ત્યાર પછી તો શ્રીહરિની આજ્ઞાથી દ્વારકાની યાત્રા કરી અને પરિવાર લાવી નિત્ય શ્રીહરિ સંગે રહ્યા.



ॐ श्री अयोध्याप्रसादाय नमः।।

## આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના દીક્ષાગુરુ સ.ગુ.શ્રી રામાનંદ સ્વામી પાસેથી ઉદ્ધવ સંપ્રદાયનું આચાર્યપદ સ્વીકાર્યુ, તે બાદ ધર્મની આભા અને ભક્તિનો દિવ્યરસ સર્વત્ર ફેલાયો. સર્વાવતારી મહાપ્રભુનાં દર્શન, વિચરણ અને જ્ઞાનપ્રવાહથી આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું જેને ''સત્સંગ'' સર્વગ્રાહી સંજ્ઞાથી અભિકૃત કર્યું. આ સત્સંગનું કાર્ય સ્વયં શ્રીહરિએ પોતાના મનુષ્યદેહમાં ગતિમાન થાય એવી ઉચ્ચ પ્રણાલિકાઓ સ્થાપી, તેમાં એક વહીવટી વ્યવસ્થા બનાવી. આ યોજના હેઠળ સમગ્ર ભારત વર્ષના ઉત્તર અને દક્ષિણ એમ બે વિભાગો બનાવ્યા, અને બે દેશના વહીવટની સંભાળ માટે બે આચાર્યો સ્થાપ્યા.

શ્રીજી મહારાજે સંવત્ ૧૮૮૨ ના કાર્તિક સુદી એકાદશીના પવિત્ર દિવસે પોતાના મોટાભાઈ રામપ્રતાપજીના પુત્ર અયોધ્યાપ્રસાદજી અને ઈચ્છારામજીના પુત્ર રઘુવીરજી મહારાજને અમોઘ આશીર્વાદ આપી આચાર્ય પદે સ્થાપિત કરી પોતાના ઉત્તરાધિકારી બનાવ્યા.

પ.પૂ.આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનો જન્મ સંવત્ ૧૮૬૫ (ઈ.સ.૧૮૨૬) માં જેઠ સુદ એકાદશીના પવિત્ર દિવસે થયો હતો. આચાર્ય પદ પર સ્થાપિત થયા ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજની ઉંમર અઢાર (૧૮) વર્ષની હતી. આ પદને ૪૨ વર્ષ સુધી શોભાવી તેઓશ્રીએ પોતાના પ્રભાવશાળી વ્યક્તિત્ત્વ અને વિસ્તૃત વિચરણ દ્વારા સત્સંગરૂપી ઉદ્યાનને પ્રફુલ્લિત અને મહેંકતો કર્યો.

પૂજ્ય મહારાજશ્રી સ્વભાવે શાંત, નિર્માની, ઋજુતાવાળા અને સાદા હતા. નાના મોટા દરેક હરિભક્તો પ્રત્યે સમભાવ દર્શાવતા અને આત્મીયતા રાખતા. મહારાજશ્રીને કીર્તનભક્તિમાં વિશેષ અભિરૂચી હતી તેથી તેઓ પોતે કીર્તન રચતા.





તેમના ઘણા કીર્તનો સ્વામિનારાયણ સંપ્રદાયના સાહિત્યમાં મુકુટ સ્થાને બિરાજે છે. કીર્તન ભક્તિ દ્વારા સત્સંગમાં ખૂબ જ સમાસ કરાવી મહારાજશ્રીએ ગામડા તેમજ શહેરોમાં ભક્તોને ભગવત્સ્વરૂપમાં જોડ્યા હતા.

તેઓ સારા એવા વિદ્વાન હતા. સદ્‌વિદ્યાનું પ્રવર્તન થાય તેથી તેમણે અમદાવાદમાં સંસ્કૃત પાઠશાળાની સ્થાપના કરી કે જેથી વિદ્યાભિલાષી સંતો સંસ્કૃત શાસ્ત્રોનો અભ્યાસ કરી શકે. મહારાજશ્રી સંસ્કૃતભાષાનું ઊંડું જ્ઞાન ધરાવતા અને સંપ્રદાયના તથા અન્ય ધર્મગ્રંથોનું અધ્યયન કરી જ્ઞાનમાં પ્રભુત્વ મેળવ્યું હતું. તેથી જ આજ દિશામાં મહારાજશ્રીએ સંતકવિ સ.ગુ.ભૂમાનંદ સ્વામી દ્વારા '' શ્રીઘનશ્યામ લીલામૃતસાગર'' ગ્રંથ રચાવ્યો. સત્સંગિજીવન ગ્રંથની ''તત્વાર્થદીપિકા'' નામની સંસ્કૃત ટીકા રચાવી. અમદાવાદ મંદિરમાં હવેલીનું બાંધકામ કરાવ્યું. તે ઉપરાંત ડુંગરપુર, જેતલપુર, ઈડર, સિધ્ધપુર, માંડવી અને છપૈયા વગેરે મંદિરોમાં પ્રતિષ્ઠા કરી. આ રીતે સત્સંગના કાર્યને વેગવંતું રાખી સંવત્ ૧૯૨૪માં અક્ષરધામમાં મુક્તોની સભામાં બિરાજમાન થયા.

સત્સંગના આવા આદર્શ મૂર્તિ પ.પૂ.ધ.ધુ. આદિઆચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને કોટિ કોટિ દંડવત સહ પ્રણામ.



ॐ श्री रघुवीराय नमः।।

## આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી રઘુવીરજી મહારાજ શ્રી લક્ષ્મીનારાયણદેવ વડતાલ દેશની ગાદી ઉપર સંવત્ ૧૮૮૨ ના કાર્તિક સુદી એકાદશીના પવિત્ર દિવસે બિરાજમાન થયા. તેઓ શ્રીજી મહારાજના નાનાભાઈ ઈચ્છારામજીના ચોથા પુત્ર હતા. તેમનો જન્મ ઈ.સ. ૧૮૨૬ ઉત્તરપ્રદેશમાં આંબલિયા નામના ગામમાં થયો હતો. નાનપણથી જ એમણે સંસ્કૃતનો ઉંડો અભ્યાસ કર્યો હતો. સંપ્રદાયને લગતા તમામ કામકાજમાં તેઓ સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામીની સલાહ લેતા હતા.

એમનાં ધર્મપત્ની અક્ષરવાસી થયાં ત્યારે સંતાન ન હોવા છતાં તેમણે ફરી લગ્ન કર્યા નહીં અને અખંડ નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યું. તેઓ ત્રણેય અવસ્થામાં શ્રીજી મહારાજની મૂર્તિનું અખંડ દર્શન કરતા હતા.

મહારાજશ્રીનું જીવન અત્યંત સાદગીપૂર્ણ, અત્યંત સરળ અને સેવાભાવી હતું. સાધુ-સંતોની સેવા કરવા તેઓ સદૈવ તત્પર રહેતા. એક વખત એક સાધુને તાવ આવ્યો ને પાંચ દિવસના ઉપવાસ થયા. તાવ ઉતર્યો ત્યારે તેમને બાજરાનો રોટલો ખાવાની ઈચ્છા થઈ પરંતુ રાત્રે તેના માટે કંઈ સગવડ ન હોવાથી તેમના સેવક સાધુ આચાર્યશ્રી પાસે આવ્યાને લોટની જરૂરિયાત દર્શાવી, પરંતુ મહારાજશ્રીને થયું કે લોટ આપવા કરતા તૈયાર રોટલો જ બનાવું. તેથી જાતે ચુલા પર મસાલાવાળો રોટલો બનાવ્યો અને પોતે પોતાના હાથ વડે સાધુ પાસે આવીને પ્રેમપૂર્વક રોટલો જમાડ્યો.

મહારાજશ્રીએ ભરૂચ, સુરત, કરાળી, માણાવદર વગેરે ગામોમાં મોટાં મંદિરો બંધાવી પ્રતિષ્ઠા કરી છે. તેઓ વિદ્યાપ્રેમી હતા તેથી તેઓ પ્રતિદિન સ્વાધ્યાય પાછળ સારો એવો સમય વ્યતીત કરતા. તેઓશ્રીએ શ્રીજી મહારાજની પરાવાણી ‘‘હરિવાક્યસુધાસિન્ધુ’’ પર ‘‘સેતુમાલા ટીકા’’ અને ‘‘દુર્ગપુર માહાત્મ્ય’’ નામના સંસ્કૃત ગ્રન્થની રચના કરી છે.

રઘુવીરજી મહારાજે સાડત્રીસ વર્ષ સુધી ધર્મધુરા સંભાળી સત્સંગ ઉદ્યાનને સતત વિચરણના વારિસિંચનથી પાંગરતો રાખ્યો અને સંવત્ ૧૯૧૮ (ઈ.સ. ૧૮૬૫) મહાસુદ બીજના રોજ અક્ષરધામમાં મુક્તોની સભામાં બિરાજમાન થયા.

પોતાના જીવનકાવ્યને સદ્‌ગુણના શબ્દોથી ગુંથીને સત્સંગના શ્રેય કાજે સમર્પણ કરનારા પ.પૂ.ધ.ધુ.આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજનાં ચરણોમાં કોટિ કોટિ દંડવત સહ પ્રણામ.



‘‘ શ્રી હરિકૃષ્ણાય નમોનમ : ’’

# દ્વિતીયાવરણ







## દ્વિતીય આવરણ

શ્રી મુળજી બ્રહ્મચારી
શ્રી જયાનંદ બ્રહ્મચારી
શ્રી મુકતાનંદ સ્વામી
શ્રી ગોપાળાનંદ સ્વામી
શ્રી બ્રહ્માનંદ સ્વામી
શ્રી નિત્યાનંદ સ્વામી
શ્રી વ્યાપકાનંદ સ્વામી
શ્રી સ્વરૂપાનંદ સ્વામી
શ્રી કૃપાનંદ સ્વામી
શ્રી આનંદાનંદ સ્વામી
શ્રી ચૈતન્યાનંદ સ્વામી
શ્રી પરમાનંદ સ્વામી
શ્રી અખંડાનંદ વર્ણી
શ્રી વાસુદેવાનંદ વર્ણી
શ્રી મહાનુભાવાનંદ સ્વામી
શ્રી શુકાનંદ સ્વામી
શ્રી આત્માનંદ સ્વામી
શ્રી સ્વયંપ્રકાશનંદ સ્વામી
શ્રી નિષ્કુળાનંદ સ્વામી
શ્રી સચ્ચિદાનંદ સ્વામી
શ્રી યજ્ઞાવતાર શ્રી નૃસિંહાવતાર
શ્રી વામનાવતાર શ્રી વ્યાસાવતાર
શ્રી બુદ્ધાવતાર શ્રી ગજાનન
શ્રી દત્તાત્રેયાવતાર સદ્‌ગુરુશ્રી રામનાંદ સ્વામી
શ્રી કપિલાવતાર શ્રી હંસાવતાર
શ્રી મત્સ્યાવતાર શ્રી પરશુરામવતાર
શ્રી કુર્માવતાર શ્રી કલ્કિ અવતાર
શ્રી વરાહાવતાર





ॐ श्री मुकुन्दानन्दवर्णीन्द्राय नमः॥

## સદ્‌ગુરુ શ્રી મૂળજી બ્રહ્મચારી

સેવાનું સાક્ષાત્ સ્વરૂપ અને નિખાલસતાનું બીજું નામ એટલે મૂળજી બ્રહ્મચારી. આજીવન ઉત્કટ શ્રધ્ધા અને અનન્યભાવથી શ્રીજીને ભાવતા ભોજનિયા બનાવી બનાવીને જમાડનાર, એવા શ્રી મૂળજી બ્રહ્મચારીને આ સંપ્રદાયનો અનુયાયી કયો બાળક નહી જાણતો હાય ? મૂળજી બ્રહ્મચારી એક સિદ્ધ છતાં પણ સેવક પુરૂષ હતા. પણ તેમની યોગસાધના અનોખી હતી. શ્રી હરિના સ્વરૂપ વિના બીજો સંકલ્પ ન થાય એ જ એમની સાધના હતી અને એજ તેમની સિદ્ધિ હતી. ત્રણે અવસ્થામાં તેઓ શ્રીજી મહારાજને સંભારતા.

શ્રીહરિની દિવ્યકાયાની છાયા બનીને સાથે સાથે ફરીને, થાળ બનાવીને પ્રેમે જમાડનારા શ્રી મૂળજી બ્રહ્મચારીનું બાળપણ સૌરાષ્ટ્રના ‘‘મછીયાવ’’ નામના નાનકડાં ગામમાં વીત્યું હતું. તેઓશ્રીએ ક્યારે સૌરાષ્ટ્રની ધીંગી ધરણીને પોતાની કર્મભૂમિ તરીકે સ્વીકારી એ વિષે સંપ્રદાયમાં કોઈ તવારિખ ઉપલબ્ધ નથી. છતાં તેઓની કર્મભૂમી ‘‘મછિયાવ’’ હતી તે વાત નક્કી છે. તેઓ શરીરે ખડતલ અને સ્વભાવે પરમ ઉત્સાહી હતા. પરિણામે ઉદ્ધવાવતાર સદ્‌ગુરૂ શ્રીરામાનંદ સ્વામીના કૃપાપાત્ર સેવક બન્યા હતા. મૂળજી બ્રહ્મચારીએ સદ્‌ગુરૂ શ્રીરામાનંદ સ્વામી પાસે દીક્ષા લઈને શ્રીજી મહારાજ ગાદીએ આવ્યા ત્યાં સુધી સ્વામીની સેવા કરી હતી.

સેવામૂર્તિ બ્રહ્મચારીજીએ શ્રીજી મહારાજ ગાદીએ આવ્યા ત્યારથી લઈને ધામમાં સીધાવ્યાં ત્યાં સુધી દાસત્વભાવે સદૈવ સેવા કરી હતી. તેમના સ્વભાવની નિખાલસતા અને બ્રહ્મચર્યની દ્રઢતા માટે સ્વયં શ્રીજી મહારાજે પ્રશંસાનાં પુષ્પો વેર્યા છે. તેઓ સ્વયં સ્વભાવે અત્યંત ભોળા હોવા છતાં શ્રીહરિના હૃદ્‌ગત અભિપ્રાયને સારી રીતે જાણતા. **‘‘મુકુંદ બ્રહ્મચારી છે તે ભોળા જેવા જણાય છે તો પણ અમારા સ્વભાવને યથાર્થ જાણે છે.’’** (વ.ગ.પ્ર.૭૩)

શ્રીજી મહારાજના સ્વભાવ રૂચિને અનુસરીને સેવા કરતા છતાં જો મહારાજ

કંઈક પરીક્ષાત્મક શિક્ષા કરે તો ''જેવી શ્રીહરિની મરજી'' કહીને સ્વીકારતા. બ્રહ્મચારીના જોડાને દિવેલ દેતા વશરામ સુથારને શ્રીહરિ જોઈ ગયા ત્યારે કહ્યું : 'પોતાની સેવા બીજા પાસે કરાવે તેવા સેવક અમારે ન જોઈએ'. ગુજરાતમાં જતા રહો. તુંરત બ્રહ્મચારી આજ્ઞા માનીને ગુજરાતમાં જતા રહ્યા અને જેતલપુરથી દોઢમણ કેરીનો ટોપલો માથે ઉપાડીને ગઢપુર આવ્યા. પછી ફરી સેવામાં રહ્યા. આમ, શ્રીજી મહારાજની જીભ વળે તેમ બ્રહ્મચારીનું જીવન વળતું. પરિણામે મહારાજ અને સંતોનો તેમને અઢળક રાજીપો મળેલો. વચનામૃતમાં તો ત્યાં સુધી નોંધાયું છે કે **''જેવા ઈશ્વરમાં ગુણ હોય તેવા ગુણ બ્રહ્મચારીમાં વર્તે છે.''**

આમ, સેવારૂપી સાધના દ્વારા ઈશ્વરીય સદ્ગુણોના ભંડાર બનેલા મૂળજી બ્રહ્મચારીનું નિખાલસ વ્યક્તિત્ત્વ સાધુ જીવનનો આદર્શ પૂરો પાડે છે. શ્રીજી મહારાજે તેમને સહજાનંદ મૂળાનંદની જોડ તરીકે બિરદાવ્યા છે.

શ્રીહરિની સેવાની સાથે તેમણે સત્સંગ વિકાસમાં પણ નોંધપાત્ર સેવા કરી છે. ઈતિહાસની તવારીખ પ્રમાણે ગઢપુરમાં ગોપીનાથજી મંદિરનું છેલ્લું પ્લાસ્તરનું બધું જ કામ મૂળજી બ્રહ્મચારીએ જ પૂર્ણ કરાવ્યું હતું.

સંવત્ ૧૯૦૪ માં જળજીલણીના સમૈયામાં ઉપસ્થિત આચાર્યશ્રી તથા મૂર્ધન્ય નંદસંતોને બ્રહ્મચારીએ છેલ્લા જય શ્રી સ્વામિનારાયણ કહ્યા અને કહ્યું મને મહારાજે સોંપેલું કાર્ય પૂર્ણ થયું છે. આમ કહીને અક્ષર ઓરડીએ દર્શન કરીને આસને આવી સિદ્ધાસનમાં બેસીને નિત્ય સેવાના કાર્યમાં લાગી ગયા ને સ્વધામ સીધાવ્યા.



ॐ श्री जयानन्दवर्णीन्द्राय नमः।।

## સદ્ગુરુ શ્રી જયાનંદ બ્રહ્મચારી

જેમના જીવનની ચેતના ચતુરવર શ્રીહરિ હતા. જેમના જીવનની ભીનાશ કેવળ ભક્તિનંદન હતા. જેમના જીવનનો સ્નેહ સ્નેહસાગર સુંદરવર સંતપતિ શ્રીહરિ હતા. તેવા જયાનંદ બ્રહ્મચારીનું પૂર્વાશ્રમનું નામ જયરામ ભટ્ટ હતુ. તેઓ વાયુનો અવતાર કહેવાતા. ''આજ સખી આનંદની હેલી, હરિ મુખ





જોઈને હું થઈ છું રે ઘેલી.'' આ કીર્તનથી સત્સંગ સમાજમાં પોતાના જીવનની સુવાસનો કીર્તિ ધ્વજ ફેલાવનારા (જયાનંદ) જયારામ બ્રહ્મચારી નામે પણ ઓળખાતા.

સર્વાવતારી શ્રીહરિનું આ પૃથ્વી પર પ્રાગટ્ય થયું એ જાણીને તેમના દર્શન કરવાની ઈચ્છા થતાં સોરઠમાં પધાર્યા. ધોરાજીમાં પ્રગટ હરિના દર્શન થતાં હરિવરની છબી અંતરના ઓરડે સંગ્રહી લીધી ને તરત જ સમાધિ થઈ. સમાધિમાંથી જાગ્રત થતાં પ્રગટ ભગવાનનો દિવ્ય પ્રતાપ જોઈ ભગવાનપણાનો દૃઢ નિશ્ચય થયો. તેમના હૃદય સાગરમાં આનંદની છોળો ઉછળતાં પ્રગટ પ્રભુના મહિમાની સંકીર્તન સરીતા વહી. **"આજ સખી આનંદની હેલી, હરિ મુખ જોઈને હું થઈ છુ રે ઘેલી.''** કીર્તનના ચાર પદ રચ્યાં. તુરત જ શ્રીહરિના ચરણારવિંદમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી વિનીતભાવે વિનંતી કરી, હે પ્રભુ ! ઘણા સમયથી આપનાં દર્શન ઈચ્છતો હતો. આજે મારો મનુષ્ય જન્મ સફળ થયો. હવે મને આપનાં ચરણકમળની સેવામાં રાખો. પછી શ્રીજી મહારાજે તેમનાં સમર્પણમાંથી પ્રગટ થતી પમરાટને પીંછાણી ને પોતાની પાસે રાખ્યા અને 'જયાનંદ વર્ણી' તેવું નૂતન નામાભિધાન કર્યું. તેઓ રસોઈ કળામાં ખૂબ જ કુશળ હતા. તથા સેવા કરવામાં ખૂબ જ ઉત્સાહી તથા શ્રધ્ધાળુ હતા. શ્રીજી મહારાજનાં લખેલા પત્રો સંતો તથા સત્સંગી સુધી પહોંચાડવા ખેપીયા તરીકેની સેવા કરતા. તેઓ દિવસમાં ચાળીસ ગાઉની મજલ કરી શકતા.

એકવાર હુતાસણીનો સમૈયો કરવા વડતાલ પધારતાં હતાં ત્યારે રસ્તામાં એક ખાખરાનું ઝાડ બ્રહ્મચારીને જોઈને વાયુ વિના ડોલવા લાગ્યું. તે વૃક્ષને જોઈને બ્રહ્મચારીએ સંકલ્પ કર્યો કે જે આનો મોક્ષ કરું. આ વૃક્ષના કેસુડાનાં ફૂલ લઈ એનો રંગ બનાવીને મહારાજને છાટીશું. તેથી તે વૃક્ષને વર્તમાન ધરાવ્યા. એટલે ખાખરો પવનથી થરથરીયો ને કેસૂડા ખરી પડ્યાં. તે કેસૂડા લઈને બ્રહ્મચારી વડતાલ લાવ્યા. ને તે કેસૂડાના પુષ્પોના રંગથી રસિકવર રાજરાજેશ્વર પ્રભુ સંતો સાથે રંગે રંગ્યા અને તે વૃક્ષનો મોક્ષ થયો. જયાનંદ બ્રહ્મચારીનો અક્ષરવાસ સંવત્ ૧૮૮૬ માં થયો હતો.

આવા નાના એવા જીવનું પણ હિત કરનારા સ્નેહ, સેવા, સમર્પણ અને સદ્ગુણોરૂપી સુરભિના સોદાગર બની સત્સંગ સમાજને સદા નવપલ્લવિત કરનારા જયાનંદ બ્રહ્મચારીનાં ચરણોમાં શતશઃ પ્રણામ...



ॐ श्री मुक्तानन्दमुनीन्द्राय नमः।।

## સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી

શ્રીસ્વામિનારાયણ ભગવાન ફરતી ઓપતી ૫૦૦-૫૦૦ પરમહંસમાળાનો મેર, સત્સંગ ઈમારતનો મોભ જેમને નિઃસંકોચ કહી શકાય એવા સદ્‌ગુરૂ શ્રી મુક્તાનંદ સ્વામી હતા.

સ્વામીનો જન્મ સંવત ૧૮૧૪ પોષ વદ સાતમના દિવસે રાધાદેવીની કૂખે આનંદરામના પવિત્ર ઘરમાં થયો હતો. બાળપણનું નામ મુકુંદદાસ હતુ. અમરેલી (અમરાપુર) નિવાસ સ્થાન કર્મભૂમિ હતી. બાળપણમાં પરિવારને ધ્રુવ પ્રહલાદની ઝાંખી કરાવી, મેધાવી પિતા પાસે જ સંસ્કાર-સંસ્કૃત અને સંગીતનું જ્ઞાન પ્રાપ્ત કર્યું.

વેદાંત અધ્યયન કરીને સંસારથી વિરક્ત થયેલા મુકુંદદાસની ગૃહત્યાગ ગુરૂની શોધ-સાધના વિગેરે પ્રક્રિયા મુમુક્ષોના આદર્શરૂપ છે. સંવત્ ૧૮૪૨ ની વસંત પંચમીએ મુકુંદદાસ ઉધ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રી રામાનંદ સ્વામીના શિષ્ય તરીકે દીક્ષા પામ્યા અને ‘‘મુક્તાનંદ સ્વામી’’ બની ગયા. લોજ આશ્રમના મહંત બન્યા. ગુરૂદેવની આજ્ઞાથી ભૂજ જઈને પુનઃ વેદાંતનું ગહન અધ્યયન કર્યું. પરિણામે તેમને દેવગુરુ બૃહસ્પતિની સાથે સરખાવી શકાય તેવી જ્ઞાન ગરિમા પ્રાપ્ત થઈ. એક કરતા વધારે ભાષાના જાણકાર અને અનેક વિદ્યાઓના સ્વામી મુક્તાનંદજીના કંઠમાં કોયલનો માળો હોય તેવું માધુર્ય હતું. રાગ-રાગણીઓને મૂર્તિમંત કરીને શ્રોતાને મંત્રમુગ્ધ કરવા તેમને મન કંઈ મોટી વાત ન રહી. તેમના વાગ્માધુર્યએ તેમને હજારો લોકોના હૃદયમાં અનોખું આદર સ્થાન અપાવ્યું અને ટૂંક સમયમાં રામાનંદ સ્વામીના શિષ્યોમાં પ્રમુખ અને ભાવિકર્ણધાર તરીકે ઉપસી આવ્યા.

એવામાં સંવત્ ૧૮૫૬ શ્રાવણ વદ છઠના દિવસે લોજ આશ્રમમાં નીલકંઠવર્ણી રૂપે ભગવાન શ્રી સ્વામિનારાયણનું આગમન થયું. અને મુક્તાનંદ સ્વામીની વિદ્વતા સાથે ઉપાસના શુદ્ધિથી પ્રભાવિત થઈ આશ્રમમાં જ રહી ગયા. સમય જતાં રામાનંદ સ્વામીને મળ્યા, દીક્ષા લીધી અને જેતપુરમાં ગાદીએ બેઠા.

આજથી ઉધ્ધવ સંપ્રદાયની ધૂરા સહજાનંદ સ્વામીના હાથમાં આવી અને ગુરૂપદ સુધી પહોંચેલા સંત શ્રી મુક્તાનંદ સ્વામી આજીવન દાસ બની ગયા કેટલો





મહાન ત્યાગ ! **‘‘હું તો છું ઘણી નગણી નાર, તોય તમારી રે ’’** કહીને તેમણે ગોપીભાવે ભક્તિ કરી છે એટલું જ નહીં સંપ્રદાયને લક્ષ્યમાં રાખીને વિવિધ ભાષાઓમાં વિપુલ સાહિત્યનો રસથાળ આપ્યો છે જે સત્સંગમાં જ નહિ વિશ્વ સાહિત્યના ઈતિહાસનો વિરલ પ્રસંગ છે.

એક જ વ્યક્તિના જીવનમાં બ્રહ્મસૂત્ર ભાષ્ય રચના અને વડોદરાના પંડિતોને એકલે હાથે શાસ્ત્રાર્થમાં પરાજીત કરી શકે તેવું પાંડિત્ય. રાસલીલા જેવી રસપ્રધાન રચના સાથે ગ્વાલીયરના કવિતોને સ્તબ્ધ કરી દે તેવું શાસ્ત્રીય નૃત્ય; આજ સુધીના ઈતિહાસમાં કોઈના નામે નોંધાયું હોય તો એ એકમાત્ર મુક્તાનંદ સ્વામી છે.

તેમની કલમે ૨૮ જેટલા ગ્રન્થો લખાયા છે. તેમની ચુંદડીએ ભારતવર્ષના કાષાયવસ્ત્રીને ગૌરવ અપાવ્યું છે. તેમની વિનમ્રતા સાથેની વિદ્વતા અને જ્ઞાન સાથે ગુણ ગરિમાએ શ્રીજી મહારાજનું ‘‘ગુરૂપદ’’ અપાવ્યું હતું..વાત્સલ્ય અને કરૂણાએ તેમને જે બિરૂદ મળ્યું તે પાંચસો પરમહંસોમાં કોઈને ન મળ્યું. જેમ ગુજરાતી સાહિત્યમાં ગિધુકાકા ને ‘‘મૂછાળી મા’’ કહેવાય છે. તેમ સ્વયં ભગવાનશ્રી સ્વામિનારાયણે તેમને ‘‘સત્સંગની મા’’ નું બિરૂદ આપ્યું હતું. આમ શ્રીજી મહારાજ પછી સૌથી વધુ આદરથી જેનું નામ લેવાય છે એવા આ સંતવર્ય શ્રીજી સ્વધામ ગમન બાદ માત્ર દોઢ મહિનાના વિયોગે સંવત્ ૧૮૮૬ ના અષાઢ વદ-૧૧ ના પવિત્ર દિવસે ગઢપુર મુકામે દિવ્યદેહ ધારણ કરીને શ્રીહરિના ધામમાં સીધાવ્યા.



ॐ श्री गोपालानन्दमुनीन्द्राय नमः।।

## સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી

જન્મસિદ્ધ યોગીરાજ ગોપાળાનંદ સ્વામી આ સંપ્રદાયના એક મહાન યોગીપુરૂષ હતા. યોગી તરીકે તેમની શક્તિ સૂર્ય ચંદ્રની ગતિમાં ફેરફાર નોંધાવે છે. અનેક ઐશ્વર્યના સ્વામી હોવા છતાં શ્રીહરિનું દાસત્વ તેમની આગવી છાપ હતી.

પ્રભાવશાળી વ્યક્તિત્ત્વ, સત્તાવાહી અવાજ, ઉત્કૃષ્ટ તત્ત્વજ્ઞાન, વિપુલ સાહિત્ય

સર્જન અને ગમે તેવા મનભેદ કે મતભેદનો સરળ ઉકેલ શોધવાની વ્યવહાર દક્ષતાને કારણે સંપ્રદાયમાં બન્ને દેશના દરેક હરિભક્તો અને ત્યાગીઓ તેમજ દેશના ગાદિપતિ આચાર્યોના પણ ઉપરી તરીકે શ્રીહરિ દ્વારા નિયુક્તિ પામેલા સંતવર્ય શ્રી ગોપાળાનંદ સ્વામીનો જન્મ સાબરકાંઠા જીલ્લાનાં ટોડલા ગામે રહેતા મોતીરામ ઠાકરને ઘેર માતુશ્રી કુશળબાની કૂખે વિક્રમ સંવત્ ૧૮૩૭ મહા સુદ-૮ ને સોમવારે થયો હતો.

બાળપણથી જ સ્વામીના જીવનમાં અનેક પરચાઓ નોંધાયા છે. શામળાજી ભગવાન તેમની સાથે બાળરૂપ ધારણ કરી રમવા આવતા. આ વાત પ્રસિદ્ધ છે. ગામમાં આવેલા માંત્રિકના શાલિગ્રામ ઘણા પ્રયત્નો કરવા છતાં માંત્રિકને મળ્યા ન હતા એ પણ ખુશાલની યોગશક્તિનો જ પ્રભાવ હતો.

ખુશાલ વિપ્રે પાઠશાળામાં વિપ્ર બટુકોને ભણાવવાનું શરૂ કરેલું, થોડુ ભણાવી જાજુ ભજન કરાવે. છોકારાંઓને સમાધિ કરાવી શ્રીજી મહારાજ પાસે મોકલતા. સમય જતાં જેતલપુર આવ્યા, મહારાજને મળ્યા. મુક્તાનંદ સ્વામી પાસે રહીને રામાનુજ ભાષ્ય સહિત શ્રીમદ્ ભગવદ્ગીતા ભણ્યા અને અંતે દીક્ષા ગ્રહણ કરી સંવત ૧૮૬૪માં ‘‘ગોપાળાનંદ સ્વામી’ થયા. અભણ ત્ર્યંબકનાથને કેવળ દ્રષ્ટિ માત્રમાં જગવિખ્યાત વિદ્વાન પંડિત બનાવ્યો હતો. તેમને માટે વિદ્યાભ્યાસ કરવો તેતો લીલા છે.

સ્વામીએ આ સત્સંગના બંધારણને સ્થિર સ્વરૂપ આપ્યું. સ્વયં ઈશ્વર જેવું સામર્થ્ય ધરાવતા હોવા છતાં એક શ્રીજી મહારાજના સંદેશાવાહક બનીને અવિરત વિચરણ કરતા રહ્યા. તેમની યોગશક્તિ અને ઐશ્વર્યના ગ્રન્થ રચાય એટલા વિપુલ પ્રસંગો છે. શ્રીજીમહારાજની માફક તેઓ પણ હજારો પશુ પક્ષીઓને સમાધિ કરાવી પ્રભુનાં દર્શન કરાવતાં.

વૈદુષ્યની દુનિયામાં તેઓ બ્રહ્મસૂત્ર, ભગવદ્ગીતા અને ઉપનિષદ્ ભાષ્યકર્તા છે. યોગીઓના સમૂહમાં તેઓ જગવંદ્ય યોગીરાજ કહેવાય છે. અપારશક્તિ સામર્થ્ય હોવા છતાં તેમણે કયારેય પોતાના માટે તેનો ઉપયોગ નથી કર્યો, છતાં અવારનવાર દુઃખી ભક્તોની પ્રાર્થનાથી તેમનું સંત હૃદય દ્રવી ઉઠતું ત્યારે તેમના યોગ સામર્થ્યના વિજયચમકારા જોવા મળતા હતા.

સદ્ગુરૂ શ્રીગોપાળાનંદ સ્વામીએ આશરે સાડાચાર દાયકાઓ સુધી સત્સંગની સેવા બજાવી છે. શ્રીજી મહારાજ અંતર્ધાન થયા પછી લગભગ ૨૨ વર્ષ સુધી સત્સંગને ફેલાવવા, સુદ્રઢ બનાવવા શિરછત્ર બન્યા. ૭૧ વર્ષ, ૩ માસ અને ૧૨ દિવસનું આયુષ્ય વ્યતીત કરી તેઓ સંવત્ ૧૯૦૮ વૈશાખ વદ-૫ ના દિવસે અક્ષરધામ સિધાવ્યા. સ્વામીનો અન્ત્યેષ્ટી સંસ્કાર પણ જ્ઞાનબાગ વરતાલમાં કર્યો છે. એની ચિરસ્મૃત્તિ રૂપે હાલ ત્યાં સુંદર છત્રી છે. કોટિ કોટિ વંદન આ યોગિરાજને ચરણે







ॐ श्री ब्रह्मानन्दमुनीन्द्राय नमः।।

## સદ્ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય અને ગુજરાતી સાહિત્યના ઈતિહાસ મંદિરમાં આજે પણ જે બ્રહ્મબોલના પડછંદા સંભળાય છે તેના ઉદ્ગાતા સંત શ્રી બ્રહ્માનંદ સ્વામી સંપ્રદાયના મૂર્ધન્ય સંત હતા. સંત મંડળના અનોખા રત્ન અને શ્રીહરિના નિત્યસખા હતા. સ્વામી ગુર્જર સાહિત્ય અને સકલ ભારતના સાહિત્યમાં એક અનોખો મહિમા ધરાવતા સંતકવિ છે.

બ્રહ્માનંદ સ્વામીનો જન્મ શિરોહી-રાજસ્થાનના ‘‘ખાણ’’ ગામમાં ચારણકુળમાં લાડુદાનજીને ઘેર માતા લાલુબાની કૂખે વિક્રમ સંવત્ ૧૮૨૮ મહા સુદ પાંચમના રોજ થયો હતો. બાળપણનું નામ લાડુદાન હતું. સ્વભાવે ચતુર અને મેધાવી બાળક લાડુદાનજીએ ૧૫ વર્ષની નાની ઉંમરે ઉદેપુરના મહારાણાના રાજ દરબારમાં કવિઓની ભીડ વચ્ચે પોતાની કવિત્વ શક્તિનો અણસાર આપ્યો. રાણાએ પ્રસન્ન થઈને તેમને પિંગલશાસ્ત્ર ભણવા કચ્છ મોકલ્યા.

લાડુદાનજી ટૂંક સમયમાં ગાયન-વાદન-લેખન જેવી ૨૪ કળાઓના અધિષ્ઠાતા બન્યા. ૬૪ માંથી ૨૪ કળા પર પ્રભુત્વ ધરાવતા આ યુવકની રાજ કચેરીઓમાં ભારોભાર પ્રશંસા થઈ.

એક વાર યુવક લાડુદાન ભાવનગરથી ભગવાનની પરીક્ષા લેવા ગઢડા આવ્યા અને શ્રીહરિના પ્રથમ દર્શન થતાં જ ફકીરી લઈને અધ્યાત્મપંથના નિત્ય પ્રવાસી બન્યા. એકવાર લાડુબા જીવુબાને સંસારનો રસ ચખાડવા જતાં તેમને પ્રભુ પ્રેમરસની માદકતા રગે રગે વ્યાપી ગઈ અને લાડુદાને જીવન કંથાને ભગવો રંગ આપ્યો. શ્રીરંગદાસ બની ગયા.

શ્રીરંગદાસે પોતાની કલાકૌમુદીને કરૂણાસાગરની કરૂણાના કોકિલ ટહુકારથી ભરી દીધી. અને કવિકર્મમાં જ્ઞાન-ધ્યાન અને મૂર્તિ માધૂરી રસમય કાવ્યોની હારમાળા સર્જી તેમના કાવ્યોમાં શ્રીહરિને ‘‘શ્રી રંગદાસ’’ નામ બંધબેસતું ન જણાતાં

"શ્રી બ્રહ્માનંદ" આવું પુનઃ નામકરણ કર્યું.

તેમની કવિત્વ શક્તિને અવિનાશીનું આલંબન મળતા પૂરબહાર ખીલી ઉઠી, સંપ્રદાયેતર વ્યક્તિ વિશેષ અને અંગ્રેજ અધિકારીઓ સુધી તેમનાથી પ્રભાવિત થયા.

બ્રહ્માનંદ સ્વામી માત્ર શબ્દશિલ્પી નહિ સ્થાપત્યના પણ ઉત્તમ જાણકાર હતા. વરતાલ-મૂળી અને જૂનાગઢનાં મંદિરોની રચના તેમની આગવી સ્થાપત્ય વિષયક કોઠાસૂજની જ્ઞાપિકા છે.

બ્રહ્માનંદ સ્વામીની ઉપસ્થિતિ હાસ્યનો પર્યાય બની જતી. સભા-પ્રસંગે કે કોઈ વિશેષ પરિસ્થિતિઓમાં પણ બ્રહ્માનંદ સ્વામી શ્રીહરિને સખ્યભાવે હાસ્ય કરવા પ્રેમવશ કરતા.

સ્વામીની પદ રચનાઓ "બ્રહ્માનંદ કાવ્ય" ભાગ-૧ અને ૨ માં સંકલિત કરીને પ્રકાશિત કરવામાં આવેલ છે. તેમનાં કાવ્યોમાં શ્રીહરિ સંબંધી દિવ્ય સુખામૃતના રસમય છાંટણા વાંચકોને અંતરે આનંદના અમી વરસાવે છે. "છન્દ રત્નાવલિ" તેમની અલંકારિક ઉત્તમોત્તમકૃતિ છે. સ્વામીનાં પદો "આશ્રમ ભજનાવલિ" માં પણ સ્થાન પામ્યાં છે. જ્ઞાન-વૈરાગ્યને રસમય ગોપીભક્તિમાં એક સમાન કાવ્ય વૈદુષ્ય બતાવનાર કવિવર બ્રહ્માનંદ સ્વામી લગભગ ૬૦ વર્ષ અવિરત સાહિત્ય સેવા કરતા રહ્યા અને મૂળીમાં સંવત્ ૧૮૮૮ જેઠી સુદ ૧૦ ના રોજ અક્ષરમુક્તોની પંક્તિમાં ભળી ગયા. કોટિ કોટિ વંદન આ સંત પુરૂષને ચરણે...



ॐ श्री नित्यानन्दमुनीन्द्राय नमः।।

## સદ્ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી

સ્વામિનારાયણ સંપ્રદાયમાં વ્યાસનું બિરુદ મેળવનાર સંતવર્ય સદ્ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી પ્રકાંડ પંડિત હતા. તેમની ધીર-ગંભીર છતાં બુલંદ શબ્દ છટા વાદિઓનાં મુખ સીવવામાં સફળ થતી. પરિણામે ગાડા ભરીને પુસ્તકો સાથે રાખીને આ સંતવર્યે સંપ્રદાયની સામે ઉભા થતાં દરેક પડકારોને





પ્રચંડ તાકાતથી જવાબ આપીને સ્વામિનારાયણ ભગવાનનો કીર્તિ ધ્વજ ફરકાવ્યો છે.

સ્વામીશ્રીનો જન્મ "દંતિયા" (લખનૌ) ગામમાં વિષ્ણુ શર્મા વિપ્રના ગૃહમાં માતા વિરજાની કૂખે વિ.સં.૧૮૪૯ ચૈત્ર સુદ ૯ ના રોજ થયો હતો. બાળપણનું નામ "દિનમણિ શર્મા" હતું. ચંદ્રની જેમ વૃદ્ધિ પામતા દિનમણિ શર્માનો ૮ વર્ષે યજ્ઞોપવિત સંસ્કાર થયો.

વિશેષ વિદ્યાભ્યાસ માટે કાશી ગયા, સરસ્વતીએ પોતાની સર્વસંપત્તિરૂપ વાણી વિલાસ, અજોડ ભાષાવૈભવ અને રસમાધુર્યનો કળશ દિનમણિ શર્મા પર ઢોળ્યો. અવિનાશીના મિલનની અદમ્ય ઝંખનાથી તીર્થાટન માટે નિકળેલા દિનમણિ શર્માને "ઊંઝામાં સંવત્ ૧૮૬૨"માં શ્રીહરિના દર્શન થયા. પૂર્વની પ્રીતિ પ્રગટી. ભાગવતી દીક્ષા ગ્રહણ કરી "નિત્યાનંદ" નામ ધારણ કર્યું.

શ્રીહરિએ આગવી પ્રતિભા સંપન્ન આ સંતને સર્વ વિદ્યાવારિધિ બનાવવા માટે નાંદોલના પુરૂષોત્તમ ભટ્ટ પાસે વિશેષ શાસ્ત્રાભ્યાસ કરાવ્યો અને વર આપ્યો "જગતનો ગમે તેવો મોટો પંડિત આવશે તો પણ તમને જીતી શકશે નહિ. સદા તમારો દિગ્વિજય થશે."

શ્રીજી મહારાજ પાસે વરદાન મેળવીને સ્વામી સંપ્રદાયનો દિગ્વિજય કરવા નીકળી પડ્યા. શ્રીનગર, જૂનાગઢ, જામનગર, ગોંડળ, ખંભાત, રાજકોટ, બોટાદ વિગેરે સ્થાનોમાં ભિન્ન ભિન્ન સંપ્રદાયના કહેવાતા અજેય અને પ્રકાંડ પંડિતોને પરાજયનો સ્વાદ ચખાડ્યો.

ઉમરેઠ જેવા અદ્વૈતિઓના અખાડામાં સદ્ગુરૂવર્ય શ્રી મુક્તાનંદ સ્વામીએ રોપેલ સત્સંગ વૃક્ષને વટવૃક્ષની જેમ વિકસાવવાનું શ્રેય નિત્યાનંદ સ્વામીને ફાળે જાય છે.

શાસ્ત્રવ્યાસંગી સંતશ્રી નિત્યાનંદ સ્વામીએ સતત વિચરણ અને શાસ્ત્રાર્થો દ્વારા સંપ્રદાયનો ડંકો વગાડ્યો એટલું જ નહિ "શ્રીહરિ દિગ્વિજય"નામનો અદ્ભૂત ગ્રન્થ પણ લખ્યો છે. શાંડિલ્યસૂત્રનું ભાષ્ય, સત્સંગિજીવનની ટીકા જેવા તેમના ગ્રંથો નોંધપાત્ર છે.

શરીરના છેલ્લા શ્વાસ સુધી સંપ્રદાયની ચિંતા કરનાર આ સંત સ્વેચ્છાએ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને સત્સંગની ભલામણ કરીને સં.૧૯૦૮ માગશર સુદ-૧૧ ના રોજ સિદ્ધાસનવાળી ધ્યાનમાં મગ્ન થયા. સ્વામીનો અંત્યેષ્ટિ સંસ્કાર જ્ઞાનબાગમાં થયો હતો. કોટિ કોટિ વંદન આ સંતપુરૂષને ચરણે...



ॐ श्री व्यापकानन्दमुनीन्द्राय नमः॥

## સદ્‌ગુરુ શ્રી વ્યાપકાનંદ સ્વામી

વિશ્વના ખૂણે ખૂણે નવખંડ ધરતીમાં ગૂંજતા "શ્રી સ્વામિનારાયણ મહામંત્ર" નો સર્વ પ્રથમ જપ કરનાર ઉત્તર ભારતના "ઝરણાપરણા" ગામના નિવાસી શીતળદાસ વિપ્ર હતા. આ શીતળદાસ એ જ આપણા સમર્થ સંતવર્ય શ્રી વ્યાપકાનંદ સ્વામી.

એકલશૃંગી ઋષિના વંશી અને ઈશ્વરના અંશી આ પ્રગટ પિપાસુના આત્મામાં હરિ મિલનની તલપ જાગેલી. તેથી જ ઘરબાર છોડી વૈરાગીનો વેષ લઈને અલખની ઝાંખી કરવા તીર્થયાત્રા કરતા કરતા દ્વારકા જતા હતા. ત્યાં હજારો કિલોમીટરની યાત્રાનો થાક ઉતરી જાય એવા સમાચાર મળ્યા. "ફરેણીમાં વિરાજતા રામાનંદ સ્વામી સાક્ષાત્ ઈશ્વર છે." કાનમાં અમૃત રેડાયું..પગમાં જોમ આવી ગયું, જટ દઈને ફરેણી પહોંચ્યા પણ કારમો આઘાત લાગ્યો. ઉતાવળા પગે આવવા છતાં તે ૧૪ દિવસ મોડા પડેલા..

નવયુવક સહજાનંદ સ્વામીનાં દર્શન કરીને નિરાશ વદને પાછા વળવા વિચારતાં શીતળદાસને તેમણે જ આશા બંધાવી, રામાનંદ સ્વામીનાં દર્શન માટે. **"સુણી બોલિયા સુંદર શ્યામ, રટો સ્વામિનારાયણ નામ"** નામ રટીને સ્વેષ્ટના દર્શન કરી શીતળદાસ ધન્ય બનેલા. રામાનંદ સ્વામીએ પણ પોતાનું દાસત્વ અને શ્રીહરિનું સર્વોપરિપણું કહેલું તે વૈરાગીએ આવીને સભાને કહ્યું,

" પછી સાધુ તે શીતળદાસે, લીધી દીક્ષા મહાપ્રભુ પાસે ।
નામ વ્યાપકાનંદ વરિષ્ઠ, થયા પરમ સમાધિનિષ્ઠ ॥

એના પૂર્વના સુકૃતોએ ભાગ્યનો દરવાજો ખખડાવ્યો. ધડાધડ એક પછી એક યોગ સિદ્ધિઓ હાંસલ કરતા ગયા અને પરમ સમર્થ સંત બની ગયા; તેનું મૂળ ઘણી મહેનતે મળેલા પ્રગટ પ્રભુની તેને ભારોભાર ખુમારી હતી.





આ વ્યાપકાનંદ સ્વામીએ જ બોટાદના દરબાર શ્રીહમીર ખાચરની ઘોડી જીવતી કરેલી. લખનૌના વેણીરામને મુસલમાન બાદશાહે એક કરોડ રૂપિયા દંડ કર્યો. અને ન ભરી શકે તો મુસલમાન થવા ફરમાન કર્યું. તે આત્મઘાત કરવા તૈયાર થાય છે ત્યાં વ્યાપકાનંદ સ્વામીનાં દર્શન થયાં. તેમણે વેણીરામને શ્રી સ્વામિનારાયણ ભગવાનનો મહિમા સમજાવી આશ્રિત કર્યા. તેમનો દંડ સ્વયં શ્રીજી મહારાજ ભરી ગયાં. આ સમર્થ સંતવર્યએ ભૂમાપુરુષના લોકમાં જઈને શ્રીહરિના આ બ્રહ્માંડમાં આગમનના એંધાણ આપેલા. આ ઐશ્વર્ય સિદ્ધ સંતે જેને ઘેર જમવા ગયેલા એવા બ્રાહ્મણના મૃતપુત્રના કાનમાં "સ્વામિનારાયણ" મહામંત્ર કહીને જીવતો કરેલો.

કોટિ કોટિ વંદન આ સમર્થ સંતનાં ચરણે...



ॐ श्री स्वरुपानन्दमुनीन्द्राय नमः॥

## સદ્‌ગુરુ શ્રી સ્વરૂપાનંદ સ્વામી

નવખંડ ધરામાં દિવ્ય નિનાદની સાથે યમપૂરી સુધી " શ્રીસ્વામિનારાયણ મહામંત્ર " નો પ્રબળ પ્રતાપ બતાવનાર સંત સદ્‌ગુરૂવર્ય શ્રી સ્વરૂપાનંદ સ્વામી હતા.

સંપ્રદાયના ઈતિહાસના પૃષ્ઠો બોલે છે કે આ ઉદ્ધવ સંપ્રદાયના શ્રી ગણેશ થયા પછી ભારતના ખૂણે ખૂણેથી દ્વારકાની યાત્રાએ આવતા વૈરાગીઓમાંથી એક પણ મુમુક્ષુ પાછો સ્વદેશ ફર્યો ન હતો.

" પશ્ચિમમાં જીવન મુક્તા પ્રગટ થયા છે " એવી કર્ણપ્રિય વાત સાંભળી કુરૂક્ષેત્રથી ઘરબાર છોડીને ચાલી નીકળેલા એક ભૂદેવ ફરતા ફરતા દ્વારકા જતાં માંગરોળ આવ્યા અને સમાધિ પ્રકરણમાં સ્વેષ્ટ શ્રીકૃષ્ણનાં દર્શન પામ્યા. આ અલખનાં દર્શન કરાવનાર સ્વયં શ્રીકૃષ્ણ છે એમ માનીને શરણાગત થઈ દીક્ષા સ્વીકારી અને ૫૦૦ પરમહંસોમાં પ્રથમ પંક્તિમાં બોલાતું " સ્વરૂપાનંદ" નામ ધારણ કર્યું.

આ સ્વરૂપાનંદ સ્વામી અતિ સમર્થ અખંડ મૂર્તિ ધારક સંત પુરૂષ હતા, છતાં શ્રીહરિની આજ્ઞા શિરે ધરી ગામડે ગામડે ફરતા. લોયા અને નાગડકા વિરાજતા શ્રીહરિનાં દર્શને આવ્યા ત્યારે સ્વામીને પૂછ્યું, કેટલાંને સત્સંગ કરાવ્યો ? ત્યારે સ્વામીએ કહ્યું " યે નિંબકી નીચે મનુષ્ય દેખા હૈ" સ્વામીની આ વાણી સાંભળી કોઈએ કટાક્ષ કર્યો કે મનુષ્ય નથી જોયા તો કલ્યાણ ક્યાંથી કર્યું હશે ? ત્યારે સ્વયં શ્રીહરિના વાક્યો સ્વરૂપાનંદ સ્વામીની ઉચ્ચ સ્થિતિના પૂર્ણદ્યોતક છે. શ્રીહરિ કહે બીજા વાતો કરે ત્યારે કલ્યાણ થાય, પણ તેમનાં દર્શને અનેકનાં કલ્યાણ થાય.

આવા સતત મૂર્તિના ધારક સંત હતા, છતાં મંડળ લઈને વિચરણ પણ કરતા અને મોટા ઉત્સવ સમૈયાઓમાં મોટી જવાબદારી પણ સંભાળતા. જેતલપુરમાં મહારૂદ્ર કર્યો ત્યારે પાકશાળાની જવાબદારી સ્વામીએ સંભાળેલી. એટલું જ નહિ યમપુરીમાં જઈને સ્વામિનારાયણ મહામંત્રનો ઘોષ કરીને નરકના કુંડ ખાલી કરાવવાનું ઐતિહાસિક કાર્ય પણ આ સમર્થ સંતે જ કરેલું. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ નોંધે છે કે -

સ્વરૂપાનંદે કીધી સમાધી, ગયા યમપુર કૃષ્ણ આરાધી ।
જોયા નરકમાં પીડાતા પ્રાણી, અતિ દયા અંતરમાં આણી ।
લીધું સ્વામિનારાયણ નામ, નાઠા સાંભળી દુત તમામ ॥
( હરિલીલામૃત - કળશ ૫-૬)

મુક્તાનંદ સ્વામીએ પણ ગાયું છે કે

"સર્વે નરકના કુંડ ખાલી કર્યા, ભૂખ્યા જમગણ રે
કર ઘસી પસ્તાય, નારાયણ પ્રબળ પતાપ છે.

આવા આ વિરલ સંતની બ્રાહ્મી સ્થિતિ માટે ઘણીવાર જૂનાગઢના જોગી સંતશ્રી ગુણાતીતાનંદ સ્વામી પ્રશંસાનાં ફૂલડા વેરતાં, આજે આપણે પણ એ સંતના ચરણમાં શ્રદ્ધા સુમન અર્પણ કરી ધન્ય બનીએ...









ॐ श्री कृपानन्दमुनीन्द्राय नमः॥

# સદ્‌ગુરુ શ્રી કૃપાનંદ સ્વામી

કૃપાસાગરની કૃપા મેળવીને કૃપાનંદ એવુ નામ સાર્થક કરનાર, અનેક મુમુક્ષુ આત્માઓની ભવસાગરની અસંખ્ય આપત્તિઓ અને માનસિક મલિનતાઓ દૂર કરાવી જીવનમાં શાશ્વત સુખ શાંતિનો અખંડ અનુભવ કરાવનાર કૃપાનંદ સ્વામી શ્રીહરિના માળાના મણકામાંના એક સંત હતા.

શ્રીહરિનો દિવ્ય પ્રતાપ સાંભળીને દૂર દૂર દેશ દેશાંતરમાંથી લોકો ખેંચાઈને મહારાજના આશ્રિત બનતા. સંવત્ ૧૮૬૦ માં મહા સુદ સાતમના દિવસે શ્રીજી મહારાજ પ્રથમ વાર ભુજનગરમાં ગયા. રામાનંદ સ્વામીનું બાંધેલુ સદાવ્રત ત્યાં ચાલતું હતુ. પૂર્વ દેશમાંથી બે વૈરાગી બાવા સદાવ્રત લેવા આવ્યા. શ્રીજી મહારાજે તેમને શીરો-પુરી બનાવડાવીને જમાડ્યા, તેથી બંને વૈરાગી ખૂબ જ રાજી થઈ ગયા. શ્રીજી મહારાજની અમૃતસમાન વાણી સાંભળીને બંને વૈરાગીઓએ થોડા દિવસ શ્રીહરિ સાથે રહેવાનો નિર્ધાર કર્યો. પૂર્વના કોઈ દૈવી મુમુક્ષુ હોવાથી બંને વૈરાગીઓને મહારાજ સાથે પ્રીત બંધાણી, એ પ્રીતના પ્રતાપે તેમને સમાધી થઈ. સમાધિમાં શ્રીહરિની સ્તુતિ કરતા મુક્તોનાં દર્શન કર્યા અને અક્ષરધામને વિષે શ્રીહરિનો ઐશ્વર્ય પ્રતાપ જોયો.

એકવાર શ્રીહરિએ તેમને પુછ્યું તમે ક્યાંથી આવ્યા, ત્યારે તેઓ કહે સરવરીયા વિપ્ર છીએ અને બાલ્યવયમાં ગૃહનો ત્યાગ કરી જગન્નાથપુરીમાં વૈરાગી થઈને જગન્નાથજીની સેવામાં રહ્યા. ત્યાં એક બ્રહ્મચારી તીર્થ કરવા આવ્યા હતા. તે બ્રહ્મચારી વર્ણીનો અપરાધ કરવાથી જગન્નાથપુરીના વૈરાગીઓ પરસ્પર કલહ કરી લડી મર્યા, તેનાથી અમે બે જણ ભાગીને બચી ગયા. તીર્થાટન કરતાં કરતાં ભુજ આવ્યાને અહીં તમારો યોગ થયો.

તેમની વાર્તા સાંભળી શ્રીહરિ કહે કે હવે તમે દ્વારકા જાઓ. ત્યારે વૈરાગી કહે

તમારાં ચરણમાં જ તીર્થમાત્ર રહ્યાં છે. હવે તમારી પાસે જ મને રાખો. ત્યારે શ્રીજી મહારાજે બંને વૈરાગીઓને દીક્ષા આપી એકનું નામ ‘‘કૃપાનંદ સ્વામી’’ તથા બીજા વૈરાગીનું નામ ‘‘ વીરભદ્રાનંદ સ્વામી ’’ પાડ્યું.

તેમાં કૃપાનંદ સ્વામી જ્ઞાન, ધ્યાનનાં અખંડ અભ્યાસી હતા. તેઓ મહારાજની રુચિ પ્રમાણે કેટલાક સંતોને ધ્યાનનો અભ્યાસ કરાવી, સમાધિની સ્થિતિ પ્રાપ્ત કરાવી પ્રભુનો સાક્ષાત્કાર કરાવતા. શ્રીજી મહારાજની આજ્ઞા પાળવામાં ખૂબ જ ચીવટ રાખતાં. એકવાર ગુણાતીતાનંદ સ્વામી સાથે ગામડાં વિચરણમાં દૂર ડુંગર પર લાલ કપડું જોયું. ત્યાં સ્ત્રી છે એમ જાણી ઉપવાસ કર્યો. તેઓ ગુણાતીત સ્થિતિવાળા હોવાથી શ્રીજી મહારાજની દરેક લીલાઓના પોતાની દિવ્ય દ્રષ્ટિથી દર્શન કરતા. કૃપાનંદ સ્વામીએ અનેક શેતાન જેવાં માણસોની શૈતાનીયત દૂર કરીને તેમને ભગવત્ પ્રેમી બનાવ્યા હતા.

ભગવાન સ્વામિનારાયણના વિશાળ ત્યાગી શિષ્ય સમુદાયમાં અખંડ ધ્યાનના અંગવાળા, ત્યાગ પરાયણ, નિર્માની, નિખાલસ, ક્ષમાની મૂર્તિસમા અનેકને માણિગર માવાનાં મણિમુકુટની એક રત્ન જડીત કલ્ગી બનાવનાર સદ્‌ગુરૂ કૃપાનંદ સ્વામીના ચરણોમાં શતશઃ પ્રણામ...



ॐ श्री आनन्दानन्दमुनीन्द्राय नमः॥

## સદ્‌ગુરુ શ્રી આનંદાનંદ સ્વામી

ત્યાગ-વૈરાગ્ય અને ઈષ્ટનિષ્ઠાના દૈવતથી ઝળહળતા ભાલવાળા, ઓજસ્વી-તેજસ્વી સંત સદ્‌ગુરૂ શ્રી આનંદાનંદ સ્વામી સંપ્રદાયના ગણમાન્ય સંતોમાં પણ આગવું સ્થાન ધરાવતા હતાં. તેઓ ભરતપુરના રાજવી હતા. તેમનું નામ અમરસિંહજી હતું. એક દિવસ સમગ્રરાજને ધ્રાસકો આપી રાજપુરૂષ અમરસિંહજી નાનાભાઈ રણજીતસિંહજીને રાજ્યાધિકાર આપી અધ્યાત્મવિદ્યાની પ્રાપ્તિ માટે અયોધ્યા પહોંચ્યા.





દેવયોગે અયોધ્યાના પ્રસિધ્ધ સમૃધ્ધ રામગલોલા આશ્રમના સેવકથી મહંતપદ સુધીની સિદ્ધિ મેળવ્યા બાદ પણ અમરસિંહમાંથી લક્ષ્મણદાસ બનેલા આ મહાત્માનું અંતર અતૃપ્ત રહેલું. એક દિવસની મંગળા આરતી પછી દ્વારિકાની યાત્રાએ જવાનો નિર્ણય કર્યો. ૫૦ શિષ્યો હાથી, ઘોડા, ઊંટ, ડેરા, તંબુ રાજઠાઠથી મહંતજી યાત્રાએ ચાલ્યા. એમનું અંતર અવિનાશીને મળવા આતુર હતું. દ્વારકાના ઉંબરે પહોંચતાઃ

‘‘ પર અંતરની વારતા જાણે, મન ચંચળ સ્થિર તે આણે ।
એનો આશ્રય જેને મળે છે, કામ વાસના તેની ટળે છે ॥
(હરિલીલામૃત-૪/૧૨)

આવી રામાનંદ સ્વામીની યશગાથા સાંભળીને લક્ષ્મણદાસજીને તો રટના લાગી. રામાનંદ સ્વામીના દર્શનની ચાનક તેને લોજ આશ્રમમાં ખેંચી લાવી. પાંચ દિવસ રહ્યા અંતે ‘‘અઠે દ્વારકા’’ કહીને શિષ્યોને વળાવ્યા અને પોતે રામાનંદ સ્વામી પાસે દીક્ષા લઈને ‘‘ આનંદાનંદ સ્વામી ’’ બની ગયા.

લોજ રહ્યા, અષ્ટાંગ યોગ શીખ્યા, રાજપુરૂષ હોવાથી વ્યવહારિક કુશળતા અપાર હતી. મુમુક્ષુતાના પ્રતાપે શ્રીહરિમાં પણ અપાર હેત હતું. શ્રીહરિ દરેક મોટા ઉત્સવ સમૈયાના મુખ્ય વહીવટકર્તા તેમને જ બનાવતા. પોતે શણગાર કરવામા અત્યંત નિપુણ હોવાથી મોટા મોટા મહોત્સવોમાં શ્રીહરિને શણગાર ધરાવીને રાજી કરતા.

શ્રીહરિએ મંદિર બાંધવાનો નિર્ણય કર્યો ને સર્વ પ્રથમ મંદિર આનંદાનંદ સ્વામીની દેખરેખ નીચે અમદાવાદમાં બંધાવ્યું. આ ઉપરાંત ભરૂચ અને જેતલપુરમાં પણ સ્વામીએ જ મંદિરો બંધાવેલા. અંતિમ સમય જેતલપુરમાં જ વિતાવેલો. અનેક પ્રસાદીના સ્થાનોએ છત્રિ કરાવેલી.

ભરતપુરના રાજવૈભવ અને અયોધ્યાના રામગલોલા જેવા પ્રસિદ્ધ વૈભવી આશ્રમને અવિનાશીને મળવા તિલાંજલી અર્પી આજીવન સંપ્રદાયના વિકાસમાં ધૂપસળીની જેમ પોતાની જાતને સમર્પિત કરનાર સંતવર્ય આનંદાનંદ સ્વામીના ચરણોમાં વંદન.



ॐ श्री चैतन्यानन्दमुनीन्द्राय नमः।।

## સદ્ગુરુ શ્રી ચૈતન્યાનંદ સ્વામી

ભગવાન સ્વામિનારાયણ સંવત્ ૧૮૫૮ ની સાલમાં જેતપુરમાં ગાદીએ બેસી પોતાના અદ્ભુત ઐશ્વર્યના પ્રભાવથી હજારો લોકોને પોતાના આશ્રિત કર્યા તથા અનેક મુમુક્ષુ વિદ્વાનોને ભાગવતી દીક્ષા આપી સાચા બ્રહ્મવિદ્યાના ઉપાસક બનાવ્યા. તેમાના એક સદ્ગુરૂ ચૈતન્યાનંદ સ્વામી ઉત્તરપ્રદેશમાં અવધ રાજ્યના નિવાસી વિદ્વાન બ્રાહ્મણ હતા.

એકવાર તેઓ બે બ્રાહ્મણ સાથે દ્વારકાની યાત્રા કરવાના નિમિત્તે તીર્થાટન કરતા ડાકોર આવ્યા. ડાકોરમાં શ્રીહરિનો દિવ્ય પ્રતાપ સાંભળી તેઓ દ્વારકા રવાના થયા. ત્યાં ચાલતા ચાલતા સૌરાષ્ટ્રમાં ભાદર નદીને કિનારે આવ્યા. તે સમયે શ્રીહરિ જૂનાગઢથી ગઢડા તરફ જઈ રહ્યા હતા. પ્રાતઃકાળનો સમય થયો હોવાથી શ્રીહરિ તથા સંતો-પાર્ષદો ભાદર નદીમાં સ્નાન-પૂજાપાઠમાંથી નિવૃત્ત થઈને શ્રીહરિ સન્મુખ બેઠા. આ દૃશ્ય જોઈને બ્રાહ્મણને થયું કે આ જ સ્વામિનારાયણ ભગવાન હોવા જોઈએ. અણધાર્યા પ્રભુના દર્શન થતાં ઘણો આનંદ પામી અત્યંત શ્રધ્ધાથી શ્રીહરિ પાસે ગયા. શ્રીહરિએ જ્ઞાનગંગાની સરવાણી વહાવી. મહારાજની વણથંભી વાણી સાંભળીને ત્રણે બ્રાહ્મણોને સમાધિ થઈ. સમાધિમાં રામચંદ્રરૂપે શ્રીહરિના દર્શન થયા. શ્રી હરિનો જ્ઞાનોપદેશ સાંભળી તથા સમાધિમાં દર્શન થવાથી શ્રીહરિને ભગવાન માની તેમની સ્તુતિ પ્રાર્થના કરી. આ ત્રણ બ્રાહ્મણોમાંથી એક મુમુક્ષુ બ્રાહ્મણ દ્વારકાની યાત્રા છોડી શ્રીહરિ સાથે રહેવાનો દૃઢ નિર્ણય કરી સંતો સાથે ગઢડા આવ્યા. ત્યાં મહારાજે તેમને સાધુ દીક્ષા આપી ''ચૈતન્યાનંદ સ્વામી'' એવું શુભ નામાભિધાન કર્યું.

ચૈતન્યાનંદ સ્વામી પ્રથમથી સંસ્કૃત ભણેલા અને શાસ્ત્ર પુરાણના ઊંડા અભ્યાસી હતા. ધર્મનિયમ પાળવા પળાવવાના આગ્રહવાળા, વ્યવહાર કુશળ અને સત્સંગ કરાવવામાં ખૂબ જ શ્રધ્ધાવાળા હતા. તેથી મહારાજે પોતાના દર્શન કરવા આવતા સત્સંગીઓને કથાવાર્તા કરવા નિમ્યા હતા.

શ્રીજી મહારાજે દંઢાવ્ય પ્રદેશનાં આદરજ ગામમાં સંવત ૧૮૭૨ ની સાલમાં





જ્યારે અન્નકુટનો સમૈયો કર્યો ત્યારે મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને ચૈતન્યાનંદ સ્વામી; આ ચાર સંતોને સૌ પ્રથમ સદ્ગુરૂ તરીકે નીમ્યા હતા. શ્રીહરિએ ધોલેરા મંદિરમાં સ્વામીને સેવા કરવા નિમ્યા હતા. શ્રીહરિ સ્વધામ ગયા પછી ચૈતન્યાનંદ સ્વામી પ્રતિદિન ગોપાળાનંદ સ્વામીનો સત્સંગ કરવા જતા. જ્યારે ગોપાળાનંદ સ્વામી અક્ષરવાસી થયા. ત્યારે તેઓ સદ્ગુરૂ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ જતા અને સ્વામીનો મહિમા સારી રીતે સમજતા. સ્વામી સંસ્કૃતના સારા વિદ્વાન હતા તેથી તેમણે સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી અને ગોંડલના મહારાજા સંગ્રામજી બાપુનો સંવાદ લખી ''જ્ઞાનવિલાસ'' નામનો ગ્રંથ બનાવ્યો છે.

''ચૈતન્યાનંદ સ્વામીએ જેમ, રચ્યો જ્ઞાન વિલાસ છે તેમ''

(હરિલીલામૃત : ૧/૨/૫૪)

જ્ઞાનવિદ્યા અને ઉપદેશથી સત્સંગને સીંચિત કરતા થકા સદાને માટે શ્રીહરિના કૃપાપાત્ર થનાર ચૈતન્યાનંદ સ્વામીના ચરણોમાં વંદન...



ॐ श्री परमानन्दमुनीन्द्राय नमः।।

## સદ્ગુરુ શ્રી પરમાનંદ સ્વામી

નિઃસ્વાર્થ અને નિર્દંભપણે જનકલ્યાણની ભાવનાથી મહાપુરૂષો સતત વિચરણ કરીને મુમુક્ષુ આત્માઓ પર દયા કરીને તેના આત્માનું શ્રેય ઈચ્છે છે. એવા શ્રેયાર્થી પરમાનંદ સ્વામી લખનૌ પાસેના કોઈ ગામના વૈરાગી હતા. પવિત્ર તીર્થો અને પ્રભુપરાયણ મહાપુરૂષોના સેવા સમાગમથી મોક્ષની સિધ્ધિ મળે છે તેવું તેમને દૃઢપણે જણાતું હતું. વળી રામાયણમાં કાગભુશુંડીની કથા વાંચેલી તેથી મનમાં નિશ્ચય કર્યો કે જ્યાં કાગભુશુંડી જેવા સંતો હોય ત્યાં જવું એમ વિચાર કરી તીર્થાટન કરવા નીકળ્યા. તે તીર્થમાં વિચરતા વિચરતા સૌરાષ્ટ્રમાં જેતપુર ગામે રામાનંદ સ્વામી સદાવ્રત આપતા હતા ત્યાં આવ્યા. પરમાનંદ સ્વામીને કાનનો

રોગ હતો કે રાત્રિ દિવસ ઘરેરાટ એવો અવાજ સંભળાયા કરતો તેથી નિદ્રા આવે નહિ. ક્યારેક આવે તો થોડી નિદ્રા આવે. એમ બાર વર્ષ સુધી નિદ્રા આવી ન હતી. પરંતુ સદાવ્રતનું અન્ન જમીને ઓટલાં ઉપર આડે પડખે થયા તુરંત કાનમાં સંભળાતા શબ્દનો અવાજ બંધ થઈ ગયો. અને સારી નિદ્રા આવી ગઈ. કાનમાં દુઃખાવો મટી ગયો. અને અતિ શાંતિ થઈ ગઈ. તેથી ઘણો સમય સૂઈ રહ્યા. તેમને રામાનંદ સ્વામીએ કહ્યું કે સાધુરામ ! જાગો ભજન કરો, શું સુઈ રહ્યા છો?

સંસારીકા ટુકડા નવ નવ આગળ દંત,
ભક્તિ કરે તો ઉગરો નહીં તો કાઢે અંત.

આ સાંભળીને તુરંત જાગી ગયા. પછી તેઓ રામાનંદ સ્વામીના પગમાં પડી ગયા ને કહ્યું ' આપના દર્શનથી મારો રોગ મટી ગયો અને શાંતિ થઈ ગઈ. પછી તેમણે રામાનંદ સ્વામીને કહ્યું કે મને સદુપદેશ આપો.' મને દીક્ષા આપી સાધુ કરો. ત્યાર પછી રામાનંદ સ્વામીએ તેમને દીક્ષા આપી''પરમાનંદ સ્વામી'' નામ રાખ્યું.

રામાનંદ સ્વામી અંતર્ધાન થયા પછી શ્રીજી મહારાજને પ્રગટ ભગવાન જાણીને શ્રીહરિની આજ્ઞામાં વર્તનાર પરમાનંદ સ્વામીને શ્રીહરિએ ગઢપુર મંદિરના મહંત બનાવ્યા અને દાદાખાચર પાસે રૂપિયા મંગાવ્યા ને ખોબો ભરીને સ્વામીના હાથમાં આપ્યા ને આશીર્વાદ આપ્યા કે લ્યો સ્વામી તમને ધન બંધન નહીં કરે. પછી સ્વામીએ દસ વર્ષ સુધી ગઢપુર મંદિરની મહંત તરીકે સેવા કરી.

શ્રીજી મહારાજ ધામમાં ગયા પછી સ્વામીને ચિત્તભ્રમ જેવું થઈ ગયું. તેથી મગજની અસ્થિરતા થઈ ગઈ. ગોપીનાથજી મહારાજની ઉત્તરી ગીરવે મુકીને કડીયાના પગાર ચુકવ્યા હતા. તેની જાણ ગોપાળાનંદ સ્વામીને થઈ તેથી તેમણે હિમરાજ શાહના પુત્ર પૂંજા શેઠને વરતાલ બોલાવીને ગઢપુરનો વહીવટ કરાવા ભલામણ કરી. પૂંજા શેઠે ગોપાળાનંદ સ્વામીની આજ્ઞા માથે ચઢાવીને ગઢપુર મંદિરનો દસ વર્ષ સુધી વહીવટ સંભાળ્યો.

ત્યારબાદ સંવત્ ૧૯૦૯ ના શ્રાવણ વદ ૬ ની રાત્રીએ દેહત્યાગ કરી પરમાનંદ સ્વામી શ્રી હરિનાં ધામને પામીને મહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા...







ॐ श्री अखण्डानन्दवर्णीन्द्राय नमः

## સદ્‌ગુરુ અખંડાનંદ વર્ણી

અખંડાનંદ વર્ણી મુળ લીમડી તાલુકાના ''શિયાણી'' ગામના શિવરામ ભટ્ટ હતા. તેમના પિતાનું નામ ''રત્ન શર્મા'' હતું. રત્ન શર્મા વેદ અને શાસ્ત્રોના પારંગત વિદ્વાન હતા. શિવરામ ભટ્ટે પોતાના પિતા પાસે રહીને જ વેદ અને શાસ્ત્રોનું અધ્યયન કર્યું હતું.

તેઓ લીમડી રાજ્યમાં રાજકુલના પુરોહિત હતા રાજ્ય તરફથી સારુ એવું વર્ષાસન મળતું હતું. તેઓશ્રી શ્રીમદ્ ભાગવત પુરાણની કથા પારાયણ પણ કરતા હતા.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય ફેલાયો ત્યારે એમના ભક્તો એમને પરબ્રહ્મ કહેતા. જ્યારે દ્વેષીઓ જંતરમંતર કે મેલીવિદ્યાવાળા તથા પાખંડી પણ કહેતા. પણ શિવરામ ભટ્ટને સંતોનો જોગ થવાથી સત્સંગનો ગુણ આવ્યો. આ અરસામાં લીમડીના રાજા હરિસિંહજીએ પણ ભગવાન શ્રી સ્વામિનારાયણની અલૌકિક પ્રતાપની ઐશ્વર્યપૂર્ણ વાતો સાંભળી. કેટલાક દ્વેષીઓએ તેમને ઊલટી વાતો કહી આથી રાજાએ શિવરામભટ્ટને આ વાતની ખાત્રી કરવા ગઢપુર શ્રીજી મહારાજ પાસે મોકલ્યા. એમણે શ્રીજીમહારાજને તેમના નાત,જાત,જન્મથી માંડીને ઉપાસના અને આધ્યાત્મિક મુક્તિ સુધીના મુખ્ય અઢાર(૧૮) પ્રશ્નો પુછ્યા. શ્રીજીમહારાજે તેમના પ્રશ્નના સંતોષકારક જવાબો આપ્યા અને સમાધી કરાવી પોતાનો અક્ષરાધિપતિ પરબ્રહ્મ પરમાત્માપણાનો નિશ્ચય કરાવ્યો. તેમણે હરિસિંહ રાજાને પણ શ્રીજીમહારાજનો મહિમા કહી શ્રીજીમહારાજના આશ્રિત કર્યા.

શિવરામ ભટ્ટ હરિસિંહ રાજાના રાજપુરોહિત હતા માટે તેમની પાસે પાઠ,પુજા, પારાયણ કરાવતા. શિવરામ ભટ્ટ શ્રીજી મહારાજના આશ્રિત થયા પછી રાજાના આગ્રહથી રાજદરબારમાં ભાગવત પારાયણ કરવા ગયાં. પુસ્તક પૂજા અને વ્યાસ પૂજા કરવા માટે રાજા અને રાણી બન્ને ત્યાં આવ્યાં. એટલે ભટ્ટજીએ નમ્રતાપુર્વક કહ્યું કે રાજાસાહેબ આપ એકલા પુસ્તકનું પૂજન કરો. પરસ્ત્રીનો સ્પર્શ ન જ થાય.સ્વામિનારાયણના આશ્રિત થયા પછી મારો નિયમ છે. જ્યારે રાજાએ સજોડે

જ પૂજા કરવાનો આગ્રહ રાખ્યો ત્યારે ભટ્ટજીએ મક્કમતાપૂર્વક ના પાડી અને જણાવ્યું કે સજોડે પૂજા કરવી હોય તો બીજા બ્રાહ્મણ પાસે પૂજા કરાવો. આમ કહી વ્યાસપીઠ પરથી ઉતરી શિવરામ ભટ્ટ ચાલી નીકળ્યા. આવી તેમની શ્રીજી મહારાજ પ્રત્યેની ઉપાસના અને ધર્મનિષ્ઠા દ્રઢ હતી. તેઓ સંસારમાં હોવા છતાં તેમને સંસારમાં ચિત્ત ચોટ્યું નહિ. સમજી વિચારીને સંસાર છોડી દીધો અને શ્રીહરિના ચરણે સેવામાં રહ્યા. તેથી જ શ્રીહરિના સહસ્ત્રનામસ્તોત્ર સર્વમંગલમાં ***"શિવોપનીતપાદુક:"*** ચરણ સેવકનું સ્થાન પામ્યા. સમય જતાં શ્રીહરિને હાથે ભાગવતી દીક્ષા લઈને વર્ણી બન્યા. અખંડાનંદ વર્ણી નામ ધારીને ભગવત્સ્વરૂપના રસાસ્વાદને માણતા અખંડ આનંદ પરિપૂર્ણ થયા.

અખંડાનંદ વર્ણી વિદ્વાન હોવાથી તેમણે સંપ્રદાયની સાહિત્યક્ષેત્રે ઘણી સેવાઓ કરી. શ્રીજીમહારાજના લીલા ચરિત્રોથી ભરપૂર અનેક ગ્રંથો તથા સ્તોત્રો રચ્યાં અને મહાપૂજા વિધિ તે પણ અખંડાનંદ વર્ણી વિરચિત "શ્રીહરિચરિત્ર" ગ્રંથમાંથી લેવાયેલી સંપ્રદાયમાં નવી પ્રણાલિકા પ્રમાણેની પૂજા વિધિ છે.

આ મહાપૂજા અખંડાનંદ બ્રહ્મચારી અને યોગીવર્ય ગોપાળાનંદ સ્વામીએ વડતાલમાં જ શરૂઆત કરાવી ત્યાર બાદ જેતપુરમાં અને જુનાગઢમાં પણ ચાલુ કરાવી.

શ્રીહરિએ વરતાલમાં બે આચાર્ય સ્થાપ્યા ત્યારે સદ્‌ગુરૂશ્રી અખંડાનંદવર્ણીને યાવત્જીવન આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની સાથે રહેવુ કહ્યું હતું. શ્રીહરિચરિત્ર ગ્રંથમાં અખંડાનંદ વર્ણીની પ્રશંસાના શબ્દ સુમનો આલેખાયેલ છે.

"મહાત્મા જે શ્રી અખંડાનંદ વર્ણી સદ્‌ગુણોની ખાણ હતા. રૂડી બુદ્ધિવાળા જ્ઞાની પુરૂષોમાં તે સર્વોત્તમ ગણાતા તેઓ સહજ શાંત, ધીર અને કોમળ સ્વભાવના હતા. અક્ષરાધિપતિ પુરુષોત્તમની ભક્તિમાં એક નિષ્ઠા હતી. સર્વોપકારી સાધારણ જનતાને સમજણ આપવામાં ચતુર અને વૈરાગ્યને લીધે તેની ઘણી શોભા હતી. ભગવાન શ્રીહરિના ચરિત્ર સાંભળવામાં તેમને રાગ હતો. આ દુનિયામાં તેઓ સાધુતાની તો ચરમ સીમારૂપ હતા. ગુણોથી શ્રેષ્ઠ તેઓ અક્ષરપુરૂષથી પર શ્રીહરિનું યથાર્થ માહાત્મ્ય પૂર્ણ રીતે સમજતા હતા. તે સમજણ પણ શ્રીહરિની કૃપાથી તેમને પ્રાપ્ત થઈ હતી."

(હરિચરિત્રમ્ – પરિચ્છેદ પહેલો, અધ્યાય-૫)

આવા સાધુતાની મૂર્તિ સમા શ્રીહરિના માળાના મણકા સમાન અખંડાનંદ વર્ણીના ચરણોમાં કોટિ કોટિ વંદન.







ॐ श्री वासुदेवानन्दमुनीन्द्राय नमः।।

# સદ્‌ગુરુ શ્રી વાસુદેવાનંદ વર્ણી

શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુની આજ્ઞારૂપી આકરી ભઠ્ઠીમાં સિધ્ધ થયેલાં શુધ્ધ કંચનસમા, તપ-ત્યાગ પ્રધાન, પરોપકારમય ભક્તિનિષ્ઠ જીવન જીવી અનેક આત્માઓનો ઉધ્ધાર કરનાર બેઠી દડીના વાસુદેવાનંદ બ્રહ્મચારી સાબરકાંઠા જીલ્લામાં મોડાસા પાસે 'માલપર 'નામનાં ગામનાં હતા. તેમનો જન્મ ત્રવાડી મેવાડા બ્રાહ્મણ પરિવારમાં સંવત્ ૧૮૫૫ માં થયો. તેમનું પૂર્વાશ્રમનું નામ 'જીવતરામ શર્મા' હતું. યજ્ઞોપવીત સંસ્કાર પછી ભણવામાં રુચિ હોવાથી શ્રીહરિના આશ્રિત લક્ષ્મીરામ શાસ્ત્રી પાસે નાંદોલ ગામમાં સંસ્કૃતનો અભ્યાસ શરૂ કર્યો. લક્ષ્મીરામ શાસ્ત્રી શાસ્ત્રોના અધ્યાપન સાથે જીવતરામને પ્રગટ પુરૂષોત્તમનું સ્વરૂપ સમજાવતા. તેથી શ્રીહરિને વિષે તેને પ્રીત બંધાણી.

સંવત્ ૧૮૬૭માં શ્રીજી મહારાજ જેતલપુર પધાર્યા હતા. જીવતરામને મહારાજના દર્શન કરવાની ઉત્કટ લાલસા થવાથી તેઓ લક્ષ્મીરામ સાથે ગયા. પૂર્વની પ્રીત જાગી ઉઠી. જીવતરામનાં અંતરમાં મહારાજની મૂર્તિ વસી ગઈ. ત્રણ-ચાર દિવસના રોકાણ પછી લક્ષ્મીરામ શાસ્ત્રીને કહ્યું " ઘેર કહી દેજો મારી ચિંતા ન કરે" અને મહારાજને વિનંતી કરી. પ્રભુ ! મને ત્યાગીની દીક્ષા આપો. જીવતરામની ઉત્કટ મુમુક્ષુતા, જીજ્ઞાસુતા, વૈરાગ્ય-વિવેક વગેરે ગુણો પીછાળીને શ્રીજી મહારાજે જેતલપુરમાં ત્યાગીની દીક્ષા આપી. " વાસુદેવાનંદ " એવું શુભ નામ પાડ્યું.

વાસુદેવાનંદ વર્ણીને નિત્યાનંદ સ્વામી ભણાવતા હતા. તેઓ નમણા અને નાજુક હોવાથી વર્ણી સૌને ગમતા. નૈષ્ઠિક બ્રહ્મચર્યનું અઠંગ પાલન કરનાર તેઓ યતિવર હતા. તેથી મહારાજ તેમને સનતકુમાર કહેતા. મહારાજે તેમનાં નિષ્કામી વર્તમાનની પ્રશંસા કરીને લોયામાં તેમની પૂજા અર્ચન કરી ચરણોદક પીધું હતું.

વાસુદેવાનંદ વર્ણી રૂપે ગુણે પૂર્ણ હતા. તેઓ કથા કરતાં ત્યારે મોટા મોટા વિદ્વાનો તથા રાજાઓ પણ મંત્રમુગ્ધ થઈને મહારાજના આશ્રિત થતા. એમની

રસાળશૈલી અને સાધુતા યુક્ત જીવનના પ્રભાવથી પ્રાંતીજના બ્રાહ્મણ હરિશંકર શુક્લ વર્તમાન ધરાવી સત્સંગી થયા હતા.

સંવત્ ૧૮૮૪ની વૈશાખ વદ ૨ ના દિવસે જૂનાગઢમાં શ્રીજી મહારાજે મૂર્તિ પ્રતિષ્ઠા પછિ પ્રથમ પૂજારી તરીકે ગુણાતીતાનંદ સ્વામીની વિનંતીથી વાસુદેવાનંદ વર્ણીને કર્યા હતા. સ્વામિનારાયણ સંપ્રદાયમાં સાહિત્ય સેવામાં વાસુદેવાનંદજીએ શ્રીજી મહારાજનાં લીલા ચરિત્રોથી ભરપુર સંસ્કૃત ગ્રંથ “ સત્સંગિ ભૂષણ ” રચ્યો છે. લાલિત્ય પૂર્ણ અને અર્થ ગાંભીર્ય યુક્ત આ ગ્રંથમાં શ્રીજી મહારાજનું સર્વ નિયંતાપણુ, સર્વાવતારીપણું ગુંથ્યું છે. જેમ કે ,

अत: सर्वे स्वस्वधर्मस्थिता: सन्तो हि कारणम् ।
अवताराणां सर्वेषां ज्ञात्वा मां भजतादृता : ॥ (૨/૬૪/૧૦)

તેઓએ આ ગ્રંથનું લેખન કાર્ય કપડવંજ, શિયાણી, અમદાવાદ, વહેલાલ, પેથાપુર વગેરે જગ્યાએ રહીને કર્યું છે. વાસુદેવાનંદ વર્ણીએ હાલાર, ઝાલાવાડ, મચ્છુકાંઠો તથા ગુજરાતમાં સત્સંગ કરાવી લોકોને ભગવત્પ્રેમી કર્યા હતા. આવા શ્રીજી મહારાજની માળાના મણકા સમાન વર્ણીનો અક્ષરવાસ સંવત્ ૧૯૨૦ કારતક વદ ૧૦ ના રોજ અમદાવાદમાં થયો હતો. અમદાવાદમાં સાબરમતી નદીનાં તટે નારાયણ ઘાટ પર એમની છત્રી છે.

તેઓ ધામમાં ગયા પછી એમણે રચેલ સત્સંગિ ભૂષણ ગ્રંથની ટીકા આચાર્ય કેશવપ્રસાદજી મહારાજની આજ્ઞાથી હળવદના શાસ્ત્રી કૃપાશંકરે કરેલ. જ્યારે કૃપાશંકર શાસ્ત્રીને શ્લોકના અર્થ બેસતાં નહીં ત્યારે વાસુદેવાનંદજી વર્ણી સ્વપ્નમાં દર્શન દઈને કૃપાશંકર શાસ્ત્રીને શ્લોકોના અર્થ સ્પષ્ટ કરતા.

આવા વિદ્વત્વરેણ્ય, મહારાજના લાડકવાયા પોતાના નૈષ્ઠિક બ્રહ્મચર્યની આભા પ્રભાથી અનેકને પરમાનંદની પ્રાપ્તિ કરાવનારા વાસુદેવાનંદ વર્ણીના ચરણમાં શતશઃ પ્રણામ...









ॐ श्री महानुभावानन्दमुनीन्द्राय नमः॥

# સદ્‌ગુરુ શ્રી મહાનુભાવાનંદ સ્વામી

વચન સિદ્ધિ જેને સહજ હતી, મૂર્તિ જેનાં અંતરે હતી છતાં અમદાવાદ દેશના ગામડે ગામડે ફરીને જેણે સત્સંગના વિકાસની અતિ મોટી સેવા કરી છે એવા સદ્‌ગુરૂ શ્રી મહાનુભાવાનંદ સ્વામી કુરૂક્ષેત્રથી ૧૨૫ ગાઉ દૂર “કડા” ગામના નિવાસી હતા. કિશોરાવસ્થામાં જ તેમને વૈરાગ્યનો વેગ લાગેલો; તેથી ઘરબારનો ત્યાગ કરી તીર્થાટન કરતાં કરતાં એક સ્ત્રીધનના ત્યાગી વૃદ્ધ મહાત્મા મળ્યા. ત્યાં રહ્યાં. તેણે મહંતાઈ આપવાની વાત કરી ત્યારે દ્વારકાની યાત્રાનું મિષ લઈને નીકળી ગયા. દ્વારકા જઈને ૧૨ વર્ષની અખંડ પૂજાનું નિયમ લઈને સેવામાં રહ્યા. ચોથે દિવસે દ્વારકાધીશે દર્શન દઈને કહ્યું : “ અહીંથી ચાલ્યો જા, તને પ્રત્યક્ષ ભગવાન મળશે.” દ્વારકાધીશની આજ્ઞા શિરે ચડાવીને તેઓ વહાણમાં બેઠા; જામનગર ઉતર્યા ત્યાં સ્વરૂપાનંદ સ્વામીનો સંયોગ થયો. મહારાજના પ્રત્યક્ષપણાની વાતો કરી ત્યારે તેમણે બુલંદ અવાજ કર્યો “ હમ કૃષ્ણ ઉપાસી હૈ, અન્યાશ્રય નહીં કરેંગે.” આમ છતાં સિધ્ધપુરના સમૈયામાં દર્શને ગયા અને સર્વાશ્રયનો ત્યાગ કરીને શ્રીહરિના અનન્યાશ્રિત થઈને સંત બની ગયા.

રસ્તામાં જ ઊંઝામાં મહારાજનાં દર્શને મુગ્ધ બનેલા વૈરાગીએ શરણાગતિ સ્વીકારી ત્યારે શ્રીહરિએ તેને દીક્ષા આપીને “મહાનુભાવાનંદ સ્વામી” નામ પાડ્યું.

મહાનુભાવાનંદ સ્વામી પ્રથમ નજરે મહારાજને ઓળખી ગયેલા તેમજ મહારાજે પણ તેમની સ્થિતિને નજર અંદાજ કરી લીધેલી. ઊંઝાથી સિધ્ધપુર જઈને સમૈયો કરીને વરતાલ આવ્યા અને ત્યાં જ સ્વામીને સદ્‌ગુરુ પદ આપ્યું. મહાનુભાવાનંદ સ્વામી વચનસિધ્ધ પુરુષ હતા. તેમણે અનેક ગામડાઓમાં મંદિરો કરાવેલા, સત્સંગમાં

અંતરાયરૂપ થતા દ્વેષીઓની સાન ઠેકાણે લાવવામાં સ્વામી ખચકાતા નહિ. સ્વામી માણસા પધાર્યા ત્યારે ઠાકોર સાહેબ દર્શને આવ્યા. સ્વામીએ સંતોના ભંડારની અગવડ કહીને જગ્યા માંગી ત્યારે દિવાન વચ્ચે ઈનામ લેવા બોલ્યા. મંદિર બીજે લઈ જવું પડશે ત્યાં તો અમારે ઘોડશાળા કરવી છે. આ સાંભળી સ્વામીએ તત્કાલ ઈનામ આપ્યું. ઘોડશાળા ! ઘોડશાળા હોવેગી તેરે ઘરમેં ''

બસ થોડા દિવસ પછી કંઈક ગુનામાં આવતા ઠાકોરે તેમને પહેરેલ કપડે રાજમાંથી કાઢી મૂક્યો ને તે રહેતો હતો ત્યાં ઘોડશાળા થઈ. આવા અનેક પ્રસંગો તેમની સેવાવૃત્તિ અને વચનસિદ્ધિની સાક્ષી પૂરતા હજુ સત્સંગમાં ગવાય છે. હજારો વંદન હો આવા સમર્થ સંતનાં ચરણોમાં...



ॐ श्री शुकानन्दमुनीन्द्राय नमः॥.

## સદ્‌ગુરુ શ્રી શુકાનંદ સ્વામી

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસમાં આજીવન દાસત્વના દસ્તાવેજ જેવી જીંદગી જીવનાર સિદ્ધહસ્ત લેખક શ્રીહરિના જમણા હાથનું બિરૂદ પ્રાપ્ત કરનાર સંતવર્ય સદ્‌ગુરૂ શ્રી શુકાનંદ સ્વામી શ્રીજી મહારાજના અતિ વ્હાલા સંતોમાંના એક સંત હતા.

સ્વામીશ્રીનો જન્મ વિ.સં.૧૮૫૫ માં ડભાણ ગામે રહેતા પવિત્ર ઔદિચ્ય બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. બાળપણનું નામ જગન્નાથ હતું. મેધાવી પ્રતિભાથી વિદ્યાભ્યાસમાં ટૂંક સમયમાં સારી એવી પ્રગતિ કરેલી. સ્વભાવે બાલ્યાવસ્થામાંથી ભગવદ્ પરાયણ હતા, પરિણામે શ્રીહરિની આજ્ઞાથી ડભાણમાં સંસ્કૃત અભ્યાસ માટે રહેતા, સાથે હેત થયું અને સંતો સાથે હેત-પ્રિત થતા સત્સંગ થયો. ગઢપુર ગયા. દીક્ષા





પ્રસંગે મહારાજે તેમને સદ્‌ગુરૂ શ્રી મુક્તાનંદ સ્વામી પાસે મોકલ્યા. સ્વામીએ તેમને દીક્ષા આપી '' શુકાનંદ '' નામ આપ્યું. ત્યારે મહારાજે કહ્યું કે, મુક્તાનંદ સ્વામી પણ જાણે છે કે આ સ્વયં શુકદેવજી છે.

શુકમુનિની વિદ્વતા-સાધુતા અને લેખનશૈલીથી શ્રીહરિ અતિ પ્રસન્ન રહેતા. અક્ષર ઓરડીની બાજુમાં જ મહારાજે તેમને ઓરડી આપેલી. સ્વામીએ સતત શ્રીહરિના પત્રો-ગ્રન્થોનું લેખન કાર્ય કર્યું છે. નિઃસ્વાર્થ-નિખાલસ સેવા પ્રવૃત્તિથી પ્રસન્ન થઈને એકવાર શ્રીહરિ સભામાં સ્વામીનો હાથ ઊંચો કરીને બોલેલા : '' કોઈ ધારણાં-પારણાં કે કોઈ ચાન્દ્રાયણ કરે પણ આ શુકમુનિ તુલ્ય થાય નહિ. '' વચનામૃતના પાને પાને નોંધાયું છે કે, **"આ શુકમુનિ તો બહુ મોટા સાધુ છે અને જે દિવસથી અમારી પાસે રહ્યા છે તે દિવસથી એમનો ચડતોને ચડતો રંગ છે પણ મંદ પડતો નથી, માટે એ તો મુક્તાનંદ સ્વામી જેવા છે."** (કારિ. ૩) ટૂંકમાં સ્વામીની સાધના સફળ થયેલી. એમણે લખલૂંટ શ્રીહરિનો રાજીપો મેળવેલો.

સેવાની સાથે સાહિત્યક્ષેત્રે સંસ્કૃતમાં ૭ અને ગુજરાતીમાં ૯ ગ્રન્થો રચ્યાં છે. એક સમયે શ્રીહરિના સાનિધ્યમાં પત્ર લેખન કરતાં હતા ત્યારે દીપ બૂઝાઈ જતાં શ્રીહરિએ જમણાં પગના અંગૂઠામાંથી તેજ રશ્મિઓ પાથરીને સ્વામીનો અધૂરો પત્ર પૂર્ણ કરાવ્યો હતો. આ લીલા અતિ પ્રસિદ્ધ છે. કોઈ વાર આનંદમાં ને આનંદમાં શ્રીજી મહારાજ કહેતા કે અમને ત્રણ વસ્તુ બહુ ગમે : આ ડભાણીયા સંત, ડભાણીયો આંબો અને ડભાણીયા બળદ.

શ્રીજી મહારાજ ધામમાં ગયા પછી સ્વામી સતત વિયોગમાં દુઃખી રહેતા છતાં ગામડે-ગામડે ફરતાં અને સત્સંગીઓને અપૂર્વ બળ આપતા. સ્વામીએ શિક્ષા માટે દેહાધ્યાસ ટાળવાના બહાને સતત ૧૨ વર્ષ સુધી શરીરમાં મંદવાડને સ્થાન આપ્યું હતું. શ્રીહરિએ કૃપા કરીને સ્વામીનો તાવ કાઢેલો, તે ૧૨ વર્ષ તાવનું દુઃખ સહન કરીને સં.૧૯૨૫ માગશર વદ પાંચમના રોજ વરતાલમાં દુઃખગ્રસ્ત શરીર છોડીને શ્રીહરિના સાનિધ્યમાં પહોંચ્યા.

કોટિ કોટિ વંદન આ સંત પુરૂષના ચરણે...



ॐ श्री धर्ममूर्तये आत्मानन्दमुनीन्द्राय नमः॥

## સદ્‌ગુરુ શ્રી આત્માનંદ સ્વામી

૧૧૭ વર્ષ સુધી અણીશુદ્ધ વર્તન રાખી ધર્મમૂર્તિનું બિરૂદ પામનાર સિદ્ધ સંતવર્ય શ્રી આત્માનંદ સ્વામી મારવાડ પ્રદેશના “ઊંટવાળ” ગામના વતની હતા. તેમનો જન્મ વિ.સં.૧૭૯૯ માં થયેલો. બાળપણમાં શાણપણ કેળવેલું. યુવાવસ્થાએ યુક્તિ કરીને ભગવાનને ભેટવાની ઝંખનાથી ઘર છોડી તીર્થ કરવા નીકળેલા. તેમણે ઉદ્ધવાવતાર સદ્‌ગુરૂ શ્રી રામાનંદ સ્વામીનાં ચરણે તીર્થયાત્રાની ઈતિશ્રી કરી અને સમર્પિત થયા. પૂર્વના પુણ્યને યોગે રામાનંદ સ્વામીનો સંયોગ થયો. સ્વામીએ પણ હીર પારખીને દીક્ષા આપી “આત્માનંદ” નામ પાડ્યું.

સતત સાધના કરતા આ સંતવર્યે સોરઠ જોધપુર ગામે પ્રથમવાર શ્રીહરિનાં દર્શન કર્યાં. અંતરમાં આનંદની વાદળીઓ વરસી પડી. ૬૦ વર્ષની ઉંમરે આ સંતે ૨૧ વર્ષના યુવાન શ્રી સહજાનંદ સ્વામી (ગુરૂભાઈ)ની આજ્ઞામાં પોતાની જાતને સેવક તરીકે સમર્પિત કરી દીધી.

તેમની ધર્મનિષ્ઠાના ભગવાન શ્રીહરિ ભારોભાર વખાણ કરતાં. તેઓ વચન મૂર્તિ પણ કહેવાતા. દેહથી સદા સર્વદા સર્વથા નિસ્પૃહ રહેતા. એકવાર મહારાજે સભામાં પૂછેલું કે : આજ સુધી દેહ અર્થે કંઈ જ ન માગ્યું હોય તે ઉભા થાઓ. ત્યારે એક આ વડિલ વૃદ્ધ સંત જ હાથ જોડીને ઉભા રહેલા. નિષ્કુળાનંદ સ્વામીએ નોધ્યું છે :

> પછી નાથ કહે સંત શૂરા, આમાં કોણ કઠણવ્રતે પૂરા ;
> જેવા છે આ આત્માનંદ, તેવા હો તે બોલો મુની ઈંદ ॥

ધર્મનિષ્ઠાની સાથે ઈશનિષ્ઠા એવી જબરી કે ૯૦ વર્ષની ઉંમરે મહારાજનાં અંતિમ દર્શન માટે ધોલેરાથી ચાલીને ગઢડા ગયેલા. સત્સંગના પાને સ્વામીની અનેક દિવ્ય વાતો લખાયેલી છે. અરે ! લોયા શાકોત્સવ પ્રસંગે તો મહારાજે પ્રશંસાના જ નહિ સાક્ષાત્ ફૂલોથી સ્વામીને શણગારી રાજીપો દર્શાવેલો અને કહેલું આ આત્માનંદ





જેવા સહુ થાજો. નિષ્કુળાનંદ સ્વામી લખે છે :-

> એક વૃદ્ધ સાધુ વિકાર વિના, નાથની નજરે આવિયો
> પ્રસન્ન થઈ પછી પોતે તેને, સુંદર સ્વાંગ સજાવિયો
> (ભ.ચિ.પ્ર.૮૪)

આવા સંતે ૧૧૭ વર્ષ દેહ રાખેલો. સત્સંગની અપાર સેવા કરેલી. વાગડમાં સ્વામીએ વિક્રમ સંવત્ ૧૯૧૬ જેઠ વદ ૬ ના રોજ જીવનલીલા સંકેલી અક્ષરધામની વાટ લીધેલી. ત્યારે સેવક શિવલાલ શેઠ સહિત સમગ્ર સત્સંગ એક વૃદ્ધ વડિલ સંત ગુમાવ્યાની લાગણીમાં તણાઈ ગયેલા.

વંદન હો આવા સંતવર્યનાં ચરણે...



ॐ श्री ज्ञानमूर्तये स्वयंप्रकाशानन्दमुनीन्द्राय नमः॥

## સદ્‌ગુરુ શ્રી સ્વયંપ્રકાશાનંદ સ્વામી

મહંતાઈની મોટાઈનો મોહ છોડીને મદનમોહનમાં મોહ કરનાર, ગર્વના ગુલામ ન બનીને ગર્વગંજનના ગુલામ બનનાર, પોતાના વૈદુષ્યને નમ્રતાના ગુણ વડે શોભાડી દાસત્વની દાસ્તાન લખી ફનાગીરીથી અધ્યાત્મ અમરપંથના નિત્ય પ્રવાસી બની અઢળક સંપત્તિ ને તૃણવત ત્યજી ફકીર થનાર સ્વયંપ્રકાશાનંદ સ્વામીનું જીવન પાંચસો પરમહંસોના સોહામણા સંત મંડળમાં તેજસ્વી તારલાની જેમ દેદિપ્યામન થયું હતું.

બંગાળ દેશમાં કલકત્તા પાસે આવેલ એક ગામમાં વૈરાગીની મોટી જગ્યાના પોતે સ્વયં મહંત હતા. બસો વૈરાગીઓ તે આશ્રમમાં રહેતા હતા. એકવાર ત્યાં તીર્થ કરતો કોઈ વૈરાગી આવ્યો ને તે વિવિધ ભાવે વાત કરતો હતો. સૌરાષ્ટ્રમાં એક જીવન મુક્તા પ્રગટ્યા છે. તે પ્રગટ ભગવાન કહેવાય છે તે લોકોને સમાધિ કરાવી ભગવાનના ધામમાં મોકલે છે. તે વાત કરવાના સમયે તે સ્થાને અતિશય તેજ દેખાવા માંડ્યું. મહંતે બહાર આવી જોયું રાત્રીમાં આવો પ્રકાશ ક્યાંથી, પાછા ઓરડામાં આવ્યા ને પ્રથમની જેમ પ્રકાશ દેખ્યો. જ્યાં સુધી વૈરાગી વાર્તાલાપ કરતો હતો ત્યાં

સુધી પ્રકાશનો પૂંજ રહ્યો. મહંતને વિચાર આવ્યો કે જેની વાત કરવામાં ઐશ્વર્યનો અખૂટ સાગર હિલોળા લે છે. તો પછી તેમનામાં કેટલું ઐશ્વર્ય હશે ? જરૂર તે ભગવાન હોવા જોઈએ. એમની હૈયાની હરીયાળી ધરતી પર ભક્તિના અંકુરો ફૂટવા લાગ્યા. ને શ્રીહરિનો નિષ્ઠાવંત નિશ્ચય થયો. સાચી મુમુક્ષતા ઉદિત થતા પ્રગટ પ્રભુનાં દર્શનની તાલાવેલી જાગી.

થોડા દિવસ પછી દ્વારકાની યાત્રા કરવાના નિમિત્તે મહંતજી થોડા શિષ્યો ઘોડા, ઊંટને સાથે લઈને ત્યાંથી નીકળ્યા. તીર્થમાં ફરતાં ફરતાં લોજપુરમાં શ્રીહરિ પાસે સદાવ્રત લેવા આવ્યા. શ્રી હરિવરની છબી ચિત્તમાં ચોટતાં મહંતને સમાધિ થઈ ગઈ. સમાધિમાં અક્ષરધામમાં બિરાજમાન પ્રભુનાં દર્શન થયાં ને શ્રીહરિની સોહામણિ મૂર્તિ સ્મૃતિપટ પર અંકિત થઈ ગઈ. સમાધિમાંથી બહાર આવ્યા ને પ્રભુનો દિવ્ય પ્રતાપ જોઈ મહંતજીએ પોતાની ગાદીનાં મહંત પદનું લખાણ, ત્રણ હજાર સોનામહોર, સોનાની કંઠી, માળા વગેરે ઉતારીને પોતાના નાના ગુરુભાઈને આપી દીધી. ત્યારબાદ પ્રણામ કરીને નમ્રતાપૂર્વક મહારાજને કહ્યું : "મને તમારા ચરણની સેવા આપી તમારો બનાવો." શ્રીહરિ કહે, "અમારી આજ્ઞા પ્રમાણે રહેવું પડશે. કનકકામિનીનો ત્યાગ કરવો પડશે." મહંતજીએ હા પાડી. શ્રીહરિએ તેમને દીક્ષા આપીને સાધુ બનાવ્યા ને " સ્વયંપ્રકાશાનંદ " નામ પાડ્યું. તેઓ ઉંમરમાં મહારાજ કરતાં મોટા હતા. તેમને શ્રીહરિ ભાઈ કહીને સંબોધતા. તેથી સત્સંગમાં ભાઈ સ્વયંપ્રકાશાનંદ તરીકે પણ ઓળખાતા. સ્વયંપ્રકાશાનંદ સ્વામીના મંડળમાં સાઠ સંતો હતા. પોતે વિદ્વાન હતા.તેથી ભણનારા સંતો તેમની પાસે રહેતા. અધ્યાત્મના ઉચ્ચ શિખરો સર કરી ભગવાનની મૂર્તિમાં મસ્ત બન્યા હતા. વચનામૃતમાં તેમણે પૂછેલા પ્રશ્ન તેમની સાખ પુરે છે. તેમના વૈદુષ્યના વધામણા સ્વયં શ્રીહરિ પોતે કરતા. આજીવન પ્રભુની આજ્ઞા શિર સાટે પાળી સતત સત્સંગ વિચરણમાં ચંદનની જેમ પોતાનો દેહ ઘસી નાખનાર સ્વયંપ્રકાશાનંદ સ્વામી સંવત્ ૧૯૬૩ માં દેહ ત્યાગ કરી અક્ષરધામ વાસી થયા.

પ્રભુનાં દિવ્ય પ્રતાપનો પમરાટ ઠેર ઠેર ફેલાવનાર, પોતાના વૈદુષ્યથી અનેક વિદ્વાનોને પ્રગટ પ્રભુનો નિશ્ચય કરાવનાર તથા ભક્તપતિ ભગવાન જેને ભાઈ સંબોધીને બોલાવતા તેવા સ્વયંપ્રકાશાનંદ સ્વામીના ચરણોમાં કોટિ કોટિ વંદન...







ॐ श्री वैराग्यमूर्तये निष्कुलानन्दमुनीन्द्राय नमः॥

# સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામી

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના અષ્ટકવિઓમાં " વૈરાગ્ય મૂર્તિ " તરીકેની આગવી છાપ ધરાવતા સંતકવિ શ્રી નિષ્કુળાનંદ સ્વામી એક આગવી પ્રતિભા સંપન્ન વ્યક્તિત્ત્વના માલિક હતા. વૈરાગ્યના તેજથી દેદીપ્યમાન છતાં ભક્તિના શીતળ સાગરમાં વિહાર કરતા સ્વામીશ્રી સંપ્રદાયનાં જ નહિ ગરવી ગુજરાતના એક પનોતા સંતકવિ હતા.

નિષ્કુળાનંદ સ્વામીનો જન્મ જામનગર જીલ્લાના " શેખપાટ " ગામે વિક્રમ સંવત્ ૧૮૨૨ માં "રામજીભાઈ"ને ઘેર માતા "અમૃતબા"ની ગોદે થયો હતો. તેઓ એક પ્રતિષ્ઠિત અગ્રણી કુટુંબના મોભી હતા. છતાં વૈરાગ્ય વેગથી સંસારથી વિરક્ત રહ્યા હતા. આત્માનંદ સ્વામીના શિષ્ય હતા. સ્વામી ગયા પછી રામાનંદ સ્વામીને દીક્ષા આપવા પ્રાર્થના કરેલી. સ્વામીએ જરૂર પડશે ત્યારે બોલાવી લઈશું કહીને સંસારમાં જોડ્યા.

ત્યાર પછી ૧૮૬૦ માં કચ્છ જતાં શ્રીહરિની સાથે લાલજી સુથાર ભોમિયા તરીકે સાથે ગયા. રસ્તામાં તેમના સસરાનું ગામ " આધોઈ " આવ્યું. ત્યાં જ શ્રીહરિએ તેમને કુળ તજાવી દીક્ષા આપી " નિષ્કુળાનંદ સ્વામી " નામ પાડ્યું. તેમનાં ધર્મપત્ની કંકુબા, સુપુત્રો માધવજી તથા કાનજી તથા સાસુ-સસરાને લઈને મનાવવા આવ્યાં ત્યારે " મુને સ્વપ્ને ન ગમે સંસાર.." "મે હું આદિ અનાદિ આ તો સર્વે ઉપાધિ ".. જેવી વેધક સ્વરચિત કાવ્ય પંક્તિઓની વર્ષા કરી. માધવ સાધુ થવા તૈયાર થયો ત્યારે શ્રીહરિએ " સિંહના તો સિંહ જ હોય " તેમ કહીને દીક્ષા આપી " ગોવિંદાનંદ " નામ પાડ્યું.

સદ્‌ગુરૂ શ્રી નિષ્કુળાનંદ સ્વામીની વિલક્ષણતા એ હતી કે તેઓ નિરક્ષર હોવા છતાં શ્રીહરિની કરૂણાના હસ્તાક્ષરરૂપે કલમ ચલાવતા અને કાવ્ય સર્જતા. આ વૈરાગ્ય મૂર્તિનાં કાવ્ય-કીર્તનોની કડીઓ તલવારની ધાર માફક ચાબખા મારતી, અજ્ઞાન તિમિરને ભેદીને જ્ઞાનનો પ્રકાશ ફેંકતી કોઈ અજબની અંજન સલાકા જેવી છે. તેમના તીવ્ર વૈરાગ્યની છાપ તેમનાં કાવ્યોમાં પણ ઉપસી છે એટલું જ નહિ તેમના

કાવ્યનું શ્રવણ કરતાં આજે પણ સંસાર રાખ લાગે છે.

તીવ્ર વૈરાગ્યથી ઘેરાયેલા હોવા છતાં તેઓ પાષાણ અને કાષ્ઠના ઉત્તમ શિલ્પી હતા. તેમણે સ્વયં વરતાલ ઉત્સવ પ્રસંગે ૧૨-૧૨ બારણાંનો હિંડોળો બનાવીને શ્રીહરિને ઝુલાવ્યા હતા, તે તેમની કાષ્ઠકલાકૃતિનો નમૂનો છે. તો ધોલેરા મંદિરની કમાનો જે સ્વયં સ્વામીએ હાથમાં ટાંકણુ લઈને કોતરેલી છે તે તેમની શિલ્પકલાનો નમૂનો છે.

સ્વામીશ્રીએ હજારો કીર્તનો ઉપરાંત ૨૨ જેટલા નાના મોટા ગ્રન્થો રચ્યા છે. જે " નિષ્કુળાનંદ કાવ્ય " રૂપે પ્રગટ થયેલા છે. " ભક્ત ચિંતામણિ" તેમની શિરમોડ રચના છે. એક પ્રસંગે શ્રીહરિના અવતારી કાર્યની ગુપ્તતા જાણ્યા પછી કવિએ "પુરૂષોતમ પ્રકાશ" ગ્રન્થ લખીને નિજકાવ્યમંદિરને સોનાના કળશ ચડાવ્યા છે.

તેમના આજીવન સાહિત્ય લેખનથી ગુર્જર સાહિત્ય સતત સમૃદ્ધ થતું રહ્યું છે. સ્વામીએ ધોલેરાના મહંતપદે સેવા કરતા કરતા સંવત્ ૧૯૦૪ માં શ્રી હરિનું સાનિધ્ય પ્રાપ્ત કર્યું છે. છતાં તેમનાં કાવ્યના પડઘા જ્યારે જ્યારે કાને પડે ત્યારે તેમની તપોછબિ નજર સમક્ષ તરી આવે છે.



ॐ श्री ऐश्वर्यमूर्तये सच्चिदानन्दमुनीन्द्राय नमः।।

## સદ્‌ગુરુ શ્રી સચ્ચિદાનંદ સ્વામી

ઐશ્વર્યમૂર્તિ હોવા છતાં ગઢપુર રાધાવાડીએ રહીને ખેતી કરીને નિત્ય મહારાજને નવા નવા પુષ્પહારની સેવા કરનાર પ્રેમમૂર્તિ સચ્ચિદાનંદ સ્વામી જામનગર પાસેના "મોડા" ગામના વતની અને જ્ઞાતિએ વાઘેલા ક્ષત્રિય હતા. કદાવર કાયા, પડછંદા પણ સાંભળવા ગમે તેવો ઘેરો અવાજ, પૂરા પાંચ હાથ ઉંચા આ સંતવર્યનું મૂળ નામ "દાજીભાઈ" હતું છતાં સૌ પરિવારજનો સહિત ગ્રામજનો 'મોટાભાઈ'ના હુલામણા નામથી બોલાવતા.

સદ્‌ગુરૂ સચ્ચિદાનંદ સ્વામીને જગતની તમામ સિદ્ધિઓ ઐશ્વર્યો હાથ જોડીને હજૂર રહેતા છતાં સ્વામી ભક્તપ્રેમ આગળ ઐશ્વર્યોને તુચ્છ ગણતાં અને પ્રભુપ્રેમમાં પાગલ રહેતા. પરિવારજનોને આ પ્રેમની મસ્તી ગમતી નહીં તેથી જડભરત જેવી





પરમહંસ દશામાં વર્તતા. આ મોટાભાઈને તેમણે પગમાં બેડીઓ પહેરાવીને ઓરડામાં ગોંધવાનો નિષ્ફળ પ્રયત્ન કરેલો. મહારાજે દર્શન દઈને, બેડીઓ તોડીને ગઢપુર લઈ જઈને દીક્ષા આપી "સચ્ચિદાનંદ" સ્વામી નામ પાડ્યું. ત્યારથી સ્વામી ત્રણે અવસ્થામાં અખંડને અખંડ મહારાજની મૂર્તિ દેખતા. તેમનાથી વિયોગ જરા પણ સહન ન થતો. રૂંવાડે રૂંવાડે લોહીના ટશિયા આવી જતા. મહારાજ જો એમને "આવો સચ્ચિદાનંદ" એમ પ્રેમથી બોલાવે તો બ્રહ્માંડ ડોલી ઉઠે એવા ઠેકડા મારે, મારા મહારાજે મને મારા નામથી-પ્રેમથી બોલાવ્યો.

સચ્ચિદાનંદ સ્વામીના પ્રેમની બલિહારી. શ્રીજી મહારાજે તેમને પૂછ્યુ : તમને મારા પ્રત્યે પ્રેમ કેવો ?" ત્યારે પ્રેમમૂર્તિ સચ્ચિદાનંદ સ્વામી જવાબ આપતા કહે કે "આપ આ દરબારમાં કોઈ ભક્તના હાથમાં ઘણ આપી કોઈપણ કારણ વિના તે ઘણ વડે મારા ઢીંચણ કે ઘુંટણને ભંગાવી નંખાવો કે દવા ન કરાવો તો પણ તમારો કે તમારા ભક્તનો અવગુણ ન આવે. અહીંના સંતો ભક્તોનાં જમેલ પતરાળાંમાંથી એંઠા દાણા વીણી ખાઉં પણ બહાર ન જાઉં કારણ કે તમારા વગર બીજો કોઈ ભગવાન નથી. મારે મારા કલ્યાણની ગરજ છે.

રાધાવાડીએ રહીને સેવા કરતા છતાં તેમની અનેક ઐશ્વર્ય લીલાઓ પ્રસિદ્ધ છે. અરે! એકવાર તો શ્રીજી મહારાજ અને શ્રી ગોપાળાનંદ સ્વામી જેવા સમર્થ પાસેથી નિરાશ થઈને પાછા ફરેલા ભક્તોને રાજી કરવા સ્વામીએ ઈન્દ્રને તતડાવીને વરસાદ કરાવેલો..કાળની સાથે પણ ટક્કર લીધેલી. મરકીને પોતાના શરીરમાં પ્રવેશ આપીને અતિશય અગ્નિ પ્રદિપ્ત કરીને હાથ જોડાવેલા. ગઢપુરમાં શેરડીના વાડ પર અલમસ્ત બાવાઓની સામે કાચા સૂતરના તાંતણે સીંચોડો ચલાવીને બાવાઓને દિગ્મૂઢ કરેલા.

આવાં અનેક ઐશ્વર્યો બતાવેલાં..પણ મોટાઈ વધારવા નહિ. તેમના મન-ઈન્દ્રિયો તો ત્રણે અવસ્થામાં મહારાજમાં જ લીન રહેતા. શ્રીજી મહારાજ ધરમપુર ગયેલા ત્યારે સ્વામીને સાથે નો'તા લઈ ગયા. પણ નિત્ય થાળની પ્રસાદી આપતા ને સ્વામી જમતા. ઠક્કર હરજી આ વાત માનવા તૈયાર ન હતા પણ સ્વામીએ કહ્યું : આજે મને મહારાજે દહીં-ભાતનો થાળ આપ્યો તે હું જમ્યો છું. આમ કહીને ઉલ્ટી કરી બતાવી ત્યારે માન્યું અને જમાડવાનો આગ્રહ છોડ્યો.

આમ, સ્વામીને સદા શ્રીહરિનો સંબંધ હતો. જ્યારે શ્રીહરિ ધામમાં જવા તૈયાર થયા ત્યારે સ્વામી સ્વયં પોતાના ઐશ્વર્યથી નાડી પ્રાણ સંકેલીને મહારાજની પહેલાં અક્ષરધામમાં પહોંચી ગયેલા. આવા સમર્થ સંતનાં ચરણે કોટિ કોટિ વંદન...



ॐ श्री यज्ञाय नमः॥

## શ્રી યજ્ઞ અવતાર

સૃષ્ટિના આરંભમાં થયેલા અનેક અવતારોમાં યજ્ઞાવતાર એક અનોખો અવતાર છે. સૃષ્ટિના વિસ્તાર માટે ઘોર તપશ્ચર્યા કરતા પ્રજાપતિઓને આપેલા વરને સત્ય કરવા ભગવાન જુદા જુદા રૂપે પ્રગટ થતા હતા. પણ કંઈ સૃષ્ટિના વિકાસમાં સંતોષ થાય એવી ઝડપ દેખાઈ નહિ. ભગવાને સૃષ્ટિની વૃદ્ધિના મૂળ હેતુમાટે યજ્ઞરૂપે અવતાર ધારણ કર્યો.

ભગવાન શ્રીયજ્ઞનું પ્રાગટ્ય સ્વયંભુવ મન્વન્તરમાં માનવામાં આવે છે. યુગાન્તરોના ઈતિહાસની તસ્વીરો બોલે છે કે મનુએ પોતાની પુત્રી આકૃતિના પ્રજાપતિ રૂચિ સાથે વિવાહ વખતે શરત કરેલી કે, રૂચિ અને આકૃતિ થકી જે પુત્ર રત્ન થશે તે મનુ પોતા પાસે રાખશે.

આકૃતિ અને પ્રજાપતિ રૂચિના ગૃહસ્થ જીવનમાં આનંદના સાથિયા પુરાયા. તેમને ત્યાં પુત્ર રત્નનો જન્મ થયો જેનું પાલન, પોષણ, ઉછેર મનુએ કર્યું. રૂચિના આ કુંવર એ જ ભગવાન શ્રી યજ્ઞ.

તેમણે સમાજ સૃષ્ટિના વિકાસ માટે યજ્ઞની વિવિધ રીતો પ્રવર્તાવી. તેને ત્વરિત ગતિએ સામાજીક વિકાસનાં સપનાંઓ સાકાર કરી બતાવ્યાં. સમાજની વ્યક્તિગત પ્રવૃત્તિઓમાં પણ યજ્ઞો દ્વારા કલ્પનાતીત સફળતા મળતા રૂચિકુમારને સમાજે યજ્ઞના નામથી નવાજ્યા. પરિણામે ઈતિહાસનાં પાને રૂચિપુત્રને ''યજ્ઞ'' તરીકે આલેખવામાં આવ્યા છે.

શ્રીયજ્ઞના વિવાહ દક્ષિણા નામની કન્યા સાથે થયેલા. તેમને ત્યાં દ્વાદશ પુત્રરત્નોના જન્મ થયા. જેને દ્વાદશ યામ નામથી ઓળખવામાં આવે છે. ૧૨ યામ દેવો તરીકે પૂજાતા.

શ્રીયજ્ઞ ભગવાનને દેવ-માનવ સૃષ્ટિએ, સૃષ્ટિના અગણિત ઉપકાર બદલ ઈન્દ્રપદ સ્વીકારવા પ્રાર્થના કરી. ભગવાને આસુરી શક્તિના ક્ષય અને દૈવી શક્તિના અક્ષયભંડારને સમૃદ્ધ કરવા ઈન્દ્રપદનો સ્વીકાર કર્યો. સ્વયંભુ મન્વન્તર પર્યન્ત ભગવાને ઈન્દ્રપદ પર બેસી સ્વર્ગનું સંચાલન કર્યું.







ॐ श्री उपेन्द्राय नमः॥

## શ્રી વામન અવતાર

બલિરાજાએ ગુરૂ શુક્રાચાર્ય દ્વારા યજ્ઞ કરીને દિવ્યરથ, અક્ષયભાથું અને કવચ પ્રાપ્તિ કરીને સ્વર્ગ પર ચડાઈ કરી. ડરના માર્યા દેવતાઓ ભાગ્યા ને બલિ ત્રિલોક વિજેતા બન્યો. પણ દેવતાઓની માતા અદિતિને આ ન ગમ્યું. તેમણે પતિ કશ્યપને પ્રાર્થના કરી. આપણા પુત્રો પુનઃ પદ પ્રતિષ્ઠા મેળવે તેવો ઉપાય બતાવો.

કશ્યપે ભગવાનનું શરણું સર્વદુઃખહરણ છે એમ નિર્લેપભાવે કહ્યું. ત્યારે અદિતિએ ૧૨ દિવસનું પ્રયોવ્રત કર્યું. ફલતઃ પ્રસન્ન ભગવાને તેમને ત્યાં પ્રગટ થવાનું વરદાન આપ્યું.

અદિતિની કૂખે કશ્યપને આંગણે ભાદરવા સુદ ૧૨ ના રોજ વિષ્ણુ 'વામન' સ્વરૂપે પ્રગટ થયા. તેમના યજ્ઞોપવીત સંસ્કાર પછી પિતાની આજ્ઞા લઈ ઉપેન્દ્ર વામન નર્મદા કાંઠે બલિના યજ્ઞની છાવણીમાં પહોંચ્યા. બલક્રાંતિથી ઓપતા બ્રહ્મચારીનું સૌએ સ્વાગત કર્યું. બલિરાજાએ કંઈક માંગવાનું કહ્યું ત્યારે વામનજીએ ''ત્રણ પગલા જમીન માંગી.'' આ સાંભળતાં જ શુક્રાચાર્યના કાન ઉભા થઈ ગયા. ચોક્કસ આ વિષ્ણુ છે, નહીંતર આવી મૂર્ખામી માણસ ના કરે. તેણે બલિને દાન આપતાં રોક્યો. બલિએ તેમના પ્રસ્તાવને ઠુકરાવ્યો, ત્યારે શૂક્રાચાર્યએ બલિને રાજ્ય લક્ષ્મીથી ભ્રષ્ટ થવાનો શાપ આપ્યો. શાપના ભયથી ડર્યા વિના બલિએ ત્રણ પગલાં પૃથ્વી દાનનો સંકલ્પ કર્યો ત્યારે ભગવાને પ્રથમ તો વામનમાંથી વિરાટ સ્વરૂપ ધારણ કર્યું. અને પછી પ્રથમ પગલે પૃથ્વીથી ઉપરના લોક અને બીજા પગલે નીચેના લોક લઈ લીધા અને ત્રીજુ પગલું ક્યાં મૂકુ તેમ પૂછતા બલિએ નમ્રભાવે મસ્તક ઝૂકાવ્યું.

બલિના સમર્પણભાવથી ભગવાન પ્રસન્ન થયા અને તેના દરવાણી થયા. આજે પણ તેના દરવાજે ચોકી કરે છે.



ॐ श्री बुद्धाय नमः॥

## શ્રી બુદ્ધ અવતાર

દૈત્યોને વ્યામોહિત કરવા દેવ-માનવોની પ્રાર્થનાથી ભગવાન વિષ્ણુએ ગયા પાસે "કીકટ" ગામમાં અજિન નામના પોતાના પ્રિય ભક્તને ત્યાં અવતાર ધારણ કર્યો અને બુદ્ધ નામે પ્રસિદ્ધ થયા.

ભગવાન શ્રીકૃષ્ણના સ્વધામ ગમનબાદ હજારો વર્ષ પછી ભગવાન શ્રી બુદ્ધે અવતાર ધારણ કર્યો હતો. તેમનું મુખ્ય કાર્ય યજ્ઞ દ્વારા સામર્થ્ય મેળવી શક્તિનો દુરુપયોગ કરનારા દૈત્યોને યજ્ઞથી વિમુખ કરવાનો હતો.

ઈતિહાસના પરિપ્રેક્ષ્યમાં જોતા એમ જાણવા મળે છે કે એકવાર દૈત્યોએ મિત્રભાવે ઈન્દ્રને પૂછ્યું કે : અમારું રાજ્ય તંત્ર સુસ્થિર રહે તેનો શો ઉપાય ! ત્યારે ઈન્દ્ર કહે - વૈદિક વિધિવિધાન પ્રમાણે યજ્ઞાનુષ્ઠાન કરો. દૈત્યોએ ઈન્દ્રની સલાહને અનુભૂતિની એરણે ચડાવી. શક્તિપ્રાપ્તિના વૈદિકાનુષ્ઠાનો કર્યા. તેમાં સફળતા મળતા વધુ ઊંડાં ઉતર્યા અને રાજ્યસુખ - સમૃધ્ધિ અને પ્રજાની પ્રબળ વૃદ્ધિ થઈ, તેના કરણે પણ દૈત્યોનો ગર્વ વધી ગયો. દેવોની શક્તિની ચાવી પણ હવે તો આપણી પાસે છે. હવે આપણું કોણ બગાડી શકશે..એમ મદમસ્ત દૈત્યો શક્તિનો ઉપયોગ દૈવીશક્તિઓના નાશ માટે કરવા લાગ્યા ત્યારે દેવતાઓએ ભગવાનની આર્ત સ્વરે ગદ્‌ગદ્ કંઠે સ્તુતિ કરી. ભગવાને દેવતાઓને વરદાન આપ્યું અને તે વરદાનને સત્ય કરવા તેમણે બુદ્ધાવતાર ધારણ કરવો પડ્યો. બુદ્ધાવતાર ધારણ કરીને ભગવાને દૈત્યોને મોહિત કર્યા. સદ્‌ધર્મનો ત્યાગ કરાવ્યો. યજ્ઞાદિક વિધિ છોડતા દૈત્યોની શક્તિ પુનઃક્ષીણ થઈ ગઈ. અને પ્રજાને રંજાડતા રહ્યા. પરિણામે રાજ્યસત્તા નબળી પડી ગઈ અને દેવોએ ચડાઈ કરીને રાજ્ય લઈ લીધું.

આમ દેવોની પ્રાર્થનાથી દૈત્યોને મોહિત કરવા ભગવાને બુદ્ધાવતાર ધારણ કર્યો હતો.







ॐ श्री ऋषभाय नमः॥

## શ્રી ઋષભ અવતાર

સંસારના તુચ્છ પદાર્થો અને મનના ક્ષુલ્લક વિચારોનો નિગ્રહ કરીને પરમ પુરૂષાર્થ સિધ્ધિ માટે ચતુર્થાશ્રમમાં પ્રવેશતા ત્યાગીઓના પ્રથમાદર્શ ભગવાન શ્રી ઋષભદેવનો જન્મ યજ્ઞનારાયણના વરદાનથી ચક્રવર્તિ સમ્રાટ નરેશ નાભિના પરિવારમાં થયો હતો. ઋષભદેવજીની માતાનું નામ મેરૂદેવી હતું.

બાળકના ભવિષ્યની જીજ્ઞાસાને સંતોષવા આવેલા જ્યોતિષવિદોએ નાભિને કહ્યું કે આ બાળક વિષ્ણુના અવતારરૂપ છે. અદ્‌ભૂત દિવ્યગુણ સંપત્તિનો સમ્રાટ છે. આ સાંભળી પ્રસન્ન થયેલા નાભિએ અખૂટ ધન ભંડારમાંથી વિપુલ દ્રવ્ય દાનમાં આપ્યું. લાલન-પાલન અને શિક્ષણથી બાળકને રમાડતા ત્યારે બાળકનું ઓજ ચમકતું.

એક દિવસ આ રાજકુંવર ઋષભને ઓજસ્વી વાણી અને વિચક્ષણ બુદ્ધિ પ્રતિભાએ તેને યુવરાજ પદ પર બેસાડી દીધા.. રાજા નાભિ પણ ન્યાયપ્રિય અને ચતુર હતા. તેણે સ્વશ્રેય સાધવાનો અનુકૂળ સમય જાણી રાજ યુવરાજને આપ્યું અને પોતે વનની વાટ લીધી.

ભગવાન શ્રી ઋષભદેવજીએ રાજ્યાસને આવી સૌ પ્રથમ રાજ્યવ્યાપી શિક્ષણની વ્યવસ્થા કરી. પૃથ્વીએ પ્રથમવાર રાજારૂપમાં સાક્ષાત્ વિષ્ણુને પ્રાપ્ત કરેલા. તેણે પોતાના તમામ ભંડાર ખોલી નાખ્યા. ઋષભદેવના રાજ્યમાં સ્વર્ગથી ચડીયાતી હરિયાળી ક્રાંતિ સર્જાણી. ઈન્દ્રએ સ્વર્ગની ગરિમાને જાળવવા વૃષ્ટિ બંધ કરી, પણ પૃથ્વીની ક્રાંતિ અક્ષુણ્ણ રહી ત્યારે મહારાજ ઋષભદેવ પાસે ક્ષમા માંગીને સ્વકન્યા જયંતિને અર્પણ કરી.

ભગવાન શ્રી ઋષભદેવે જયંતિનો સ્વીકાર કરીને ઈન્દ્રને ક્ષમા આપી. તેમને આંગણે ૧૦૦ પુત્ર થયા. સૌથી મોટા પુત્ર ભરતને રાજ્ય આપી ઋષભદેવ વનમાં ગયા અને સંન્યાસના આદર્શ માટે દિગમ્બર ધારણ કરીને ઉન્મત્તની પેઠે રહેવા લાગ્યા. અણ ઈચ્છાએ સ્વતઃ સામે હાથ જોડીને આવેલી અષ્ટ સિદ્ધિઓને પણ તેમણે સ્વીકાર ન કરી. રિદ્ધિ-સિદ્ધિમાં રાચતા સંન્યાસીઓને આદર્શ માર્ગ બતાવવા તેમણે મનથી સતત સાવધાન રહેવાની શિક્ષા આપી. શરીરને જડવત્ જાણીને અચાનક ભભુકી ઉઠેલા દાવાનળમાં સ્વશરીરને ભસ્મ કરી અંતર્ધાન થઈ ગયા.



ॐ श्री दत्तात्रेयाय नमः।।

## શ્રી દત્તાત્રેય અવતાર

શ્રી બ્રહ્માજીના માનસપુત્ર અત્રિ મહર્ષિના આશ્રમમાં કર્દમકુમારી સતિ માતા અનસૂયાને ત્યાં ભગવાનશ્રી દત્તાત્રેય ત્રિદેવના અંશરૂપે પ્રગટ થયા હતા.

મહર્ષિ અત્રિ પિતાની આજ્ઞાનુસાર સંસારમાં માનવ સૃષ્ટિના વિસ્તાર માટે કઠોર તપ કરીને ભગવાન વિષ્ણુ પાસે સહાયતા મેળવવા મથતા હતા. એવામાં તેમને બ્રહ્મા-વિષ્ણુ-મહેશે દર્શન દઈને વરદાન માંગવા કહ્યું, અત્રિએ મૂંઝવણ જણાવી, મે આરાધના એકની કરી અને આપ ત્રણ કેમ આવ્યા ? હું શું માંગું ? કોની પાસે માંગુ? ત્રિદેવ બોલ્યા : “અમે ત્રણે એક જ છીએ. આપ ઈચ્છિત વર માંગો.” અત્રિએ અતિપવિત્ર અદ્વિતીય પુત્ર રત્નની યાચના કરી. ત્રણે દેવોએ તેમને ત્યાં પુત્રરૂપે પ્રગટ થવાનું વરદાન આપ્યું.

પુરાણ એમ કહે છે કે સતીમાતા અનસૂયાની પરીક્ષા લેવા ત્રિદેવ તેમને આંગણે ભિક્ષુક બનીને ગયા અને નગ્ન થઈને ભિક્ષા આપવાની આકરી શરત મૂકી. ત્યારે મહાસતિ નારી અનસૂયાએ પાતિવ્રત્ય ધર્મના પ્રભાવે તે ત્રણને બાળક બનાવી દીધા અને ભિક્ષા આપી.. બ્રહ્માણી-પાર્વતી અને લક્ષ્મીજીને આ વાતની ખબર પડતા તેણે અનસૂયાની પાસે પતિની માંગણી કરી ત્યારે પુનઃ પાછા આપ્યા.

પણ જતા જતા ત્રિદેવે કહ્યું અમે ત્રણ બાળક થયા હતા. તે બાળકરૂપે જ આપને ત્યાં રહીશું. આમ વિષ્ણુના અંશ ભગવાન દત્તાત્રેય અયોનિજ અવતાર છે. બ્રહ્માના અંશ સોમચંદ્રવંશી રાજાઓ થયા અને રુદ્રના અંશ રૌદ્ર સ્વરૂપ દુવાર્સા નામે પ્રસિદ્ધ થયા.

ભગવાન દત્તાત્રેયના ઉપદેશથી સતિ મદાલસા અને તેનો પુત્ર પરમગતિને પામ્યા હતા..સહસ્ત્રાર્જુન ભગવાન દત્તની કૃપાથી જ વિશાળ સામ્રાજ્ય-વિપુલ સંપત્તિ અને વિવિધ શસ્ત્ર અસ્ત્રનું વિજ્ઞાન પામેલો. તેમણે જડ ચેતન સૃષ્ટિમાંથી ગુણ ગ્રહણ કરિને ચોવીસ (૨૪) ગુરૂ કરેલા.

વિભિન્ન મત-મતાંતરો સાથે ભગવાન દત્ત ચિરંજીવ છે. સતત એકાકિ વિચરણ કરતા રહે છે. ગિરનારમાં તેમની બેઠક છે. સિંદ્ધોને ઘણી વાર દર્શન થાય છે.







ॐ श्री कपिलाय नमः।।

## શ્રી કપિલ અવતાર

સાંખ્ય શાસ્ત્રના પ્રથમોપદેષ્ટા ભગવાનશ્રી કપિલજીનો જન્મ કર્દમ ઋષિના આશ્રમમાં માતા દેવહૂતિની કૂખે થયો હતો. સ્વયંભુવ મન્વન્તરમાં બ્રહ્માજીના માનસપુત્ર પ્રજાપતિ કર્દમજી પિતાની આજ્ઞાનુસાર વંશવૃદ્ધિ માટે વિકટ તપશ્ચર્યા કરીને યોગ્ય કન્યા પ્રાપ્ત કરવાનું વરદાન મેળવે છે. કર્દમજીના વિવાહ મનુની પુત્રી શ્રી શતરૂપા સાથે થાય છે. દેવહૂતિ પ્રતિવ્રતા ધર્મપરાયણ હતા તેથી તેણે પતિદેવની તપશ્ચર્યામાં સહાયરૂપ થવાનું મુનાસીબ માન્યું. હજારો વર્ષ તપશ્ચર્યા કરીને પછી કર્દમજીએ એક દિવસ પત્નિ દેવહૂતિને વરદાન માંગવા કહ્યું : તેણે તેમની પ્રસન્નતાને જ વર માની સંતોષ વ્યક્ત કર્યો.

ત્યાર બાદ તપશ્ચર્યાના પ્રભાવે પરમ આશ્ચર્યકારક આકાશગામી વિમાનમાં બેસીને બન્નેએ વિશ્વ તીર્થયાત્રા કરી. અંતે નિજ આશ્રમમાં આવીને ગૃહસ્થાશ્રમમાં જોડાયા. નવ નવ કન્યાઓ થઈ, તેમાં એક એકથી ચડીયાતિ પુત્રીઓ હતી.

નવ કન્યાઓને જન્મ આપ્યા બાદ પિતા કર્દમે તેને પરણાવવાની જવાબદારી માતા પર નાંખીને સંન્યાસ લેવાનો પ્રસ્તાવ મૂક્યો. માતા દેવહૂતિ તેની સાથે સહમત ન થયાં અને ઉપરથી વૃદ્ધાવસ્થામાં સેવા કરે તેવા પુત્રની ઈચ્છા વ્યક્ત કરી.

બન્નેએ પુનઃ તપશ્ચર્યાનો પ્રારંભ કર્યો. ભાવમય તપથી ભગવાન તત્કાળ પ્રસન્ન થયા અને પુત્રરૂપે પ્રગટ થવાનું વચન આપ્યું. સમય જતાં આ દંપતિને ઘેર જે બાળકનો જન્મ થયો તે જ ભગવાન શ્રી કપિલરૂપે પ્રસિધ્ધ થયા. પુત્ર રત્નની પ્રાપ્તિ થતા કર્દમ સંસારની મોહમાયા છોડીને પરમપદ મેળવવા જતા રહ્યા પણ મારૂં શું થશે, મારે શું કરવું ? આવો પ્રશ્ન માતા દેવહૂતિએ પુત્ર કપિલજીને પૂછ્યો, તેના ઉત્તરનું વિજ્ઞાન એ જ સાંખ્યશાસ્ત્ર. આ સંવાદ કપિલગીતા નામે પ્રસિધ્ધ છે.

માતાને પરમપદ આપવા માટે કપિલ ભગવાને સાંખ્યશાસ્ત્રનું અવતરણ જગહિત માટે કરેલું.



ॐ श्री मत्स्याय नमः।।

## શ્રી મત્સ્ય અવતાર

રાજર્ષિ સત્યવ્રત અને સપ્તર્ષિઓનું પ્રલયકાળે રક્ષણ કરીને મત્સ્ય પુરાણોપદેષ્ટા ભગવાન શ્રી મત્સ્યનો અવતાર પૂર્વ કલ્પ થયેલો.મત્સ્ય પુરાણના કથાનુસાર સત્યુગના પ્રારંભે લોકપ્રિય, પ્રજાપાલક, ધર્મિષ્ઠ રાજા સત્યવ્રતે ઉગ્ર તપશ્ચર્યા કરીને બ્રહ્માજી પાસે સૃષ્ટિના પ્રલયકાળે પ્રજાનું રક્ષણ કરવાની શક્તિ વરદાનમાં મેળવી.

કૃતમાલા નદીના કાંઠે આશ્રમ કરીને રાજર્ષિ સત્યવ્રત રહેતા હતા. એ અરસામાં અચાનક યોગનિદ્રામાં પોઢેલા બ્રહ્માજીના મુખમાંથી શ્રુતિમંત્રોની સરવાણી ફૂટી. આ તમામ મંત્રો હયગ્રીવ, મકર દૈત્યે યાદ રાખી લીધા. અને અશુધ્ધ ઉચ્ચારણ સાથે અનર્થ કરવા લાગ્યો. ભગવાને વેદોની દૈત્યથી રક્ષા માટે અવતાર ધારણ કરવાનું વિચાર્યું.

એકવાર રાજર્ષિ સત્યવ્રત કૃતમાલા નદીમાં સૂર્યને અર્ધ્ય આપવા ગયા ત્યાં એક માછલું અંજલિમાં આવી ગયું. રાજર્ષિએ તેને છોડી દિધું. તેણે શરણાગતની રક્ષા કરવા પ્રાર્થના કરી. કમંડળમાં મૂકી રાજર્ષિ આશ્રમમાં આવ્યા ત્યાં મત્સ્ય મોટું થયું.ધીરે ધીરે કદ વધતા તળાવમાં પધરાવતા તેના જેવડું શરીર થઈ ગયું ત્યારે તેમણે હાથ જોડીને મૂળરૂપ બતાવવા પ્રાર્થના કરી.

મત્સ્યે કહ્યું આજથી સાતમાં દિવસે પ્રલય થશે. મારી આપેલી આ નૌકામાં તું સપ્તર્ષિ સહિત તૈયાર રહેજો. આ દરમ્યાન ભગવાન શ્રીમત્સ્યે હયગ્રીવ અને મકર દૈત્યનો વધ કર્યો. સાતમા દિવસે પ્રલય કાળે જ્યારે નાવ-હાલક ડોલક થવા લાગી ત્યારે નાના શીંગડાવાળા સુવર્ણ મત્સ્યે દર્શન દીધા. નૌકા તેના શીંગડા સાથે બાંધી સ્થિર કરી. જ્યાં સુધી ઝંઝાવાત રહ્યો ત્યાં સુધી ભગવાન મત્સ્યરૂપે રહ્યા. અને તે સમય દરમ્યાન સત્યવ્રત અને મહર્ષિઓ સાથે જે જ્ઞાનચર્ચા થઈ તે જ મત્સ્યપુરાણરૂપે પ્રસિદ્ધ છે. પ્રલયના અંતે તેણે ફરીને સૃષ્ટિની રચના, પાલન પોષણ કર્યુ.

આમ, મત્સ્ય ભગવાને દૈત્ય પાસેથી વેદોને છોડાવ્યા અને બ્રહ્માજીને પાછા આપ્યા તથા સત્યવ્રતની રક્ષા કરી.



महापूजा मुक्तगाथा



ॐ श्री कूर्माय नमः।।

## શ્રી કૂર્મ અવતાર

દેવાધિપતિ ઈન્દ્રના ઐશ્વર્યે અહંકારને આમંત્રણ આપ્યું અને અહંકાર વિનાશને સાથે લઈ આવ્યો. સ્વર્ગમાં લટાર મારવા નીકળેલાં ઈન્દ્રની સવારી જોઈને પ્રસન્ન થયેલા દુર્વાસાએ પારિજાતના પુષ્પની માળા ઈન્દ્ર તરફ ફેંકી. ઈન્દ્રની આંખોમાં અહંકારનાં મોતિયા બિંદુ આવી ગયેલાં. તેણે તે માળા ઐરાવતના મસ્તક પર મૂકી. હાથીએ સૂંઢમાં લઈને પગ નીચે કચડી ત્યારે દુર્વાસાએ ક્રોધિત થઈને શાપ ફટકાર્યો. જે લક્ષ્મીના ઐશ્વર્યના મદથી તું આંધળો થયો છે તેનો તત્કાળ સંપૂર્ણ નાશ થાઓ.

તેજ-કાન્તિ-ઐશ્વર્ય-લક્ષ્મીહીન સ્વર્ગાધિપતિ ઈન્દ્ર પર દૈત્યરાજ બલિએ ચડાઈ કરીને વિજય મેળવ્યો.હારેલા દેવતાઓ ભગવાન નારાયણના શરણે ગયા. ભગવાને યશ, શ્રી, ક્રાંતિ મેળવવા ક્ષીરસાગરનું મંથન કરવાની સલાહ આપી.

દેવતાઓએ સ્વાર્થસિદ્ધિ વાસ્તે અસુરો સાથે સંધિ કરી. અને મંદરાચલને મથની તરીકે મૂકીને વાસુકીનું દોરડું વીંટેના વીંટે ત્યાં તો મંદરાચલ સમુદ્રમાં ડૂબવા લાગ્યો. તાબડતોબ દેવતાઓ પુનઃ નારાયણના શરણે ગયા અને પ્રાર્થના કરી ત્યારે ભગવાને એક લાખ યોજનની પીઠવાળા કચ્છપ (કાચબા)નું રૂપ ધારણ કર્યુ અને મંદરાચલને પોતાની પીઠ પર ધારણ કર્યો. પરિણામે દેવતાઓ સમુદ્ર મંથન કરવામાં સફળ થયા. ક્રમશઃ ચૌદ રત્નો પ્રાપ્ત કર્યા અને સુખી થયા.

આમ કૂર્મ (કચ્છપ) અવતાર માત્ર દેવતાઓની સહાય માટે થયો હતો.



ॐ श्री वराहाय नमः॥

# શ્રી વરાહ અવતાર

પાદ્મકલ્પના આરંભે કમલાસનસ્થ બ્રહ્માને ભગવાને સૃષ્ટિની રચનાને આગળ વધારવાનું કાર્ય સોંપ્યું. વિકાસની ચિંતામાં વ્યગ્ર બ્રહ્મા એકાગ્ર થયા અને શરીરના બે ભાગ થઈ ગયા. સ્ત્રી-પુરુષ શતરૂપા અને મનુ.

બ્રહ્માના સંકલ્પથી સ્વયં ઉત્પન્ન થયા હોવાથી તે સ્વયંભુ મનુ કહેવાયા. સ્ત્રી શતધા સર્વને આકર્ષિત કરતી હોવાથી શતરૂપા કહેવાણી..આ યુગલને સૃષ્ટિ રચના માટે સહાયરૂપ થવાની આજ્ઞા કરી ત્યારે મનુએ રહેવા માટેનું સ્થાન માગ્યું, કારણ કે પૃથ્વીને તો આદિ દૈત્ય હિરણ્યાક્ષ રસાતળમાં લઈ ગયો હતો. બ્રહ્માજીએ કોઈપણ સ્થાન ન મળતા મનોમન ભગવાનની આર્તસ્વરે અતિ આજીજી કરી રસ્તો બતાવવા વિનંતિ કરી. કૃપાનિધિ ભગવાને તત્કાળ તેની પ્રાર્થના સાંભળીને ધ્યાનસ્થ બ્રહ્માજીને છીંક આવી ત્યારે તેમાંથી અંગુષ્ઠમાત્ર શ્વેત વરાહરૂપે પ્રગટ થયા. આ કૌતુકને કોઈ સમજે ના સમજે તે પહેલા આ વરાહ હાથી જેવાં વિરાટ થઈ ગયા અને મેઘ જેવી ગર્જના કરી અને જોત જોતામાં સમુદ્રમાં પ્રવેશી ગયા.

આ અરસામાં દેવ-દાનવ તમામને પરાજીત કરી અહંકારના ઓડકાર ખાતો ખાતો હિરણ્યાક્ષ આવ્યો અને નારદજીને પૂછ્યું કયાં છે વિષ્ણુ ? નારદજીએ નિર્ણય કરી પાણીમાં અંગુલિ નિર્દેશ કર્યો. હિરણ્યાક્ષ સમુદ્રમાં પ્રવેશ કરે છે ત્યાં તો ભગવાન શ્રીવરાહ બે દાંતો પર પૃથ્વી ઉઠાવી સામા મળ્યા. હિરણ્યાક્ષ ગર્જતો રહ્યો છતાં ભગવાને કંઈ સાંભળ્યા વગર ઉપર આવી પૃથ્વીને યથાસ્થાને સ્થાપિત કરીને પછી હિરણ્યાક્ષની ગર્જનાનો જવાબ યુદ્ધથી દીધો એટલું જ નહિ, પરાજીત કરીને મોક્ષગતિ પણ આપી.

આ ભગવાન વરાહ શ્વેત વરાહના રૂપમાં પ્રગટ થયા હતા તેથી જ આ કલ્પને શ્વેત વરાહ કલ્પ કહેવાય છે. પૃથ્વીના ઉદ્ધાર પછી પૃથ્વીએ ભગવાનની સાથે જે ગોષ્ઠી કરી તે વરાહપુરાણમાં વિસ્તૃત રીતે વર્ણવી છે. આ ઉપરાંત વરાહ ચરિત્ર પણ વિવિધ ગ્રન્થોમાં આંશિક ભેદ સાથે વર્ણવેલ છે. ટૂંકમાં વરાહ ભગવાનનો અવતાર પૃથ્વીના ઉદ્ધાર માટે થયો હતો.







ॐ श्री नृसिंहाय नमः॥

# શ્રી નૃસિંહ અવતાર

બાળભક્ત શ્રી પ્રહલાદની રક્ષા માટે ભગવાને ધરેલ અવતારને આપણે નૃસિંહાવતાર કહીએ છીએ.

વરાહ ભગવાને હિરણ્યાક્ષનો વધ કર્યો તેનું વેર વાળવા તેના નાનાભાઈ હિરણ્યકશિપુએ હજારો વર્ષની ઉગ્ર સાધનાને અંતે સૂકા-લીલા, આકાશ-પૃથ્વી, દેવ-માનવ, શસ્ત્ર-અસ્ત્ર વિગેરે કોઈથી કોઈ જગ્યાએ ન મરવાનું અલભ્ય વરદાન મેળવ્યું અને ત્રિલોકીને રંજાડનાર ત્રિભૂવનપતિ બન્યો.

પણ તે જ્યારે તીવ્ર તપશ્ચર્યામાં હતો ત્યારે તેના તપ તેજથી દાઝેલા ઈન્દ્રએ તેની પત્ની કયાધુંનું અપહરણ કર્યું. રસ્તામાં નારદજી મળતા તેમણે ઈન્દ્રને ઉપદેશ આપી કયાધુને છોડાવીને આશ્રમમાં લઈ ગયા. નારદના આશ્રમમાં રહેલા કયાધુના ગર્ભ પર સત્સંગની ઊંડી અસર થઈ અને જે બાળક થયો તે પરમ ભક્ત પ્રહલાદ થયો. વિભૂતિ સ્વરૂપ આ બાળકને ગીતામાં ભગવાને “ दैत्यानां प्रहलादोऽस्मि” કહીને નવાજ્યો છે.

પિતા હિરણ્યકશિપુ જ્યારે પ્રહલાદને પ્રિય વસ્તુ પૂછે છે ત્યારે તે વિષ્ણુનામ કહે છે. લાખો પ્રયત્નો કરવા છતાં ત્રિલોક વિજેતા આ દૈત્ય પોતાના બાળકને વિષ્ણુ નામ છોડાવી શકતો નથી. શંડામર્કના આશ્રમમાં મૂકવા છતાં કોઈ ફર્ક પડતો નથી ત્યારે પર્વતથી પછાડીને, હોળીમાં સળગાવીને, સમુદ્રમાં ફેંકીને, હાથીના પગની નીચે કચડી, આવા સેંકડો મારવાના ઉપાયોમાં જ્યારે તે નિષ્ફળ જાય છે ત્યારે ક્રોધાયમાન થઈને પૂછે છે, શું તને બચાવનાર વિષ્ણુ આ સળગતા સ્તંભમાં છે.

ભક્ત પ્રહલાદ હા કહે છે. ત્યારે તેને ભેટી પડવાની આજ્ઞા મળે છે. પ્રહલાદના સ્પર્શ સાથે સ્તંભ ફાટે છે અને નૃસિંહરૂપે ભગવાનનું પ્રાગટ્ય થાય છે. અને બ્રહ્માજીના આપેલા તમામ વરદાનને સત્ય રાખીને ભગવાન તેનો વધ કરે છે. અને પ્રહલાદની રક્ષા કરવામાં દેર કરવા બદલ ક્ષમા માંગે છે.

INDEX





ॐ श्री व्यासाय नमः॥

## શ્રી વ્યાસ અવતાર

વચનામૃતના પાને ભગવાન શ્રી સ્વામિનારાયણે વારંવાર જેના વચનમાં અતિ વિશ્વાસ વ્યક્ત કર્યો છે, જેના વચનોને અતિ પ્રમાણરૂપ માન્યા છે. જનમંગલ સ્તોત્રમાં શતાનંદ સ્વામીએ શ્રીહરિને વ્યાસસિદ્ધાંતબોધક કહ્યા છે એ સત્યવતી પુત્ર કૃષ્ણદ્વૈપાયન વ્યાસજી એ જ વ્યાસાવતાર.

વ્યાસજી સનાતન વૈદિક સંસ્કૃતિના મુખ્ય વ્યાખ્યાતા, અષ્ટાદશ પુરાણકર્તા અને યાવચ્ચંદ્રદિવાકરૌ વૈદિક જ્ઞાનની શાશ્વત જયોત્સ્ના ફેલાવનારા હતા. તેમના પિતા શક્તિપુત્ર પરાશર અને માતા સત્યવતી હતાં. જન્મતાની સાથે આ ગર્ભસિદ્ધ યોગી પુરુષે " આપ યાદ કરશો ત્યારે હું હાજર થઈશ" કહીને માતાને વંદન કરી વનની વિકટ વાટ લઈને ઉગ્ર તપશ્ચર્યાની ધૂણીમાં શરીરને તપાવેલું. તેના દ્વારા અધ્યાત્મ શક્તિનો વિકાસ થયો. દિવ્ય જ્ઞાનની સરિતાઓ પ્રગટી. તેમણે નિજાન્તઃકરણમાં વહેતી જ્ઞાનસરિતાના વિવિધ પ્રવાહોને પુરાણરૂપ શબ્દદેહ આપ્યો. વેદના વિભાગ કરીને વેદવ્યાસ કહેવાયા. આટલું કરવા છતાં અંતરની અશાંતિ દૂર ન થતાં તેમણે દેવર્ષિ નારદજીને પૂછી "શ્રીમદ્ ભાગવત્" જેવા ભગવચ્ચરિત્ર સભર ગ્રન્થની રચના કરી.

વ્યાસજીને મહાભારત જેવા વિશાળ અને ૧૭ પુરાણોની રચના ઉપરાંત વેદ-વિભાગની સાથે વેદસારગર્ભ બ્રહ્મસૂત્રની રચનાથી જે શાંતિ નો'તિ મળી તે સુખ, શાંતિ અને સંતોષ "ભાગવત્" જેવો ભગવચ્ચરિત્ર પ્રધાન ગ્રન્થ રચનાથી મળી.

આ વ્યાસજીને વંદન કરવા આજ સમગ્ર હિન્દુ સંસ્કૃતિના અનુયાયીઓ અષાઢ સુદ પૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમા (ગુરૂ પૂર્ણિમા) તરીકે ઉજવે છે.







ॐ श्री गजाननाय नमः॥

## શ્રી ગજાનન

ગણાધિપતિ ગજાનન શ્રી વિઘ્નવિનાયક દેવ મંગલાયતન છે. હિન્દુ સંસ્કૃતિના ધર્મશાસ્ત્રોમાં કોઈ એવી વિધિ નથી જેમાં સર્વપ્રથમ ગણપતિજીનું પૂજન ન થતું હોય. કોઈપણ કાર્યના શ્રીગણેશ કરતાં પહેલા જે ગણપતિજીના દ્વાદશ નામનું સ્મરણ કરે છે, તેને કોઈ વિઘ્ન નડી શકતા નથી. પંચાયતન દેવોમાં પણ ગણપતિનું આગવું સ્થાન છે. શિક્ષાપત્રીમાં પણ ભાદરવા સુદ-૪ ના દિવસે વિશેષ પૂજનની આજ્ઞા છે.

શિવ પુરાણના કુમારખંડના વૃત્તાનુસાર ગણપતિ જન્મની કથા અતિરોચક છે. એકવાર ભોળાનાથ કૈલાસની ગુફાઓમાં તપશ્ચર્યા કરતા હતા. ત્યારે સખિઓએ પાર્વતીજીને આજ્ઞાનુગામી ગણ માટેની પ્રાર્થના કરી. થોડા સમય પછી સ્નાન સમયે માતા પાર્વતીએ સ્વશરીર પર લગાડેલા ઉબટનમાંથી એક શિશુની મૂર્તિ બનાવીને તેમાં ચૈતન્ય મૂક્યું. અને તેનું નામ વિનાયક રાખ્યું. વિનાયકની પ્રાર્થનાથી સતિએ તેને દ્વારરક્ષાની સેવા આપી.

સમય જતાં શિવજી તપશ્ચર્યાને વિરામ આપી પાછા પધાર્યા ત્યારે વિનાયકે દ્વાર પર રોકવા રકઝક કરી. શિવજીએ વિનાયકને ઉદ્ધત જાણીને તેનું મસ્તક છેદી નાંખ્યું. ત્યાં પાર્વતીજી આવ્યાં ને આકુળ-વ્યાકુળ થઈ ગયાં. શિવજીને વાસ્તવિકતા નો ખ્યાલ આવતા દુઃખ થયું અને સદ્યોજાત શિશુનું શિર લાવવાનો આદેશ આપ્યો. હાથીના બચ્ચાનું મસ્તક મળ્યું તે દિવસથી વિનાયક ગજાનન(હાથીના મોઢાવાળા) થઈ ગયા. આ ગજાનનને પિતા ભોળાનાથે આશિષ આપ્યા કે, તારૂં સર્વકાર્યમાં સર્વ પ્રથમ પૂજન થશે.

આ ગજાનન શિવજીના નાના પુત્ર છે. તેમના મોટાભાઈનું નામ કાર્તિક સ્વામી છે. રિદ્ધિ-સિદ્ધિ નામની તેમને બે પત્નીઓ છે. તેમનું વાહન ઉંદર છે. પંચમવેદની ખ્યાતી ધરાવતા "મહાભારત"નું આલેખન પણ આ ગણપતિજીએ જ કરેલું છે. સત્સંગિજીવનમાં ગજાનનને વિષ્ણુનાં અવતાર તરીકે માન્ય કરવામાં આવેલ છે.

સંપ્રદાયના દરેક નાનાં મોટાં મંદિરોમાં પણ શ્રી ગણપતિદેવની સ્થાપના કરવામાં આવે છે.

INDEX





ॐ श्री रामानन्द स्वामिने नमः।।

## સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી

આજે વિશ્વભરમાં '' શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય'' તરીકે વિવિધ ક્ષેત્રે ઉપસી રહેલા મૂળ ''ઉધ્ધવ સંપ્રદાય'' ના સંસ્થાપક સંત ઉદ્ધવાવતાર શ્રી રામાનંદ સ્વામી છે. તેમનો જન્મ દુર્વાસાના શાપથી અયોધ્યા નગરીમાં અજય વિપ્રને ઘેર માતા સુમતિના ઉદરે વિક્રમ સંવત્ ૧૭૯૫ ના શ્રાવણ વદ ૮ જન્માષ્ટમીના દિવસે સવારમાં થયો હતો. બાળપણનું નામ રામશર્મા હતું.

શુક્લપક્ષના ચંદ્રવત્ વૃદ્ધિ પામતા રામશર્મા માત-પિતાને આનંદ આપી; પરિવાર તથા નગરવાસીઓને સ્વભક્તિ વૈભવથી પ્રભાવિત કરતા રહ્યા. યજ્ઞોપવીત પ્રાપ્ત કર્યા પછી વેદાધ્યયન નિમિત્તે ગૃહત્યાગ કરીને સદ્‌ગુરૂની શોધમાં નીકળી પડ્યા. અયોધ્યાથી નીકળેલા ''રામ શર્મા''ને જૂનાગઢ ગિરનારની તળેટીમાં આત્માનંદ નામે સિદ્ધ ગુરૂ મળ્યા. દીક્ષા લીધી અને ''રામાનંદ સ્વામી'' નામ ધારણ કર્યું. અષ્ટાંગ યોગ સાધના કરતાં સિદ્ધ દશાને પામ્યા. સમાધિમાં નિરાકાર તેજના દર્શનથી ભયભીત થયેલા રામાનંદ સ્વામીએ નિરાકારવાદી ગુરૂનો ત્યાગ કરીને દક્ષિણ ભારતની વાટ લીધી.

શ્રીરંગક્ષેત્રમાં આચાર્યપ્રવર શ્રીરામાનુજાચાર્ય થકી દીક્ષા પામ્યા. સમાધિમાં શ્રીકૃષ્ણનાં દર્શન થયાં, એટલે પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યા. પરંતુ પરદેશી વ્યક્તિની શાંતિ અને વિસ્તરતી કીર્તિ સ્થાનિક લોકો જોઈ ન શક્યા. તેના ત્રાસથી પરેશાન રામાનંદ સ્વામી વૃન્દાવન આવ્યા. ત્યાં ભગવદનુષ્ઠાન કરતા પુનઃ બંશી વિભુષિત શ્રીકૃષ્ણચંદ્રનાં દર્શન થયાં. તેમણે તે સ્થાન છોડીને સૌરાષ્ટ્ર તરફ જઈને નૂતન સંપ્રદાયની સ્થાપનાની દિવ્ય અંતઃસ્ફૂરણા જગાડી. રામાનંદ સ્વામીએ સૌરાષ્ટ્રમાં આવી '' नवीनं सम्प्रदायं स्वं बबन्ध नृप निर्भयम् ।

રામાનુજ દર્શનના સિધ્ધાંતાનુસાર તત્ત્વત્રય પ્રતિપાદન કરીને સ્વામીએ સૌરાષ્ટ્રની ધરાને ઉધ્ધવ સંપ્રદાયની સ્થાપનાનું કેન્દ્ર બનાવી. રામાનંદ સ્વામીએ





રામાનુજ દર્શન સિદ્ધાંતાનુસાર ભક્તિમાર્ગનો પ્રસાર-પ્રચાર કર્યો. ગામડે ગામડે તેમના બ્રહ્મજ્ઞાનની ચર્ચાઓ થવા લાગી. ઠેર ઠેર ભક્ત મંડળીઓ અને સદાવ્રતો દ્વારા સંપ્રદાયની પુષ્ટિ થવા લાગી.

તેમના આ આશ્રમો પૈકી વિ.સં.૧૮૫૬ માં શ્રાવણ સુદ-૬ ના રોજ લોજ આશ્રમમાં નિલકંઠવર્ણી રૂપે શ્રીજી મહારાજ સ્વયં પધાર્યા..પીપલાણામાં સ્વામીએ નિલકંઠવર્ણીને દીક્ષા આપીને '' સહજાનંદ સ્વામી'' અને ''નારાયણ મુનિ'' એવા બે નામ આપ્યા. અને જેતપુરમાં સર્વ સંમત્તિથી સંવત્ ૧૮૫૮ માં સહજાનંદ સ્વામીને ગાદી આપી. અને સ્વકાર્યને પૂર્ણ સમજવા લાગ્યા.. અંતે ''ફરેણી'' માં વિ.સં.૧૮૫૮ માગશર સુદ-૧૩ ત્રયોદશીને ગુરૂવારે પંચ ભૌતિક દેહનો ત્યાગ કરીને ભગવત્સંકલ્પાનુસાર દુર્વાસાના શાપથી મુક્ત થઈને દિવ્ય દેહને પામ્યા.



ॐ श्री हंसाय नमः।।

## શ્રી હંસ અવતાર

સૃષ્ટિ વિધાતા બ્રહ્માજી ઋષિ મહર્ષિઓ સાથે તત્ત્વ મીમાસાં કરી રહ્યા હતા. ત્યારે સનકાદિકોએ પૂછેલ એક પ્રશ્નનો ઉત્તર આપવા માટે બ્રહ્માજીની પ્રાર્થનાથી ભગવાન હંસ સ્વરૂપે પ્રગટ થયા હતા.

એક સમયે તત્ત્વ જીજ્ઞાસાથી સત્યલોકમાં પધારેલા ઋષિ મુનિઓનું સ્વાગત કરીને બ્રહ્માજીએ આવવાનું કારણ પૂછ્યું. ત્યારે ઋષિઓએ અધ્યાત્મ સંબંધિ પ્રશ્નો પૂછ્યા. બ્રહ્માજી સંતોષપ્રદ ઉત્તરો આપી રહ્યા હતા ત્યારે સનકાદિકો પધાર્યા. પિતાજીને વંદન કરી જ્ઞાનની ઉચ્ચતમ ભૂમિકાએથી પ્રશ્ન કર્યો.

પિતાજી ! દેહધારી માત્રના ચિત્ત વિષયાનુબધ્ધ છે, વિષય ગુણાનુબધ્ધ છે, જ્યાં સુધી ચિત્તમાં વિષય છે ત્યાં સુધી મોક્ષ કેવી રીતે થાય ? અને જો મોક્ષ ન થાય તો આ દેવ દુર્લભ શરીર પામ્યાનો અર્થ શું ? પ્રશ્ન સાંભળતા બ્રહ્માજી સહિત સભાસદો ચકીત થઈ ગયા. બ્રહ્માજીએ પ્રશ્નની મૂંઝવણ ટાળવા પરમાત્માનું ધ્યાન કર્યું. વિધાતાની વૈચારિક વિપત્તિને વિના વિલંબે દૂર કરવા માટે વિશ્વસૃષ્ટા ભગવાન સહસા હંસરૂપે

પ્રગટ થયા.

ઋષિ મુનિઓના આશ્ચર્યનો પાર ન રહ્યો. બ્રહ્માજીએ ઓળખાણ આપતા કહ્યું. સ્વયં ભગવાન સનકાદિકોના પ્રશ્નનો ઉત્તર આપવા પધાર્યા છે, માટે આપણે પ્રથમ પૂજન કરીએ. આમ કહીને સૌએ પૂજન વંદન કર્યા પછી ભગવાન હંસે પ્રશ્નનો ઉત્તર આપ્યો કે ચિત્ત વિષયાનુસંધાન કરતાં કરતાં વિષયમય બની જાય છે પણ જીવાત્મા વિષય અને ચિત્ત બન્નેથી જુદો છે. જો બન્ને થકી પોતાને ન્યારો સમજીને ભક્તિ કરે તો ચોક્કસ મોક્ષ પામે.'' આમ કહીને અંતર્ધાન થઈ ગયા. નિમ્બાર્ક સંપ્રદાયાનુયાયીઓની એવી માન્યતા છે કે ભગવાને હંસાવતાર ધારીને સનકાદિકોને ''શ્રી ગોપાલ મંત્રરાજ''નો ઉપદેશ આપ્યો હતો. સનકાદિકોએ એ મંત્ર નારદજીને આપ્યો અને નારદજીએ શ્રી નિમ્બાર્કાચાર્યશ્રીને આપ્યો.



ॐ श्री परशुरामाय नमः।।

## શ્રી પરશુરામ અવતાર

બ્રહ્મતેજની ભભકતી જ્વલંત પ્રતિભા એટલે પરશુરામજી.તેમનો જન્મ જમદગ્નિ મહર્ષિના આશ્રમમાં માતા રેણુકાદેવીની કૂખે ભૃગુવંશમાં વૈશાખ સુદ-૩ (અખાત્રીજ) ની રાત્રીએ થયેલો.

નર્મદા કિનારે આશ્રમમાં રહેતા પિતા જમદગ્નિની અનુમતિ મેળવીને પરશુરામ હિમાલયના જંગલોમાં તપશ્ચર્યા કરવા ગયા. ત્યાં તેમણે ગુરુદેવ અગસ્ત્યમુનિ પાસે બ્રહ્માસ્ત્ર, વૈષ્ણવાસ્ત્ર, રૌદ્રાસ્ત્ર, મોહનાસ્ત્ર જેવાં અનેક શસ્ત્ર અસ્ત્રોમાં નિપૂણતા મેળવી.

આ બાજુ પિતાના આશ્રમમાં પદ પ્રતિષ્ઠા શક્તિના મદથી ઉદ્ધત એવા રાજા સહસ્ત્રાર્જુનનું આગમન થયું. નૃપને ઈશ્વરનો અંશ માનીને જમદગ્નિએ તેનું રાજોચિત સન્માન કર્યું. વિરાટ સૈન્ય સહિત સૌ કોઈને ઠાઠ-માઠથી સત્કાર્યા. ત્યારે રાજાને કૌતુક લાગ્યું. આટલી અમથી ઝૂંપડીમાં આટલું બધું ધન આવ્યું ક્યાંથી ! જીજ્ઞાસાનો જવાબ હતો કામધેનુ ગાય..

રાજાએ ગાય માંગવાને બદલે ઓર્ડર કર્યો, આપી દો. ઋષિએ ના





કહેતા સૈન્યના જોરે કામધેનુ લઈ લીધી અને આશ્રમને ઉજ્જડ કરી નાખ્યો. આ સમાચાર તપશ્ચર્યા કરીને આવેલા પુત્ર પરશુરામને મળતા તેના હોઠ ફફડી ઉઠ્યા. તેમણે પિતાની વાત અવગણીને બદલો લેવા માહિષ્મતિ પર આક્રમણ કર્યું અને અંતે એક અક્ષૌહિણી સેના સહિત સહસ્ત્રાર્જુનનો નાશ કર્યો. પૃથ્વીને પાપીના ભારથી મુક્ત કરી અને કામધેનુ પાછી લાવી આશ્રમમાં બાંધી. પિતાએ તેમને પ્રાયશ્ચિત રૂપે ૧૨ વર્ષ તપ કરવા મોકલ્યા. તે દરમ્યાન કાર્તવીર્ય સહસ્ત્રાર્જુનના દીકરાઓએ પિતાની હત્યાનું વેર વાળવા જમદગ્નિની હત્યા કરી.

પ્રાયશ્ચિત કરીને પાછા આવેલા પરશુરામે પતિ વિયોગે દુઃખી માતાને શાન્ત્વના આપવા એકવીસ (૨૧) વાર પૃથ્વીને ક્ષત્રીય વિહોણી કરી દીધી. આમ, પરશુરામાવતાર ધારણ કરીને ભગવાને મદોન્મત રાજાઓનાં પાપના ભારથી ત્રસ્ત પૃથ્વીને મુક્ત કરી.



ॐ श्री कल्किने नमः।।

## શ્રી કલ્કિ અવતાર

શ્રી વિષ્ણુધર્મોત્તર પુરાણના વચનાનુસાર આ ઘોર કળિયુગના અંતે ''શંભલ'' નામના ગામમાં રહેતા પવિત્ર એવા એક વિષ્ણુયશ નામના બ્રાહ્મણ પરિવારને ધન્ય કરવા ભગવાનશ્રી વિષ્ણુ ''કલ્કિ'' રૂપે પ્રગટ થશે.

ભાગવતાદિ શાસ્ત્રોમાં વર્ણન કરેલા કળિયુગના તમામ લક્ષણો પ્રગટ થશે. ઋષિઓની વિરાસતસમા શ્રુતિ-મંત્રોની શ્રૃંખલાઓ તૂટી પડશે. માનવ સમાજ આચારહીન, સત્વરહિત અને અલ્પાયુવાળા થશે ત્યારે ભગવાન યુગપરિવર્તન માટે આ ધરાને પાવન કરવા પધારશે..કલ્કિ નામ ધારણ કરીને દેવદત્ત નામના અશ્વ પર સવારી કરીને અસુરોનું નિકંદન કાઢી નાંખશે.તેમના દ્વારા થયેલા આ સંહાર પછી પુનઃ સૃષ્ટિની શ્રૃંખલા આગળ વધશે ત્યારે સાત્વિક લોકો વધુ હશે અને સત્‌યુગનો પ્રારંભ થશે.

આમ, યુગપરિવર્તનનું કાર્ય કરીને ભગવાન વિષ્ણુ સ્વધામ પધારશે.

INDEX



" શ્રી હરિકૃષ્ણાય નમોનમ : "

# તૃતીયાવરણ







## તૃતીય આવરણ

ભકતરાજશ્રી દાદાખાચર
ભકતરાજશ્રી ઝીણાભાઈ
ભકતરાજશ્રી સોમલા ખાચર
ભકતરાજશ્રી સુરા ખાચર
ભકતરાજશ્રી વીર ભગુજી
પાર્ષદ રતનજી
ભકતરાજશ્રી નાજા જોગીયા
ભકતરાજશ્રી અલૈયા ખાચર
ભકતરાજશ્રી નાના ખાચર
માણકી
ભકતરાજશ્રી લાખા ભગત
ભકતરાજશ્રી ગલુજી
પાર્ષદશ્રી કુબેરસિંહ
પાર્ષદશ્રી માનસિંહ
પાર્ષદશ્રી ભીમ ભગત
પાર્ષદશ્રી અર્જુન ભગત
સદ્‌ગુરુપ્રેમાનંદ સ્વામી
સદ્‌ગુરુશ્રી દેવાનંદ સ્વામી
સદ્‌ગુરુશ્રી જ્ઞાનાનંદ સ્વામી
સદ્‌ગુરુશ્રી ગુણાતીતાનંદ સ્વામી
સદ્‌ગુરુશ્રી યોગાનંદ સ્વામી
સદ્‌ગુરુશ્રી પ્રજ્ઞાનંદ સ્વામી
સદ્‌ગુરુશ્રી ગોવિંદાનંદ સ્વામી
સદ્‌ગુરુશ્રી ત્યાગાનંદ સ્વામી
સદ્‌ગુરુશ્રી વિરક્તાનંદ સ્વામી
સદ્‌ગુરુશ્રી આધારાનંદ સ્વામી
સદ્‌ગુરુશ્રી નિરંજનાનંદ સ્વામી
સદ્‌ગુરુશ્રી અભેદાનંદ સ્વામી
સદ્‌ગુરુશ્રી નિર્ગુણાનંદ સ્વામી
સદ્‌ગુરુશ્રી ભૂધરાનંદ સ્વામી
સદ્‌ગુરુશ્રી સુખાનંદ સ્વામી
સદ્‌ગુરુશ્રી વિજ્ઞાનાનંદ સ્વામી





ॐ श्री उत्तमाय नमः॥

# ભક્તરાજ શ્રી દાદાખાચર

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસમાં તન-મન-ધન સમર્પિત કરીને સાંપ્રદાયિક વિકાસના આધારસ્તંભરૂપ બનેલા અનન્ય નિષ્ઠાવાન ગૃહસ્થ ભક્તોમાં સૌથી આદર્શ અને અદ્વિતીય વ્યક્તિત્ત્વ પ્રતિભા સમ્પન્ન ભક્તરાજ એટલે શ્રી દાદાખાચર.

શ્રી દાદાખાચર ગઢપુરના દરબાર શ્રી એભલ બાપુના એકમાત્ર કુળદીપક પુત્ર હતા. તેમની કર્મભૂમિ ગઢપુર હતી. વિ.સં.૧૮૫૭ પોષ વદ છઠના દિવસે માતા સોમપ્રભાની પવિત્ર કૂખે તેમણે ગઢપુરની ધરાને કર્મભૂમિ તરીકે સ્વીકારી. તેમનું નામ “ઉત્તમ” હતું છતાં વ્હાલમાં તેમને સૌ “ દાદાખાચર” કહેતા.

વિ.સં.૧૮૬૧ માં કારિયાણીમાં વસંતોત્સવ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા પધાર્યા. એભલ બાપુના પરિવારે તેમનું ભવ્ય સ્વાગત કર્યુ એટલું જ નહિ ઘરબાર સમર્પિત કર્યા અને દાસત્વ સ્વીકાર્યુ. શ્રીહરિએ પણ આ ગઢડાને પોતાના નિવાસ સ્થાન તરીકે સ્વીકાર્યુ.

શ્રીહરિની સામે જ દાદાખાચરનો બાલ્યકાળ વ્યતીત થતો હયો. શ્રીહરિ ગઢપુર આવ્યા ત્યારે તેમની ઉંમર માત્ર પાંચ વર્ષની હતી પણ ભક્તિ પ્રહલાદ કરતા ચડિયાતી, તેથી શ્રીહરિના અનન્ય ભક્તોમાં જ નહીં અંગ્રેજ ગવર્નર સુધી તેઓ કચેરીઓમાં પણ તેમનું નામ શ્રીહરિના ભક્ત તરીકે ગુંજતું થયેલું. દાદાખાચર એવા ભક્ત છે જેમના શિક્ષણ, વ્યવહાર કે અધ્યાત્મમાં સ્વયં શ્રીજી મહારાજ વડીલની ભૂમિકા અદા કરતા અને માર્ગદર્શન આપતા.

દાદાખાચર એક કરતા વધારે અગ્નિ પરીક્ષાઓમાંથી પસાર થઈ પક્વ થયેલા દૃઢ નિષ્ઠાવાન અને વિશ્વાસુ ભક્ત હતા. શ્રીહરિ કહે તો માટલામાં કોળુ

નાંખવા બેસી જતાં અને બૂમ પાડે તો અડધી હજામતે હાજર થઈ જતા.

તેમના પ્રથમ પત્ની કુમુદબાઈ હતા. દાદાને કોઈ સંતાન ન થતા સ્વયં શ્રીજી મહારાજે આગ્રહ કરીને ભટવદર નાગપાલ વરૂની કન્યા ''જસુબા'' સાથે બીજા લગ્ન કરાવ્યા. સાંપ્રદાયિક ઈતિહાસમાં એ પ્રસંગ એક અને અદ્વિતીય જ રહ્યો. જે સ્વયં શ્રીહરિ દાદાખાચરની જાનમાં તેમના રથના સારથિ બન્યા અને સ્ત્રી ધનના ત્યાગીઓ પણ જાનૈયા બન્યા. શ્રી હરિનો આ પ્રસંગ દાદાખાચરની નિષ્ઠાનો દસ્તાવેજ નહિ તો શું કહેવાય!

દાદાખાચર જેટલા ભક્ત હતા એટલા જ વ્યવહારદક્ષ પણ હતા. હિસ્ટ્રી ઓફ ગુજરાતના ઉલ્લેખ પ્રમાણે ભાવનગર સામે બહારવટે ચડેલા જોગીદાસ ખુમાણ અને મહારાજાશ્રી વજેસિંહ સાથે વિષ્ટિ ગોઠવવા મધ્યસ્થી બનેલા. પોતાના ૨૮ વર્ષની ઉંમરે દાદાખાચરે હિસ્ટ્રી હોફ કાઠિયાવાડમાં એક શાંતિયુગની શરૂઆત કરી. રાજપરિવારનો જુનો કલહ કૂનેહપૂર્વક ઉકેલી આપ્યો અને મુંબઈ સરકારે પણ તે કબૂલ કર્યો. ટૂંકમાં એક આદર્શ રાજવી હોવા છતાં દાસના દાસ થઈને જીવન જીવનાર દાદાખાચાર શ્રીહરિના એક લાડીલા ભક્ત હતા. તેમના પુનઃ લગ્ન બાદ બે સંતાન થયેલા. બાવા ખાચર અને અમરા ખાચર.

શ્રીહરિએ સં.૧૮૮૫ના આસો સુદ-૧૨ ના રોજ ગોપીનાથજી મહારાજની પ્રતિષ્ઠા કરી ત્યારે દાદાએ પોતાની ૨૦૦ વીઘા જમીન કૃષ્ણાર્પણ કરી જે ''રાધાવાડી'' તરીકે ઓળખાય છે. શ્રીહરિ સાથે આ ભક્તરાજે અભિન્ન સંબંધ કેળવ્યો હતો. શ્રીહરિના વિયોગમાં વ્યાકુળ થઈને તેમની ચિતામાં પડવા તૈયાર થયેલા, ગોપાળાનંદ સ્વામીએ સમજાવ્યા છતાં શાંતી ન થઈ ત્યારે શ્રીહરિએ પ્રગટ થઈને ગુલાબનો હાર પહેરાવ્યો પછી એક આત્મનિવેદી ભક્તને શોભે એવી રીતે સરળ શાંતિ અને જીવન સમર્પિત કરીને સં.૧૯૦૯ માં ગઢપુરમાં જ ભૌતિક શરીરનો ત્યાગ કરીને શ્રીહરિની સમીપે સિધાવ્યા.







ૐ શ્રી હેમન્તસિંહાય નમઃ।।

## ભક્તરાજ શ્રી ઝીણાભાઈ

ગુજરાતના પ્રસિધ્ધ રાજવી સિધ્ધરાજ જયસિંહના વંશજ, જૂનાગઢના દિવાન અને પંચાળાના ગામધણી ઠાકોર શ્રી ઝીણાભાઈ સત્સંગનું એક અનોખું રત્ન હતા. અપૂર્વ રાસોત્સવ અને વચનામૃતની અમીવર્ષાની સાથે સમર્પણની સુગંધથી આજ પંચાળાધામ સુવાસિત બનેલું છે. તેમના પિતાશ્રી મનુભા ઠાકોર, માતાશ્રી ગંગાબા વગેરે પરિવાર શ્રી રામાનંદ સ્વામીનો અનુયાયી હતો. પરિણામે સં.૧૮૫૮ના શ્રાવણ માસમાં શ્રીહરિ રામાનંદ સ્વામી સાથે પંચાળા નિલકંઠવર્ણીરૂપે પધારેલા ત્યારથી તેમના હૈયામાં એ મોહક મૂર્તિ ઉતરી ગયેલી. પરિણામે સમય જતાં પિતાશ્રીના વારસમાં ગામધણી થયા અને આગળ કોઠાસૂઝ અને બુદ્ધિ પ્રતિભાના કારણે જૂનાગઢ રાજના દિવાન બન્યા છતાં પણ સત્સંગને આંચ ન આવી. અવાર-નવાર પરમહંસો સાથે પ્રભુજીને તેડાવીને ભક્તિરસ ઘૂંટી ઘૂંટીને પીધેલો. વચનામૃતોની ગહન છતાં સરળ-રસાળ વાતો સાંભળી જ્ઞાનની દૃઢતા કરેલી. પરિણામે જૂનાગઢ નવાબની રાજસી કચેરીમાં થતો થૈ-થૈકાર તેમને ડગાવી શકતો નહિ. આના ફળસ્વરૂપે કચેરીમાં પણ દિવાન ઝીણાભાઈની ભગવાનના ઘરના માણસની છાપ ઉપસેલી અને સૌના વિશ્વાસુ બનેલા.

પણ ઝીણાભાઈને મન રાજ કરતા મહારાજ કરોડો ગણા કિંમતી હતા. તેમણે જીવથી જગદીશ સાથે નાતો બાંધ્યો હતો. તેથી જ શ્રીહરિને પણ પંચાળા જેવા ગામમાં રહેવાનું ગમતું. અરે! ૧૮૭૯ માં તો શ્રીહરિએ ફૂલદોલોત્સવની સાથે સાથે ભક્તરાજ ઝીણાભાઈની પ્રાર્થનાથી અપૂર્વ રાસોત્સવ કરેલો. જેટલા સંતો હતા તેટલા સ્વરૂપ ધારણ કરીને શ્રીજી મહારાજ રાસ રમેલા. જેના દિવ્ય સ્પંદનો આજે પણ પંચાળાની ધન્ય ધરણીમાં ગૂંજે છે.

ઝીણાભાઈ ઠાકોર જ્ઞાની રાજવી હોવા છતાં સત્સંગ અને સત્સંગીઓથી અધિક પરિવારને પણ માનતા નહિ. એકવાર તેમના વહાલા અદિબેને સત્સંગી ભક્ત

કમળશી બિમાર પડતા માથાના દુઃખાવાની દવા થોડી હોવાથી આપેલી નહિ. અને સ્વયં ઝીણાભાઈ બિમાર પડતા લઈ આવ્યા ત્યારે ઝીણાભાઈએ કહ્યું કે મારા ઈષ્ટદેવનો ભક્ત બિમાર થાય ત્યારે તારી પાસે દવા ન હતી અને તારો ભાઈ બિમાર થયો ત્યારે દવા આવી ગઈ. જા આજથી હું તારો ભાઈ નહિ ને તું મારી બહેન નહિ. વાંચવા કરતા વિચારજો, સત્સંગી માટે તેમના અંતરમાં કેટલી ઉંચી ભાવના હશે ?

સત્સંગનો ઈતિહાસ ગૌરવ સાથે નોંધ લે છે કે માંગરોળના કમળશી વાંઝા બીમાર પડેલા ત્યારે ત્રણ નોકર અને ચોથા ઠાકોરશ્રી ઝીણાભાઈ; ચાર જણાએ ખાટલામા સુવારીને માંગરોળથી પંચાળા લઈ જઈને તેમની સેવા કરેલી. પરિણામે ઝીણાભાઈને એવું સૌભાગ્ય પ્રાપ્ત થયું એવું ગૌરવ મળ્યું જે સ્વયં શ્રીહરિના ભાઈ ઈચ્છારામજીને પણ નો'તું મળ્યું. વિ.સં.૧૮૮૩માં મહાવદ દશમે જ્યારે ઝીણાભાઈ ક્ષણિક દેહનો ત્યાગ કરીને શ્રીહરિની નિત્ય સેવામાં જોડાયા ત્યારે સ્વયં મહારાજે જીવનમાં માત્ર એક વાર અને એ પણ ઝીણાભાઈની નનામીને ખંભો આપેલો.

હજારો વંદન હો આવા ભક્તરાજનાં ચરણે...



ॐ श्री सोमवर्मणे नमः॥

## ભક્તરાજ શ્રી સોમલાખાચર

"અમારા સ્વભાવને તો મૂળજી બ્રહ્મચારી ને સોમલો ખાચર આદિક હરિજન છે તે કેટલાક વર્ષથી અમારે પાસે ને પાસે રહે છે તે જાણે છે " (વચ.કા.૬) શ્રીમુખના વાક્યાનુસાર મન-વાણીથી અગોચર અપ્રાપ્ય વેદવેદ્ય પરતત્ત્વને ઓળખીને તેની સહજ સ્વભાવિક પ્રકૃતિને ઓળખવા જેટલી ઊંચાઈ પ્રાપ્ત કરનાર શૂરવીર ભક્તરાજ સોમલા ખાચર બોટાદ ગામના વતની હતા.

લક્ષ્મણે જેમ રામની સેવા કરી તેમ યુવાનીના ઉંમરે પહોંચેલા પંજાબી કદાવર કાયાવાળા આ યુવક સોમલા ખાચરે રાજવૈભવ, ઠાઠમાઠનો ત્યાગ કરી શ્વેત વસ્ત્રો પહેરીને સંપૂર્ણ જીવન શ્રીહરિની સેવામાં સમર્પિત કર્યુ. શ્રી હરિના અંગરક્ષકોમાં અગ્રણી બન્યા અને સર્વમંગલ સ્તોત્રમાં શ્રીહરિના નામ સાથે સ્થાન પામ્યા.





" सोमसूरादि पार्षदः" "सोमवर्मधृतच्छत्र" ગરૂડગતિએ ચાલતી માણકી પર શ્રીહરિ જ્યારે જ્યારે અશ્વારી કરતા ત્યારે ત્યારે સોમલા ખાચર હાથમાં છત્ર લઈને સેવામાં હાજર રહેતા.

એક કાગળના ઈશારે રાજવીઓને ગૃહત્યાગ કરાવીને ભગવાન શ્રી સ્વામિનારાયણે જ્યારે વિશ્વની આધ્યાત્મિક ત્યાગભાવનામાં વિક્રમ સર્જી બતાવ્યો ત્યારે તેમની આજ્ઞાને શિરે ચડાવીને પોતાની નિઃસ્પૃહ સ્થિતિનો, આજ્ઞાપાલકતાનો પરિચય આપનાર ભક્તોમાં સોમલાખાચરનું પણ એક આગવું નામ છે.

આ સોમલા ખાચરનો રાજવૈભવ ભભકાદાર હતો. પુત્ર પત્ની પરિવાર વગેરે ખૂબ જ પવિત્ર હતા પણ તેણે તેના દ્વારા સુખી જીવન જીવવાના બદલે શ્રીહરિની અગ્નિ પરીક્ષાના પેપરો આપ્યા. ટૂંક સમયમાં નાની માંદગીમાં બન્ને યુવાન, દેવ જેવા રૂપાળા દિકરા પણ નશ્વર દેહ છોડીને અવિનાશીની સેવામાં પહોંચી ગયા. ઘરની જવાબદારી ફરી ગળે વળગી. છતાં સેવા, સત્સંગ સમર્પણમાં અડગ રહ્યા. ગામ-ગરાસની જમીન વેચીને નિત્ય સેવામાં રહેલા. પરિણામે લીલા ચરિત્રોના ગ્રન્થોમાં તેમની અનેક વાતો વાંચવા મળે છે. શૂરવીરતાભર્યા પ્રસંગોમાં તેમના નામનો ખાસ ઉલ્લેખ થયો છે. વચનામૃતના પાને આ ભક્ત એક આદર્શ તરીકે ઉપસી આવ્યા છે. ધન્ય છે આવા ભક્તને...



ॐ श्री सूरवर्मणे नमः॥

## ભક્તરાજ શ્રી સુરાખાચર

ભગવાન શ્રી સ્વામિનારાયણના અસંખ્ય અનુયાયી ગૃહસ્થ ભક્તોમાં એકમાત્ર સુરાખાચર જ એવા ભક્ત હતા જેને શ્રીહરિએ સ્વયં પોતાના "સખા ભક્ત" તરીકે સ્વીકાર્યા હતા. સત્સંગમાં એવા અનેક પ્રસંગો નોંધાયા છે કે જ્યારે આનંદકંદ સહજાનંદજી ઉદાસ થઈને બેઠા હોય ત્યારે આ ભક્તરાજે આવીને હાસ્યની સાથે આનંદ તરંગો ફેલાવ્યા હોય.

આ ભક્તરાજ શ્રી સુરાખાચર લોયા અને નાગડકા આ બે ગામના ગરાસદાર હતા. તેમના પત્નિનું નામ શાંતિબા હતું. પુત્રનું નામ નાથા ખાચર અને પુત્રીનું નામ

વલુ હતું. શરીરે પંજાબી, સ્વભાવે રમુજી, ધર્મે શૂરા, વૈરાગ્યે પૂરા અને ભક્તિથી ભરપૂર આ ભક્તરાજથી સંપ્રદાયમાં કોણ અજાણ હોય શકે?

ભક્તરાજ સુરાખાચરના દરબારગઢમાં શ્રીહરિએ ૧૮-૧૮ વચનામૃત કહ્યા છે. શ્રીહરિએ એક અને અદ્વિતીય એવો ૧૨ મણ ઘી અને ૬૦ મણ રીંગણા સાથે શાકોત્સવ આ દરબારગઢમાં કર્યો છે. આ દરબારગઢમાં પરમહંસોની જગ્યા હતી તેનું સાક્ષી લોયાનું પ્રથમ વચનામૃત આપે છે. ચંદ્રગ્રહણની સભા, નટ રમાડ્યા, ધાન જમ્યા, રંગે રમ્યા, જેવી અનેક લીલાઓથી સુરાખાચરનો દરબારગઢ ભક્તિથી લીલોછમ રહેતો. આજ સંપ્રદાયના પ્રત્યેક ગ્રન્થોમાં સુરાખાચરના સમર્પણના પ્રતાપે લોયાધામની લીલાઓ લખાણી છે. લખાય છે અને લખાતી રહેશે.

આ સુરાખાચરનું અંતર અલબેલાની પ્રાપ્તિના કેફમાં હિલોળા લેતું. ઉદાસ શ્રીહરિ સાથે સુમશામ બેઠેલી સભામાં આવી, નિખાલસતાથી હાસ્યના ફૂલડા વેરતા ત્યારે સભાનો રંગ વસંતની જેમ ખીલી ઉઠતો. સુરાખાચર બોલવાનું શરૂ કરે એટલે શ્રીહરિનો હાથ રૂમાલ સાથે મુખારવિંદ પર પહોંચે અને શ્રોતાઓ પેટ પકડે એટલું હસાવતા છતાં ધર્મનિયમમાં અડગ અને જીતેન્દ્રિય હતા. જસદણ કામ પ્રસંગે ગયેલા ત્યારે એકાંતમાં સ્ત્રીનો યોગ થવા છતાં ડગ્યા નહિ અને ત્યાંથી સીધા જ ગઢપુર આવ્યા ત્યારે મહારાજે " ઈન્દરીયા ગઢના વિજેતા" કહીને રાજી થઈને સોનાની મૂઠવાળી તલવાર ભેટ આપેલી. આ શૂરવીર ભક્તએ શ્રીહરિનો પત્ર મળતાં સમગ્ર ઝંખના છોડીને ફકીરી લીધેલી પણ આજ્ઞાએ કરીને પાછા લોયા આવેલાં. લોયા આવીને ૨૬ વર્ષની ઉંમરે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરીને આજીવન અખંડ બ્રહ્મચર્ય પાળ્યું એટલે જ એમના દરબારગઢમાં સંતો પરમહંસો રહેતા એટલે જ એમના દરબારગઢમાં શ્રીહરિ સ્વયં શાકોત્સવ કરતા, એટલે જ લોયાના વચનામૃતમાં " સુરા ભક્તના દરબારમાં વિરાજમાન હતા " એમ લખાયું છે.







ॐ श्री भृगुजिते नमः।।

# વીર ભગુજી

રાજસ્થાની રણધીર શૂરવીર પાર્ષદમણી ભગુજીનો જન્મ રાજસ્થાનનાં "મોરસ" ગામમાં થયો હતો. જાતે રજપૂત ગરાસદાર હતા. ભગુજીને નૈસર્ગિક પ્રભુ પ્રત્યે પ્રેમ અને શૂરવીરતા હતા.

એકવાર રાજસ્થાનમાં સત્સંગ પ્રચાર પ્રસાર કરવા સુખાનંદ સ્વામી ગયા. ભગુજીને સુખાનંદ સ્વામીનો ભેટો થયો ને સંત સમાગમરૂપી વારી મળતા મુમુક્ષતાનું બીજ પાંગર્યું. ભગવાનને મળવાનો દ્રઢ નિશ્ચય કર્યો.

શ્રીજી મહારાજનું પ્રથમ દર્શન સિધ્ધપુરમાં થતાં ચિત્ત-વૃત્તિમાં જગત્પ્રત્યેની વૈરાગ્યની જ્વાળા ભભૂકી ઉઠી. શ્રીહરિને પ્રાર્થના કરી કે મને તમારી સેવામાં રાખો. શ્રીહરિએ પ્રસન્ન થઈને પોતાના અંગરક્ષક તરીકે રાખ્યા. તેમનું શરીરબળ અને મનોબળ એવું અજોડ હતુ કે કાઠિયાવાડનાં કાઠીઓ વીર ભગુજી સામે મીટ માંડવા સમર્થ થતાં નહીં. ભગુજીનો પ્રભુ પ્રત્યેનો પ્રેમ, એમની આજ્ઞાપરાયણતા અને એમની શૂરવીરતા આલેખતાં અનેક આખ્યાનો સંપ્રદાયનાં ઈતિહાસમાં અસંખ્ય પાનાઓમાં પથરાયેલા છે.

માંડવધાર ગરાસ અંગે ભાણખાચર સાથે ધીંગાણું થયું. ત્યારે મહારાજે ખેતરનું રક્ષણ કરવા પાર્ષદો અને ભગુજીને મોકલેલા. ત્યારે ખબડ અને મતારા નામના બે સિંધીઓ સાથે મોટું ભયંકર યુધ્ધ થયું. ભગુજીએ પોતાના કાંડાનુ કૌવત બતાવ્યું. તે વખતે ભગુજી ઉપર અઢાર જીવલેણ ઘા થયેલા છતાં તે સહન કરીને શત્રુપક્ષનો પરાજય કર્યો.

શ્રીજી મહારાજની સમીપમાં જ હંમેશા રહી મનનાં સંકલ્પની માફક અખંડ સેવા કરતા. શ્રીજી મહારાજે તેમની પરીક્ષા કરવા ઘણીવાર ધુત્કારેલા છતાં અનન્યભાવથી તેમને ભગવાનપણાનો નિશ્ચય ડગ્યો ન હતો. શ્રીહરિના અંતર્ધાન થયા પછી તેઓ બ્રહ્માનંદ સ્વામી પાસે રહ્યા અને શેષ જીવન મુળીમાં રહીને વ્યતીત કર્યું.

વીર ભગુજી જેવા શૂરવીર અને અધ્યાત્મમાર્ગે અડીખમ રહી ઝઝૂમનારા એ મરજીવાઓની વીરગાથાનાં પડઘા કાળના કશબ પંજાની વચ્ચે પણ પડતા રહેશે અને તેમની ભગવન્નિષ્ઠા અને શૂરવીરતાની સ્મૃતિની ઝાંખી કરાવશે. ધન્ય હો આવા ભક્તરાજને.



ॐ श्री रत्नजिते नमः।।

# પાર્ષદ રતનજી

" માન વિનાની ભક્તિ તો રતનજી તથા મીયાજી જેવા કોઈક જ કરતા હશે પણ બધાથી માનનો સ્વાદ મુકી શકાતો નથી"

શ્રીજી મહારાજના મુખકમળમાંથી જેમના વિષે પ્રશંસાના શબ્દપુષ્પો સરી પડ્યા, તે રતનજીભાઈ સાવરકુંડલાનાં વતની હતા. જેમણે પોતાનું જીવન સેવાયજ્ઞમાં આહુત કર્યુ. તેવા નિખાલસ, નિર્માની પાર્ષદ રતનજી શ્રીજી મહારાજના અંગ રક્ષક હતા. જીવનની પાંગરતી વયમાં જ તેમને ભક્તિનો રંગ લાગી જતા જ્ઞાન દૃષ્ટિ વિશાળ બની ને પ્રભુની કૃપા એમના ઉપર ઉતરી. ભક્તિમાંથી ઉદય પામેલો પ્રભુ પ્રત્યેનો પ્રેમ એમનું સમગ્ર જીવન રંગી ગયો અને શ્રીજી મહારાજના હજૂરી પાર્ષદ થયા. સ્વાતિ નક્ષત્રમાં પડતા વરસાદના બુંદને મીન અધર ઝીલે તેમ શ્રીજી મહારાજની આજ્ઞાને અધર ઝીલીને શબ્દશઃ તે આજ્ઞાનું પાલન કરતા.

એકવાર દૂર દેશના સત્સંગીઓ ગઢપુર દર્શને આવ્યા તે જ્યારે જવા તૈયાર થયા ત્યારે મહારાજે રતનજીને કહ્યું કે " ગામની ભાગોળ સુધી વળાવવા જાઓ. ભાગોળ આવે ત્યારે ઉભા રહેજો. " સારુ મહારાજ કહીને રતનજી હરિભક્તો સાથે ચાલ્યા ને ભાગોળે આવી છેલ્લે સૌને જય સ્વામિનારાયણ કહ્યા. હરિભક્તો ચાલતા થયા અને રતનજી ત્યાં જ ઉભા રહ્યા અને માળા ફેરવવા લાગ્યા. સાંજ પડી ગઈ છતાં ત્યાંથી ખસ્યા નહિ. સાંજની સભામાં જ્યારે મહારાજે પૂછ્યું કે " રતનજી કેમ દેખાતા નથી! ત્યારે બીજા પાર્ષદો કહે એ હરિભક્તોને વળાવવા ગયા પછી આવ્યા જ નથી. ત્યારબાદ શ્રીહરિની આજ્ઞાથી બે પાર્ષદો તપાસ કરવા ગયા તો ભાગોળે ઉભા ઉભા માળા ફેરવતા જોયા એટલે બોલાવી લાવ્યા.

મહારાજ કહે રતનજી કેમ ત્યાં ઉભા રહ્યા હતા. મહારાજ આપની આજ્ઞા હતી કે "ભાગોળે ઉભા રહેજો એટલે ઉભો રહ્યો" મહારાજ હસ્યા અને પ્રશંસાના પુષ્પો વેરતા કહ્યું કે રતનજી કેવા વચનપાલક છે.

ખબડ મતારાની લડાઈમાં રતનજી હતા. તે ભયંકર યુધ્ધમાં રતનજીનાં હાથનું કાંડું કપાઈ ગયું હતું. પોતે ખૂબ શૂરવીર હતા મહારાજની સેવા કરી અપાર પ્રસન્નતા મેળવી હતી.

મુશ્કેલીઓના મહાસાગરમાં પણ મરજીવા બની મહારાજની મૂર્તિના મહાસુખના મંગલ મોતી મેળવનાર પાર્ષદ રતનજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...







ॐ श्री नाज्जाय नमः।।

# ભક્તરાજ શ્રી નાજા જોગિયા

તન-મન-ધન સમર્પિત કરીને શિરને સાટે સત્સંગ રાખનાર શ્રીજી મહારાજના અનન્ય ભક્તજનોમાં નાજા જોગિયા એક આગવું સ્થાન ધરાવે છે. તેઓશ્રી લાખણકા (તા.જસદણ) ના વતની હોવા છતાં સત્સંગનો પક્ષ રાખવા તે ગામનો ત્યાગ કરી, થોડા સમય ભડલી રહીને અંતે ભોંયરા ગામે સ્થિર થયેલા અને આજીવન હજૂરી પાર્ષદ તરીકે સમર્પિત જીંદગી જીવેલા. વિશેષ કરીને તેમણે મહારાજની સાથે માણકીની ખૂબ સેવા કરેલી અને જ્યારે જ્યારે મહારાજ ગુપ્તવાસમાં જતા રહેતા ત્યારે ગઢપુરવાસીઓને નાજા જોગિયામાં રામદૂત હનુમાનજીના દર્શન થતા અને નાજા જોગિયા તેમની તે ભાવના પૂર્ણ કરતા અને અપાર કષ્ટ સહન કરીને પણ શ્રીહરિને શોધીને ગઢપુર લઈ જતા.

નિર્મળ, નિખાલસ અંતઃકરણ, સંતો-સત્સંગીઓ પ્રત્યે અપાર પ્રેમ અને પક્ષ હોવાથી નાજા ભક્ત શ્રીહરિની માળામાં સ્થાન પામેલા. શ્રીહરિ નિત્ય તેમનું નામ લેતા એવા એ ઉત્તમ ભક્ત હતા. જાતિએ કાઠિ છતાં સ્વભાવે દાસ હતા અને શૂરવીર થઈને સત્સંગનો પક્ષ રાખતા.

લાખણકા ગામમાં રહેતા નાજા ભક્ત અને રામ જોગિયાએ પોતાને ઘેર આવેલા સંતોના અપમાનનો બદલો લેવા લાખા ગોવાળિયા સાથે ધીંગાણું કરેલું અને ગામ છોડીને જતા રહેલા. આ ભક્તને ત્યારે ભડલીના ભાણખાચરે આશ્રય આપેલો. ત્યાં પણ શાંતિ ન મળતા ભોંયરા આવીને સ્થિર થયેલા.

આવા નિષ્ઠાવાન આ ભક્તના શિરે એકવાર મોટી અણધારી આપત્તિ આવી પડેલી. જસદણના રાજા વાજસુર ખાચરે ક્રૂરતાપૂર્વક ફરમાન કરેલું કે તારા ભગવાન કાલ સવાર સુધીમાં જો મને દર્શન ન આપે તો હું તારા ઢીંચણ ભાંગીને કારાવાસમાં પૂરી દઈશ. શ્રીહરિ અંતર્યામીપણે આ વાત જાણી ગયા અને વિસનગરથી ભોંયરા

પહોંચેલા. વચમાં વઢવાણમાં ભાણજી મહેતાએ મહારાજને ઘેર રોકવા અતિઆગ્રહ કર્યો ત્યારે શ્રીહરિએ તેમને કહેલું વચન નાજા ભક્તની ભક્તિની સાખ પૂરે છે. શ્રીહરિ કહે -

નાજો જોગિયો ભક્ત અમારો, તેને રાજાએ દીધો છે ડારો ।
માટે ત્યાં ગયા વગર ન ચાલે, જઈ પહોંચવું આવતી કાલે ॥

વરસતા વરસાદે ભોગાવો નદીના ઘોડાપૂરને વહાણ વિના પાર કરીને શ્રીહરિ ભોંયરા પહોંચી ગયા અને ભક્તરાજ નાજા જોગિયાની રક્ષા કરેલી. સારોય સંપ્રદાય આ ઈતિહાસ જાણે છે.

અરે ! એકવાર તો મહારાજ તેના ખોળામાં મસ્તક મૂકીને સૂઈ ગયેલા. ભક્તને ભગવાન અને ભગવાનને એ ભક્ત કેવા પ્યારા હશે ! જ્યારે નાજા ભક્ત ભડલી રહેતા ત્યારે અચાનક મહારાજ પધાર્યા. થાળ જમીને કહે, ગામમાં નહીં બહાર ખુલ્લી હવામાં જઈને આરામ કરીએ. બહાર ગયા અને ઠંડી હવા જોઈને કહે ઊંઘ આવે છે. આમ કહીને -

" નાજા જોગિયાના ખોળામાંય, સૂતા શિર ધરિ શ્રીહરિ ત્યાંય "

આમ, નાજા જોગિયા એક દાસ હોવા છતાં શ્રીહરિ તેમને સખ્ય ભાવનું સુખ પણ આપતા. દુષ્કાળ વખતના ગુપ્તવાસ દરમ્યાન મેંથાણ અને ફરીના ગુપ્તવાસ શ્રીહરિ વરતાલ હતા ત્યારે ગઢપુરવાસીઓની પ્રાર્થનાથી શ્રીહરિની શોધમાં ગયેલા. નાજા ભક્તનું કરૂણ રોચક આખ્યાન શ્રી હરિલીલામૃતના સપ્તમ કળશમાં વર્ણવ્યું છે. તે કથામાં તેમની દાસત્વ ભક્તિનો દસ્તાવેજ નોંધાયો છે. જગમાલ પગીને ત્યાં નોકર બનીને આ કાઠી ભક્તએ શ્રીહરિને ગુપ્તવાસમાંથી શોધેલા. એક કાઠી કુળદીપક ભક્ત પગીને ત્યાં શ્રીહરિને શોધવા નોકર બનેલા. શ્રીજીમહારાજ ધામમાં ગયા પછી રઘુવીરજી મહારાજે તેમને ભાગવતી દીક્ષા આપી ઘનશ્યામદાસ નામ પાડ્યું હતું. જેમણે પોતાનું હૈયું હરિવરને સોંપીને આજીવન અલબેલાની આજ્ઞામાં રહેનારા નાજા ભક્તને હજારે વંદન હો...







ૐ શ્રી અલયાય નમઃ।।

# ભક્તરાજ શ્રી અલૈયા ખાચર

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસ ગગનમાં ધ્રુવતારક માફક ચમકતા અને કાઠીકુળદીપક જેવા શ્રીહરિના અનન્યાશ્રિતોમાંથી ભગવાન જેવું સામર્થ્ય પ્રાપ્ત કરનાર એકમાત્ર ભક્તરાજ નૈષ્ઠિક બ્રહ્મચારી શ્રી અલૈયા ખાચર હતા.

ભરયુવાનીમાં ભીષ્મ પ્રતિજ્ઞા કરીને આજીવન અણીશુધ્ધ બ્રહ્મચર્યની સાથે રસાળ વાણી દ્વારા અનેકના જીવનમાં જ્ઞાનદીપના ઉજાસ પાથરનારા આ ભક્તરાજનું વતન ગઢપુરથી ૧૫ કિ.મી.ના અંતરે આવેલ "ઝીંઝાવદર" હતું. બાળપણથી જ કાળ પણ કંપે એવી એમની નિષ્ઠા અને ખુમારીનું ઓજ હતું પરિણામે તેઓએ અતિક્રૂર પ્રકૃતિના પોતાના પિતા સામત ખાચરને ધર્મપરાયણ બનાવવામાં સફળ થયા હતા.

અલૈયા ખાચરની સબીજ વાતોથી અનેકના જીવનમાં ભક્તિના અંકુરો નવપલ્લવિત થયેલા. તેમના દરબારમાં આવેલો નોકર, ખેતરમાં આવેલા મજુરો પણ સત્સંગી થઈ જતા. અરે! ઈતિહાસ તો એમ કહે છે કે તેમના ઉપદેશે ૧૮-૧૮ આત્માઓએ પોતાનું જીવન સત્સંગના શરણે સમર્પિત કર્યું હતું.

એટલે તત્કાલીન ભક્તોમાં અલૈયા ખાચર જ એક એવા ભક્ત તરીકે લખાયા છે જેને ભગવાને ઐશ્વર્ય આપ્યું હોય. વીસ પાર્ષદો સાથે વાળાક દેશમાં જઈને સોટી અડાડીને સમાધિ કરાવી સત્સંગમાં નવો પ્રાણ ફૂંક્યો હતો. મતવાદિઓ માની ગયા. સ્વામિનારાયણના ભક્તમાં આટલી તાકાત છે. જે આપણા ગુરૂઓ પાસે નથી.

**"કરી ઉત્સવ ને પછી માવ, આપ્યો અલૈયાને શિરપાવ;"(ભ.પ્ર.૬૨)** કહીને નિષ્કુળાનંદ સ્વામીએ આ ભક્ત ઐશ્વર્યની નોંધ લીધી છે.

ધર્મનિષ્ઠ આ શૂરવીર ભક્તે આકરી કસોટીઓ સરળતાથી પાર કરેલી.

તેમને આ ઐશ્વર્ય કંઈ ઉપહારમાં નો'તું મળ્યું. તેમનું જીવન જોઈને તેમની નિષ્ઠા જોઈને શ્રીહરિએ તેમને તાકાત આપેલી. સત્સંગના પ્રસિધ્ધ વૃતાંત પ્રમાણે શ્રીહરિએ જ્યારે ૧૮ ગામધણીઓને સાધુ થવાની આજ્ઞા કરી ત્યારે આ રાજપુરૂષે રાજસી ઠાઠમાઠ ઘરેણાં વિગેરેનો ત્યાગ રસ્તામાં જ કરેલો. વીંટીઓ હાર-કંદોરા ઉતારી પોટલી બાંધી અને ઘોડીને ગળે પોટલી બાંધીને ઘર તરફ રવાના કરી અને પોતે શ્રી હરિની આજ્ઞા મળતા સંન્યાસ તરફ રવાના થયા. આ છે સહજાનંદી બ્રહ્મતેજ.

આ ભક્તરાજ માટે ''સાધુ થવું'' એવી શ્રીહરિની આજ્ઞા માત્ર એક આકરી કસોટી હતી વાસ્તવિકતા નહિ પરિણામે પરમેશ્વરની પુનઃ આજ્ઞા શિરે ચઢાવી તેણે સંન્યાસનો પણ ત્યાગ કરેલો. પણ પ્રતિજ્ઞા કરેલી હવે પરણવું નથી.

**''ભક્ત અલૈયે લગ્ન ન કીધું, ઉર્ધ્વરેતા તણું વ્રત લીધું.''** (હરિલીલામૃત.૭/૧૨)

એમની નિષ્ઠા અને બ્રહ્મચર્યને પ્રતાપે તેનો અવાજ માયાના આવરણોને ભેદીને અક્ષરધામ સુધી જઈ શકતો. સંતો કહે છે કે સ્વામિનારાયણનો આશ્રિત અક્ષરધામમાં જ જાય છે. '' એવી અલૈયાખાચરના વિધાનને તેના કાકાએ પડકાર ફેંક્યો. આ તારો સાથી મળદ્વારેથી દેહ મૂકી ગયો. તમે જુદા છો ત્યારે અલૈયાખાચરે સ્મશાનમાં જઈને હાંકલ કરી. '' એ જેહલા'' સાતમા સાદે જેહલો લાકડાના માચડાંમાંથી ઊભો થયો અને કહ્યું મને ધામમાંથી અહીં શા માટે બોલાવ્યો''. ત્યારે વિદ્વેષીઓ અવાક્ થઈ ગયા. પછી ફરી અલૈયાએ સ્મશાનમાં ધૂન કરાવી તે જેહલો દેહ મૂકીને ધામમાં સિધાવ્યો.

આવા આ ભક્તને પણ માનનો મીણો લાગેલો તેનો સત્સંગ અંતે છૂટી ગયેલો પણ નિષ્ઠા ઘર કરી ગયેલી એટલે અંતે અક્ષરમુક્તની પંક્તિમાં ભળી ગયા. ધન્ય છે ધન્ય છે આવા ભક્તને..



महापूजा मुक्तगाथा



ॐ श्री नान्नाय नमः॥

## શ્રી નાના ખાચર

ભગવાન શ્રી સ્વામિનારાયણના આદેશને પોતાનું જીવનસૂત્ર બનાવીને જીવન વ્યતીત કરનારા અનેક કાઠીઓમાં એક નાના ખાચરનું નામ ગૌરવ સાથે લેવાય છે.

નાના ખાચરની સેવા નાની પણ ભાવના અતિ ઊંચી હતી એટલે શ્રીહરિએ તેમને અતિ અગત્યની સેવા આપેલી. સેવામાં પણ સ્વભાવાનુરૂપ સેવા કરતા, સૌને આનંદ આવે પણ નાના ખાચરને તો શ્રીજી મહારાજની રૂચિપ્રમાણેની સેવા કરવામાં જ આનંદ આવતો. પરિણામે નાની-મોટી સેવાની એક પણ તક છોડવા તેઓ તૈયાર ન થતા.

સ્વભાવિક રીતે શ્રીહરિ જ્યાં બિરાજતા હોય ત્યાંના અગ્રણીઓને વધુને વધુ સેવાનો લાભ મળે તેથી ઘણા દિવસો સેવા, દર્શન વિનાના વ્યતિત કરવા પડે તે નાનાખાચરને મન મંજુર ન હતુ. તેથી તેમણે શ્રીહરિની અનુમતિ મેળવીને માણકી ઘોડીની સેવા મેળવેલી. જેથી નિત્ય શ્રીહરિનું સાનિધ્ય મળે. શ્રીહરિ જ્યાં જ્યાં જાય ત્યાં બહુધા તેઓ સાથે જતા અને માણકી ઘોડીની પાણી, પાવડાં, બાજરો આપવો, લાંબી મજલ કરી હોય તો ગરમ પાણીથી પગ ધોવા વિગેરે તમામ સેવા એક કાઠી હોવા છતાં જાત, કુળનું અભિમાન છોડીને કરતા અને વળી પોતે અશ્વવિદ્યાના જાણકાર અને અનુભવી હતા એટલે માણકીની સેવાથી શ્રીહરિ અતિ પ્રસન્ન રહેતા. કાઠી હોવા છતાં પણ નિર્માની ભાવે શ્રીહરિની સેવા કરનાર, માણકીની સેવા કરનાર ભક્તરાજને કોટિ કોટિ વંદન...



ॐ श्री माणिक्यै नमः।।

## માણકી

માણીગર માવાની જીવન સંગીની બનીને પોતાનું જીવન કુસુમ શ્રીહરિના ચરણે સમર્પિત કરનાર માણકી ઘોડીની કથા અતિ ચમત્કારી છે. પશુયોનિમાં જન્મ લઈને મુક્તોની પંક્તિમાં સ્થાન મેળવનાર માણકીની કથા આ પ્રમાણે છે.

જસદણના એક કાઠી પાસે જાતવંત ઘોડી હતી, તેને ચોરવા કચ્છનાં એક મિયાણાએ મહેનત કરી પણ ઘોડી હાથમાં ન આવી. ત્યાર બાદ મિયાણાનો દિકરો જસદણ આવીને એ જસદણમાં ઘોડશાળમાં અશ્વપાલ તરીકે રહીને ઘોડી ચોરી કચ્છમાં ભાગી ગયા. એક દિવસ તે આ ઘોડીને દરિયા કિનારે લાવ્યા ને ઘોડીને કાંઠે ચરતી કરી પોતે બેઠા છે. ત્યાં દરિયામાંથી એક દેવતાઈ જળઘોડો બહાર આવ્યો ને આ ઘોડી સાથે સંગ કર્યો. અગિયાર મહિને એક વછેરી જન્મી એ જ આપણી માણકી.

આ વછેરી સાથે એની 'મા'ને ભૂજના રાવે ખરીદી લીધા. એ રાવના ફટાયા કુંવરની દીકરીને મીણાપર મનુભાના કુંવર સાથે પરણાવેલા તેથી તેની પહેરામણીમાં રાવે માણકી વછેરી દીધી હતી.

આ માણકીના વખાણ મહારાજે સાંભળ્યા ને સુરાખાચાર પાસે તપાસ કરાવી. ભેંસજાળના કાયાજી બાપુ સુરાખાચરના મિત્ર. કાયાજી મીણાપરના મનુભાને ઓળખતા તેથી અષાઢી સંવત્ ૧૮૬૮ શ્રાવણ સુદ સાતમને દિવસે સુરાખાચર અને કાયાજી મહારાજને લઈ મીણાપર ગયા. મહારાજ મનુભાના ફળીયામાં પ્રવેશ્યા કે માણકીને જુગ જૂની ઓળખાણ હોય તેમ હણહણતી આવકાર દેવા લાગી. માણીગર અને માણકીની ચાર આંખો એક થઈ અને એ અબોલ પ્રાણીની આંખમાંથી ટપટપ આસું ખર્યા.





મહારાજે ઝટપટ માણકી પાસે જઈ માથે જમણો હાથ મૂક્યો. કેશવાળી સવારી ને માણકીને હૈયે શાતા વળી ગઈ. મનુભા હાજર ન હતા પણ તેમની દશ વર્ષની નાની દીકરીએ મહારાજને જોયા અને વંદન કરી કહ્યું " ભલે બાપુ ઘેર નથી પણ શા માટે આવ્યા છો એ તો કહો. "

અમારે આ માણકી સ્વામિનારાયણ ભગવાનને આપવી છે. ત્યારે મનુભાની નાનકડી દીકરી મોંઘીબા કહે એમાં શું ? ભગવાનને જોઈતી હોય તો હું આપું. એમ કહી માણકીની સરક ઝાલી મહારાજ પાસે લાવ્યા ને મહારાજ તથા માણકીને ચાંદલો કર્યો. પછી પગે લાગી માણકી મહારાજને અર્પણ કરી. મહારાજ એમના ઉપર રાજી થઈને ૬૦ રૂપિયા અને સાકરની પ્રસાદી આપીને કહ્યું મોંઘી બા ! તમે બહુ મોંઘા થશો. રાજરાણી થશો. એમ કહી આર્શીર્વાદ આપ્યા. સમય જતા મોંઘીબાના લગ્ન ગોંડલ નરેશ સંગ્રામસિંહજી સાથે થયા હતા.

માણકી દેવતાઈ ઘોડી હતી. માણકી મહારાજની મરજીને જાણીને જ ચાલતી. અલબેલા ઘણીવાર માણકી નચાવતા અને જાત જાતની ઠેક, કળા,ગતિ, મરોડ, કૂદાન વગેરે બતાવતા અને ગરૂડની ગતિનો મદ હરી લે તેમ માણકી ચાલતી. "ગરૂડ લાજ લોપી માણકીએ સોઈ" કહીને પ્રેમાનંદ સ્વામીએ તેની ગતિની પ્રશંસા કરી છે. કુદરતી કોપ કે ધાડા - ધીંગાણા જેવો કોઈ માઠો બનાવ બનવાનો હોય તો ચાલીસ દિવસ અગાઉ તે માણકી ને ખબર પડી જતી.

માણકીને કોઈ શેતાન સ્પર્શ કરે તો તેની શેતાનિયત દૂર થઈ જતી અને તેના હૃદયમાં ભક્તિના અંકુર ફૂટી જતા. શ્રીજી મહારાજ અંતર્ધાન થયા પછી માણકીએ અન્ન જળ છોડી દીધા હતા. વ્હાલાના વિરહમાં ઝૂરતી આ અશ્વિનીએ મહારાજના તેરમાને દિવસે દેહ છોડી દીધો! માણકીની દફન વિધિ લક્ષ્મીવાડીમાં જ્યાં કરેલી તે સ્થળે સ્મૃતિ ઓટો હાલ મોજુદ છે.

માણીગર માવાને મન વ્હાલી થઈને સદૈવ તેમને દેશ-દેશાંતર વિચરણ કરાવનાર માણકીના ચરણોમાં કોટિ કોટિ વંદન...



ॐ श्री लक्षाय नमः।।

## ભક્તરાજ શ્રી લાખાજી

શ્રીજી મહારાજની પરાવાણીને ઝીલીને અનેક પરમહંસો તથા ભક્તો થયા. જેનું સદ્‌વર્તન જોઈને અન્ય લોકો પણ સાક્ષી પુરતા કે આ ખરા ભક્ત છે. એવું કોઈથી થવાય નહિ “જેના વેરી ઘાવ વખાણે” એવા અનેક મહાપુરૂષો સંત પાર્ષદ તથા ભક્તો થઈ ગયા. જેનાથી સત્સંગ વાટિકા સદા મધમધતી રહી છે.

એવા જ એક ભક્તરાજ લાખા ભગત હતા. તેઓ મૂળ ગઢડાના હતા. બાળપણથી જ ભગવત્‌ પ્રેમ અને શૂરવીરતા હતી. સ્વભાવ નીખાલસ, સરળ અને શાંત અને ગંભીર હતો. સાચી સમજણ થતાં શ્રીજી મહારાજની ઓળખાણ થઈ અને તેમના આશ્રિત થયા.

લાખા ભક્ત માટે ઈતિહાસમાં કોઈ પ્રસંગ ઉપલબ્ધ નથી. પરંતુ તેઓ શ્રીજી મહારાજના પાર્ષદ હતા તેવો ઉલ્લેખ મળી આવે છે. શ્રીજી મહારાજ જ્યાં ફરતા તેમની સાથે લાખા ભક્ત પણ હતા. તેથી શ્રીજી મહારાજના ચરણે પોતાનું જીવન પુષ્પ અર્પણ કરી સદા પાર્ષદ રહીને સેવા દ્વારા પ્રેરણાનો પૂંજ પાથરનારા લાખા ભક્તના ચરણોમાં વંદન...









ॐ श्री गालवाय नमः।।

## ભક્તરાજ શ્રી ગલુજી

લોયાના ત્રીજા વચનામૃતમાં સ્વયં શ્રીજી મહારાજ જેમને માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચયવાળા ભક્તરાજનું બિરૂદ આપે છે એવા પરમ ભક્તરાજ શ્રી ગલુજી મહેમદાવાદ તાલુકાના “ડડુસર” ગામના વતની હતા. જાતિએ કાઠી પણ બ્રાહ્મણ જેવા થઈને ભગવાન શ્રીહરિને રાજી કરવાં મથતા. તેમની નિષ્ઠા-ભક્તિના મૂલ્ય સ્વયં મહારાજ પણ ચૂકવી શકે તેમ ન હતા. તેથી જ શ્રીહરિ તેમની નિત્ય સંભાળ રાખતા.

એકવાર સંધ્યા ટાણે સ્વારે આવીને કાગળ આપ્યો આજે અત્યારે જ ઘરવખરી ગાડામાં ભરીને વડથલ મહારાજે તેડાવ્યા છે. ગલુજીએ કંઈ પણ વિચાર્યા વિના તમામ સામાન ગાડામાં ભરી વડથલની વાટ લીધી. અડધી રાત્રે જૂના વેર વાળવા ગરાસીયા ખુલ્લી તલવારે આવ્યા ને ગલુજીને લલકાર્યા ત્યારે વૃદ્ધ માતાએ કહ્યું તેને તો ઘરસામાન સાથે સ્વામિનારાયણ ભગવાને વડથલ તેડાવ્યો છે તે ત્યાં ગયો છે. સૌ સ્તબ્ધ બની ગયા. “ રામ રાખે તેને કોણ ચાખે ” નો આજ પ્રત્યક્ષ દાખલો મળી ગયો. અંતે આ માજીને પોતાનો ઈરાદો અને અફસોસ કહીને પાછા ગયા.

ગલુજીને શ્રીહરિએ બીજે દિવસે ત્યાંથી પાછા મોકલ્યા. ઘેર આવીને જ્યારે માના મુખે બનેલી બીના સાંભળી ત્યારે આંખે આંસુ આવી ગયા. આ જ ગલુજીએ એકવાર મહારાજ પધાર્યા ત્યારે જ તેમની માતાનો અક્ષરવાસ થતા તેને કપડામાં બાંધી એક બાજુ મૂકીને ઉત્સાહભેર મહારાજને વધાવેલા ને સત્સંગનો લાભ લીધેલો. અંતે જ્યારે મહારાજ જતા હતા ત્યારે અધુરું કાર્ય પૂર્ણ કરવાની ભલામણ કરીને ભેટવા લાગ્યા. ગલુજી કહે પ્રભુ ! સૂતકી છું, શ્રીહરિ કહે સૂતકી આખું જગત છે મને ભજનારો સદા પવિત્ર છે. ભેટી પડ્યા અને અમી દ્રષ્ટિ કરીને ગલુજીના નામને પ્રાતઃ સ્મરણીય બનાવી દિધું એવી કરૂણા કરી.

પ્રભુને વધાવવા લોક-લાજ, લોક વ્યવહારનો ત્યાગ કરનારા તથા નિઃશંક આજ્ઞાપાલક આવા વિરલ ભક્તના ચરણે વંદન...

INDEX





ॐ श्री कुबेरसिंहाय नमः।।

## પાર્ષદશ્રી કુબેરસિંહ

શ્રીહરિના અંગ રક્ષક છડીદાર પાર્ષદશ્રી કુબેરસિંહ ભક્તરાજ અમદાવાદના વતની હતા. તેઓએ પોતાના અમૂલ્ય જીંદગીના સુવર્ણ સમયને શ્રીહરિની સેવામાં સમર્પિત કરી દિધો હતો. રાત્રી દિવસ તેઓ સત્સંગ સંતો અને શ્રીહરિની સેવામાં જ વીતાવતા. સ્વભાવે નિડર શરીરે ખડતલ અને વહિવટની આગવી કોઠાસૂજ ધરાવતા આ ભક્તરાજનો અવાજ બૂલંદ હતો. એટલે જ્યાં જ્યાં શ્રીજીની સવારી નીકળે ત્યાં તેઓ આગળ છડી પોકારતા.

આગવી વ્યવહાર કુશળતા, નિખાલસતા અને સમર્પણ ભાવનાના પ્રતાપે અમદાવાદ દેશના જ નહિ સમગ્ર સંપ્રદાયના સર્વપ્રથમ મંદિર નિર્માણના કાર્યમાં આ ભક્તરાજશ્રીને ખૂબ જ મોટી સેવાની તક મળેલી. તેમના આગવા વ્યક્તિત્ત્વથી સ્વયં અંગ્રેજ અધિકારીઓ પણ તેમને સન્માનભરી દ્રષ્ટિએ નિહાળતા, તેથી શ્રીહરિ જ્યારે જ્યારે અમદાવાદ પધારે અને ગવર્નરને મળવાનું હોય ત્યારે મધ્યસ્થી અને સંદેશાવાહકની જવાબદારીભરી સેવા આ કુબેરસિંહ ભક્ત જ બજાવતા. તેમની રજૂઆત કરવાની કળા અને વાક્છટા સૌને હા પડી જાય એવી આગવી અને અનોખી હતી પરિણામે અમદાવાદ મંદિર નિર્માણની જગ્યા મેળવવાથી લઈને બાંધકામ સુધીની તમામ કાર્યવાહિઓમાં અંગ્રેજ કચેરીને લગતી કાર્યવાહી ઘણી જ સરળ થઈ પડતી.

આમ વર્ષો સુધી શ્રીહરિના પાર્ષદ તરીકે રહીને સેવા કરનાર ભક્તરાજને શ્રીહરિએ અંતમાં અમદાવાદ મંદિરમાં કોઠારીપદે નિયુક્ત કરેલા અને વર્ષો સુધી તેમણે સેવા કરેલી એવું જાણવા મળે છે.







ॐ श्री मानसिंहाय नमः।।

## ભક્તરાજ શ્રી માનસિંહજી

જેમનું જીવન સાંસારિક પદાર્થોમાં અનાસક્તભાવવાળું હતું, જેમનો સ્વભાવ સરલ, શાંત, સહિષ્ણુ અને આનંદી હતો. પરોપકારમય જેમની નિષ્કામપ્રવૃત્તિ હતી. જેમનું મન નિર્વેર, નિર્દોષ અને વિશાળભાવનાવાળું હતુ. જેમનું જીવન વિનય, વિવેક, સંતોષ, ધૈર્ય, દયા અને ક્ષમા જેવા સદ્‌ગુણોથી મંડિત હતું. જેમને પરમપિતા પરમાત્મામાં પ્રિતી થતા હૈયુ ભક્તિભાવનાથી રંગાઈ ગયું હતું એવા પાર્ષદવર્ય માનસિંહ ગઢડાના વતની હતા. સંપ્રદાયના ઈતિહાસમાં એમનો કોઈ પ્રસંગ ઉપલબ્ધ નથી પરંતુ તેઓ મહારાજના અગ્રગણ્ય પાર્ષદોમાંના એક પાર્ષદ હતા. તેઓ શ્રીજી મહારાજ સાથે ગામડે ગામડે સત્સંગ પ્રચાર પ્રસાર કરવા માટે ફરતા હતા. શૂરવીરતા અને ભગવન્નિષ્ઠ સ્વભાવ હોવાથી મહારાજને પણ તેમને પ્રત્યે હેત હતુ. શ્રીજી મહારાજને સ્વાર્પણ કરી તેમની મરજીમાં જીવન જીવી અનેકને આદર્શ ભક્તનો પાઠ ભણાવનાર પાર્ષદવર્ય માનસિંહના ચરણોમાં નમસ્કાર...



ॐ श्री भीमाय नमः।।

## ભક્તરાજ શ્રી ભીમ ભક્ત

ભગવાન શ્રી સ્વામિનારાયણના હજૂરી સેવક અને "શ્રી હરિલીલાકમલ ભાસ્કર" ના રચયિતા ભક્તરાજ શ્રી ભીમજી ભક્ત શ્રીહરિના હૈયાના હારસમા ભક્ત હતા છતાં તેમને શ્રીહરિએ અનેકવાર આકરી કસોટીમાં કસી કસીને શુધ્ધ કરેલા.

આજીવન શ્રીહરિની સેવામા હજૂર રહેનાર અને સંપ્રદાયને ૫૭ મયુખનો ‘‘શ્રીહરિલીલાકમલ ભાસ્કર’’ ગ્રન્થ ભેટ આપનાર ભક્તજનની જીવન ગાથા સંપ્રદાયના પૃષ્ઠો નોંધાયેલ નથી. પરંતુ એક અતિ રોચક પ્રસંગ લખાયો છે.

દેશાંતરમા વિચરણ કરી ગઢપુર પધારતા વાલમના વધામણા વખતે શ્રીહરિની સમીપે ચાલતા પાર્ષદ શ્રી ભીમ ભગતે બંદૂકનો અવાજ કર્યો ત્યારે માણકીના કાન પાસેથી દારૂ અને કાગળનો લતો પસાર થતાં ઘોડી ચમકી અને શ્રીહરિ નારાજ થઈ ગયા. ભીમજી ભગતના હાથમાંથી બંદૂક લઈને પથ્થર પર પછાડીને તોડી નાંખી અને ગુસ્સે થઈને જંગલમાં કાઢી મૂક્યા  છતાં તેમને શ્રીજીનો અભાવ ન આવ્યો. ઘેલાના સામે કાંઠે ઝૂંપડી કરીને ત્યાં ભજન કરવા લાગ્યા.

ભીમજી ભગત શ્રીહરિના દર્શન વિના અન્ન-જળ લેતા નહિ. ત્રણ-ચાર ઉપવાસ થયા. એક દિવસ બ્રહ્માંનદ સ્વામી ઘેલામાં સ્નાન કરતા હતા ત્યારે તેમણે સ્વામી પાસે શ્રીહરિના દર્શનની અરજી કરી.

સાંજે બ્રહ્માનંદ સ્વામી મહારાજને લઈને ઘેલામાં સ્નાન કરવા આવ્યા ત્યારે ભીમ ભક્ત આવીને જય શ્રી સ્વામિનારાયણ કહીને દંડવત્ કરવા લાગ્યા. આ જોઈ બ્રહ્માનંદ સ્વામી શ્રીહરિનું કાંડું પકડીને કાંઠે લઈ આવ્યા અને પાણી ભરેલું મોટુ તુંબડું ભીમ ભક્તના માથે ફોડ્યું ત્યારે બંદૂક જેવો ભડાકો થયો. ત્યારે સ્વામી દુલડો દુહો બોલ્યા :-

ભીમ ભડાકા કીયો ઘોડી કે કાનમે, તબ ખીજે કિરતાર આવે બહુ તાનમેં ।

લીની હાથ બંદુક પછાડી પાનમે, ભીમ તેરા નહીં કામ ચાલ્યા જા રાનમેં ॥

આમ ત્રણવાર ખેલ કરીને સ્વામીએ મહારાજને રાજી કર્યા. અંતે મહારાજ સ્વામી અને ભીમ ભક્ત બન્નેને ભેટ્યા અને દરબારગઢમાં આવીને જીવુબાને કહીને ભક્તને પારણાં કરાવ્યા અને સેવામાં રાખ્યા.

( નોંધ : હજુરી પાર્ષદ ભીમ ભક્ત લિખીત ગ્રન્થ ભૂજ મંદિર તરફથી ઈ.સ.૧૯૮૪માં છપાયો છે. )







ॐ श्री अर्जुनाय नमः॥

## અર્જુન ભગત

શ્રી હરિનું નાનુ વચન લોપાય તો પણ મહદ્ વચન લોપાય એવા આજ્ઞાનુસંધાનના આગ્રહી ભક્તરાજશ્રી અર્જુન ભગત દાસાનુદાસ થઈને સત્સંગના ઈતિહાસમાં સેવકનો આદર્શ પ્રસ્થાપિત કરી ગયા છે. તેઓ દાદા ખાચરની ગાયો-ભેંસો ચરાવવાની સેવા કરતા.

અર્જુન ભગતના જીવન વિશેની એક જ વાત એવી જાણવા મળી છે કે સત્સંગી માત્રને પ્રેરણા લેવા જેવી છે. એક સમયે અર્જુન ભગત ગાયો ચરાવતા હતા ત્યાં અચાનક એક દીપડાએ ગાય ઉપર હુમલો કર્યો. ત્યારે આ સહજાનંદી સિંહે ગાયને બચાવતા દીપડાં પર વાર કર્યો. મોટો પથ્થર લઈને માથા પર ઘા કર્યો અને ત્યાં જ દીપડો મરી ગયો. ત્યારે તેમને આનંદને બદલે દુઃખ થયું. તેમનું હૈયું કંપી ઉઠ્યું. શ્રીહરિએ તો મચ્છર સરખા જીવની હિંસા કરવાની પણ ના પાડી છે ને મારાથી તો આ અતિ મોટા જીવની હિંસા થઈ ગઈ. મે અતિ મોટુ પાપ કર્યું છે. આમ માનીને મૂંઝાઈ ગયા.

આ પોતાની ભૂલનું પ્રાયશ્ચિત લેવા તેઓ સ્વયં શ્રીહરિ સામે હાથ જોડીને ઉભા રહ્યા અને દર્દભર્યા સ્વરે પોતાની ભૂલની કહાની  કહીને પ્રાયશ્ચિતની માંગણી કરી ત્યારે શ્રીજી મહારાજ અતિ રાજી થયા અને કહ્યું તમે હિંસક પ્રાણીથી ગાયની રક્ષા કરી છે તે અતિ મોટા પુણ્યનું કામ કર્યુ  છે. આમ કહીને શ્રીહરિએ તેમને થાળની પ્રસાદી આપીને શોક દૂર કર્યો.

આવા હતા એ ભક્તરાજ. તેમના જીવનમાં તેમણે એક પણ શ્રીહરિની આજ્ઞાનો લોપ થવા દીધો નથી. અર્જુન ભગત વરતાલ મંદિરની પ્રતિષ્ઠા વખતે શ્રી હરિની માથે છત્ર લઈને સતત સેવામાં રહેલા.

ધન્ય છે આવા આજ્ઞાપાલક ભક્તોના જીવનને...



ॐ श्री प्रेमानन्दमुनये नमः॥

## પ્રેમસખી - પ્રેમાનંદ સ્વામી

ભારતવર્ષના ભક્તિ કાવ્યોના વારસમાં જેમનું નામ એક મહાકવિ તરીકે ગૌરવભેર લેવામાં આવે છે એવા પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી સ્વામિનારાયણીય અષ્ટકવિઓમાં મુઠ્ઠી ઉંચેરૂ નામ ધરાવે છે. " સ્વામિનારાયણ સંપ્રદાયની ગોપી " નું બિરૂદ મેળવનાર આ મહાપુરૂષના જન્મ વિષે અનેક કિંવદન્તિઓ છે.

પ્રચલિત કથા પ્રમાણે અંદાજે વિક્રમ સંવત્ ૧૮૩૫ થી ૪૦ ની વચ્ચે ભરૂચ જિલ્લાના 'દોરા' ગામે ગાંધર્વજાતિમાં સ્વામીનો જન્મ થયો હતો. બાળપણનું નામ 'હાથીરામ' હતું. પાંચ વર્ષની નાજુક અવસ્થામાં માત-પિતાથી વંચિત થયેલ આ બાળક નિરાધાર અવસ્થામાં નોધારાના આધાર અવિનાશીની શોધમાં વૈરાગીઓના ઝુંડમા ફરતાં-ફરતાં એક સાગર સરિતામાં મળે તેમ સહજાનંદ સુખસિન્ધુમાં મગ્ન થઈ ગયા. વૈરાગીઓ હાથ ઘસતા રહ્યા અને હાથીરામ વરતાલ વિહારીને શરણે જઈ સંત થઈ ગયા. શ્રીહરિએ "નિજબોધાનંદ" નામ આપ્યું. તેમણે કુદરતી બક્ષિસ કવિત્ત્વ શક્તિને શ્રીહરિના કાવ્યમાં વાપરીને ઉજળી કરવાની શરૂઆત કરી, પણ અંતે નામાચરણમાં કઈ પ્રાસની-લયની ખામી જણાતા શ્રીહરિએ તેમને "પ્રેમાનંદ સ્વામી" આવું નામ આપ્યું. પાછળથી તેમની કાવ્ય પંક્તિઓમાંથી નિતરતી સખ્યભક્તિને જોઈને "પ્રેમસખી" એવું પણ નામ સ્વયં શ્રીહરિએ જ આપ્યું હતું.

શ્રીજી મહારાજે તેમને દીક્ષા આપ્યા પછી સંગીતની વિશદ્ તાલીમ લેવા માટે બુરાનપુર મોકલેલા. એથી રાગ-રાગિણિ-યતિ-માત્રા-સૂર અને લયનું જ્ઞાન વૈજ્ઞાનિક બની ગયું. એમના વિજ્ઞાનમાં પ્રભુ પ્રેમની વસંત મધમધી ઉઠી પછી કહેવું જ શું? સ્વયં શ્રીહરિ ભરસભામાં ઉભા થઈને હાથ જોડીને વંદના કરવા તૈયાર થઈ જાય.





એવી એમની ભક્તિ રસ તરબતર વંદુની ગરબીઓ છે. પ્રગટ પરબ્રહ્મના સ્વરૂપ, લીલા અને સૌન્દર્યના પદો પ્રેમસખી જેટલા ભાગ્યે જ કોઈના હશે. આજે સંપ્રદાયના પ્રત્યેક મંદિરોમાં નિત્યપ્રતિ "પ્રથમ શ્રીહરિને રે. ચરણે શીશ નમાવું" વિગેરે પ્રેમસખીના પદોનું ગુંજન સંભળાય છે.

પ્રેમાનંદ સ્વામી રચિત વિપુલ સાહિત્ય રાશિમાંથી ચારેક હજાર પદ પ્રાપ્ય છે. જે "પ્રેમાનંદ કાવ્ય " નામના ગ્રન્થમાં સંકલિત કરવામાં આવ્યા છે.

આજે પણ ગુજરાતી સાહિત્ય બાગનો એક ક્યારો જેમના પદ સર્જનથી મધમધતો રહ્યો છે એવા પ્રેમાનંદ સ્વામીએ સૌથી વધારે વિરહના પદો રચ્યાં છે. કારણ કે તેમણે પંદર વર્ષ શ્રીજીના સહવાસમાં અને ૨૫ વર્ષ વિરહાવસ્થામાં વિતાવ્યા છે. કવીશ્વર દલપતરામની નોંધ પ્રમાણે સ્વામી ૭૧ વર્ષની વયે સંવત્ ૧૯૧૧ કાર્તિક વદ અમાસના રોજ ગઢપુરમાં ભૌતિક દેહનો ત્યાગ કરીને વિરહ આગ બુઝાવવા પરબ્રહ્મના પ્રત્યક્ષ સુખોપભોક્તા બન્યા.





ॐ श्री देवानन्दमुनये नमः॥

# સદ્‌ગુરુ શ્રી દેવાનંદ સ્વામી

પરાત્પર પરબ્રહ્મ શ્રીસ્વામિનારાયણ ભગવાનના દિવ્ય અને માનુષિક ચરિત્રોને રસમય કાવ્યનું સ્વરૂપ આપનાર સંપ્રદાયના પ્રસિધ્ધ અષ્ટકવિઓમાં દેવાનંદ સ્વામી આગવું સ્થાન ધરાવે છે.

તેઓનું વતન અમદાવાદ પાસે ‘‘બળોલ’’ ગામ હતું. પિતાશ્રી જીજીભાઈને ત્યાં માતા બેનજીબાની કૂખેથી સંવત્ ૧૮૫૯ ના કારતક સુદ-૧૫ ના દિવસે તેમણે આ ધરાને પાવન કરેલી. પરિવાર શંકરજીનો ઉપાસક હતો. પિતાજીની સાથે મહાદેવજીના દર્શને ગયેલા બાળક દેવીદાનને સંકલ્પ થયો કે ‘‘ ભગવાન મારી પ્રત્યક્ષ સેવા ન સ્વીકારે ’’ નિર્મળ હૃદયમાં ઉઠેલા આ શ્રદ્ધાના તરંગોથી ભીંજાયેલા ભોળાનાથે પ્રગટ થઈને કહ્યું કે તમને પ્રગટ ભગવાન મળશે. બળોલ ગામમાં પધારે અને જેની જીભ કોણીએ અડે એ ભગવાન. નિશાની આપી ભોળાનાથ અદ્રશ્ય થયા, પણ તેમના હૃદયમાં એ દ્રશ્ય સ્થિર થઈ ગયું.

શ્રીહરિને મળવાની ચાનક લાગી, એવામાં એ ધન્ય દિવસ આવી પહોંચ્યો. જેતલપુર યજ્ઞ કરીને શ્રીહરિ બળોલ પધાર્યા. ખટાણે દુધની તાંસળી ભરીને અર્પણ કરી. મહારાજે તેનું પાન કર્યુ અને કોણીએ રેલા ઉતરેલા તે જીભે કરીને ચાટવા લાગ્યા. બસ, દેવીદાન દંગ થઈ ગયા. આજ મારા પ્રિતમના દર્શન થયા, શરણે ગયા અને મહારાજે તેમને દીક્ષા આપીને ‘દેવાનંદ’ નામ આપીને બ્રહ્માનંદ સ્વામીને સોંપ્યા. તેમણે ચારણકુળના સંસ્કાર જાગૃત કર્યા અને કવિત્વ બક્ષ્યું. પિંગળની સાથે ગાયકી અને સિતારવાદન તેને કુદરતે બક્ષિસમાં આપેલા. સમય જતા દેવાનંદ સ્વામી એક સફળ સંતકવિ તરીકે ઉપસી આવ્યા. તેમનું કાવ્ય સૌષ્ઠવ મન-મોહક અને આહ્લાદક છે. તેઓ કવીશ્વર દલપતરામના પણ કાવ્ય ગુરૂ હતા. દલપતરામે કાવ્યવિજ્ઞાન મૂળિમાં સ્વામીજી પાસેથી મેળવેલું. સદ્‌ગુરૂ બ્રહ્માનંદ સ્વામી ધામમાં ગયા પછી દેવાનંદ સ્વામી મૂળી મંદિરના મહંત બનેલા અને આજીવન મંદિરની સેવા કરેલી.

અંતે સંવત્ ૧૯૧૦ શ્રાવણ વદ નોમના દિવસે પોતાના કૃપાપાત્ર સેવકને બોલાવીને કહ્યું કે આવતી કાલે મારે ધામમાં જવાનું છે, માટે વિમાન તૈયાર કરાવી રાખો. સહું કોઈને આશ્ચર્ય થાય એમ શ્રાવણ વદ ૧૧ ના દિવસે સ્વામી શ્રીહરિની સાથે અક્ષરધામ સિધાવ્યા છતાં તેમના કાવ્ય કીર્તિમય દેહ આજે પણ સત્સંગનું પોષણ કરી રહ્યો છે.



महापूजा मुक्तगाथा



ॐ श्री ज्ञानानन्दमुनये नमः॥

# સદ્‌ગુરુ શ્રી જ્ઞાનાનંદ સ્વામી

સાહિત્ય, ચિત્ર અને સંગીત જેવી લાલિત્ય-સભરકળાઓના પોષક ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત સંગીતજ્ઞ કવિઓમાં શ્રી જ્ઞાનાનંદ સ્વામીનું એક મુઠ્ઠી ઉંચેરુ નામ હતું. તેઓ ગાન વિદ્યામાં જેટલા કુશળ હતા એટલા જ સિતારવાદનમાં પણ ઉસ્તાદ હતા.

સંપ્રદાયના ઈતિહાસમાં આ એક જ્ઞાનાનંદ સ્વામીની નોંધ લેવાય છે. તેઓશ્રી લખનૌના વણિક હતા. વૈરાગ્યના વેગે તેમણે અસાર સંસારનો ત્યાગ કરીને પરમસાર શ્રીહરિને પ્રત્યક્ષ મેળવેલા અને પોતાની તમામ શક્તિ તેમના ચરણે ધરીને જીવનને ધન્ય બનાવેલું.

આ જ્ઞાનાનંદ સ્વામીએ ‘‘શ્રી સ્વામિનારાયણ’’ મહામંત્રનો ધ્વજ લખનૌના રાજદરબાર સુધી ફરકાવ્યો હતો. તેમની સંગીતકલાથી મુગ્ધ નવાબના મુનિમ ‘‘વેણીરામ શેઠને’’ સર્વોપરીપણાની ઉપાસના કરાવી દ્રઢ સત્સંગી કરેલા. સત્સંગની દ્રઢતા થતાં તેમના અંતરે અવિનાશીના દર્શનની ચાનક લાગી ત્યારે જ્ઞાનાનંદ સ્વામી સાથે ગઢપુર શ્રીહરિના દર્શને આવેલા.

શ્રી જ્ઞાનાનંદ સ્વામીએ શેઠનો પરિચય આપી તેમને શરણે લેવા વિનંતી કરી. મહારાજે દૂર સુદૂર સત્સંગનો અભંગ રંગ લગાવવાની જ્ઞાનાનંદ સ્વામીની ઉમંગભરી પ્રવૃત્તિને બિરદાવી અને રાજીપો વ્યક્ત કર્યો અને શેઠને શરણે લીધા. શેઠ એક માસ સુધી ગઢપુર રહેલા.

જ્ઞાનાનંદ સ્વામીનો પરિવાર પણ સત્સંગી થયેલો. તેમના ભાઈશ્રી વેણીરામ ચરણે, ઈચ્છારામજી મહારાજ જ્યારે મહારાજને મળવા માટે આ દેશમાં આવતા હતા ત્યારે લખનૌમાં પોતાને ત્યાં પાંચ દિવસ રાખી, સેવા કરીને ગ્વાલિયર સુધીનું ખર્ચ આપેલ.



ॐ श्री गुणातीतानन्दमुनये नमः।।

## સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી

શ્રીજી મહારાજ અંતર્ધાન થયા પછી સંપ્રદાયના વિકાસમાં સિંહફાળો આપ્યો હોય તેવા સંતોમાં જેમનું પ્રથમ નામ છે એવા સંત સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી.

સ્વામીશ્રીનો જન્મ સંવત્ ૧૮૪૧ માં ભાદરા ગામમાં થયો હતો. તેમના પિતાશ્રીનું નામ ભોળાનાથ અને માતાનું નામ સાકરબાઈ હતું. બાળપણનું નામ મૂળજી હતુ. તેમને નૈસર્ગિક ભક્તિની શક્તિ પ્રાપ્ત થયેલી. સંસારથી ઔદાસીન્ય સ્વતઃ થયેલું. બાળપણથી ભક્તિસૌન્દર્યમાં ડૂબી ગયેલા છતાં સંસાર વ્યવહાર સારી રીતે કરતા.

એકવાર શેરડીના વાઢમાં કામ કરી રહેલા મૂળજી ભક્તને શ્રીજી મહારાજે દર્શન દઈને મર્મભરી વાણીમાં કહ્યું ! આપણે શું કરવા આવ્યા છીએ ને આ શું કરો છો "બ્રહ્મતેજ" કયાં સૂકાઈ ગયું છે? આ પ્રશ્નના ઉત્તરમાં સ્વામીએ તત્કાળ ગૃહસંસાર છોડીને સંન્યાસ તરફ પ્રયાણ કર્યુ. સંવત્ ૧૮૬૬ માં દીક્ષા લીધી અને મૂળજીમાંથી "ગુણાતીતાનંદ સ્વામી" બન્યા. સાધના અને જાગૃતતાને કારણે તેમને એવી ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરેલી કે તેઆને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ; આ ત્રણે અવસ્થામાં અખંડ મૂર્તિના દર્શન થતા. પળવાર વિસ્મરણ થાય તો તાળવું ફાટી જાય. એવી સ્થિતિને પામેલા.

સંપ્રદાયમાં આવેલા ધૂરંધર સંતોમાંથી કોઈએ પોતાના જ્ઞાનથી, કોઈએ કવિત્વ શક્તિથી, કોઈએ સંગીતથી, કોઈએ વૈદુષ્યથી સંપ્રદાયની સેવા કરી ઈતિહાસના પાને આદર સહિત સ્થાન મેળવ્યું હતું. તેમાં અખાના કાવ્યમય ચાબખા કરતાં પણ વધુ વેધક અને સચોટ વાતોના પડકારથી સાંપ્રદાયિક ક્ષિતિજે પોતાની આગવી છાપ ઉપસાવનાર સંત ગુણાતીતાનંદ સ્વામી છે.

શ્રીજી મહારાજ પ્રત્યેની નિષ્ઠા જેની વાતોમાં આજે પણ કર્ણપટલને પવિત્ર કરવા ગુંજી રહિ છે. એવા આ સંતની વાતો કરવાની કળા નિસર્ગની આગવી દેન





હતી. સાંભળનારના હૃદય સોંસરી ઉતરે નહિ તો તે સ્વામીની વાત ન હોય. ગરીબથી માંડીને વિદ્વાનો અને રાજા - મહારાજાઓને પણ એક સરખી જ વાતથી ભક્તિનું ભાતું પીરસતા. માત્ર આ સંપ્રદાયમાં જ નહિ પણ જૂનાગઢના મુસ્લીમ બિરાદરોમા પણ આ સંતની સાધુતાનો સારો એવો પ્રભાવ હતો.

લગભગ ૪૧ વર્ષ સુધી જૂનાગઢ મંદિરના મહંતપદે રહીને સર્વોપરી નિષ્ઠાની ખુમારી ભરી વાતો કરનાર આ સંતવર્યએ સંવત્ ૧૯૨૩ માં ગોંડળમાં શ્રીહરિ ઈચ્છાએ આ દેહનો ત્યાગ કરીને શ્રીજીનું સાનિધ્ય મેળવ્યું. કોટિ કોટિ વંદન આ સંત પુરૂષના ચરણે...



ॐ श्री योगानन्दमुनये नमः।।

## સદ્‌ગુરુ શ્રી યોગાનંદ સ્વામી

યોગાનંદ સ્વામીના નામે સમ્પ્રદાયના પાને એક કરતા વધારે સંતો નોંધાયા છે. એક યોગાનંદ સ્વામી સંસ્કૃત ભાષાના પ્રકાંડ પંડિત હતા અને તેઓ મોટા યોગાનંદ સ્વામીના નામે ઓળખાતા અને કાઠિઓના ગુરૂ કહેવાતા. બીજા યોગાનંદ સ્વામી ગાનવિદ્યામાં કુશળ હતા. તેઓ ગદ્‌ગદ્ કંઠે ભાવિવિભોર થઈને કોયલકંઠે કીર્તન કાવેરી વહાવતા ત્યારે સ્વયં સંતપતિ શ્રીહરિ પણ તેમનાં ભાવાર્ણવમાં સ્નાન કરીને ધન્યતા અનુભવતા અને તેમને ભક્તિભાવનાને બિરદાવતા.

શ્રી યોગાનંદ સ્વામીએ શ્રીહરિના પ્રિય ગાયકોમાં આદરભર્યુ સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ એજ એમની ગાયન સાધનાની સિદ્ધિ હતી. આજે પણ ગૌરવ સાથે તેમને શ્રીજી સમકાલીન ગાયક સંતોની પંક્તિમાં પૂજવામાં ાવે છે. છતા "ઈદમિત્થમ" કહિ શકાય તેવી કોઈ ચોક્કસ માહિતિ તેમના વિષેની મળતી નથી. પણ મહાપૂજમાં ગાયક સંત તરીકે તેમની સ્થાપના અને પૂજન કરવામાં આવે છે એના પરથી એટલુ ચોક્કસ કહિ શકાય કે તેઓ એક સારા ગવૈયા સંત હતા. શ્રીહરિને પ્રસન્ન કરી ગવૈયા સંત તરીકે જીવન વ્યતિત કરનાર આ સંતના ચરણે વંદન....



ॐ श्री प्रज्ञानन्दमुनये नमः॥

## સદ્‌ગુરુ શ્રી પ્રજ્ઞાનંદ સ્વામી

મહારાજના વિરાટ નભો મંડળમાં અનેક તેજસ્વી નક્ષત્ર મંડળો શોભતાં હતાં. તેમાં નિત્યાનંદ સ્વામીના મંડળમાં અનેક તેજસ્વી ગ્રહ તારલાઓ હતા. જેમાંના પ્રજ્ઞાનંદ સ્વામીએ નિઃસ્વાર્થ, ઉદાર હૈયાથી કઈક પામર અને ક્રુર સ્વભાવના માનવીઓને પુણ્યાત્માં બનાવી ભગવદનુરાગી બનાવ્યા હતા.

પ્રજ્ઞાનંદ સ્વામી મેંથાણ ગામના હતા. મેંથાણ ગામમાં દુર્વાસાના શાપથી અનેક મુનિઓ પ્રગટ થયા હતા. મેંથાણ ગામમાંથી ૧૩ નંદસંતો બન્યા હતા. તેથી મહારાજને પણ મેંથાણ ગામના ભક્તો પ્રત્યે ખૂબ જ સ્નેહ હતો.

એક સમયે શ્રીહરી મેંથાણ પધાર્યા. ત્યાં હરજી પટેલ નામના શ્રીહરિના પ્રેમી ભક્ત રહેતા. તેમને જીવરાજભાઈ તથા પીતાંબરભાઈ નામના બે પુત્રો હતા ને તેમાં પીતાંબરભાઈ ગૃહસ્થ હતા. તેથી તેમને એક પુત્ર હતો. પરંતુ પીતાંબરભાઈ વૈરાગ્યનો વા લાગતા તેઓ સંસારમાંથી અલિપ્ત થઈને મહારાજને સમર્પિત થયા. તેથી શ્રીજી મહારાજે તેમનું " પીતાંબરાનંદ" એવું શુભ નામ પાડીને ભગવદ્ દીક્ષા આપી. સમય જતાં તેમનાં પુત્રને પણ સાધુ થવાની અદમ્ય અભિલાષા જાગી તેથી તેઓએ શ્રીહરિ પાસે જઈને પોતાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે મહારાજ કહે " સિંહના તો સિંહ જ હોય ને " મહારાજે તેમને સ્વીકાર્યા ને દીક્ષા આપી "પ્રજ્ઞાનંદ સ્વામી" નામ પાડ્યું. તેઓ નિત્યાનંદ સ્વામીના શિષ્ય થયા હતા. તદ્રુપાનંદ સ્વામીની વાતોમાં ઉલ્લેખ છે કે "પ્રજ્ઞાનંદ સ્વામીએ શ્રીજી મહારાજના દર્શન મૂળીપુરમાં કર્યા હતા. પ્રજ્ઞાનંદ સ્વામી, નિઃસ્વાદાનંદ સ્વામી તથા ત્રિગુણાતીતાનંદ સ્વામી ત્રણેય ભાઈઓ થતા હતા. તેમાં પ્રજ્ઞાનંદ સ્વામી નિત્યાનંદ સ્વામીના શિષ્ય થઈને વડતાલમાં રહેતા હતા અને નિઃસ્વાદાનંદ તથા ત્રિગુણાતીતાનંદ સ્વામી ગઢપુરમાં રહેતા અને ત્યાં કોઠારની સેવા નિષ્કામભાવે કરતા. તેમને એક હજાર કીર્તન કંઠસ્થ હતા.

પ્રજ્ઞાનંદ સ્વામી નિર્માની, નિખાલસ સંત હતા. તેમણે સત્સંગ પ્રચાર પ્રસારમાં ચંદનની જેમ પોતાનું જીવન ઘસી નાખ્યું હતું. આજીવન મહારાજની આજ્ઞા પાળીને પ્રભુની પ્રસન્નતા મેળવી હતી. પ્રજ્ઞાનંદ સ્વામી વિષે વધારે માહિતી ન મળતી હોવાથી આટલો ઉલ્લેખ અહીં કર્યો છે.







ॐ श्री गोविन्दानन्दमुनये नमः॥

## સદ્‌ગુરુ શ્રી ગોવિંદાનંદ સ્વામી

પ્રભુ મિલનના તીવ્ર તલસાટથી તત્કાળ તગડી આવક ધરાવતાં તવંગરના જેવા વૈભવી આશ્રમ અને ૪૦૦ વૈરાગીના સંઘની આગેવાનીનો ત્યાગ કરી માર્ગ માં મળતી તમામ સિદ્ધિઓને તરછોડી સરિતા જેમ સાગરને મળે તેમ પરબ્રહ્મ પરમાત્માને પ્રાપ્ત કરનાર સંતોમાં "ગોવિંદાનંદ સ્વામી" એક મોટું નામ ગણાય છે.

રજવાડા લાજે તેવા વૈભવી રામ મંદિરના પૂજારી શયન આરતી કરીને આરજુ કરી રહ્યા હતા. બહાર પરિસરમાં અજાણ્યા યાત્રિકો બેઠેલા. વારંવાર ગુજરાતની વાત કરતાં કરતાં સ્વામિનારાયણ જીવન મુક્તાનું નામ જ્યાં લે ત્યાં મંદિરનો ગુંબજ પ્રકાશથી ઉભરાય જાય. આમ સાત-આઠવાર બનતા મક્કમ મનનાં મહંતશ્રીએ નિર્ણય કર્યો કે જેના નામે પ્રકાશ પથરાય છે તેને પગે પડુ તો કલ્યાણ થાય.

વહેલી સવારે મહંતાઈ, વૈભવ તમામ સુખોનો ત્યાગ કરીને ગુજરાતની વાટ લીધી. ત્યાં એક અપ્સરા જેવી યુવતીએ આવીને કાંડુ ઝાલવા આજીજી કરી. ત્યારે આ મહંતજીએ એક કપડું ત્યાં મૂક્યું ને દિશાએ જઈને આવું છું કહીને તબડાવી મૂક્યા તે વહેલું આવે ગુજરાત. ત્યાં ચોથે દિવસે શિવાલયમાં રાત રહ્યા તો સવારે બે બ્રહ્મકન્યાઓએ જીવન આપવાની તૈયારી બતાવી પણ આ બધી પ્રભુ મિલનની બાધક સિદ્ધિઓ છે તેમ માની ના પાડી. ત્યારે તેનાં ગામધણી પિતાએ મહંતને બંદીખાને બંધ કર્યા. છતાં હિંમત હાર્યા વગર પાયખાના પરની બારી તોડીને રાત્રે ભાગ્યા ને ગઢપુર આવીને શ્રીજી મહારાજના દર્શન કર્યા. દર્શન થતાં જ ભાવસમાધિ લાગી ગઈ. સમાધિમાં મહારાજે તેમનાં વૈરાગ્યવિજયના મુક્તકંઠે વખાણ કર્યા. અંતે દીક્ષા આપીને 'ગોવિંદાનંદ' નામ આપ્યું અને આનંદાનંદ સ્વામીની સાથે રહેવા કહ્યું.

ગોવિંદાનંદ સ્વામી એક વિરલ વૈરાગ્યમૂર્તિ સંત હતા. તેમણે જેતલપુર મંદિરમાં રહીને આસપાસના ગામડાઓમાં ખૂબ સત્સંગ કરાવેલો. ગંગાબાના દાળ-ભાતની લટ લાગેલી તે સ્વયં મહારાજે છોડાવેલી. જેની ચિંતા સ્વયં શ્રીહરિ કરે છે એવા સંતના ચરણે કોટી કોટી વંદન...



ॐ श्री त्यागानन्दमुनये नमः।।

# સદ્‌ગુરૂ ત્યાગાનંદ સ્વામી

જેમણે પ્રભુ પ્રત્યે સદા ભક્તિભાવનું પુનિત ઝરણું વહેતું રાખ્યું છે. કંટકોભર્યા મુશ્કેલીનાં માંડવા વચ્ચે પણ આત્માના અનુભવનો આનંદ અક્ષુણ્ણ રાખી પરમાત્માની આજ્ઞા પાળીને અલબેલાનાં આશીર્વાદનો અભિષેક પ્રાપ્ત કર્યો છે. એવા ત્યાગાનંદ સ્વામી ક્યા ગામના હતા તેનો ઈતિહાસ પ્રાપ્ત નથી. પરંતુ તેઓ ઉત્તમ મુમુક્ષુ હતા. તેમણે વચનામૃતમાં પૂછેલા પ્રશ્ન પરથી જાણી શકાય છે. ગ.પ્ર.૭૮ ના વચનામૃતમાં ત્યાગાનંદ સ્વામી મહારાજને પૂછે છે કે “ ભગવાન રાજી કેમ થાય” ત્યારે શ્રીજી મહારાજ કહે ભગવાન જેમ કહે તેમ કરે તો ભગવાન રાજી થાય.

શ્રીજી મહારાજ વરતાલમાં અન્નકૂટોત્સવ કરે છે. ત્યારે ગામોગામથી સંતો ભક્તો પધારે છે. તેમાં ત્યાગાનંદ સ્વામી શ્રી હરિની સ્તુતિ કરે છે. કે

હે ભગવન્! આપ અમૃતપદ, અક્ષરધામના પતિ છો. ધર્મદેવને ઘેર પ્રગટ થયા છો. નવીન મેઘના સમાન શ્યામ સુંદર આપની મૂર્તિ છે, પોતાના સંતોએ જેની પૂજા કરી છે. તે શ્વેત વસ્ત્ર અને ફૂલહારોને ધારણ કરી રહેલા આવા આપને શરણે હું સદા આવ્યો છું.

( શ્રીહરિ ચરિત્રમ્ - ચતુર્થ પરિચ્છેદ)

આમ શ્રીહરિના શરણાગત તરીકે જીવન જીવીને સત્સંગને ઉજાળનાર ત્યાગનંદ મુનિને કોટિ કોટિ વંદન...







ॐ श्री विरक्तानन्दमुनये नमः।।

# સદ્‌ગુરૂ શ્રી વિરક્તાનંદ સ્વામી

સદગુરૂ વિરક્તાનંદ સ્વામીનો જન્મ ભાલપ્રદેશમાં ખંભાત બારામાં ‘કલોદરા’ ગામમાં થયો હતો. તેઓ ધર્મનિષ્ઠ અને ભગવાનને વિષે પ્રીતિવાળા હતા. વૈરાગ્યનો રંગ લાગતા સંસાર ઝેર જેવો લાગ્યો. તેથી વિરક્ત સ્થિતિમાં રહેતા. તેથી શ્રીજી મહારાજે “યથા ગુણ તથા નામ ” એ ન્યાયે તેમનું નામ વિરક્તાનંદ પાડ્યું હતું. તેઓને ખૂબ જ ગુણવાન અને વ્યવહારમાં કુશળ જાણી શ્રી હરિએ તેમને ગઢપુર મંદિરના પ્રથમ મહંત કર્યા હતા. મહંત બન્યા ત્યારે શ્રીહરિએ આજ્ઞા કરી કે નિષ્કામભાવે સમર્પિત થઈને ગઢપુર મંદિરની સેવા સારી કરજો તથા સંત અને હરિભક્તોની સંભાવના રાખજો.

એકવાર શ્રીજી મહારાજે મંદવાડ ગ્રહણ કર્યો તે વખતે સંતો તથા પાર્ષદોએ મહારાજની ખડે પગે સેવા કરી. તેથી શ્રીજી મહારાજ તેમની પર ખૂબ જ પ્રસન્ન થયા. તેથી ગઢપુરના મહંત વિરક્તાનંદ સ્વામીને અક્ષર ઓરડીમાં બોલાવીને આજ્ઞા કરી કે આ સંતો તથા પાર્ષદોએ મારી ખૂબ જ સારી સેવા કરી છે. તેથી તેમને શેર શેર ઘી નાંખીને ખાંડના લાડુ કરીને મારા વતી આગ્રહ કરીને જમાડજો છતાં પણ વિરક્તાનંદ સ્વામીએ લોભને વશ થઈને ગોળના લાડું બનાવ્યા અને સર્વ બ્રહ્મચારી સંત પાળા તથા હરિભક્તો વગેરેને જમાડ્યાં મહારાજને ખબર પડી કે ગોળના લાડુ બનાવ્યા હતાં તેથી તેમના પર કુરાજી થયાં.

એકવાર કોઈ ગરીબ બ્રાહ્મણને આપવા માટે રૂપિયા મંગાવેલા હતા તે પણ આપેલ નહિ તેથી મહારાજે વિચારીને વિરક્તાનંદ સ્વામીને વ્યવહારના બંધનમાંથી મુક્ત કર્યા ને પરમાનંદ સ્વામીને ગઢપુરના મહંત બનાવ્યા હતા. દસ વર્ષ સુધી વિરક્તાનંદ સ્વામી ગઢપુરના મહંત રહ્યા હતા.

વિરક્તાનંદ સ્વામીને જ્યારે પોતાની ભૂલ ઓળખાણી ત્યારે મનમાં ખૂબ જ પસ્તાવો થયો ને તેમની આંખમાંથી પશ્ચાતાપના આંસુ નીકળ્યા કે હું મહારાજની આજ્ઞા પાળી શક્યો નહિ માટે હવે મહારાજ રાજી થાય તેમ વર્તવું. પછી મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તી શ્રીહરિની સેવા કરી શેષજીવન વ્યતીત કરી શ્રીહરિના ધામમાં ગયા હતા.



ॐ श्री आधारानन्दमुनये नमः।।

# સદ્‌ગુરુ શ્રી આધારાનંદ સ્વામી

શ્રી સ્વામિનારાયણ ભગવાનના ૫૦૦ પરમહંસોમાંથી એક માત્ર ચિત્રકલા કૌશલ્ય પરિજ્ઞાતા, મહાભારત જેવા વિરાટકાય " શ્રીહરિચરિત્રામૃત સાગર" નામક ગ્રન્થના રચયિતા, અષ્ટકવિમાં આગવું સ્થાન ધરાવતાં સંતકવિ સદ્‌ગુરૂ શ્રી આધારાનંદસ્વામી સદગુરૂ શ્રી મુક્તાનંદસ્વામીના મુખ્ય શિષ્ય અને લહીયા હતા.

સ્વામીશ્રીનો જન્મ ખોલડિયાદ ગામે રહેતા ગુર્જર સુતાર જ્ઞાતિના "હંસરાજભાઈ" ને ઘેર થયો હતો. બાળપણનું નામ 'વીરજી' હતું. સત્સંગનો રંગ પરિવારના અંગ-અંગમાં વ્યાપી ગયો. ઋષિમુનિના આશ્રમ જેવા પવિત્ર ગૃહસ્થાશ્રમના ભક્તિમય સંસ્કારોની વીરજીના જીવનમાં ઊંડી અસર થઈ. યુવાનીના ઉંબરે પહોંચેલા વીરજીએ માતા પાસે કન્યા વરવાની નહીં પણ હરિવરને વરીને અમરત્વના પંથે પ્રયાણ માટેની માંગણી કરી. માતાએ ધ્રુવજનની નીઝાંખી કરાવી; પુત્રને પરમેશ્વરના પંથે પ્રયાણ કરવાની પ્રેરણા આપી, પણ પિતા હંસરાજ સ્વયં ગૃહત્યાગ કરવા તત્પર હોય પુત્રને બહુ સમજાવ્યો. ગુરૂદેવ શ્રી મુક્તાનંદ સ્વામી પાસે પણ સમજાવ્યા. અંતે વીરજીની વૈરાગ્ય વિભાવનાથી પ્રભાવિત થઈને સ્વામીએ હંસરાજને ગૃહસ્થાશ્રમમાં રહેવાની આજ્ઞા આપી અને વીરજીને સાધુ થવાની રજા મળી. પિતા-પુત્ર બન્નેને સ્વામી મહારાજ પાસે લઈ ગયા અને સર્વ હકીકત સંભળાવી ત્યારે શ્રીહરિ બન્ને પર અતિપ્રસન્ન થયા અને ભેટી પડ્યા. મુક્તાનંદ સ્વામીના નિર્ણય મુજબ શ્રીહરિએ વીરજીને દીક્ષા આપી અને "આધારાનંદ સ્વામી" એવું નામ પાડ્યું. સ્વામી પોતે કવિ હતા તેથી કીર્તનોમાં નામ બંધ બેસતું ન હોવાથી સ્વામીનું બીજુ નામ "સિદ્ધાનંદ સ્વામી" પણ હતું.

સદ્‌ગુરુ શ્રી આધારાનંદ સ્વામી ગુર્જર સુતાર હોવાથી હસ્તકલા કૌશલ્ય તેમને વારસાગત રીતે પ્રાપ્ત થયેલું. સ્વામી સંપ્રદાયના એકમાત્ર ચિત્રકાર સંત હતા. નાની-મોટી, સાદી કે સોનેરી રંગબેરંગી શ્રીજીમહારાજની મૂર્તિઓ બનાવતા. જે આજે





પણ ગુરૂ પરંપરાથી પ્રાપ્ત થયેલી ઘણા સંતોની પાસે જોવા મળે છે.

ચિત્રકારની સાથે સાથે સ્વામી એક અજોડ લહીયા પણ હતા. સ્વામીએ મુક્તાનંદ સ્વામીના જમણા હાથનું બિરૂદ મેળવીને વણથંભી કલમ ચલાવી છે.

ચિત્ર અને લેખનની સાથે સાથે સ્વામી સ્થાપત્યના પણ સારા એવા જાણકાર હતા. સંપ્રદાયમાં ઠેર ઠેર બંધાતા શિખર તેમજ હરિમંદિરોમાં સ્વામીની દેખરેખ નીચે બાંધકામ થતું. સ્વામીના જીવનનું સૌથી મોટું કાર્ય મહાભારત જેવા વિશાળકાય "શ્રીહરિચરિત્રામૃત સાગર" ની રચના છે. સ્વામીએ ૫૮ વર્ષની ઉંમરે આ ગ્રન્થ રચનાનો પ્રારંભ કરેલો. ત્રણ વર્ષ અને ત્રણ માસના સમય દરમ્યાન ૯૭,૩૮૯ દોહા, ચોપાઈઓ, ૨૩૦૯ તરંગ અને ૨૮ પૂરની રચના કરી છતાં ગ્રન્થ અધૂરો રહી જવા પામ્યો છે. આ ગ્રન્થ શ્રીહરિની જીવન ડાયરી તરીકે બન્ને દેશમાં આદર પામ્યો છે.

આમ, આધારાનંદ સ્વામીનું જીવન શ્રીહરિના અનન્ય ઉપાસક, મુક્તાનંદ સ્વામીના સેવક અને લહીયા, સંપ્રદાયના સંત ચિત્રકાર, હિન્દી સાહિત્ય જગતમાં સૌથી વિશાળ ગ્રન્થના લેખક તરીકે પસાર થયેલું છે.

વિક્રમ સંવત્ ૧૯૧૯ માં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે શ્રી ભગવત્પ્રસાદજી મહારાજને ગાદી આપી ત્યારની સભામાં સ્વામીની ઉપસ્થિતિ નોંધાઈ છે. સ્વામીએ ક્યારે આ સત્સંગ પરથી પોતાની ઉપસ્થિતિનું છત્ર લઈ લીધું તેનો કોઈ ઉલ્લેખ મળતો નથી. વાર્તાગ્રંથમાં સ્વામીની હયાતિ સં. ૧૯૨૮ સુધી આલેખાયેલી છે.

સંપ્રદાયમાં ચિત્રકલાના એકમાત્ર જ્ઞાતા સંત શ્રી આધારાનંદ સ્વામીનાં ચરણે કોટિ કોટિ વંદન...





ॐ श्री निरञ्जनानन्दमुनये नमः।।

## સદ્‌ગુરુ નિરંજનાનંદ સ્વામી

નિરંજનાનંદ સ્વામી પાંચસો પરમહંસોમાં અગ્રગણ્ય સંત હતા. તેમના જીવન કવન વિષે માહિતી ઉપલબ્ધ નથી. પરંતુ ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં સ્વામી નિરંજનાનંદ સ્વામીના અંગની વાત કરતા કહે છેકે નિરંજનાનંદ સ્વામીને ધ્યાનનું અંગ છે. તેમને જોઈએ એટલે શાંતિ થાય છે. જેના દર્શન માત્રથી શાંતિ થાય એવા સંત શ્રી નિરંજનાનંદ સ્વામીનાં ચરણે વંદન...



ॐ श्री अभेदानन्दमुनये नमः।।

## સદ્‌ગુરુ અભેદાનંદ સ્વામી

અભેદાનંદ સ્વામી પાંચસો પરમહંસોમાં અગ્રગણ્ય સંત હતા. તેઓએ સત્સંગની સેવામાં પોતાનું જીવન ચંદનની જેમ ઘસી સત્સંગને પ્રફુલ્લિત કર્યો હતો. અભેદાનંદ સ્વામીએ કથા વાર્તા કરી અનેક ભક્તોને શ્રીહરિના અનન્ય નિષ્ઠાવાન બનાવ્યા હતા. શ્રીહરિની અખંડમૂર્તિ હૃદયમાં ધારતા થકા સ્વામી ભગવાનના ધામમાં ગઢપુરમાં ગયા હતા.







ॐ श्री निर्गुणानन्दमुनये नमः।।

## સદ્‌ગુરુ નિર્ગુણાનંદ સ્વામી

નિર્ગુણાનંદ સ્વામી પાંચસો પરમહંસોની સોહામણી સંતમાળામાંના અગ્રગણ્ય સંત હતા. સ્વામીને ભગવાનમાં બાલપણથી જ સહજ પ્રીતિ હતી. ભગવાને મેળવવાની તાલાવેલી જાગવાથી સત્પુરુષની શોધમાં નિકળ્યા. સમય જતાં શ્રીહરિનો ભેટો થયો ને કાસાય વસ્ત્ર પહેરીને નિર્ગુણાનંદ સ્વામી નામ ધારણ કર્યુ ભગવાનને આજીવન સંતો ભક્તોની સેવા કરીને તેમનો રાજીપો મેળવી સત્સંગ સરિતામાં પોતાનું જીવન વહાવ્યુ.



ॐ श्री भूधरानन्दमुनये नमः।।

## સદ્‌ગુરુ ભૂધરાનંદ સ્વામી

ભૂધરાનંદ સ્વામીનો જન્મ હાલારમાં જામનગર જીલ્લાના જોડિયા તાલુકાનાં ભાદરા પાસે કેશિયા ગામે વિક્રમ સંવત્ ૧૮૫૨ ના વૈશાખ સુદ-૭ ના રોજ થયો હતો. તેમના પિતાશ્રીનું નામ રામજીભાઈ અને માતુશ્રીનુ નામ કુંવરબાઈ હતુ. તેઓ ચાર ભાઈઓ હતા. જીવાભાઈ, આંબાભાઈ, રૂપજીભાઈ અને પાંચાભાઈ તેમાં આપણા ચરિત્રનાયક ત્રીજા ભાઈ રૂપજીભાઈ છે. તેઓ બાળવયથી જ સાત્વિક વૃત્તિવાળા અને સ્વાભાવિક રીતે ભજન સ્મરણની રુચિવાળા હતા.

એકવાર મહાભારતની કથા કરનાર વિદ્વાન બ્રાહ્મણ કેશિયા ગામમાં આવ્યા હતા. પિતાશ્રીના કહેવાથી રૂપજીભાઈ પણ કથા સાંભળવા ગયા. પરંતુ કથામાં સ્ત્રી પુરુષો અવ્યવસ્થિત રીતે ભેળસેળ બેઠા હોવાથી પિતાજીને કહ્યું કે આવી કથા

સાંભળીને શું લાભ મળે ? આવી કથાથી મનની મલિનતા દૂર થાય નહિ. રૂપજીનાએ સદ્વિચારો સાંભળી રામજીભાઈ રાજી થઈને બોલ્યા કે "સ્વામિનારાયણ" નામનો નવો ધર્મ ચોતરફ ફેલાયો છે. તે ખૂબ જ સારો ઉજળો ધર્મ છે. "સ્વામિનારાયણ" શબ્દ સાંભળતાની સાથે જ જેમ મેઘની ઘટામાં વીજળીનો ચમકારો થાય અને દશેય દિશાઓ તેજોમય બની જાય. તેમ રૂપજીભાઈના અંતરમાં અલૌકિક આનંદ સાથે જ્ઞાન જ્યોતિનો પ્રકાશ વ્યાપી ગયો.

પિતાશ્રીના અવસાન બાદ રૂપજીભાઈ ચૌદ વર્ષની ઉંમરે કેશીયા છોડીને "તરઘરી" ગામમાં વાણીયાની દુકાને કામ કરવા ગયા. ત્રણ વર્ષ સુધી રૂપજીભાઈએ પગાર માંગેલો નહિ. પગાર માંગ્યો ત્યારે વાણીયાએ કપટથી કહ્યું કે પગાર તો આપી દીધો છે. રૂપજીભાઈ પર ખોટો આરોપ મૂકી વાણીયાએ ગામ ભેગું કર્યુ, ને સરળ સ્વભાવના રૂપજીને કહે કે, લોખંડની બેડી-સાંકળ અગ્નિમાં તપાવીને લાલચોળ કરી કોટમાં પહેર તો તું સાચો. રૂપજીએ શ્રીહરિને સંભાર્યા. ભગવાનનું નામ લઈને સાંકળ ગળામાં પહેરી લીધી. અગ્નિદેવે તેની સહાય કરી. વાણીયાનું કપટ બહાર પડવાથી સૌ લોકોએ તેને ધિક્કાર્યો ને રૂપજીને પૈસા અપાવ્યા. પછી તે ગામ છોડી કચ્છમાં કામધંધા માટે ગયા ને ત્યાં ગંગારામભાઈ (મલ્લ)નો સમાગમ થયો. કચ્છમાં છ વર્ષ રહીને પાછા વઢવાણ પાસેના "ખારવા" ગામમાં આવ્યા. ત્યાં ધનરાબા નામનાં એક ચારણ શ્રીહરિના આશ્રિત હતા તે ધનરાબાનો યોગ રૂપજીને થયો. એકવાર ધનરાબા તેમને તેડીને ગઢપુર સમૈયામાં લઈ ગયા. ત્યાં માર્ગમાં રૂપજીએ સંકલ્પ કર્યો કે જો વાજતે ગાજતે માર્ગમાં મહારાજ મળે તો તેમને સાચા ભગવાન માનું ! તેમનો તે સંકલ્પ સિધ્ધ કરવા માટે એ જ સમયે શ્રીહરિ ભારે ભારે વસ્ત્રાભૂષણ પહેરીને રોજે ઘોડે બેસી દાદાખાચરના દરબારમાંથી લક્ષ્મીબાગે પધારતા હતા. રૂપજીએ તે ચિત્રને શબ્દદેહ આપ્યો ને આનંદમાં બોલી ઉઠ્યા કે : **"સર્વે સખી જીવન જોવાને ચાલો રે "** કીર્તન પુરૂ થયું ને પોતાના અશ્રુજળ થકી મહારાજના ચરણકમળનો અભિષેક કર્યો. પછી તે જ સ્થળે લક્ષ્મીબાગમાં રૂપજીભાઈને દીક્ષા આપી "ભૂધરાનંદ" નામ પાડ્યું. પરંતુ કીર્તનોના અંતમા નામ બંધ બેસતું ન હોવાથી તેમનું "ભૂમાનંદ" નામ પાડ્યું. સ્વામીની કવિત્વ શક્તિ તથા વાક્શક્તિ ખૂબ જ અદ્ભૂત હતી. તેથી તેમણે પ્રસંગોપાત મહારાજની મૂર્તિ તથા મહિમાનાં ઘણા કીર્તન રચ્યાં છે.

એકવાર ભૂમાનંદ સ્વામી સત્સંગ પ્રચાર અર્થે ગામડામાં ગયા હતા ને ત્યાં ચાર દિવસના ઉપવાસ થયા. ક્ષુધાપિપાસા તેમને પીડવા લાગી, કંઠ સુકાવા લાગ્યો. પાંચમા





દિવસે ઘઉંનો પોક મળતા ઠાકોરજીનું ધ્યાન કરી પ્રેમથી થાળ ધરાવ્યો. **"જમો થાળ જીવન જાઉંવારી"** આ બોલીને શ્રીહરિને જમાડતાં હતા ત્યાં શ્રીહરિએ સાક્ષાત્ દર્શન દઈ થાળમાં જે જે વસ્તુઓના નામ આવ્યા તે જમતા સ્વામીને દર્શન આપ્યા.

સંવત્ ૧૮૯૦ માં વસંતપંચમીના સમૈયામાં સ્વામી મૂળીમાં હતા. ત્યાં દલપતરામે સ્વામીના દર્શન કર્યા ને તેમની વેધક વાણી સાંભળી તે દલપતરામની છાતીમાં બાણની જેમ ઉતરી ગઈ. આંખમાં આસું આવી ગયા ને તેઓ વર્તમાન ધારણ કરી સત્સંગી થયા. આ રીતે દૃઢ આશ્રિત કર્યા હતા.

સ્વામીએ વાસુદેવ માહાત્મ્ય પંચમ સ્કંધ ,દશમ સ્કંધ જેવા ગ્રંથો વ્રજભાષામાં લખ્યા છે. "ઘનશ્યામલીલામૃત સાગર" ગ્રંથની રચના કરી સંપ્રદાયની અમૂલ્ય સેવા કરી છે.

સ્વામીને પોતાનો દેહ ત્યાગ કરવો હતો ત્યારે માણસા ગામમાં વિમાન પોતે તૈયાર કરાવી તેમાં બેઠાને કહ્યું કે, બપોર પછી હું ધામમાં જવાનો છું. અને સંવત્ ૧૯૨૪ ના મહાવદ-૮ રવિવારે ભૌતિક દેહનો ત્યાગ કરી શ્રીહરિના ધામમાં ગયા.



ॐ श्री सुखानन्दमुनये नमः॥

## સદ્ગુરુ શ્રી સુખાનંદ સ્વામી

સ્વામિનારાયણ સંપ્રદાયમાં અનેક દર્શનીય પરમ પવિત્ર પ્રાતઃસ્મરણીય સંતો થઈ ગયા કે જે સંતો સતત પરિભ્રમણ કરી લોકહૃદય સુધી પહોંચી તેમનાં હૃદયની વેરાન ભૂમિમાં ધર્મ, ભક્તિ, જ્ઞાન વૈરાગ્યરૂપી પુષ્પનો સુંદર સુવાસિત મધમધતો બાગ બનાવ્યો. તે બાગના નિર્માણમાં સુખાનંદ સ્વામી પણ એક હતા.

સુખાનંદ સ્વામીનો જન્મ "ઉજ્જૈન"માં એક નાગર બ્રાહ્મણને ત્યાં થયો હતો. સાચા મુમુક્ષુ હોવાથી સદ્ગુરૂની શોધ કરતા રામાનંદ સ્વામીનો ભેટો થયો અને તેમની પાસેથી દીક્ષા લીધી ને "સુખાનંદ" એવું શુભ નામાભિધાન થયું.

લોજની વાવે મહારાજનાં દર્શન થયાં તેથી મહારાજમાં અપાર હેત થયું.

પરંતુ તેમને પોતાનાં માતા-પિતાને શ્રીહરિનાં આશ્રિત કરી તેમનું કલ્યાણ કરવાની ઈચ્છા હતી. તેથી તેમને ઉજ્જૈન જવાનો આગ્રહ હતો. શ્રીહરિએ તેમને કહ્યું કે, તમારી આવરદા એક વર્ષની છે, માટે તમે અમારી સેવામાં રહો. પરંતુ પ્રબલ ઈચ્છા હોવાથી સુખાનંદ સ્વામી સંવત્ ૧૮૬૯ માં જેતલપુરથી એકલા જ ચાલી નીકળ્યા. ચાલતા રસ્તામાં એક ગામના ચોરામાં જય સ્વામિનારાયણ કહીને ખીટીંએ ઝોળી લટકાવી ને તે જ ક્ષણે ચોરામાં ચોમેર તેજ છવાઈ ગયું. ચોરામાં રહેતા બે બાવાને આ દ્રશ્ય જોઈ શ્રીહરિના આશ્રિત થવાની ઈચ્છા થઈને એમણે સમર્પિત થવાની અદમ્ય ઈચ્છા જણાવી. તેથી સુખાનંદ સ્વામીએ તે બાવાને દીક્ષા આપી એકનું નામ 'રામાનુજાનંદ' પાડ્યું અને બીજા બાવાનું નામ 'ગોપાળાનંદ' પાડ્યું. પછી તે ગ્વાલિયર દેશમાં જઈને પોતાના માતા-પિતા તથા પોતાના બે ભાઈ અને તેમની જ્ઞાતિને સત્સંગના રંગે રંગી નાખ્યા.

બંગાળ દેશનો એક કાયસ્થ કરોડપતિ હતો. તે ગોકુળમાં આવીને વૃંદાવનમાં આરસનું શિખરબંધ મંદિર બનાવી રાધાકૃષ્ણની પ્રતિમા પધરાવી અને પોતે બ્રાહ્મણોને જમાડી દાન આપતા. અભ્યાગતને પકવાન જમાડતા ને પોતે નિત્ય લૂખું અન્ન જમતા.સાચા મુમુક્ષુ હોવાથી પ્રગટની ઉપાસના કરતા સુખાનંદ સ્વામી મળ્યા. એક મહિનો ત્યાં રોકાઈને કાયસ્થને કથા વાર્તા કરી. તેથી સત્સંગની વાત સાંભળીને તેમને પ્રગટ ભગવાન છે તેવી પ્રતિતી થઈ. તેથી કાયસ્થે એક પત્ર લખ્યો ને સુખાનંદ સ્વામીને આપ્યો અને સાથે મથુરાના પેંડા તથા અત્તરની શીશી આપીને કહ્યું કે આ પ્રગટ ભગવાન સ્વામિનારાયણને હાથોહાથ આપજો. સુખાનંદ સ્વામી ગ્વાલિયર પહોંચ્યાને ત્યાં તેમનો દેહ છૂટી ગયો ને અક્ષરવાસી થયા. સુખાનંદ સ્વામીના બે ભાઈઓ સત્સંગી હતા. તેથી મહારાજનાં દર્શન કરવા વરતાલ આવ્યા. શ્રીહરિએ કુશળ સમાચાર પૂછ્યા ત્યારે શ્રીહરિને પત્ર આપ્યો. પત્ર વાંચીને મહારાજ કહે તેને સત્સંગમાં ભાવ હતો અને કાયસ્થ શેઠ મરણ પામ્યા છે, તેથી સત્સંગીને ઘેર જન્મ લેશે.

પ્રગટ પરમાત્મા શ્રીહરિની પ્રતીતિ કરાવવા પરિભ્રમણ કરીને સત્સંગ સેવાયજ્ઞમાં પોતાના જીવનની આહુતિ આપી તેમાંથી નીકળતી ધૂમ્રસેરોને ચોમેર ફેલાવી પ્રેરણા પુંજનો પ્રકાશ પાથરનાર સદ્ગુરૂ સુખાનંદ સ્વામીનાં ચરણોમાં શતશઃ પ્રણામ...







ॐ श्री विज्ञानानन्दमुनये नमः।।

# સદ્ગુરુ શ્રી વિજ્ઞાનાનંદ સ્વામી

સૌરાષ્ટ્રની રળીયામણી ભૂમિ, જે ભગવાન શ્રીકૃષ્ણની ક્રીડાભૂમિ કહેવાય. તે ભૂમિમાં પૌરાણિક અને ઐતિહાસિક મુલ્ય ધરાવતું સંસ્કૃતિનું દ્યોતક પ્રભાસક્ષેત્ર તીર્થ આવેલું છે. એવા પ્રખ્યાત અને પવિત્ર તીર્થની પાસે પુનિત ''પાટણ'' નામનું ગામ છે. તે ગામમાં વિક્રમ સંવત્ ૧૮૫૦ મહાસુદ વસંતપંચમીના માંગલિક પર્વના પુનિત દિને શુભ યોગમાં માતા ધનબાના કુખે વિજ્ઞાનાનંદ સ્વામીનો જન્મ થયો હતો. તેમના પિતાશ્રીનું નામ ગણેશભટ્ટ હતું. તેઓ સુપ્રતિષ્ઠિત વેદશાસ્ત્ર સંપન્ન ધૂરંધર વિદ્વાન હતા. તેમને બે પુત્રો તથા એક પુત્રી હતી. મોટા પુત્રનું નામ સોમેશ્વર, વચ્ચેની પુત્રી જયાગૌરી તથા નાના પુત્રનું નામ ગોવિંદરામ હતું અને તે ગોવિંદરામ એ જ આપણા વિજ્ઞાનાનંદ સ્વામી.

આઠ વર્ષની વયે શાસ્ત્રીયવિધિ પૂર્વક ગોવિંદરામના યજ્ઞોપવીત સંસ્કાર થયા. પૂર્વ સંસ્કારના બળે અલ્પસમયમાં કર્મકાંડ તથા વેદ શાસ્ત્રનો અભ્યાસ પૂર્ણ કર્યો. ઉત્કૃષ્ટ વૈરાગ્ય હોવાથી સંસારમાં અલિપ્ત રહીને ઈશ્વર ભક્તિ તથા શાસ્ત્ર ચિંતનમાં સમય વ્યતીત કરતા. તેમનામાં મોક્ષોપયોગી સદ્ગુણો નૈસર્ગિક હોવાથી સંત સમાગમની તીવ્ર અભિલાષા જાગ્રત રહેતી કે પ્રભુના પ્યારા પરમહંસ કે સંત મહાત્મા મળી જાય ને ભવસાગરનો ભેટો ટળી જાય. ત્યાં ગોવિંદરામને મુક્તાનંદ સ્વામીનો ભેટો થયો. મુક્તાનંદ સ્વામીનું સાધુતાયુક્ત વર્તન ને તેમની સાથે કરેલી શાસ્ત્રચર્ચાથી ગોવિંદરામનું અંતઃકરણ પ્રભુ તરફ આકર્ષિત થયું. મુક્તાનંદ સ્વામીનો ઉપદેશ સાંભળી ધન્યતા અનુભવવા લાગ્યા. તેમના દિલમાં કાષાય વસ્ત્ર પહેરવાની અભિલાષા જાગી. સંવત્ ૧૮૭૦ ફાગણ સુદ એકાદશીના દિને મુક્તાનંદ સ્વામી સાથે ગૃહત્યાગ કરી ચાલી નીકળ્યા ને માંગરોળમાં સંવત્ ૧૮૭૧ કાર્તિક સુદ એકાદશીને દિવસે દીક્ષા લઈ '' વિજ્ઞાનાનંદ સ્વામી '' એવું શુભ નામ ધારણ કર્યું.

વિજ્ઞાનાનંદ સ્વામી પૂર્વાશ્રમથી સંસ્કૃત વિદ્યાનો સારો એવો અભ્યાસ કરીને આવ્યા હતા. ત્યાગી થયા પછી મુક્તાનંદ સ્વામી પાસે સંગીતવિદ્યાનો શાસ્ત્રીય અભ્યાસ કરી તેમાં પારંગત થયા. અનેકવાર સભામાં કીર્તન ગાઈને શ્રીજી મહારાજને પ્રસન્ન કર્યા ને પ્રસાદીની વસ્તુઓ મહારાજે તેમને આપી હતી.

વિજ્ઞાનાનંદ સ્વામી વિદ્વાન, સંગીતકાર ઉપરાંત સારા લહીયા તથા કથાકાર પણ હતા. તેમણે મુક્તાનંદ સ્વામીનાં ઘણાં કીર્તનો તથા ગ્રંથો લખવા શોધવામાં તથા તેની પ્રતો બનાવવા તેમની સહાય કરતા. શ્રીજી મહારાજે તેમને સત્સંગના પ્રચાર-પ્રસાર માટે જંગલી પહાડી પ્રદેશ તરીકે જાણીતા નિમાડ પ્રદેશ, ઝાંડી દેશ, જંબુસર બારા, રાજસ્થાન, મારવાડ વગેરે દેશમાં મોકલ્યા હતા. વિરોધના વંટોળ વચ્ચે રહીને સ્વામીએ ત્યાં ખૂબ જ સારો સત્સંગ કરાવ્યો હતો. જેની નોંધ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણી ગ્રંથમાં લીધી છે.

વિજ્ઞાનાનંદ સ્વામીના વિનય, વિવેક તથા અતિશય નિર્માનીપણું જોઈને વિહારી-લાલજી મહારાજે તેમને હરિલીલામૃતમાં વિદ્વાનોમાં મણિરૂપ કહ્યા છે. **‘‘વિજ્ઞાનાનંદ સ્વામી વિદુષજનમણિ, હું હતો તેહ પાસ’’** (હરિલીલામૃત તેઓ આયુર્વેદ તથા જયોતિષના પણ સારા જાણકાર હતા.)

સત્સંગની સમજણપૂર્વક સંપૂર્ણ સંભાળ રાખનાર અને સુયોગ્ય હોવાથી વિહારીલાલજી મહારાજે તેમને સુરત મંદિરના મહંત તરીકે નિમ્યા હતા. તે જ સમયે સુરતના સત્સંગની ખૂબ જ ખ્યાતી થઈ હતી.

છેલ્લી અવસ્થામાં સુરતમાં રહીને ધ્યાન ભજન કરતા થકા, એક જ વખત અલ્પાહાર લઈ તપશ્ચર્યામય જીવનયાપન કરીને સંવત્ ૧૯૪૧ જેઠ વદ બારસ ૧૨ ના પ્રાતઃકાળમાં પ્રતાપ જણાવી સૌને ‘‘જય સ્વામિનારાયણ’’ કહી ૯૧ વર્ષની વયે અક્ષરવાસી થયા હતા.

અલબેલાની આરાધના કરી પોતાનાં જ્ઞાન પુષ્પો સમર્પણ કરી તેની ખુશ્બુને લોકહૃદય સુધી પ્રસરાવનાર પ.પૂ.સદ્‌ગુરૂ વિજ્ઞાનાનંદ સ્વામીના ચરણોમાં શતશઃ પ્રણામ...



‘‘ શ્રી હરિકૃષ્ણાય નમોનમ : ’’

# ચતુર્થાવરણ



## ચતુર્થ આવરણ

શ્રી નારાયણાનંદ વર્ણી
શ્રી આનંદાનંદ સ્વામી
શ્રી ગોપાળાનંદ વર્ણી
શ્રી વૈકુંઠાનંદ વર્ણી
શ્રી શતાનંદ સ્વામી
શ્રી યોગાનંદ સ્વામી
શ્રી ભગવદાનંદ સ્વામી
શ્રી શિવાનંદ સ્વામી
શ્રી કૃષ્ણાનંદ સ્વામી
શ્રી અક્ષરાનંદ સ્વામી
શ્રી સર્વજ્ઞાનંદ સ્વામી
શ્રી અદ્‌ભૂતાનંદ સ્વામી
શ્રી શૂન્યાતીતાનંદ સ્વામી
શ્રી તદ્રુપાનંદ સ્વામી
શ્રી શાંતાનંદ સ્વામી
શ્રી પુસ્થાનંદ સ્વામી





ॐ ऋग्वेदधारिणे श्री नारायणानन्दमुनीन्द्राय नमः॥

# સદ્‌ગુરુ શ્રી નારાયણાનંદ વર્ણી

વરતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવના પ્રથમ અને મુખ્ય પૂજારી તરીકેની પ્રશસ્ય સેવા પ્રાપ્ત કરનાર સદ્‌ગુરુ શ્રી નારાયણાનંદ બ્રહ્મચારી મૂળજી બ્રહ્મચારીના મુખ્ય શિષ્ય હતા. તેમનો જન્મ ભાલ પ્રદેશના ‘‘ખસતા’’ ગામમાં થયેલો અને ઠાકોર શ્રી ઝીણાભાઈના દરબારગઢમાં પંચાળાની પાવન ધરણીમાં તેમણે શ્રીહરિના હસ્તે દીક્ષા લઈને ‘‘નારાયણાનંદ’’ નામ ધારણ કરેલું. શ્રીમૂળજી બ્રહ્મચારીની સેવા તથા સમાગમ દ્વારા તેમણે દીક્ષાની સાથે-સાથે આજીવન સેવાનો ભેખ ધારણ કરેલો.

શ્રીજી મહારાજે જ્યારે સંપ્રદાયનું સર્વપ્રથમ મંદિર બનાવ્યું અને નરનારાયણ દેવ પધરાવ્યા ત્યારે પ્રથમ પૂજારી તરીકે દેવ સેવામાં આ બ્રહ્મચારીજીની સેવા શ્રીહરિને અતિ ગમતી. ફલતઃ વરતાલમાં જ્યારે લક્ષ્મીનારાયણાદિ દેવોની સ્થાપના કરી ત્યારે દેવ સેવામાં નિયુક્ત બ્રહ્મચારીઓમાં નારાયણાનંદજીને મુખ્ય પૂજારી તરીકે નિમેલા. બસ, વિ.સં. ૧૮૮૧ થી બ્રહ્મચારીજી વરતાલમાં જ રહેતા અને અહર્નિશ સેવા-સ્મરણ કરતા. સેવા સાથે કાર્યદક્ષતા પણ એટલી કે સંવત્ ૧૯૧૨માં શ્રી રઘુવીરજી મહારાજે વરતાલમાં ચાતુર્માસ પર્યન્ત સત્સંગિજીવનની છાવણી કરેલી ત્યારે દેશ-દેશાવરમાંથી આવતા તમામ સંતો-ભક્તોની ઉતારાની વ્યવસ્થા નારાયણાનંદજી બ્રહ્મચારીને સોંપેલી. તેમની સેવા અને કાર્યદક્ષતા મોટાને રાજી થવા વિવશ કરી દેતા.

બ્રહ્મચારી નારાયણાનંદજીને મહાપૂજામાં ઋગ્વેદધારી કહીને પૂજવામાં આવે છે. તેમની સેવા અને શ્રીહરિના કૃપાપ્રસાદે તેમની જીભે સરસ્વતી નૃત્ય કરતા. વૈદિક ઋચાઓની સાથે જ્યારે સંસારની અસારતા વર્ણવતા ત્યારે ભલભલાના મન ભગવાનમાં ચોંટી જતા. તેમના ઉપદેશે સુરત કતારગામના વલ્લભભગત ત્યાગી થયા અને તેમના સંબંધીઓ તેમને ઘેર આવવા વિવશ કરી રહ્યા હતા ત્યારે બ્રહ્મચારીજીએ અસ્ખલિત વાગ્પ્રવાહ વહાવ્યો. તેમની ખુમારીભરી વાતો સાંભળીને ત્રણેય સાળાઓ

પણ ત્યાંજ રહી ગયા અને ત્યાગી થયા. બ્રહ્મચારીશ્રી માધવપ્રિયાનંદજી, બ્રહ્મચારી શ્રી મુકુંદપ્રિયાનંદજી અને બ્રહ્મચારી શ્રીપવિત્રાનંદજી, આ ત્રણેય તેમના પૂર્વાશ્રમના સાળાઓ હતા. એમની વાણીમાં કેટલું ઓજ હશે તે સમજી શકાય છે. સહજ સ્વભાવે સંબંધીઓ જ્યારે કોઈને ઘરે લઈ જવા આવે ત્યારે તેનો રૂવાબ દિલ્હીના બાદશાહ જેવો હોય છે. તેને સમજાવવા પણ કપરુ કામ હોય છે. જ્યારે નારાયણાનંદજી બ્રહ્મચારીએ વલ્લભ ભગતના ત્રણ ત્રણ સાળાઓને સાધુ કર્યા એટલું જ નહિ વલ્લભ ભગતના ત્રણ ત્રણ દિકરાઓ આવ્યા તો તેમને પણ ચોંટદાર વાતો કરીને બ્રહ્મચારી કરેલા. આનાથી વધારે તેમના વ્યક્તિત્વનો પરિચય ક્યો હોય ? સંવત્ ૧૯૨૦ પોષ વદ અમાસના દિવસે મુક્તે સહિત મહારાજ પધારી તેમને દર્શન દઈને ધામમાં લઈ ગયા હતા.

હજારો હજાર વંદન આ બ્રહ્મચારીનાં પાવન ચરણે...



ॐ यजुर्वेदधारिणे श्री आनन्दानन्दमुनीन्द्राय नमः।।

## સદ્‌ગુરૂ શ્રી આનંદાનંદ વર્ણી

ભગવાન સ્વામિનારાયણની આજ્ઞામાં જીવનપર્યંત રહી કેવળ નિઃસ્વાર્થ ભાવથી અનેક કષ્ટો સહન કરીને મનુષ્યોના આત્યંતિક મોક્ષ માટે જ્ઞાનગંગાનો પ્રવાહ વહાવનાર સદ્‌ગુરૂ આનંદાનંદ બ્રહ્મચારીનો જન્મ સંવત્ ૧૮૫૪ના મહાસુદ પાંચમના દિવસે ''મેઉ'' ગામમાં થયો હતો. રામાનંદ સ્વામીની કરૂણાની વાદળી બેચરભાઈ પર વરસી અને તેમને પ્રસન્ન થઈ વરદાન દીધું હતું કે ''તમારા આંગણે સનંદન નામના સનકાદિક અવતાર લેશે'' તે આજે આર્ષવાણી સાચી પડીને દલસુખરામનો પ્રાદુર્ભાવ થયો. બેચરભાઈએ પુત્રરત્નના જાતકર્મ સંસ્કાર કર્યા ને બ્રાહ્મણોને અન્ન વસ્ત્રાદિક ધનનાં દાન દીધાં. બેચર પંચોળીએ આઠ વર્ષની ઉંમરે ઉપવીત સંસ્કાર આપ્યા ને પોતે જ તેમને વિદ્યાભ્યાસ કરાવ્યો. પૂર્વના બલિષ્ઠ સંસ્કારને લીધે ભગવાનમાં પ્રીતિ સહજ હતી અને સંસારથી નિઃસ્પૃહ હતા.



INDEX



દલસુખરામના મામા જગન્નાથ જેઓને રામાનંદ સ્વામીએ દીક્ષા આપીને મુકુન્દાનંદ વર્ણી નામ ધરાવ્યું હતું. આ પ્રસંગ પછી ભાણેજ દલસુખરામને શ્રીજી મહારાજનું સ્મરણ અખંડ થવા લાગ્યું.

એકવાર દલસુખ મામાનું ગામ મછિયાવના પાદરમાં વડ નીચે રમતા હતા. ત્યારે મહારાજ મછિયાવ ગામનાં પાદરમાં થઈને સંચર્યા. મહારાજે દલસુખને બોલાવી કહ્યું કે અજાને ભૂખ લાગી તેથી રંગાફૂઈને કહો કંઈક જમવાનું લાવે.

દસ વરસના દલસુખ ઘેર જઈને ભોજન તૈયાર કરાવ્યું અને શ્રીજી મહારાજ તથા અન્ય સખાને સાચા હૃદયથી જમાડીને મહારાજની મૂર્તિને અંતરના ઓરડે સંઘરી. દલસુખ મહારાજને કહે : પ્રભુ ! હવે મારો હાથ ઝાલી લ્યો હું આપના શરણે છું. મહારાજ કહે માતા-પિતાની રજા લઈ આવો, ત્યારે દલસુખ મેઉ ગામમાં જઈ માતાપિતાની રજા લઈને તેમણે સંવત્ ૧૮૬૪ માં ગૃહત્યાગ કર્યો અને ગઢડે ગયા. મહારાજે દલસુખરામને ત્યાગીની દીક્ષા પ્રદાન કરી ''આનંદાનંદ વર્ણી'' નામ રાખ્યું. દીક્ષા પછી આનંદાનંદ વર્ણી શ્રીજી મહારાજની સેવામાં મામા મૂળજી બ્રહ્મચારી સાથે જોડાઈ ગયા.

આનંદાનંદ વર્ણી નિષ્કામ વર્તમાનમાં અજોડ હોવાથી મહારાજે લોયા પંચાળાની સભામાં ઉભા કરી તેમની પ્રસંશા કરી છાતીમાં ચરણાર્વિંદ આપ્યા હતા. અને આનંદાનંદ બ્રહ્મચારી, સદ્‌ગુરૂ વાસુદેવાનંદ બ્રહ્મચારી, વૈકુંઠાનંદ બ્રહ્મચારી તથા સદગુરૂ ગોવિંદાનંદ બ્રહ્મચારી આ ચારે સનકાદિકની જોડ છે એમ કહી મહારાજે તેમની આરતી ઉતારી હતી.

અમદાવાદ મંદિર થતા તેઓએ સાત વર્ષ સુધી નરનારાયણદેવની પૂજારી તરીકે સેવા કરી ને બાર વર્ષ સુધી ગુણાતીતાનંદ સ્વામી સાથે રહ્યા. ત્યારબાદ જૂનાગઢનું પાણી માફક ન આવવાથી ત્યાર પછીનો જીવનકાળ ગઢપુરમાં રહીને વ્યતીત કર્યો. મહાપૂજામાં આનંદાનંદ વર્ણીને યજૂર્વેદ ધારણ કરનારા એમ કહીને સંબોધ્યા છે.

પોતાના નૈષ્ઠિક બ્રહ્મચર્યથી પ્રભુની પ્રસન્નતા મેળવનાર, નિર્મળ નયનોમાં અલબેલાને આવકાર આપી અંતરમાં પ્રેમનો પમરાટ ફેલાવનાર સદ્‌ગુરૂ આનંદાનંદ વર્ણીનાં ચરણોમાં શતશઃ પ્રણામ...

INDEX





ॐ सामवेदधारिणे श्री गोपालानन्दमुनीन्द्राय नमः॥

## સદ્‌ગુરૂ શ્રી ગોપાળાનંદ વર્ણી

ભગવાન શ્રી સ્વામિનારાયણના બ્રહ્મતેજથી ઝળહળતા પરમહંસ મંડળમાં બ્રહ્મચારી શ્રીગોપાળાનંદજી એક અદના સેવાભાવી સેવક હતા. તેમના જીવનની કોઈ વિશિષ્ટ માહિતી ઈતિહાસના પાને નોંધાયેલી નથી છતાં પણ સત્સંગિજિવન ગ્રન્થના આધારે એમ ચોક્કસ કહી શકાય કે તેઓ સેવાભાવી સેવક હતા. નાનામાં નાની સેવા પણ તેઓ અતિ આનંદ ઉમંગ અને ઉત્સાહ સાથે કરતા.

શતાનંદ સ્વામીની કલમની નોંધ પ્રમાણે ગોપાળાનંદ બ્રહ્મચારીજી શ્રીહરિની પૂજા માટે ઉપયોગમાં આવતા વાસણો શુદ્ધ કરીને તૈયાર રાખતા અને શ્રીહરિ જ્યારે નિત્ય પૂજા કરવા બેસતા ત્યારે પોતે તે વાસણોનો ઉપયોગ કરતા. (સ.જી.તૃ.પ્ર.અ. ૨)

વાસણ માંજવાની સેવાની નોંધ લેવાણી છે એવી જ રીતે તેમના જીવનની સ્વાભાવિક સ્થિતિની નોંધ મંજુકેશાનંદ સ્વામીએ નંદમાળામાં 'ગોપાળાનંદ ગુણ ગંભીર રે' કહીને તેમના ગુણ વૈભવની પ્રશંસા કરી છે.

સત્સંગિજિવન અને મંજુનંદમાળાની સાથે મહાપૂજાના મુક્તોમાં સ્થાન મેળવનાર આ બ્રહ્મચારીજીનાં ચરણે કોટિ કોટિ વંદન...







ॐ अथर्ववेदधारिणे श्री वैकुण्ठानन्दमुनीन्द्राय नमः॥

## સદ્‌ગુરૂ શ્રી વૈકુંઠાનંદ વર્ણી

ઐશ્વર્યમૂર્તિ સદ્‌ગુરુ શ્રી સચ્ચિદાનંદ સ્વામી દ્વારકાથી રણછોડરાય અને ગોમતીજી આદિ તીર્થોને લઈને આવ્યા, વરતાલમાં રણછોડરાય પધરાવ્યા અને ધારૂ તળાવમાં ગોમતીજીમાં સ્નાન કરવાથી દ્વારકાની યાત્રાનું ફળ થશે એવુ વરદાન આપ્યું.

શ્રીહરિએ સૌ પ્રથમ તપ્તમુદ્રાઓ આપવાની પ્રથા શરૂ કરી ત્યારે તપ્તમુદ્રાઓ આપવાની પવિત્ર સેવા બ્રહ્મચારી શ્રી વૈકુંઠાનંદજીને આપેલી. તેઓની માતૃભૂમિ ભાલપ્રદેશનું "ખડોળ" ગામ હતું. તેઓએ દીક્ષા ગ્રહણ કરીને મૂળજી બ્રહ્મચારી સાથે રહીને સેવા, સમર્પણના પાઠ ભણ્યા હતા. મૂળજી બ્રહ્મચારી સાથે રહેતા પરિણામે અવાર નવાર શ્રીહરિ સેવાનો પણ અનોખો અવસર મળતો.

શ્રી હરિએ કરેલ એક અને અદ્વિતીય શાકોત્સવમાં વૈકુંઠાનંદજીએ નોંધપાત્ર સેવાઓ કરેલી. શ્રીજી મહારાજે લોયાથી કારિયાણી વસ્તાખાચરને સમાચાર આપવા મોકલેલા. રાઘવાનંદ સ્વામી અને બ્રહ્મચારી કારિયાણી ગયા ત્યાંથી વસ્તાખાચરે રીંગણાં અને મરચાંનાં મોટા મોટા ગાંસડા બાંધી આપ્યા. તે માથે ઉપાડીને લોયા આવ્યા અને શાક બનાવીને શ્રીહરિને જમાડ્યા. આવી ઉમદા સેવા ભાવના હતી.

શ્રીહરિએ સ્વધામ ગમન સમયે આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની સેવામાં રહેવા માટે આજ્ઞા કરેલી. બ્રહ્મચારીજીએ દેહના અંત સુધી આ આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરેલું.

શ્રીહરિ સ્વધામ પધાર્યા પછી એકવાર બ્રહ્મચારીજી બપોરે લક્ષ્મીવાડીએ સ્નાન કરવા જઈ રહ્યા હતા ત્યાં તો રસ્તામાં માણકીના અશ્વાર શ્રીહરિ સામા મળ્યા. બ્રહ્મચારીજીએ વંદન કરીને પૂછ્યું : "હે મહારાજ ! ક્યાં પધારો છો? ત્યારે મહારાજ કહે કે અમે મંદિરમાં જઈએ છીએ. બ્રહ્મચારી મહારાજ સાથે પાછા વળ્યા અને મંદિરે આવ્યા. મહારાજે મંદિરની રૂપચોકી પાસે માણકી ઉભી રાખી અને મંદિર પર ગયા. મહારાજ મંદિરમાં ગયા અને કમાડો આપ મેળે ઉઘડી ગયા અને જાળીના કમાડ પણ ઉઘડી ગયા. મહારાજ દર્શન કરીને પાછા ઘૂમ્મટમાં આવ્યા ત્યાં દરવાજા પાછા બંધ થઈ ગયા. વૈકુંઠાનંદજી આ કૌતુકમય ઘટના જોઈ રહ્યા.

આવા નાના મોટા અનેક પ્રસંગો બ્રહ્મચારીજીના જીવન કવનમાં વણાયેલા છે. આજીવન સેવાવ્રત રાખીને શ્રીહરિનો રાજીપો મેળવનાર બ્રહ્મચારીજીને વારંવાર વંદન...



ॐ धर्मशास्त्रधारिणे श्री शतानन्दमुनीन्द्राय नमः॥

## સદ્‌ગુરુ શ્રી શતાનંદ સ્વામી

જેમની સ્વામિનારાયણ સંપ્રદાયમાં સાહિત્ય સેવા અજોડ છે. તે શતાનંદ સ્વામીનો જન્મ પૂર્વે જનક રાજાએ કરેલી ''મિથિલા નગરી''માં વિષ્ણુદત્ત નામના બ્રાહ્મણના ઘેર થયો હતો. પિતાએ પુત્રનું નામ શતાનંદ જ રાખ્યું હતું. તેમના ઉપનયન સંસ્કાર કર્યા પછી વિદ્યાભ્યાસ શરૂ કરાવ્યો. અલ્પકાળમાં જ વેદ-વેદાંગ, ધર્મશાસ્ત્ર અને પુરાણોને ભણી ગયા. પરંતુ તેમને શાસ્ત્રાભ્યાસથી સંતોષ થતો નહિ, એમને તો પ્રભુનો સાક્ષાત્કાર કરવો હતો. પૂર્વના બલિષ્ઠ સંસ્કારોથી તેમને વૈરાગ્ય ઉત્પન્ન થયો તેથી પિતાની આજ્ઞા લઈ ગૃહત્યાગ કરી બદરીનારાયણ તપસ્યા કરવા ગયા. ત્યાં ફળફૂલ ખાઈ લે, ને આખો દિવસ નારાયણ ભગવાનનું ધ્યાન ધરે. એમની તપસ્યાથી નારાયણ પ્રસન્ન થયા. ત્યારે મુનિએ વર માંગ્યો કે કાયમ તમે મારી દૃષ્ટિ સમક્ષ રહો. તેથી તમારા ચરણની સેવા, તમારા ચરિત્રોનું ગુણગાન કરું.

પ્રભુએ કહ્યું : હમણાં હું મનુષ્યરૂપે પૃથ્વી ઉપર પ્રગટ થયો છું, હાલમાં ગુજરાત મધ્યે પંચાલ દેશમાં ગઢડા ગામમાં રહ્યો છું. શતાનંદ યાત્રા કરતા ડભાણમાં વિષ્ણુયજ્ઞમાં આવ્યા. ત્યાં તેમણે પરમહંસોની વચમાં બિરાજેલા મહારાજને જોયા ને શ્રીહરિએ મંદહાસ્ય કરી પ્રિયવચનથી તેમનું સ્વાગત કર્યું અને વૈષ્ણવી સાધુ દીક્ષા આપી ''શતાનંદ સ્વામી'' નામ ધારણ કરાવી મહારાજની સેવામાં જ રહ્યા.

શ્રીહરિની કૃપાથી યોગાભ્યાસ વિના તેમને સમાધિ થતી. અને ભૂત-ભવિષ્ય અને વર્તમાન કાળમાં કરેલા પોતાના ચરિત્રોનું જ્ઞાન શ્રીહરિએ તેમને આપ્યું અને હું મૈત્રેયઋષિ છું. એવું પૂર્વ જન્મનું જ્ઞાન પણ તેમને થયું. મહાપૂજામાં શતાનંદ સ્વામીને ધર્મશાસ્ત્ર ધારણ કરનાર એમ કહીને સંબોધ્યા છે. પછી તેઓ શ્રીહરિ સાથે ગઢપુર આવ્યા ને ત્યાં રહીને તેમણે ''સત્સંગિજીવન'' ''સર્વમંગલ સ્તોત્ર'', ''જનમંગલસ્તોત્ર'' આદિક ગ્રન્થો રચ્યા છે. શતાનંદ મુનિએ આ પ્રમાણે ગ્રંથોની રચના કરીને શ્રી હરિની તથા સંપ્રદાયની અમૂલ્ય સેવા કરી છે. શતાનંદ મુનિએ પોતે રચેલું ''સત્સંગિજીવન'' શાસ્ત્ર સુવ્રતમુનિ (સ્વરૂપાનંદ સ્વામી) વગેરે કેટલાંક પોતાના શિષ્યોને ભણાવ્યું. સુવ્રતમુનિએ તેનું શ્રવણ પ્રતાપસિંહ રાજાને કરાવ્યું હતું.







ॐ श्री योगानन्दमुनये नमः॥

## સદ્‌ગુરુ શ્રી મોટા યોગાનંદ સ્વામી

સંપ્રદાયમાં એક અદના વિદ્વાન, અજોડ ઉપદેષ્ટા, અને કાઠીઓના ગુરૂ તરીકે પ્રસિદ્ધ થયેલા સંત મહાપુરૂષનો જન્મ ઉત્તર ગુજરાતના ''ગલથોર'' નામે ગામમાં સંવત ૧૮૪૧ ચૈત્ર સુદી પડવાને દિવસે થયો હતો. તેમના પિતાશ્રીનું નામ રણજીતભાઈ અને માતાજીનું નામ રૂપવતીબાઈ હતું.

જીવનમાં બધુ જ મળે છે તો પરમાત્મા કેમ ન મળે ? એમના બાળ માનસમાં ઉઠેલા એક પ્રશ્નના ઉત્તરને મેળવવા માટે તેમણે તીર્થયાત્રા કરવાના બહાને સંસારને અલવિદા આપી. પરબ્રહ્મની શોધમાં ફરતા ફરતા અમદાવાદ પાસેના કણભા ગામે પહોંચ્યા. વાયુની જેમ ચોમેર ફેલાતી સહજાનંદની દિગંત વ્યાપી કીર્તિ તેમના કાનને પવિત્ર કરી ચૂકી હતી. પણ કણભામાં જ્યારે તેમને શ્રીજી મહારાજના દર્શન થયા ત્યારે મન-વાણી સ્તબ્ધ થઈ ગયા. નેત્ર અપલક રહી ગયા અને મૂર્તિ અંતરમાં ઉતરી ગઈ. તીર્થયાત્રાને પૂર્ણ કરી જેના પગલે તીર્થ સર્જાય છે એવા શ્રીહરિની પાછળ પાછળ ફરવા લાગ્યા. વેલાલમાં શ્રીજી મહારાજે તેમની પ્રાર્થના અને ઉત્કંઠા જોઈને દીક્ષા આપી અને '' યોગાનંદ સ્વામી '' નામ આપ્યું.

ભગવી ચુંદડીના પ્રતાપે સ્વામીની જીભ પર સ્વયં સરસ્વતી બિરાજ્યા. તેઓ સ્વયં સ્તુતિ - પ્રાર્થનાઓ રચીને પ્રભુ આગળ ગાવા લાગ્યા. તેમનામાં કવિનાં અપેક્ષિત લક્ષણો જોઈને શ્રીજી મહારાજે તેમને સંસ્કૃતનો વિશેષ અભ્યાસ કરવા માટે ધોળકા મોકલ્યા. અભ્યાસના ફલસ્વરૂપે તેમણે સંસ્કૃત સ્તોત્ર રચવાના શ્રીગણેશ કર્યા. સૌ પ્રથમ સ્વામીએ વનવિચરણની તપોમયમૂર્તિનું વર્ણન કરતું સંસ્કૃત સ્તોત્ર રચ્યું જે સાંભળીને મહારાજ ઘણા જ રાજી થયેલા. એકવાર ગઢડામાં મનોહર રૂચિકર વસ્ત્રોથી ઓપતા શ્રીહરિને જોઈને સ્વામીએ '' જલધર સુંદર મદન મનોહર'' સ્તોત્ર બનાવીને શ્રીહરિને સંભળાવ્યું. એ સાંભળીને મહારાજ એટલા બધા રાજી થયા કે પોતાનું ઉપવસ્ત્ર સ્વામીને ઓઢાડી દીધુ.

સ્વામીએ સંસ્કૃતમાં બે ગ્રન્થોની રચના કરી છે. ‘‘બુધરંજની’’ અને ‘‘પ્રશ્નોત્તર સાગર’’. જેમાં પ્રથમ ગ્રન્થમાં સ્વામીએ શ્રીહરિના ‘‘શ્રીજી મહારાજ’’ નામની વિસ્તૃત વ્યાખ્યા કરીને ૩૪ પ્રકારે અર્થ કર્યા છે. બીજા ગ્રન્થમાં ૨૨૩ જેટલા પ્રશ્નોના ઉત્તરો છે.

વૈદુષ્યની સાથે સ્વામી પાસે અજોડ ચૂંબકીય વાક્‌શક્તિ હતી. પરિણામે ખાચર, ખૂમાણ, વાળા વિગરે અનેક કાઠી દરબારો સ્વામીના હસ્તે વર્તમાન ધરાવીને શુદ્ધ સત્સંગી થયેલા. પરિણામે સ્વામી ‘કાઠીઓના ગુરૂ’ તરીકે પણ પ્રસિદ્ધિ પામેલા. લોયામાં જ્યાં શ્રીજી મહારાજનાં પહેલા વચનામૃતનો ઉપદેશ લખાયો છે ત્યાં યોગાનંદ સ્વામીએ મંદિર કરેલું ત્યાં આજે વિશાળ નવિન મંદિર તથા શાળા, ગૌશાળા, હોસ્પિટલ થઈ રહ્યાં છે.

આમ, અનેક લોકોના પથદર્શક બનીને યોગાનંદ સ્વામીએ ૧૯૦૨ ને જેઠ વદ-૪ ના દિવસે ધંધુકા મુકામે યોગાસનમાં બેસી સ્વેચ્છાએ શરીર ત્યાગ કર્યો.

સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન સંતોમાં આજે પણ તેમની ગણના થાય છે. તેમના ચરણોમાં વંદન...



ॐ साङ्ख्यशास्त्रधारिणे श्री भगवदानन्दमुनीन्द्राय नमः।।

## સદ્‌ગુરુ શ્રી ભગવદાનંદ સ્વામી

વચનામૃતના પાને સ્વયં શ્રીજી મહારાજને મુખે નાના સંતોમાંથી મોટા સંતોની પંક્તિમાં સ્થાન મેળવનાર સદ્‌ગુરૂશ્રી ભગવદાનંદ સ્વામી, મહાવિદ્યાધર છતાં શ્રીહરિની સર્વોપરિપણાની ઉપાસનાની દ્રઢ નિષ્ઠાવાળા પંડિતાગ્રગણ્ય સદ્‌ગુરૂશ્રી નિત્યાનંદ સ્વામીના અગ્રગણ્ય શિષ્ય હતા. તેમની સાધુતા અને સદ્‌ગુણોનો શણગાર જોઈને સ્વયં શ્રીહરિની આંખો ઠરતી. તેમનું નામ સાંભળતાં જ પ્રતિવાદિ પંડિતો અવાક્ રહી જતા, છતાં સત્સંગમાં તેઓ સદાય દાસભાવે વર્તતા એટલે જ





ગઢડા પ્રથમના ૭૮માં વચનામૃતના પાને તેમણે સ્થાન મેળવ્યું છે. છતાં તેમના જીવન-કવનની ‘‘ઈદમિત્થમ્’’ કહી શકાય તેવી કોઈ ચોક્કસ માહિતી મળી શકી નથી પણ તેમના વૈદુષ્યના દસ્તાવેજ જેવો એક પ્રસંગ ઈતિહાસના પાનાઓમાં લખાયેલો છે.

વિ.સં. ૧૯૦૫ માં અમદાવાદમાં જીજ્ઞાસા કે તર્કથી નહિ પણ દ્વેષથી પીડાતા પંડિતોની મંડળી ભેળી મળીને આવી. જો સ્વામિનારાયણ સંપ્રદાય અવૈદિક ઠરાવીએ તો જ આપણે સાચા પંડિતો. મંદિરમાં આવીને શાસ્ત્રાર્થ માટે પડકાર કર્યો. પ્રસંગોપાત પંડિતોના કમનસીબે તે સમયે ત્યાં વિદ્વદ્‌વરેણ્ય નિત્યાનંદ સ્વામી મંડળ સહિત હાજર હતા. એટલે સંતોને સૌને હૈયે સંતોષ હતો પણ નિત્યાનંદ મુનિના શિષ્ય ભગવદાનંદ સ્વામી ખરા અર્થમાં ગુરૂ કરતા સવાયા હતા. તેમણે પોતાના વૈદુષ્ય અને શાસ્ત્રાનુગત તર્ક પરંપરાથી પંડિતોના મોઢા સીવી લીધા. સ્વામિનારાયણ સંપ્રદાય અવૈદિક છે તેવી પંડિતોની પોકળ દલીલોને ભગવદાનંદ સ્વામીએ આંકડાંના તૂરની જેમ હવામાં ઉડાડી દીધી અને સામી છાતીએ સ્વામીએ પ્રશ્નોની ઝડી વરસાવી ત્યારે પંડિતો સ્તબ્ધ થઈ ગયા અને કાન પકડીને જતા રહ્યા. આમ સ્વામીએ ગુરૂદેવ સુધી પહોંચાડ્યા વિના જ સંપ્રદાયની વૈદિકતાનો ધ્વજ લહેરાવ્યો હતો.

આ ઉપરાંત તેમના વૈદુષ્યનો એક બીજો પ્રસંગ પણ નોંધાયો છે. નાવલીના લાલદાસને શ્રીહરિએ વન વિચરણ દરમ્યાન વરદાન આપેલું છે કે, તમારે ત્યાં એક મહાન ભક્ત જન્મ લેશે.’’ સમય જતા તેમને ત્યાં પુત્ર રત્નનો જન્મ થયો અને તેનું નામ ‘‘કાશીદાસ’’ રાખ્યું. નાવલીમાં આર્ય સમાજના પ્રભુત્વમાં કાશીદાસ અંજાય ગયા અને નિરાકારવાદિ થઈ ગયેલા પણ જ્યારે તેને ભગવદાનંદ સ્વામીનો ભેટો થયો. સ્વામીએ મૂર્તિ પૂજા વિરોધી તમામ પ્રશ્નોનો શાસ્ત્રીય ઉત્તર આપીને સમજાવીને કાશીદાસને શ્રીહરિના આશ્રિત કરેલા. સમય જતા આ કાશીદાસે તેમણે સંતો-ભક્તો સાથે આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને નાવલીમાં પધરાવીને નોંધપાત્ર સેવા કરેલી.

આમ પોતાના વૈદુષ્યને સત્સંગના દિગ્વિજય માટે વાપરનાર, વચનામૃતના પાને સ્વયં શ્રીજીના મુખે પ્રશંસા પામનાર સંતશ્રી ભગવદાનંદ સ્વામીના ચરણે કોટિ-કોટિ વંદન..



ॐ पञ्चरात्रधारिणे श्री शीवानन्दमुनीन्द्राय नमः॥

## સદ્ગુરુ શ્રી શિવાનંદ સ્વામી

શ્રીજી મહારાજની તેજના પ્રવાહરૂપ પરાવાણીને ઝીલીને અનેક મુમુક્ષુઓ દીક્ષા લઈને પાંચસો પરમહંસો થયા હતા. જે શ્રીજીમહારાજની ચોતરફ ફરતી દિવ્ય નક્ષત્રમાળાની જેમ શોભતા હતા. જેઓએ પોતાના સદાચાર, સદાવ્રતોની આભાપ્રભાથી અનેકને દિગ્મૂઢ કર્યા હતા. સમાજમાં સંસારજાળથી સંતપ્ત માનવહૈયાઓને શીતળતાનો સ્પર્શ કરાવી સાચા પરમેશ્વરની ઓળખાણ કરાવતા અને તેમના જીવનમાં નવો ભક્તિનો રંગ પૂરતા. પાંચસો પરમહંસોમાં શિવાનંદ સ્વામી પણ એક હતા. શિવાનંદ સ્વામીનો જન્મ અને તેમના પૂર્વાશ્રમ વિશે કોઈ માહિતી પ્રાપ્ત નથી, પરંતુ શ્રીજી મહારાજે સ્વયં તેને મોટેરા કર્યા છે. ગ.પ્ર. ૭૮ માં વચનામૃતમાં નોંધાયું છે કે, ‘‘આત્માનંદસ્વામી તથા યોગાનંદ સ્વામી તથા ભગવદાનંદ સ્વામી તથા શિવાનંદસ્વામી એ ચાર જણાને રાજી થઈને હૃદયને વિષે ચરણારવિંદ દીધા અને એમ બોલ્યાં જે ‘‘જેમ મહાનુભાવાનંદ સ્વામી આદિક જે મોટેરા છે તે ભેળા આ ચાર પણ છે, માટે એમનું કોઈએ અપમાન કરવા દેશોમાં. વચનામૃતમાં નાના શિવાનંદ સ્વામીનો પણ એક પ્રશ્ન આવે છે સંપ્રદાયનાં એક મત મુજબ ગુણાતીતાનંદ સ્વામીના નાના ભાઈ સાધુ થયાં હતા. તેમનું નામ પણ ‘‘શિવાનંદ સ્વામી’’ હતું.

શ્રીજી મહારાજ વરતાલમાં મોટો અન્નકૂટોત્સવ કરે છે ત્યારે ગામડે ફરતા સંતો વરતાલ પધારે છે અને ત્યાં મહારાજની પૂજા અર્ચન કરી પાંચસો પરમહંસો ક્રમશઃ શ્રીહરિની સ્તુતિ કરે છે. તેમાં શિવાનંદ સ્વામી સ્તુતિ કરતા કહે છે કે ‘‘હે નાથ! મોક્ષમૂર્તિ એવા આપની બધી જ ક્રિયાઓ કલ્યાણકારી છે, જય અને પરાજય પણ શ્રેયસ્કર છે. કોઈના ઉપર ખીજાવું કે રીઝાવું તે પણ શ્રેયસ્કર છે. આમ સમજીને હું આપના ચરણારવિંદને આશરે રહ્યો છું.

(શ્રીહરિ ચરિત્ર ચોથો પરિછેદ)







ॐ श्री कृष्णानन्दमुनये नमः॥

## સદ્ગુરુ શ્રી કૃષ્ણાનંદ સ્વામી

સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીજી સમકાલીન નંદ સંત પૈકી કૃષ્ણાનંદ નામે ત્રણ સંતો થઈ ગયા. મંજુકેશાનંદ સ્વામી ‘‘નંદનામ માળા’’ માં નોંધે છે.

**કૃષ્ણાનંદ મોટા સમાધિવાન, અહોનિશ રાખે અંતર હરિ ધ્યાન**
**કૃષ્ણાનંદ બીજા ગુરૂ થઈ ફરે, કૃષ્ણાનંદ ત્રીજા વાતું રૂડી કરે**

જો કે સ. ગુ. આધારાનંદ સ્વામીકૃત ‘‘શ્રીહરિચરિત્રામૃત સાગર’’ માં ત્રણ કરતા વધારે કૃષ્ણાનંદ છે. કૃષ્ણાનંદ નામે એક સંન્યાસીનો ઉલ્લેખ મળે છે અને સંપ્રદાયમાં કેટલાક સ.ગુ. બ્રહ્મચારી શ્રી અચિન્ત્યાનંદ વર્ણીને જ કૃષ્ણાનંદ સ્વામી તરીકે ઠરાવે છે.

કૃષ્ણાનંદ સ્વામીના પૂર્વાશ્રમ વિષે થોડી માહિતી પ્રાપ્ત છે. તેમનો જન્મ ઉત્તર ગુજરાતમાં આવેલ ‘‘રાણપર’’ ગામમાં ઔદિચ્ય બ્રાહ્મણ જ્ઞાતિનાં પરમાનંદ વ્યાસને ત્યાં થયો હતો. બાળપણથી જ પૂર્વના સંસ્કારને કારણે સહજ સ્વભાવે પ્રગટેલા વૈરાગ્યથી પ્રેરિત થઈને તેમણે માત-પિતાને ત્યજીને સંન્યાસ ગ્રહણ કર્યો. શ્રીજીમહારાજ પાસે દીક્ષા ગ્રહણ કરી પોતે જ ‘‘શ્રી હરિચરિત્રામૃત’’ માં લખ્યું છે કે

**પરમહંસની દીક્ષા આપી, પાડ્યું કૃષ્ણાનંદ વળી નામ**
**પાસે રાખી ગુરૂપ્રીતથી, કરી આજ્ઞા સુંદર શ્યામ.**

શ્રીજી મહારાજે સ્વયં તેમને દીક્ષા આપી ‘‘કૃષ્ણાનંદ’’ નામ પાડ્યું હતું.

કૃષ્ણાનંદ સ્વામી માત્ર કવિ જ નહોતા, સારા ગવૈયા પણ હતા. સં. ૧૮૮૩ માં ગઢડામાં ઈચ્છારામભાઈ ધામમાં ગયા ત્યારે દાદા ખાચરના દરબારમાં ભરાયેલ સભામાં શ્રીજીમહારાજે કૃષ્ણાનંદ સ્વામીને બ્રહ્મમુનિ રચિત **‘‘લગાડી તે પ્રિત લાલ’’** આ કીર્તન ગાવાનું કહ્યું અને પ્રભુ આજ્ઞા શિરોમાન્ય ગણીને કૃષ્ણાનંદ સ્વામી સભામાં કીર્તન ગાઈને મહારાજને પ્રસન્ન કર્યા હતા. તેથી શ્રીજી મહારાજે રાજી થઈને પોતાનો પ્રસાદીનો પોષાક આપ્યો હતો.

કૃષ્ણાનંદ સ્વામી શૂરવીર સંત હતા. મહારાજને શૂરવીરતાનું અંગ બહુ

ગમતું. એકવાર વરતાલમાં શ્રીજી મહારાજ સભા કરીને બેઠા હતાં, તેમાં મહારાજે વાત કરી કે ભગવાનનું ધ્યાન કરવું તથા સભામાં જેટલીવાર બેસવું તેટલીવાર સંતોએ નાસિકાગ્ર વૃત્તિ રાખી બેસવું. માખ, મચ્છર કરડે તો થડકવું નહિ, એવા શૂરવીર સંત હોય તે સભામાં ઊભા થાઓ. આધારાનંદ સ્વામી "હરિ ચરિત્રામૃત સાગર"માં લખે છે ત્યારે કૃષ્ણાનંદ સ્વામી સભામાં ઊભા થયા હતા.

શ્રીજી મહારાજે કવિ કૃષ્ણાનંદ સ્વામીને પોતાની પાસે કાવ્ય કોષાદિક ગ્રંથ ભણાવીને ગ્રંથ રચવા માટે પ્રેર્યા હતા. તેનો ઉલ્લેખ પોતાના ગ્રંથમાં લખે છે કે,

**"કાવ્ય કોષાદિક ગ્રંથને શિખવી શ્રી સુખકંદ,**
**ગ્રંથ કર્યો નિજ સ્વામીએ, સુખકારી શ્રી ગોવિંદ"**

પ્રેમાનંદ સ્વામી રચિત "વંદુ સહજાનંદ રસરૂપ" ઈત્યાદિ ધ્યાન માળાના પદોની જેમ સ.ગુ. કૃષ્ણાનંદ સ્વામીએ પણ મૂર્તિના અંગો અંગની શોભાનું ચિંતવન કરતું કાવ્ય ગરબીના ચાર પદોમાં

**"આવો મારે મંદિર સહજાનંદ, મનોહર શ્રીહરિ રે લોલ"** તથા **"શીર પાઘલડી સોને રે, ઝળકે સુરજ સમ ભારી"** વગેરે પદોમાં રચ્યું છે.

કવિ કૃષ્ણાનંદ સ્વામીને મહારાજમાં ખૂબજ સ્નેહભાવ હતો.

આજીવન સત્સંગ પ્રચાર પ્રસાર કરી સત્સંગવાટિકાને વારી આપી મહેકતી રાખનાર કૃષ્ણાનંદ સ્વામીનાં ચરણોમાં વંદન.



ॐ श्री अक्षरानन्दमुनये नमः।।

## સદ્‌ગુરુ અક્ષરાનંદ સ્વામી

અક્ષરાતીતનો આનંદ લૂંટનાર, અધ્યાત્મના અનુભવી આરાધક, અલબેલામાં અનુરાગ કરી તેમાં અખંડ રમણ કરનાર અક્ષરાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ પૂજો હતું. તેઓ "અલૈયા-મોડા" ગામના વતની હતા. નાનપણથી જ પરમાત્માં પ્રત્યે ખૂબ જ અનુરાગ હતો અને સાચા મુમુક્ષુ ભક્ત હતા. એકવાર સંતો ગામડા ફરતા અલૈયા-મોડા ગયા ને ત્યાંના રાજપુત્ર પૂજાજી અને દલુજીએ સંતોના વાણી અને વર્તન જોઈને મુમુક્ષુતાનું બીજ પાંગર્યું. માયાના અકલ્પ્ય હુમલાથી હતપ્રભ બનેલા પૂજા તથા દલા બંને ભાઈ શ્રીહરિવર સાથે





હેતની હીર દોરીએ બંધાયા. તેથી તેમને મળવાની ઉત્કંઠા જાગી.

ગઢપુરમાં અક્ષર ઓરડીમાં શ્રીજી મહારાજ બિરાજમાન હતા ને ત્યાં સંતો સાથે બંને રાજકુમારો મહારાજનાં દર્શન કરવાં આવ્યા. ત્યાં મહારાજને અષ્ટાંગ પ્રણામ કર્યાને શ્રીહરિ પ્રસન્નવદને દાદાખાચરને કહે : "આ સંતો ! આ રાજકુમારોને ઉપદેશ આપી પરમહંસ દીક્ષા આપવા માટે લાવ્યા છે. આ બંને રાજકુમાર સગાભાઈ છે. એમ કહીને બંને ભાઈ પૂજા અને દલાને સામાન્ય દીક્ષા આપી સત્સંગી કર્યા. મોટાભાઈ પૂજાજીનું સંત સમાગમરૂપી વારીથી તેમનું જીવન પુષ્પ ખીલ્યું ને મહારાજે તેમને પીછાળી વૈષ્ણવી દીક્ષા આપી "અક્ષરાનંદ સ્વામી" એ શુભ નૂતન નામ પાડ્યું અને તે સમયે તેમને સમાધિ થઈને અક્ષરધામમાં દિવ્ય સિંહાસન પર રાજાધિરાજ રાજરાજેશ્વર પરમાત્માં શ્રીહરિ બિરાજમાન હતા. તે સ્વરૂપનાં દર્શન થયાં. પૃથ્વી પરનું સ્વરૂપ અને અક્ષરધામસ્થ સ્વરૂપ બંને સ્વરૂપ એક જ છે. તેમાં કાંઈ ફેર નથી તે દૃઢ નિશ્ચય થયો.

દલુજીએ પ્રભુજીને એકસો સોનામહોર તથા ઢાલ તલવાર અર્પણ કર્યા ને ત્યારે પ્રભુએ કહ્યું : "તમારા મોટાભાઈને મનુષ્યોને ઉપદેશ આપવા સંત કર્યા છે. સંત ગુણોએ યુકત એવા તમારે આજીવન સંતોની સેવામાં રહેવું. દલુજીએ શ્રીજી મહારાજની આજ્ઞા શિરે ચડાવી.

અક્ષરાનંદ સ્વામી વ્યવહાર કુશળ તથા તજજ્ઞ હોવાથી શ્રીહરિએ તેમને વરતાલના મહંત બનાવ્યા હતા. સ્વામીએ પણ શ્રીહરિની આજ્ઞા પ્રમાણે રહીને વરતાલ મંદિરની સારી સેવા કરી હતી. સ્વામી મહંત હોવા છતાં "નીચી ટેલ મળે તો માને મોટા ભાગ્ય જો " એ પંક્તિ અનુસાર સેવા કરતા. તેમણે નાના મોટા સંતો તથા હરિભક્તોની સંભાવના કરી અંતરનો રાજીપો મેળવ્યો હતો. સ્વામીજી કાયમ વરતાલમાં જ રહેતા. સંવત્ ૧૯૧૯ માં ભૌતિક દેહનો ત્યાગ કરી સ્વામીએ પોતાની જીવનલીલા સંકેલી અંતર્ધાન થયા હતા. તેમનો અગ્નિ સંસ્કાર ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીના અગ્નિ સંસ્કાર જે જગ્યાએ કર્યો હતો તેમની વચ્ચેની જગ્યામાં અગ્નિ સંસ્કાર કર્યો.

શ્રીહરિએ બનાવેલ મંદિરની સેવામાં સ્વાર્પણ કરી પોતાના જીવનપુષ્પને મહેકાવી સત્સંગ સમાજને પ્રફુલ્લિત કરનાર સદ્‌ગુરુ અક્ષરાનંદ સ્વામીનાં ચરણારવિંદમાં શતશઃ વંદન...



ॐ श्री सर्वज्ञानन्दमुनये नमः।।

# સદ્‌ગુરુ શ્રી સર્વજ્ઞાનંદ સ્વામી

કચ્છની ધીંગી ધરતી પર ભૂજથી થોડે દૂર માનકૂવા નામનું રળિયામણું ગામ છે સર્વજ્ઞાનંદ સ્વામી ''માનકૂવા'' ગામના વતની હતા. તેમનું પૂર્વાશ્રમનું નામ મૂળજી હતું.

એકવાર શ્રીજી મહારાજ ભૂજથી માનકૂવાના માર્ગે જતા હતા. ત્યાં મૂળજીના જીગરજાન મિત્ર કૃષ્ણજીએ મૂળજીને કહ્યું કે મૂળજી હમણાં મે ભગવાન દીઠા. આ વાત સાંભળતાં જ મૂળજીના મુખ પર આનંદની સુરખી લીંપાઈ ગઈ. ''કૃષ્ણજી'' અને મૂળજીએ તેનાં આનંદમાં પોરસ ચડાવ્યો ને કહે તે ભગવાન દીઠા તોય તેમને મૂકીને આવ્યો ? કૃષ્ણજી અને મૂળજી બંને સંઘમાં ગઢડે ગયા. મહારાજનાં દર્શન થતાં જ કૃષ્ણજી અને મૂળજીનું અંતર ઠરી ગયું. સહજાનંદ સ્વામીને ચરણે સમર્પિત થવાનો નિર્ણય લઈને બંને ભક્તો ગઢડા જ રોકાઈ ગયા અને સંઘે વિદાય લીધી. થોડા દિવસોમાં મહારાજ પર કાગળ છૂટ્યા કે અમારા દીકરાઓ પાછા મોકલી દો. મહારાજે બંનેને બોલાવ્યા પત્રો દેખાડીને કહ્યું તમને અહિ નહીં રાખીએ બંને ઘેર જાવ. બંનેએ ઘણી વિનવણી કરી પણ મહારાજ એકના બે ન થયા. ત્યારબાદ બંને વંથલી ગામનાં સત્સંગી લાધા સુતારને ત્યાં છ મહિના સુધી નોકરીએ રહ્યા, પણ પાછા ઘરે ગયા નહિ. બંનેનાં માતા-પિતાએ બધે શોધ ખોળ ચલાવી આખરે એક સમૈયામાં મહારાજને ભેગા થયાને પૂછ્યું : ક્યાં હતા ? આટલા દિવસથી તમારા માવતર તો તમને શોધે છે ? મૂળજી ને કૃષ્ણજી કહે ''મહારાજ અમારે તમારી સાથે રહેવું છે.'' શ્રીજી મહારાજ કહે : ''તમારા માતા-પિતાના હાથે લખેલી રજાચિટ્ઠી લાવવી પડે. બંનેએ મા-બાપની સંમતિ માંગી પરંતુ બેમાંથી કોઈ જ ફાવ્યું નહિ.

એકવાર મહારાજ માનકૂવા અદાભાઈ દરબારને ઘેર પધાર્યા. ત્યાં મહારાજે સભામાં પૂછ્યું : ''આજે તો સૌને ત્યાગી કરવા છે. સભામાં બધા સ્તબ્ધ બની ગયા. ત્યાં મૂળજીને કૃષ્ણજી મહારાજ પાસે આવીને કહે : ''અમારે થવું છે.'' મહારાજ કહે : તમે પરમહંસ થઈ ચૂક્યા પણ પછીનું વેણ જીરવાય તેવું નો'તું. મહારાજ કહે : ''તમે





બંને અમારી આજ્ઞાથી ગૃહસ્થાશ્રમમાં રહો.'' બંનેના અંતરમાં કડાકો થયો. કસોટીની સરાણ જોરથી ફરવા માંડી હતી અને લોકોમાં પણ હાંસી થઈ.

મહારાજે બે વખત પાછા મોકલ્યા હતા. પણ એમનો વૈરાગ્ય ઓસર્યો નો'તો રતિવા સરસ થયો હતો. બંનેને વિચાર આવ્યો કે મહાદુર્લભ મનુષ્યનો દેહ મળ્યો છે તેથી હવે મહારાજની સેવા-સમાગમ કરી લઈએ આવો જોગ ફરી નહિ મળે. સંસારના બંધન આપણે આપણી જાતે જ કાપી નાખીએ. આ રીતે નક્કી કરી બંનેએ અંગ પર પ્રહાર કરી નાખ્યા.

મૂળજીને કૃષ્ણજી જાતે જ ભગવાં કપડાં રંગાવી મહારાજના પરમહંસ બની ગયા અને ગઢડા ગયા. મહારાજે બંનેને ઓળખ્યા પણ અજાણ બનીને પૂછ્યું : ''તમે કોના પરમહંસ છો ?'' બંને કહે : ''તમારા છીએ.'' મહારાજ પાર્ષદોને કહે : ''આ બંનેને અહીંથી કાઢી મૂકો.''

પાર્ષદોએ બંનેને ધક્કા મારી દરબારની બહાર કાઢી મૂક્યા. બંને ઘેલાને સામે કાંઠે જઈને ઊંચા સાદે ભજનમાં જોડાઈ ગયા. નીરવ શાંતિમાં બંનેના સૂર અને બુલંદીમાં દિલની ભાવના ઘૂંટાઈ ઘૂંટાઈને વહેતી થઈ. મહારાજ ઢોલિયામાંથી ફડકીને બેઠા થઈ જતા. સાચા દિલના સાધુઓની તાવણી કરવાનો મહારાજના અંતરમાં રંજ હતો. પરંતુ પૂર્વના સંચિત બાળવા, બંનેને શુદ્ધ કરવા જરૂરી હતા.

મહારાજે પાર્ષદો દ્વારા મૂળજી કૃષ્ણજીને તેડી લાવવા કહ્યું. બંનેને દૂરથી આવતા જોઈને મહારાજે એકદમ દંડવત્ પ્રણામ કરી લીધા. આમાં ચાલ્યાને બંનેને ભાવ ભરીને ભેટી પડ્યા. બંનેએ મહારાજને દંડવત્ કર્યા. બીજે દિવસે વિધિવત્ દીક્ષા આપી એકનું નામ ''સર્વજ્ઞાનાનંદ'' નામ પાડ્યું અને બીજાનું નામ ''ઘનશ્યામાનંદ'' નામ પાડ્યું તેઓ આજીવન જૂનાગઢ રહ્યા.

સર્વજ્ઞાનાનંદ સ્વામીની વ્યવહાર કુશળતા ધર્મપરાયણતા જોઈને શ્રીજીમહારાજે તેમને અમદાવાદ મંદિરના પ્રથમ મહંત કર્યા હતા. સર્વજ્ઞાનાનંદ સ્વામીનાં ૬૦ શિષ્યો હતા પરંતુ તેઓ પોતાના શિષ્યોને છોડીને વરતાલમાં ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા જતા આટલી બધી મુમુક્ષતા તેમનામાં હતી.

અતિશય શ્રદ્ધા, મુમુક્ષુતા અને નિશ્ચયની ત્રિવેણીમાં સ્નાન કરવું હોય ત્યારે સર્વજ્ઞાનાનંદ સ્વામીનું ચરિત્ર મુમુક્ષુઓ હૃદયપૂર્વક સંભારે તો તે પવિત્ર થાય. માટે લાખો વંદન હો આવા સંત વર્યનાં ચરણે.



ॐ श्री अद्भुतानन्दमुनये नमः॥

# સદ્‌ગુરુ શ્રી અદ્‌ભૂતાનંદ સ્વામી

વૈરાગ્ય, ત્યાગ, સેવા અને સાધનાની પરાકાષ્ઠાએ પહોંચેલ સંતવર્ય શ્રી અદ્‌ભૂતાનંદ સ્વામીનું જીવન એક ઓજસ્વી સંત પુરુષને શોભે તેવું સાદુ, સરળ અને પૂર્ણભક્તિમય હતું. એમના જીવનની એક વિરલ ઘટના સંપ્રદાયના ઈતિહાસનાં પૃષ્ઠોમાં સુવર્ણાક્ષરે લખાયેલી છે. અને એ ઘટનાએ છે કે વૈરાગ્યવેગની તીખી તલવારની ધારે માંડવા વચ્ચેથી એક ઝાટકે સંસારના બંધન કાપી મિંઢોળવાળા હાથમાં માળા લઈને શ્રીજી મહારાજ પાસે પહોંચી ગયા હતા.

આવા મહાન સંતવર્યનું બાળપણનું નામ કલ્યાણદાસ હતું. પિતા સંઘા પટેલને ઘેર માતા દેવુબાઈની કૂખે સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જીલ્લાના લખતર પાસે આવેલ ''કડુ'' ગામમાં જન્મ ધારણ કરેલો. બાળપણથી જ સ્વામીશ્રી વિષયવિષથી દૂર રહ્યા હતા. તેમને મન સંસારના સુંદરમાં સુંદર ભોગ-પદાર્થો પણ તુચ્છ હતા. અલખની આરાધનાની પ્રબળ વાંછાથી સ્વામી સંવત્-૧૮૫૨માં કારિયાણીમાં સદ્‌ગુરુશ્રી રામાનંદ સ્વામીના આશ્રિત બન્યા. દિન પ્રતિદિન શુક્લપક્ષના ચંદ્રવત્ તેમની ભક્તિની ચંદ્રાવલિ વધતી ગઈ. પ્રેમની સોડમ પથરાતી ગઈ, ભગવદિતર પદાર્થોમાંથી વૈરાગ્ય વેગે મન પાછું પડી ગયું, પણ ઉંમર થતાં માંડવે જવા તૈયાર થઈ ગયા. સપ્તપદીના સૂત્રો સાથે ફેરા ફરતા હતા ત્યાં શ્રીજી મહારાજનો કાગળ મામા અજા પટેલ પર આવ્યો. –

અજા જીવા વીરદાસ વળી, લાધા કાળા કમળશી મળી ।
એહ સર્વે તજી ઘરબાર; થાજ્યો પરમહંસ નિરધાર ॥ (ભ.ચિ.પ્ર.૫૪)

૧૮-૧૮ સત્સંગના માંધાતાઓ સંસાર સુખને ઠોકર મારીને મોહનને મળવા





ચાલ્યા. ત્યારે ''એહ સર્વે'' શબ્દમાં પોતે પણ આવી ગયા એમ માનીને આ કલ્યાણદાસ ફેરા ફરવા પડ્યા મૂકીને ભવના ફેરા છોડાવે એવા ભગવાન શ્રીહરિ સમક્ષ હાજર થયા. શ્રીજી મહારાજ ખૂબ ખૂબ રાજી થયા. પોતાની પાસે બોલાવીને પોતાના હાથે કલ્યાણદાસના હાથેથી મીંઢોળ છોડ્યું અને બોલ્યા કે, ''તમે અદ્‌ભૂત કાર્ય કર્યું છે; માટે તમારુ નામ ''અદ્‌ભૂતાનંદ સ્વામી'' પાડીએ છીએ.''

સંત થયા પછી સ્વામી જગતથી ઉદાસી હોવા છતાં પ્રભુ પ્યાસી મુમુક્ષુઓના શ્રેય માટે સતત વિચરણ કરતા. નિષ્કુળાનંદ સ્વામીની સાથે સાથે વૈરાગ્યની વાતમાં જેમનું નામ આદર સાથે લેવાય છે એવા આ સ્વામીશ્રી ઘર-સંસારનું બંધન છોડી ખાનદેશમાં જ્યારે સત્સંગ વિચરણ કરતા ત્યારે રૂપ ગુણ -ઐશ્વર્ય અને બ્રહ્મ વર્ચસ્વ થી અંજાય ગયેલા કુંજબારી શહેરના રાજવી નારસિંહજીએ પોતાની બે કન્યાઓ અને કંઈક રાજ્ય સ્વામીને આપવાનો  નિશ્ચય કરેલો. એ પ્રસંગે પણ માયાના ઘોર તમસમાં સ્વામીની વૈરાગ્ય વીજળીઓના ચમકારા જોવા મળે છે. સ્વામી રાતોરાત રાજદરબાર, રાજકન્યાઓ અને વૈભવનો ત્યાગ કરીને ત્યાંથી છુપી રીતે ભાગી ગયેલા.

આવી વૈરાગ્યની આગવી પ્રતિભા હોવા છતાં પાટીદારો ગામ તરીકે પ્રસિદ્ધ ''વસો'' નાંદોદ રાજ્યના ''ભદામ'', કંડારી,વેમારડી,ચોરંદા જેવા અનેક ગામોમાં સ્વામીએ સત્સંગના પાતાળ પાયા નાંખ્યા હતા. એટલું જ નહીં પણ દાયકાઓ સુધી ધોલેરા મંદિરના મહંતપદે રહીને સારી એવી સેવા કરેલી. લગભગ શ્રીહરિ સ્વધામ ગમનબાદ આ સત્સંગને સૌથી મોટું છત્ર અદ્‌ભૂતાનંદ સ્વામીનું મળ્યું છે. સંવત્-૧૯૨૪ માં મુંબઈમાં આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજે પ્રતિષ્ઠા કરી ત્યારે સ્વામી સાથે હતાં એવો ઉલ્લેખ ''આચાર્યોદય'' ગ્રન્થમાં છે. એટલું જ નહીં, સં.૧૯૩૫ માં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ ગાદીએ આવ્યા. ત્યારે સ્વામીશ્રી અતિવૃદ્ધ હોવા છતાં તેમની સાથે પણ સત્સંગ વિચરણ કરતાં અને વિ.સં.૧૯૩૯ કાર્તિક સુદ-૧૪ ના દિવસે નંદસંતોમાં સૌથી લાંબુ આ સત્સંગને સુખ આપીને શ્રીજીની સામીપ્ય સેવામાં હાજર થયા.



ॐ श्री शून्यातीतानन्दमुनये नमः।।

# સદ્‌ગુરુ શ્રી શૂન્યાતીતાનંદ સ્વામી

જેમણે તપ-ત્યાગ પ્રધાન પરોપકારમય ભક્તિનિષ્ઠ જીવન જીવી અગણિત આત્માઓનો ઉદ્ધાર કર્યો હતો. જેમના સહવાસથી બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરી પ્રભુના સાક્ષાત્કારને પામ્યાં હતા. એવા પ્રભાવશાળી અલૌકિક વ્યક્તિત્વ ધરાવનાર શૂન્યાતીતાનંદ સ્વામીનો જન્મ કયાં ગામની ધરામાં થયો હતો તેનો ઉલ્લેખ પ્રાપ્ત નથી. પરંતુ રાજા ગોપીચંદની માતાએ જેમ ગોપીચંદ રાજાને ઉપદેશ આપીને વૈરાગ્ય ચઢાવ્યો હતો તેમ શૂન્યાતીતાનંદ સ્વામીના માતુશ્રીએ સ્વામીને ઉપદેશ આપી સાધુ થવા મોકલ્યા હતાં.

એક કિંવદન્તિ એમ પણ વાંચવાને સાંભળવા મળે છે કે ખીમજી સુતારને મહારાજ શ્રીજી મહારાજ કંઠી માટે લાકડું લેવા મોકલે છે. ત્યારે ખીમજી સુતાર ભાવનગરથી બેસીને સુરત જાય છે ત્યાં વહાણમાં એક બાવો ભગવાન સ્વામિનારાયણનો દ્વેષી હોવાથી ખીમજી સુતાર પર માંત્રિક અડદના દાણા નાખે છે પરંતુ ખીમજી સુતારને શ્રીહરિનો અનન્ય આશરો હોવાથી તેમનાં પર એ દાણાની અસર થતી નથી. સુરત બંદર આવતાં બાવો ખીમજી સુતારની માફી માંગે છે. ને શ્રીહરિના આશ્રિત થાય છે. તેમનાં અંતરનાં ઊંડે પડતા પોકારો શ્રીહરિએ સાંભળ્યા ત્યારબાદ શ્રીહરિ પાસે દીક્ષા લઈને શ્રીજી મહારાજ તેમનું નામ ''શૂન્યાતીતાનંદ'' પાડે છે.

શૂન્યાતીતાનંદ સ્વામી નરનારાયણાનંદ સ્વામીના ભત્રીજા હતા ને નિત્યાનંદ સ્વામીના મુખ્ય શિષ્ય હતા. તેઓ સત્તર વર્ષ સુધી શ્રીહરિની સેવામાં રહ્યા ને મહારાજનો અખૂટ રાજીપો મેળવ્યો હતો. તે શૂન્યાતીતાનંદ સ્વામીએ સુરતમાં જઈને સત્સંગનો સારો એવો પ્રચાર કર્યો હતો. તેમણે સુરતમાં પવિત્રાનંદ સ્વામીને બોલાવીને ત્યાં સુંદર શિખરબદ્ધ મંદિર કરાવ્યું હતું. તેઓ વ્યવહારકુશળ હોવાથી તેમને સુરતનાં મહંત પણ બનાવ્યા હતા.

શ્રીજી મહારાજ અક્ષરધામ ગયા બાદ લક્ષ્મી વાડીમાં જ્યાં શ્રીજી મહારાજનો અગ્નિસંસ્કાર થયો હતો તે સ્થાને નિત્યાનંદ સ્વામીએ બનાવેલ સ્મૃતિ મંદિરનું બાંધકામ શૂન્યાતીતાનંદ સ્વામીની દેખરેખ હેઠળ કરાવ્યું હતું. તેથી તેઓ સારા





महापूजा मुक्तगाथा

વ્યવહારકુશળ, શિલ્પજ્ઞ પણ હતા.

સ્વામી વચન સિદ્ધ હોવાથી તેમણે ઘણા ભક્તોનાં દુઃખો દૂર કર્યાં હતાં. જ્યારે સુરતમાં મંદિર કરવા માટે લખણી શરૂ કરી ત્યારે ત્યાંના દયારામ ખત્રી ખૂબજ સેવાભાવી ભક્ત, તે દરરોજ ચાર આનાં કમાઈને કુટુંબનું પોષણ કરતા તેવી એમની દુર્બળ સ્થિતિ હતી, છતાં પણ મંદિરની સેવામાં એક સો રૂપિયા લખાવ્યા. પછી એમને ચિંતા થઈ કે હું ક્યાંથી લાવીને આપીશ. રાત્રે ઊંઘ ન આવી પછી પોતાના મિત્ર ધીરજ રામભાઈને વાત કરી. તેમણે સો રૂપિયા આપ્યા. આ વાત સ્વામીને જાણ થઈ ત્યારે તેમના ઉપર અતિ પ્રસન્ન થયા. પછી સ્વામીએ ફરીથી ધીરજરામને પાસે એક સો રૂપિયા દયારામને અપાવ્યા ને કહ્યું કે, આ સો રૂપિયાનો વેપાર કરો તેથી સુખી થશો. ને સ્વામીના આશીર્વાદથી ખૂબજ સુખી થઈ ગયા.

આવા સત્સંગના પરમ હિતૈષી, ભક્તોનું દુઃખ દૂર કરનારા શૂન્યાતીતાનંદ સ્વામી સંવત્ ૧૯૩૧ના માગશર સુદ ૧૦ ને દિવસે સુરતમાં જ પાંચ ભૌતિક દેહનો ાગ કરીને મૂર્તિના સુખે સુખીયા થયા હતા.



ॐ श्री तद्रुपानन्दमुनये नमः।।

# સદ્‌ગુરુ શ્રી તદ્રુપાનંદ સ્વામી

તદ્રુપાનંદ સ્વામીનો જન્મ 'કરજીસણ' ગામમાં થયો હતો. તેઓ વૈરાગ્યથી ઘરનો ત્યાગ કરી મહારાજ પાસે ત્યાગી થવા આવ્યા હતા. શ્રીજી મહારાજે તેમને દીક્ષા આપીને ''તદ્રુપાનંદ'' નામ રાખ્યું હતું. તેઓ મહાન શિઘ્ર કવિરાજ બ્રહ્માનંદ સ્વામીના શિષ્ય હતા. તેઓ અખંડ સ્વામીની અનુવૃત્તિમાં રહેતા હતા. તેઓ સારા વિદ્વાન અને ધર્મનિષ્ઠ સંત હતા. તેઓમાં નિર્માનીપણું અને ઋજુતા સહજ વણાયેલી હતી.

શ્રીજી મહારાજની આજ્ઞાથી સદ્. બ્રહ્માનંદ સ્વામી વડતાલનું મંદિર કરાવતા હતા ત્યારે તદ્રુપાનંદ સ્વામી બ્રહ્માનંદ સ્વામીની આજ્ઞાથી આસપાસનાં ગામોમાં ઝોળી ફરવા જતા હતા. એક સમયે સ્વામી ઝોળી માગીને ચાલ્યા આવતા હતા ત્યારે પગમાં જોડા પહેરેલા નહી, બહુ તાપ પડેલો અને તૃષા પણ બહુ લાગેલી તેથી સ્વામીને ચક્કર આવ્યા અને તેઓ પૃથ્વી ઉપર પડી ગયા. ત્યાં બાજુમાં બ્રાહ્મણનું પાણીનું એક પરબ

હતું તે બ્રાહ્મણ આ સાધુને પડી ગયેલો જોઈને ત્યાં દોડી આવ્યો સ્વામીને પૂછપરછ કરીને સાફ કરેલા લોટામાં ચોખ્ખું પાણી સ્વામીને પાયું, તૃષા છીપતાં સ્વામીને શાંતિ થઈ એટલે એ બ્રાહ્મણ પોતાની છાપરીમાં સ્વામીને તેડી લાવી ને પથારી કરી સુવાર્યા. સ્વામીની ખૂબ ખૂબ સુંદર સેવા કરી. સ્વામીને સારું થયું એટલે સ્વામી ત્યાંથી ચાલવા તૈયાર થયા. પવિત્ર સંતની સેવા કરવાથી તે બ્રાહ્મણની બુદ્ધિ નિર્મળ થઈ. સ્વામીને મોટા પુરૂષ જાણી તેમના ચરણમાં પડી તે રડવા લાગ્યો ને કહ્યું સ્વામી ! હું મહાપાપી છું. બ્રહ્મહત્યારો છું. મે નીચ વર્ણની સ્ત્રીને મારે ઘેર રાખી હતી.

મારો ભાઈ મને સમજાવવા આવ્યો, મને ક્રોધ ચડ્યો એટલે મે તેનાં માથામાં લોઢાની કોશ મારી તેથી તેનું મૃત્યુ થયું, તેથી લોકોએ ગામની બહાર કાઢી મૂક્યો. પછી મને પણ ખૂબ પસ્તાવો થયો ને તે સ્ત્રીને પણ મેં કાઢી મૂકી છે. હવે રાત-દિવસ મારું હૃદય બળ્યા કરે છે તેથી હે સ્વામી ! મે કરેલાં પાપમાંથી મુક્ત થાઉં અને મારું શ્રેય થાય એવી મારી ઉપર કૃપા કરો. સ્વામીને તેના ઉપર અતિ દયા આવી તેથી તેને પોતાની સાથે વરતાલ લઈ ગયા. ત્યાં શ્રીજી મહારાજ લક્ષ્મીનારાયણનાં મંદિર આગળ સભામાં વિરાજમાન હતા. ત્યાં આવ્યા ને તેને શ્રીહરિની મૂર્તિ માધુરી નિરખતાં તરત સમાધિ થઈ ગઈ. પછી તે વિપ્ર સમાધિમાંથી જાગૃત થયાં ને હરિનું શરણું સ્વીકાર્યું અને શ્રીહરિએ તેને બ્રહ્મહત્યાના પાપમાંથી મુક્ત કર્યો. તે સમયે ત્યાં સભામાં વડોદરાના વાઘમોડિયા રામચંદ્રે શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો જે, હે મહારાજ ! જે કુપાત્ર જીવ જણાતો હોય તેને પણ સમાધિ થાય છે તેનું શું કારણ છે? આ પ્રશ્નનો ઉત્તર મહારાજે વરતાલનાં ૧૪ માં વચનામૃતમાં વિસ્તારથી કર્યો છે. ત્યારબાદ તે બ્રાહ્મણ બ્રહ્માનંદ સ્વામી, તદ્રુપાનંદ સ્વામીના આશીર્વાદ લઈને પોતાને ઘેર ગયોને સુખી થઈ ગયો.

બ્રહ્માનંદ સ્વામી ધામમાં ગયા પછી મૂળી મંદિરના મહંત તરીકે રહીને સ્વામીએ મૂળી મંદિરની ઘણી સેવા કરી હતી. બ્રહ્માનંદ સ્વામીએ વરતાલ, જૂનાગઢ અને મૂળીમાં શિખરબદ્ધ મંદિર કર્યા તેમાં પણ તદ્રુપાનંદ સ્વામીએ સારી સેવા કરી હતી.

તદ્રુપાનંદ સ્વામીએ મૂળી દેશમાં સત્સંગ પ્રચાર માટે કરેલી કથાવાર્તાનો સંગ્રહ કરી ''તદ્રુપાનંદ સ્વામીની વાતો'' આ ગ્રંથ સંપ્રદાયમાં પ્રચલિત છે. તે સ્વામીની વાતોરૂપી અમૂલ્ય પ્રસાદ અદ્યાપિ પર્યંત સંતો અને હરિભક્તોને સત્સંગનું બળ આપી રહ્યો છે. તદ્રુપાનંદ સ્વામી આજીવન શ્રીહરિની મરજીમાં પોતાનું જીવન સમર્પિત કરીને સત્સંગનો કીર્તિ ધ્વજ લહેરાવતા સંવત્ ૧૯૧૬ આસો વદ ૮ ના રોજ મૂળી ધામમાં અક્ષરવાસી થયા હતા.







ॐ श्री शान्तानन्दमुनये नमः।।

## સદ્‌ગુરુ શ્રી શાંતાનંદ સ્વામી

ઓગણીસમી સદીના અતિ કપરા સમયમાં ભગવાન સ્વામિનારાયણે અડિખમ યોધ્ધા સમાન બ્રહ્મનિષ્ઠ સંતોને તૈયાર કરી માનવ કલ્યાણની નિર્મલ ભાવનાથી જ્ઞાનગંગાનો પ્રબળ પ્રવાહ મહાતપસ્વી દ્રઢ નિષ્ઠાધારી સંતો દ્વારા વહાવી સત્સંગની દેશદેશાંતરમાં સુવાસ પ્રસરાવી હતી.

એમાંના એક ધ્યાની સંત શાંતાનંદ સ્વામી દંઢાવ્ય દેશના કડી-કલોલ પાસે "માથાસુર'' ગામના હતા. ઉત્સવ સમૈયામાં ''માથાસુર'' ગામના ભક્તો શ્રીહરિના દર્શન કરવા ગઢપુર ગયાં. ત્યાં પ્રાર્થના કરતા પ્રભુને કહ્યું : '' પ્રભુ ! અમારે ગામ પધારો. '' શ્રીજી મહારાજે કોલ આપ્યો હતો કે, એકવાર જરૂર પધારીશ. સમય જતાં એકવાર શ્રીહરિ માથાસુર ગયા. ગામના પ્રેમી ભક્તોને વશ થઈ કરૂણાસાગર શ્રીહરિ કંસાર જમે છે. ત્યાં એક પવિત્ર બ્રાહ્મણ ઉપરથી ઘી પીરસે છે. પ્રભુ પ્રેમમાં મસ્ત બનેલ એ બ્રાહ્મણ મહારાજના મિલનની માધુરી માણતા હતાં ત્યાં શ્રીહરિએ ચળું કરવા પાણી માંગ્યું ને તે પ્રેમઘેલા ભક્તે પાણીને બદલે ઘીનું બોઘરું આપીને કહે ''લો મહારાજ ચળું કરો ? ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા કે, '' આવા સંસારના ભાન વિનાના તે શીદ ઘરમાં રહેતા હશે ?'' શ્રીજી મહારાજની એ દિવ્ય વાણી બ્રાહ્મણ ભક્તના હૃદયપટલમાં અંકિત થઈ ગઈ ને તે શ્રીજી મહારાજ સાથે વરતાલ જવા ચાલી નીકળ્યા. ત્યાં આ બ્રાહ્મણ ભક્તે પ્રભુને પ્રાર્થના કરતાં કહ્યું : '' હે કૃપાનાથ! મને સાધુની દીક્ષા આપો.'' શ્રીજી મહારાજે ''શાંતાનંદ સ્વામી '' એવું શુભ નામાભિધાન કરી મુક્તાનંદ સ્વામીને સોંપ્યા.

તેઓ નિર્માની સરલ સ્વભાવવાળા નિખાલસ સંત હતા. તેમણે મુક્તાનંદ સ્વામીનો મહિમા જાણી તેમની રૂચિ પ્રમાણે સેવા કરી. સ્વામીનો રાજીપો મેળવ્યો હતો. તેથી સ્વામીએ મહારાજની પ્રસાદીના ચરણારવિંદ આપ્યા હતા. તેઓ યોગાભ્યાસ વિના મહારાજની કૃપાથી સમાધિમાં ૧૦-૧૫ દિવસ સુધી રહી શકતા. એકવાર ગોપાળાનંદ સ્વામીએ કહ્યું હતું કે તમે તો ત્રણે અવસ્થામાં મૂર્તિમાં મસ્ત રહો છો. તેથી તેવા ભગવત્સુખનો અનુભવ બીજા સંતોને થાય તેથી ધ્યાન ભજન, ધર્મ, ભક્તિ, જ્ઞાન વૈરાગ્યની સંપૂર્ણ સિદ્ધિ કઈ રીતે પ્રાપ્ત થઈ શકે એવી વાતો નાના- સંતોને બેસાડી

કરો. ત્યારથી આજીવન નાના-મોટા સંતોને હેતથી બેસાડીને પૂજા પાઠ, કથાવાર્તા, ધૂન,કીર્તન વગેરે શીખવાડતા. ધ્યાનનું અંગ હોવાથી અનેકને ધ્યાન શીખવાડી ધ્યાનના અખંડ અભ્યાસી બનાવ્યા હતા.

મુક્તાનંદ સ્વામી ધામમાં ગયા પછી તેઓ ગોપાળાનંદ સ્વામી સાથે રહેતા ને તેમની સેવા કરતા. શાંતાનંદ સ્વામીએ વરતાલમાં સાધુની ધર્મશાળામાં જ્યાં ગોપાળાનંદ સ્વામીનું આસન હતું તે સ્થળે ગોપાળાનંદ સ્વામીના સિંહાસને સદ્‌ગુરૂ મુક્તાનંદ સ્વામીના નામથી તથા સદ્‌ગુરૂ ગોપાળાનંદ સ્વામીના નામથી શ્રીજી મહારાજના બે જોડ ચરણારવિંદ પધરાવ્યા છે.

પોતાની જીવનવીણાને પ્રભુપ્રેમ સાથે સુસંવાદિતા સાધી, તાદાત્મ્ય સર્જી પ્રભુપ્રેમની સુહાગ અને સુરાવટ રેલાવી અનેક સંતો ભક્તોને મહારાજની મનોહર મૂર્તિનો સાક્ષાત્કાર કરાવનારા, પોતાની નમ્રતા વડે બે મહાન સદ્‌ગુરૂઓનો રાજીપો લેનારા પ.પૂ.સદ્‌ગુરૂ શાંતાનંદ સ્વામીનાં ચરણોમાં કોટિ કોટિ વંદન...



ॐ श्री पुरुषानन्दमुनये नमः॥

## સદ્‌ગુરૂ શ્રી પુરુષાનંદ સ્વામી

જે સંત વર્યે જૂનાગઢમાં રહી ઘણી સેવા કરી હતી ને સ્વામીના આશીર્વાદે અનેક નરરત્નો જન્મ્યા હતા. તે જૂનાગઢના જોગી પુરૂષાનંદ સ્વામીનો જન્મ સંવત્ ૧૮૭૮માં ‘‘ભાયાવદર’’માં થયો હતો. તેઓ ઔદિચ્ય બ્રાહ્મણ હતા. તેમના પિતાશ્રીનુ નામ દેવકૃષ્ણભાઈ હતું તથા તેમનુ પોતાનું નામ રામજી હતુ.

શ્રીજી મહારાજ એકવાર ભાયાવદર પધારેલા ત્યારે દેવકૃષ્ણભાઈએ શ્રીજી મહારાજની તથા સંતોને પોતાના ઘેર જમાડીને પૂજા કરી હતી. ત્યારે રામજીની ઉંમર નાની હતી. ત્યારે શ્રીજી મહારાજે તેમને વર્તમાન ધરાવ્યા ને કંઠી બાંધી. પછી શ્રીજીમહારાજે કહ્યું કે આ તો પૂર્વના મુક્ત છે તે આગળ જતા સંસારમાં રહેશે નહીં. પ્રભુમાં પ્રીત સહજ હોવાથી તેમને સંસારમાં પ્રીત ન હતી. પરંતુ રામજીના બાલ્યવયમાં લગ્ન થઈ ગયા હતા છતાં પણ ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીના સમાગમથી તેમની મુમુક્ષુતા અકબંધ રહી હતી. રામજીને જ્યારે સમય મળે ત્યારે વરતાલ, વડોદરા, સુરત, ઉમરેઠ વગેરે ગામમાં ગોપાળાનંદ સ્વામી સાથે ચાર ચાર





માસ રહીને તેમની સમયે સમયે સેવા અને સંભાળ કરતા. ગોપાળાનંદ સ્વામીએ તેમને અષ્ટાંગ યોગ પણ શીખવ્યો હતો.

સ્વામીના સમાગમથી તેમને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેમને થયું કે સંસારના ઉકળતા ચરૂ વચ્ચે રહીને મને શ્રીહરિની પ્રાપ્તિ નહીં થાય તેથી તેઓ ભાગીને જૂનાગઢ આવ્યા, પરંતુ ત્યાંથી તેમના પિતાશ્રી તેડી ગયા. ફરીથી ભાગીને ગઢડા ગયા ને ત્યાંથી વરતાલ જઈને ગોપાળાનંદ સ્વામીને વાત કરી કે મારે મારૂં જીવન શ્રી હરિના ચરણે સમર્પિત કરવું છે. ત્યારે સ્વામી કહે છે કે, પાંચ વર્ષ પછી તારી પત્ની દેહ મુકે પછી ત્યાગી થજે. સ્વામીની આજ્ઞા શિરોધાર્ય કરી રામજી ઘેર ગયા ને પાંચ વર્ષ પછી સ્વામીના કહેવા પ્રમાણે તેમની પત્ની દેહ મુકી ગઈ ત્યારે તે જૂનાગઢ હતા ને ત્યાં તેમને સમાચાર મળ્યા કે મારી પત્ની મૃત્યુ પામી ત્યારે તેમના મુખમાંથી શબ્દો સર્યા કે સંસારનું સગપણ તુટ્યું હવે ભગવાન સાથે સગપણ થયું. પોતે સ્નાન કરીને સુંડલી ભરીને સંતોને સાકર વહેંચી. પત્નીની બધી જ ક્રિયા ઉકેલીને ગઢડે આવ્યા ને ત્યાં તેમનું નામ શ્રીજી મહારાજે પુરૂષાનંદજી બ્રહ્મચારી થયા.

તેઓ ગોપાળાનંદ સ્વામીના શિષ્ય થયા અને અઢાર વર્ષ સુધી સ્વામીની પાસે રહીને તેમની સેવા કરી તેથી તેમની કૃપાથી પુરૂષાનંદ સ્વામીને સમાધિ થતી અને બીજાઓને પણ સમાધિ કરાવતા. તેઓ સમર્થ અને વચનસિદ્ધ સંત હતા.

સંપ્રદાયના ઈતિહાસમાં એક તેમનો પ્રસંગ વાંચવાને સાંભળવા મળે છે કે એકવાર પુરૂષાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામીના હાથથી પ્રસાદી જમવા માટે સાધુના ભંડારમાં જઈને તેમની તુંબડીનું પાણી પીધું હતું. ને પછી તેઓ ‘‘મહાપુરૂષદાસજી’’ સ્વામી તરીકે ઓળખાયા. તેઓ માર્કંડેય ઋષિના અવતાર હતા. તેઓ વચનસિદ્ધ અને સમર્થ સંત હતા. સ્વામીના આશીર્વાદથી રાજકવિજી ભીમજીભાઈને ત્યાં કવિરત્ન શ્રી માવદાનજી તથા ચતુરદાનજી જેવા મહા ભક્તરાજનો જન્મ થયો હતો. કવિ માવદાન ભાઈએ સ્વામીનો મહિમા વર્ણવ્યો છે કે,

જે ગોપાળ મુનીન્દ્રને ગુરૂ, ગણી સેવ્યા ગુણાતીતને,
તે સ્વામી મહાપુરૂષદાસ ગુરૂને, વદું ધરી પ્રીતને.

સ્વામીની કૃપાએ અનેક સત્સંગીઓના દુઃખ દારિદ્રય ટળી ગયા ને સુખીયા થયા. સત્સંગમાં જૂનાગઢના જોગી તરીકે પ્રસિદ્ધ થયા હતા.

શ્રી હરિની તપમય અખંડ મૂર્તિ ધારનાર સંત આજીવન સત્સંગની સેવા કરી સંવત્ ૧૯૩૦ના ભાદરવા વદ-૫ ને દિવસે જૂનાગઢમાં અક્ષરવાસી થયા હતા. લાખો વંદન હો આ સંતવર્યનાં ચરણે...



INDEX



“ શ્રી હરિકૃષ્ણાય નમોનમ : ”

# પંચમાવરણ

INDEX







## પંચમ આવરણ

ભકતરાજશ્રી મયારામ ભટ્ટ
ભકતરાજશ્રી માંચા ખાચર
ભકતરાજશ્રી પ્રાણગોવિંદ
ભકતરાજશ્રી લક્ષ્મીરામ
ભકતરાજશ્રી હેમંતરામ
ભકતરાજશ્રી શિવયાજ્ઞિક
ભકતરાજશ્રી મોહનરામ
વિપ્રવર્ય હરિશર્મા
વિપ્રવર્ય કૃપાશંકર
ભકતરાજશ્રી જીવા ખાચર
ભકતરાજશ્રી કાશીદાસ
ભકતરાજશ્રી પર્વતભાઈ
ભકતરાજશ્રી નાથજી ભગત
ભકતરાજશ્રી નાચિકેત
ભકતરાજશ્રી નંદુભાઈ
ભકતરાજશ્રી નરોત્તમ ઠાકોર
સદ્‌ગુરુશ્રી નૃસિંહાનંદ સ્વામી
પાર્ષદશ્રી રામસિંહ
ભકિતમતી લાડુબા
ભકિતમતી જીવુબા





ॐ श्री मयारामाय नमः॥

# ભક્તરાજ શ્રી મયારામ ભટ્ટ

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રથમ પંક્તિના ગૃહસ્થ ભક્તોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર ભક્તરાજ શ્રી મયારામ ભટ્ટ માણાવદર (જૂનાગઢ) ના વતની અને સદ્‌ગુરૂશ્રી રામાનંદ સ્વામીના અનન્ય નિષ્ઠાવાન આદર્શ યુવક ભક્ત હતા.

તેઓ નાની વયમાં વિધુર થયા ત્યારે નરસિંહ મહેતાની જેમ ‘‘ભલુ થયું ભાંગી ઝંઝાળ, સુખે ભજશું શ્રી ગોપાળ.’’ વૃત્તિથી શેષ જીવનની લાંબી સફર કરવા માગતા હતા. છતાં પરિવારના અત્યાગ્રહને કારણે આ બાબતે તેઓએ શ્રદ્ધાનાં કેન્દ્રસમાં સંતવર્યશ્રી રામાનંદ સ્વામીની સલાહ લેવાનું મૂનાસીબ માન્યું. સભામાં જઈને વંદન કરી સ્થાન ગ્રહણ કર્યું ત્યાં જ એ મહાપુરૂષે સમાધાન આપ્યું. ‘‘કોઈ ત્રણ ફેરા ફરીને પણ મને પૂછે તો હું ચોથો ફેરો ફરવાની ના પાડી દઉં અને ભજનની ભલામણ કરું’’ ગુરૂદેવ રામાનંદ સ્વામીના આ શબ્દોને પોતાના પ્રશ્નનો ઉત્તર માનીને ભટ્ટજી આજીવન બ્રહ્મચારી રહ્યા, એટલું જ નહિ પણ સંસાર વ્યવહારથી અળગા રહ્યા અને સત્સંગમાં અગ્રણીની સાથે રામાનંદ સ્વામીની કૃપાનું વિશેષ પાત્ર બનેલા.

સદ્‌ગુરુ રામાનંદ સ્વામી પણ ભટ્ટજીને દરેક વ્યવહારિક કાર્યોમાં આગળ રાખતા, સલાહ સૂચન લેતા. શ્રી નીલકંઠ વર્ણીને ગાદી આપતી વખતે પણ સ્વામીએ ભટ્ટજીની અનુમતિ લીધેલી. તેનાથી જ સમજી શકાય કે ભટ્ટજી કેવા નિષ્ઠાવાન અને વિશ્વાસપાત્ર ભક્ત હશે !

રામાનંદ સ્વામી જીવતા જાગતા ભગવાન છે એવી ઊંડી શ્રદ્ધા અને દ્રઢ નિષ્ઠા સાથે સત્સંગ કરનાર ભટ્ટજીને સમાધિ પ્રકરણ વખતે મનદુઃખ થયેલું, પણ શ્રીહરિના અપાર ઐશ્વર્યે તેમની તમામ શંકાઓના મૂળિયા કાઢી નાંખેલા. પરિણામે ભટ્ટજી શ્રીહરિના અનન્ય નિષ્ઠાવાન ધર્મનિષ્ઠ ભક્ત તરીકે પ્રસિદ્ધ થયેલા.

તેમનું જીવન સત્સંગ માટે સમર્પિત હતું. રાત્રી-દિવસ મહારાજની સાથે

ફરતા છતાં જાતે બનાવીને જમતા. સર સામાન સાથે રાખતા. તેમની ધર્મનિષ્ઠા સ્વરૂપ-નિષ્ઠામાં બાધક ન બનતી. શ્રીજી મહારાજનો તેમને પૂર્ણ વિશ્વાસ અને ઊંડી આસ્થા હતી. તેમણે સતત સેવા કરીને અખૂટ રાજીપો પ્રાપ્ત કરેલો. ચાલવું તેમને મન કંઈ નવાઈની વાત ન હતી. પરિણામે શ્રીહરિના દુત બનીને ગામડે ગામડે આજ્ઞાપત્રો-કંકોત્રીઓ પહોંચાડવાની સેવા થાક્યા વિના કરતા. છતાં કોઈ જાતની અપેક્ષા પણ રાખતા નહિ. પરિણામે મહારાજના વિશેષ વિશ્વાસપાત્ર બનેલા અને એટલે જ મહારાજે શિક્ષાપત્રી લખતી વખતે ગૃહસ્થ ભક્તોમાં પ્રથમ પોતાના વ્હાલા ભક્તને આપ્યું -

*“गृहस्थाश्च मयाराम भट्टाद्या ये मदाश्रया :”*

નિરપેક્ષ ભાવે સત્સંગની સેવા કરી. ઓછામાં ઓછી અપેક્ષા સંગ્રહખોરી કર્યા વગર સાદગી સભર જીવન જીવી, ધર્મનંદનને રાજી કરનાર વિપ્રવરેણ્ય શ્રી મયારામ ભટ્ટનાં ચરણે વંદન...



ॐ श्री प्राणगोविन्दाय नमः।।

## ભક્તરાજ શ્રી પ્રાણગોવિંદ

ભક્તરાજ શ્રી પ્રાણગોવિંદ શ્રીહરિના પ્રેમી ભક્ત હતા. તેઓ અમદાવાદના વેદાંતી કર્મકાંડી વિપ્ર હતા. શ્રીહરિ જ્યારે યજ્ઞયાગાદિ કરાવતા ત્યારે પ્રાણગોવિંદ વરુણીમાં બેસતા. વરતાલ તથા અમદાવાદ મંદિરની પ્રતિષ્ઠામાં તેઓ વરુણીમાં બેસ્યા હતા. તેની નોંધ વિહારીલાલજી મહારાજે હરિલીલામૃતમાં લીધી છે.

“પ્રાણગોવિંદ આદિક જેહ, વિદવાન આવ્યા વિપ્ર તેહ ।
કહ્યું તેને વરૂણીમાં વરવા, બેસાર્યા જપને પાઠ કરવા ॥”

(હરિલીલામૃત, કળશ-૮, વિશ્રામ-૨,)

આમ શ્રીજીના સાનિધ્યે અનેક યજ્ઞો કરનાર પ્રાણગોવિંદને વારં-વાર વંદન..







ॐ श्री लक्ष्मीरामाय नमः।।

## ભક્તરાજ શ્રી લક્ષ્મીરામ

લક્ષ્મીરામ ગામ રોહિશાળાના વતની હતા. તેઓ બ્રાહ્મણ હતા. શ્રીજી મહારાજની ખૂબ જ અનન્યનિષ્ઠા અને સમર્પિતભાવે તેમની ભક્તિ કરતા. તેઓ દરિદ્ર હતા છતાં પણ દિલ દરિયા જેવું વિશાળ હતું.

ડભાણમાં યજ્ઞ શરૂ થયો. તેથી લક્ષ્મીરામ અને તેના મિત્ર આણંદજી વાણિયાએ યજ્ઞમાં દર્શન કરવા જવાનું નક્કી કર્યું. પરંતુ લક્ષ્મીરામ પાસે કોડીભાર નયો પણ ન હતો. તેથી તેઓ ગામના ભરવાડ હાજો ગમારો પાસે ગયા ને કહ્યું કે મારે મહારાજનાં તથા ડભાણના યજ્ઞનાં દર્શન કરવા જવું છે, માટે મને કંઈક મદદ કરો.

ભરવાડે કહ્યું : “મારી પાસે તો કંઈ પણ નથી પણ મારી ઘરવાળીના ચાંદીના બાર રૂપિયાના કડલા છે તે તમને આપું. પછી લક્ષ્મીરામે તે કડલા લઈ આણંદજીને ત્યાં ગીરવે મુકી સાત રૂપિયા લીધા. અને તે સાત રૂપિયાની મૂડી નિષ્કામભાવે શ્રીજી મહારાજના ચરણે સમર્પિત કરી દીધી. ત્યારે શ્રીજી મહારાજ તે રૂપિયા હાથમાં લઈ ઉછાળીને કહ્યું : “ આ નિર્ગુણ દ્રવ્ય આવ્યું હોવાથી ડભાણનો યજ્ઞ પૂરો થઈ જશે.”

લક્ષ્મીરામ તથા આણંદજી ડભાણમાં યજ્ઞ પૂરો થયા પછી પાછા પોતાને ગામ આવ્યા ને લક્ષ્મીરામે ઘેર આવીને આણંદજીને ચાંદલો કર્યો એટલે આણંદજીએ તેને દક્ષિણા તરીકે એક રૂપિયો આપ્યો. લક્ષ્મીરામે એ એક રૂપિયાના મરચના બી લઈને હવેજ બનાવ્યો ને વેચ્યો. તેનો વેપાર કરતા કરતા તેની પાસે આઠ હજાર રૂપિયા ભેગા થયા. તેથી તેમણે ગોપીનાથજી મહારાજના મંદિરમાં સેવા માટે આપી દીધા. શ્રીજી મહારાજ અંતર્ધાન થયા પછી આજીવન ગોપીનાથજી મહારાજના મંદિરની સેવા કરી. જ્યાં સુધી ગોપીનાથજી મહારાજના મંદિરની ધજા લહેરાતી રહેશે ત્યાં સુધી લક્ષ્મીરામ જેવા મહાન ભક્તે સમર્પિત ભાવે કરેલી સેવાનો કીર્તિધ્વજ ગગનમાં ફરકતો રહેશે. પણ એમની સેવા,સમર્પણ જેવા સદ્‌ગુણોરૂપી સુરભિ સંજીવનીરૂપે પણ સત્સંગ સમાજને ચેતના પ્રગટાવી પ્રેરણાનો પૂંજ પાથરતી રહેશે.



ॐ श्री हेमन्तरामाय नमः॥

## ભક્તરાજ શ્રી હેમંતરામ

વિપ્રવર્ય હેમંતરામ અમદાવાદના વેદ વેદી બ્રાહ્મણ હતા. બાલ્યાવસ્થાથી જ ભગવાનમાં અનન્ય પ્રીતિ હતી. શ્રીહરિનો ભેટો થતાં મહારાજના અનન્ય આશ્રિત થયા અને સારા એવા વેદાંતી બ્રાહ્મણ હોવાથી શ્રીજીમહારાજ યજ્ઞ તથા મંદિર પ્રતિષ્ઠામાં વરુણીમાં બેસાડતા હતા. જ્યારે વરતાલમાં અન્નકૂટ ઉત્સવ રઘુવીરજી મહારાજે કર્યો હતો ત્યારે હેમંતરામને અન્નકૂટ બનાવવા માટે અમદાવાદથી આમંત્રિત કર્યા હતા.



ॐ श्री शिवयाज्ञिकाय नमः॥

## ભક્તરાજ શ્રી શિવયાજ્ઞિક

ભક્તરાજ શિવયાજ્ઞિક હળવદના વેદાંતી વિદ્વાન બ્રાહ્મણ હતા. નાનપણથી જ ભગવાનમાં નૈસર્ગીક પ્રીતિ હતી. તેથી તેમનામાં વિવેક, વિનય, દયા અને નમ્રતા સહજ દેખાતા હતા. શ્રીહરિના અનન્ય આશ્રિત થયા પછી શ્રીજીમહારાજ જ્યારે યજ્ઞાદિક વિધિ કરતા તે વિધિમાં શિવયાજ્ઞિકને બેસાડતા.



ॐ श्री मोहनरामाय नमः॥

## ભક્તરાજ શ્રી મોહનરામ

વિપ્રવર્ય મોહનરામ વરતાલના વતની હતા. તેઓને જીવનની પાંગરતી વયમાંજ સત્ અને અસત્ વિવેક સમજીને સત્સંગ થયો. ત્યારબાદ





શ્રીહરિને વિષે પ્રીતિ અને અનન્ય નિષ્ઠા થતા પોતાનું જીવન સમર્પિત કરી દીધુ.

શ્રીજી મહારાજ જ્યારે વરતાલમાં મંદિર બંધાવાનો પ્રારંભ કર્યો ત્યારે મોહનરામને તે મંદિરની સંભાળ રાખવા શ્રીજીમહારાજે ભલામણ કરી હતી. તેની નોંધ વિહારીલાલજી મહારાજે હરિલીલામૃત ગ્રંથમાં લીધી છે.

બોલ્યા પછી મોહનરામભાઈ, તથા હરિશંકર ચિત્ત ચાઈ ।<br>
જે જે વસે છે વરતાલમાંય, શક્તિ પ્રમાણે કરશે સહાય ॥

(કળશ-૮, વિશ્રામ ૮/૧૩ હરિલીલામૃત)

વરતાલ મંદિરમાં તેઓનો સમર્પણભાવ અને સેવા અનન્ય હતી જ્યારે નિત્યાનંદ સ્વામી મોહનરામ, હરિશંકર અને વાલાધ્રુને વરતાલ મંદિરનો પથ્થર લેવા ધ્રાંગધ્રા જવા કહે છે ત્યારે ત્રણે ભક્તોના મુખમાંથી શબ્દો નીકળ્યા કે

"સુણી ત્રણે તે ઉચ્ચર્યા સુજાણ, અમે સમર્પ્યા પ્રભુ અર્થ પ્રાણ"

આ રીતે સ્વામીની આજ્ઞા શિર સાટે પાળીને સત્સંગની સેવામાં અર્થ અને પ્રાણ સમર્પિત કર્યા હતા. આવા ભક્તરાજની સેવા અને સમર્પણ ભાવનો કિર્તીધ્વજ યાવચ્ચંદ્રદીવાકરૌ સુધી ફરકતો રહેશે અને અન્યને પ્રેરણા આપતો રહેશે. ધન્ય હો આવા ભક્તરાજને...



ॐ श्री हरिशर्मणे नमः॥

## વિપ્રવર્ય શ્રી હરિશર્મા

જેમની પર સતત પ્રભુકૃપા અને સંતકૃપા વરસી છે. જેમણે સતત દિવ્યાનંદને ભોગવી માયિક સુખોનો ત્યાગ કરી હરિવરમાં હેત કર્યું હતું. જેમની પરમ સમૃદ્ધિનાં દિવ્ય વિચારબીજો આજે પણ તેમની પરંપરામાં જોવા મળે છે. તે હરિશર્મા ઉમરેઠ ગામના વતની હતા. તેમના પિતાશ્રીનું નામ ઘેલાભાઈ હતું. તેઓ પૂર્વજન્મના બલિષ્ઠ સંસ્કારવાળા શુદ્ધ મુમુક્ષુ હતા. બાળવયથી જ તપ-ત્યાગ, ધર્મ-નિયમ પાળી પ્રભુની ભક્તિ કરતા. કોઈ પવિત્ર સંત-મહાત્મા મળે તેનાં દર્શન સેવા-સમાગમ કરતા હતા. ને સતત પ્રભુ મિલનની આશ રાખતા.

સમય જતાં યોગીવર્ય ગોપાળાનંદસ્વામીનો ભેટો થયો. તે સદ્‌ગુરુના અનન્ય સેવક બની તેમની સેવા કરી ને ગોપાળાનંદ સ્વામી પાસે જ શાસ્ત્ર અભ્યાસ કર્યો. તે સદ્‌ગુરૂનાં આશીર્વાદ રૂપી વારિ મળતાં હરિશર્માના જીવનમાં ઐહિક અને પારલૌકિક જ્ઞાનપુષ્પ પુલકિત થયાં ને શ્રીહરિના કૃપાપાત્ર વિપ્રવર્ય બન્યા.

શ્રીહરિ શુભપ્રસંગનાં દરેક મુહૂર્તો જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે હરિશર્મા પાસે કઢાવતા. વરતાલ તથા ડભાણનાં યજ્ઞોમાં મુખ્ય આચાર્ય તરીકે હરિશર્માને જ નિમ્યાં હતા.

હરિલીલામૃતમાં વિહારીલાલજી મહારાજ તેની નોંધ લેતા લખે છે કે –

કૃપાશંકર જે વિદ્વાન તેનુ વરૂણ કર્યું બ્રહ્મસ્થાન,<br>ભલા બ્રાહ્મણ જે હરિભાઈ કિધા આચાર્ય તે યજ્ઞમાંઈ.

શ્રી હરિચરિત્રમાં પણ અખંડાનંદ વર્ણી લખે છે કે જ્યારે વરતાલમાં જલઝીલણીનો સમૈયો થયો. ત્યાં વેદનો પાઠ કરીને ઘંટનાદ કરતા શ્રીહરિશર્મા અને શ્રી કૃપારામ બંને વિપ્રોએ હાથમાં પૂજાપાનાં પાત્ર લીધા હતા.

હરિશર્માના ઈતિહાસમાં કોઈ પ્રસંગની પ્રાપ્તિ થઈ નથી પરંતુ પરંપરાગત સાંભળેલ એક પ્રસંગ અતિ રોચક છે.

રામપ્રતાપજી મહારાજના બંગલાની સામે બનાવેલ યજ્ઞમંડપમાં હરિકૃષ્ણ-મહારાજ, શ્રીકૃષ્ણ, રાધિકા, લક્ષ્મીજી, નારાયણ, વાસુદેવ, ધર્મદેવ, ભક્તિમાતા આ આઠ મૂર્તિઓ અતિશય ભારે હોવાથી સંતો ભક્તોને લઈ જવા તકલીફ થાતી. શ્રીહરિના હસ્તે યજ્ઞનો પ્રારંભ થયો. તે વખતે હરિશર્મા શાંતિ-સૂક્ત્‌ના મંત્રો ઉચ્ચાર્યા ને તે પવિત્ર બ્રાહ્મણના મુખે ઉચ્ચારેલ મંત્રનાં પ્રભાવથી તે અષ્ટ મૂર્તિઓ શ્રીજી મહારાજની પ્રદક્ષિણા કરીને મંદિરમાં બિરાજમાન થઈ હતી.

હરિશર્મા સ્વભાવે નિખાલસ, નિષ્કપટ અને ઋજુતા યુક્ત હતા. સમય આવે ત્યારે ભગવાનના ભક્તની સેવા પણ ખૂબજ ભાવે કરતા. તેઓને જગતની આસક્તિ, મોહ કે મમત્વ એ બધા દોષો નિર્મૂળ થયા હતા. ને સહજ જ્ઞાન અખંડ હતું આવા ભક્તરાજે નિર્દોષ અને નિષ્કામભાવે સત્સંગની સેવા કરી પ્રભુજીનો રાજીપો ખૂબ પ્રાપ્ત કર્યો. અત્યારે પણ એમની પરંપરામાં ઈશ્વરભાઈ અને જગદીશભાઈ બન્ને દેશમાં પ્રતિષ્ઠા, યજ્ઞ, મહાપૂજા આદિ વિધિ કરાવી સંતો-ભક્તોને રાજી કરે છે.







ॐ श्री कृपाशङ्कराय नमः।।

## ભક્તરાજ શ્રી કૃપાશંકર

વિપ્રવર્ય કૃપાશંકર મહારાજના પ્રિય વિપ્રોમાંના એક વિપ્ર હતા. તેઓ "છોટી કાશી" તરીકે પ્રસિદ્ધ ઉમરેઠ ગામના વતની હતા. કૃપાશંકર બધા બ્રાહ્મણોમાં જુદા તરી આવતા. કારણકે તેઓનું જીવન બહુ જ સાદું, સરલ અને ભગવન્નિષ્ઠ હતું. ભગવાનમાં નૈસર્ગિક પ્રીતિ હોવાથી તેનામાં વિનય, વિવેક, ધૈર્ય, આત્મનિષ્ઠા વગેરે સદ્‌ગુણો રહેલા હતા.

શ્રીજી મહારાજ યજ્ઞાદિ વિધિ કરાવતા તેમા કૃપાશંકર મુખ્ય બ્રાહ્મણ તરીકે રહેતાં વરતાલમાં મૂર્તિ પ્રતિષ્ઠાનાં યજ્ઞમાં તેમને બ્રહ્માનાં સ્થાને વરણી થઈ હતી. હરિલીલામૃતમાં વિહારીલાલજી મહારાજે તેની નોંધ લીધી છે કે –

"કૃપાશંકર એ જ વિદ્વાન, તેનું વરૂણ કર્યું બ્રહ્મસ્થાન"

રઘુવીરજી મહારાજ ગાદીએ વિરાજમાન થયાં. ત્યારબાદ શ્રીજી મહારાજની આજ્ઞાથી સૌપ્રથમ રઘુવીરજી મહારાજે વરતાલમાં અન્નકૂટોત્સવ કર્યો. તેમાં ક્રિયાકુશળ સર્વ બ્રહ્મચારીઓને અન્નકૂટ ઉત્સવમાં દૂધમાં યોગ્ય પકવાન બનાવવાં આમંત્રિત કર્યા હતા. તેમાં કૃપાશંકર પણ અગ્રગણ્ય હતા ને તે અન્નકૂટની સેવા કરતા. પોતાના મનની વૃત્તિ અખંડ શ્રીજીમહારાજમાં રાખતાં.

કૃપાશંકર અનન્યભાવે શ્રીહરિના આશ્રિત રહીને સત્સંગની ને સંતો-ભક્તોની નિષ્કામભાવે, નિર્દોષભાવે સેવા કરી શ્રીહરિના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. માટે લાખો વંદન હો આ ભક્તરાજને.



ॐ श्री खट्वाङ्गाय नमः।।

## ભક્તરાજ શ્રી માંચાખાચર

ગઢપુરવાસી અને અક્ષરવાસી અવિનાશીના આનંદ મિલનમાં અમૃતમય સેતુ બનનાર અજોડ ભક્તરાજ શ્રી માંચાખાચર કારિયાણીના ગામધણી હોવા છતાં સત્સંગના સંયોગ પહેલા પણ ધર્મનિષ્ઠ પુરૂષ હતા. તંત્ર-મંત્ર-જંત્રના તાગામાં પડ્યા સિવાય શાસ્ત્રીય વિધિ વિધાણાનુસાર પ્રભુ ભજતા, સદાવ્રત ચલાવતા.

શ્રીહરિના પ્રિય કાઠી ભક્તોમાં જેમણે સૌ પ્રથમ શ્રીહરિનાં દર્શન કર્યાં હોય અને શ્રીહરિને દરબારમાં પધરાવ્યા હોય એવા ભક્ત છે માંચાખાચર. સંવત્ ૧૮૬૦ માં શ્રીહરિએ માંગરોળ જન્માષ્ટમીનો સમૈયો કર્યો ત્યારે માંચાખાચર દર્શન કરવા ગયેલા. શ્રીહરિનું અપાર ઐશ્વર્ય જોઈને શિષ્ય થઈને ઘેર આવ્યા. આ પ્રસંગની નોંધ હરિલીલામૃતમાં લેવાણી છે.

**એ અવસરે માંચે ખાચરે, પેખ્યો પ્રભુ પ્રતાપ અપાર ।**
**શિષ્ય થયા ત્યારે શ્રીજીના, જાણી સર્વોપરિ અવતાર ॥ (હરિલીલામૃત ૫/૨૫)**

માંગરોળમાં કરેલો મહારાજનો નિશ્ચય માંચાખાચરે મરતા સુધી અડગ રાખ્યો. બીજા વર્ષે જન્માષ્ટમીના ઉત્સવે સરધાર ગયા. ત્યાંથી પાછા વળતા આ ભક્તરાજે ગઢપુરવાસીના હૃદયમાં ભક્તિ રસામૃતના છાંટણાં કર્યા. મહારાજની વાતો કરીને તેમના હૃદય ધડકતા કરી દીધા. "શ્રીહરિ જ્યારે કારિયાણી પધારશે ત્યારે જરૂર તમને તેડાવીશું" એવું વચન આપીને માંચાખાચર કારિયાણી આવ્યા.

સરધારમાં ચાતુર્માસ પૂર્ણ કરીને શ્રીહરિ કારિયાણી પધાર્યા. આ ભક્તની ભક્તિને વશ શ્રીહરિને ત્યાં ઘર જેવું લાગ્યું. ગાદીએ આવ્યા બાદ શ્રીહરિએ કારિયાણીથી સમાજ સેવાના શ્રીગણેશ કર્યા. તળાવ ખોદાવી લાખોની તરસ છિપાવી. તળાવના પૂર્તકર્મ પ્રસંગે માંચાખાચરે પોતાનું સર્વસ્વ શ્રીહરિને ચરણે ધર્યું. શ્રીહરિએ તે દ્રવ્યના સદુપયોગ માટે સૌ પ્રથમ વિષ્ણુયાગ કર્યો. કારિયાણીથી પત્ર આવતા સંવત્ ૧૮૬૧ માં ગઢપુરવાસીઓને શ્રીહરિને સૌ પ્રથમ દર્શન આ માંચાખાચરના





દરબારગઢમાં થયેલાં.

એકવાર શ્રીહરિનો ગઢપુરથી પત્ર આવ્યો. પત્ર મળતાં તત્કાળ ગઢપુર આવજો. માંચાખાચર પૂજા લઈને ચાલતા થયા ત્યારે વસ્તાખાચરે રોક્યા. ૨૦૦ વીઘાનો કપાસ તૈયાર ત્યાં જઈને તો આવશો ત્યાં સુધીમાં ભેળાય જશે. તેને ઠેકાણે પાડીને જાઓ. વસ્તા ખાચરની વાતનો જવાબ શું આપવો ? આમ વિચારતાં માંચાખાચર ભરવાડો પાસે ગયા અને કહ્યું : "કાલે મારા ખેતરમાં ગામ-પરગામના ઘેટાં બકરાં મૂકી દો." બસ કપાસ ઠેકાણે અને માંચાખાચર નીકળી પડ્યા ગઢપુર જવા. આવા નિર્મોહી ભક્ત હતા.

અરે ! પદાર્થો જ નહીં શ્રીહરિની આંખના ઈશારે તેમણે પરિવારનો પણ ત્યાગ કરેલો. શ્રીહરિએ જે ૧૮ પરમહંસો કર્યા તેમાં પ્રથમ નામ આ ભક્તરાજનું હતું. ("માંચા સૂરા સોમલા અલૈયા.) વીરદાસ પટેલે વાડીએ જઈને માંચાખાચરના હાથમાં પત્ર મૂક્યો ત્યાં ને ત્યાં જ કુંભારને ત્યાંથી ગેરૂ મંગાવીને ભગવાં કપડાં પહેરી ઘેર ગયા વિના ભૂજ ગયા. શ્રીહરિનાં દર્શન કર્યાં. શ્રીહરિએ "અચિન્ત્યાનંદ" નામ પાડ્યું. થોડા દિવસ રાખીને અપાર સુખ આપ્યું અને પુનઃઘેર જવાની આજ્ઞા કરી.

માંચાખાચરે આજ્ઞાને વશ થઈને ભગવા ઉતાર્યા પણ લગ્ન ન કર્યા. અખંડ બ્રહ્મચર્ય પાળ્યું. તેથી મહારાજ તેમને ત્યાં પધારતાં અને અપાર સુખ આપતા. સત્સંગ સાહિત્યમાં કારિયાણીની અનેક લીલાઓ લખાયેલી છે.

આ માંચાખાચરે બ્રહ્મચર્યવ્રત પાળી સત્સંગપરાયણ જીવન કર્યું એટલે તેમના ગરાસનો વ્યવહાર વસ્તાખાચર સંભાળતા. આ વસ્તાખાચર ઘરભંગ થયા અને લોકાગ્રહથી પુનઃવિવાહ કર્યો ત્યારે માંચાખાચર ખુલ્લી તલવારે પાછળ પડયા. વસ્તાખાચર જીવ બચાવવા ગઢપુર મહારાજ પાસે ગયા અને કાકાને સમજાવવા પ્રાર્થના કરી. શ્રીહરિ ઘોડીએ અસ્વાર થઈને તત્કાળ કારિયાણી આવ્યા. અને આજ્ઞાએ સંસારમાં રહ્યા છો છતાં ક્રોધ કરો છો. આમ વાતો કરીને ફરી સાધુ કરીને ગામડે ફરવા મોકલી દીધા. એકવાર સાધુ કરીને પાછા કાઢેલા. છતાં ફરી આજ્ઞા થતા ફરી સાધુ થઈને ગુજરાતમાં ગામડે ફરવા જતા રહ્યા. ધન્ય છે આવા આજ્ઞાપાલક ભક્તને.

માંચાખાચરમાંથી અચિન્ત્યાનંદ બનેલા આ ભક્તરાજે શ્રીહરિની હયાતીમાં બામણગામે દેહત્યાગ કરીને શ્રીહરિની નિત્યસેવા સ્વીકારેલી. (હરિલીલામૃત૭/૬૨)



ॐ श्री जीववर्मणे नमः।।

# ભક્તરાજ શ્રી જીવાખાચર

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રબળ પ્રતાપે યોગીન્દ્ર શ્રી ગોપાળાનંદ સ્વામીએ જ્યાં બોલતાં ચાલતાં દેવ શ્રી કષ્ટભંજન હનુમાનજી મહારાજ પધરાવ્યા એ સારંગપુરધામના એક સમયના ગામધણી એટલે એક આદર્શ દાસભક્ત શ્રી જીવાખાચર. ૧૮-૧૮ વચનામૃત સાથે વચનામૃતના પાને સ્થાન મેળવનાર જીવાખાચરે શ્રીજી મહારાજની સાથે તેમનું નામ જોડાય એવો દિવ્ય ઉત્સવ કરાવેલો. એટલે જ સર્વમંગલ સ્તોત્રમાં શ્રી શતાનંદ સ્વામીએ '' जन्माष्टम्युत्सवा पूर्णजीववर्ममनोरथः '' આવું મહારાજનું નામ લખ્યું છે.

ભક્તરાજ શ્રી જીવાખાચરની પ્રાર્થના સાંભળીને શ્રીજી મહારાજ સેંકડોવાર સારંગપુર પધારેલા. તેમના જ દરબારગઢમાં રહેતા અને વચનામૃતનાં અમીઝરણાં રેલાવતાં. આનંદ-ઉત્સવ કરાવતા. પણ ''જન્માષ્ટમી'' અને ''રંગોત્સવ'' આ બે અદ્‌ભૂત ઉત્સવો કરેલા જેની સંપ્રદાયના દરેક સંત કવિઓએ કીર્તનગ્રન્થોમાં નોંધ લીધી છે.

જીવાખાચર એકવાર ગઢપુર શ્રીહરિનાં દર્શને ગયેલા. ત્યારથી જ તેમના મુમુક્ષુ હૃદયમાં હાલરની લાકડીની જેમ હરિવરની મૂર્તિ પકડાઈ ગયેલી. રાતદિવસ તેને તે મૂર્તિની રઢ લાગેલી. તેથી જ વારંવાર મહારાજની આગળ હાથજોડીને ઉભા રહી જતા અને ગઢપુરથી તેડી લાવતા. ઉત્સવ આનંદ કરાવતા. મહારાજ સારંગપુર છોડીને જાય તો જીવાખાચર કાયાની છાયાની જેમ પાછળ પાછળ જતા અને સેવા કરતા. એટલે જ આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ તેમને શ્રીહરિના હજૂરી પાર્ષદ તરીકે નવાજે છે.

જીવો ખાચર સારંગપુરના, ભલા ભક્ત હરિની હજૂરના ।





કહ્યું તેણે કરીને પ્રણામ, મારે ગામ ચાલો ઘનશ્યામ ।

સાથે લ્યો સહું સંત સમાજ, મારો પૂરો મનોરથ આજ ।।

(હરિલીલામૃત - ૬-૨૩/૨૪)

ગામડે ગામડે જાગૃતિની જ્યોત લઈ ફરતાં શ્રીજીના સંદેશાવાહક સંતોને એક સમયે જીવાખાચર ભાગ્યવિધાતા બ્રહ્મા કરતાં પ્રિય થઈ ગયેલા. મહિનાઓથી આજ્ઞા શીરે ચડાવી દૂર દૂર દેશાન્તરમાં ફરતા સંતોને સારંગપુર બોલાવી ભક્તિની ભાગીરથીમાં ભાવનાના રંગપૂરી ફૂલદોલોત્સવ ઉજવવા પ્રાર્થના કરી. જીવાખાચરે તૈયારી કરી. જીવાખાચરનો ઉત્સાહ જોઈને આજ મહારાજ ખુશખુશાલ થઈ ગયા અને કહ્યું : '' **ભારે ઉત્સવ કરવો છે એવો, મુનિજન ધરે ધ્યાનમાં તેવો** ''

સંતોને જ્યારે સારંગપુર પહોંચવાની પત્રિકા મળી ત્યારે જીવાખાચરની ભક્તિ અને સમર્પણને વંદન કરીને બોલી ઉઠેલા. એના મનનો સંકલ્પ પૂર્ણ કરવા મહારાજે આપણને દર્શન દેવા બોલાવ્યા છે. આપણે તેના આભારી છીએ. પ્રેમમાં નેમ ક્યાં હોય છે ?

એ જીવાખાચરનો દરબાર પરબ્રહ્મ અને પરમહંસોથી ભર્યો ભર્યો રહેતો. કીડીયારાની જેમ માનવ સમુદાય આ દર્શન માટે ઉમટી પડતો. ગામની બહાર રંગની રેલમછેલ થયેલી. અંતે મહારાજે ''ફગવા'' આપેલા. જે સારાયે સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. (મહાબળવંત માયા તમારી)

આમ, શ્રીજીમહારાજને સારંગપુરમાં પોતાના દરબારગઢમાં રાખીને જીવાખાચરે અપાર સુખ લીધેલું. એટલું જ નહીં, હજારો હરિભક્તોને પણ સુખિયા કરેલા છતાં તેમના અંતરે સંતોષ નહોતો થયો. એટલે જ એકવાર જ્યારે શ્રીહરિએ તેમને વરદાન માંગવા કહ્યું ત્યારે આ ભક્તરાજે ધન,રાજ, ભોગ, સુખ, વૈભવને ઠોકરે ચડાવી ઉદાત્ત ભાવે '' મારા ગામમાં કોઈપણનું મૃત્યુ થાય ત્યારે તેને યમદૂત તેડવા ન આવે'' આવું વરદાન માંગી પાપીઓનો પણ ઉર્ધ્વગમનનો માર્ગ ખોલી આપેલો. આવા ભક્તનાં ચરણે વંદન...



ॐ श्री काशीदासाय नमः।।

## ભક્તરાજ શ્રી કાશીદાસ

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસમાં "બોચાસણ" ને અમર સ્થાન અપાવનાર ભક્ત હતા કાશીભાઈ. તેમના પરિવારના તમામ સભ્યો અધ્યાત્મના રંગે રંગાયેલા હતા. તેમના પિતાશ્રી કાનદાસભાઈ તથા તેમના માતુશ્રી ભેખના પૂજારી હતા. છતાં હંસક્ષીરન્યાયથી સાચા ખોટાનો ભેદ કરી જાણતા.

શ્રીહરિ નીલકંઠ વર્ણી રૂપે બોચાસણ પધારેલા ત્યારે કાનદાસભાઈ બ્રાહ્મણોની ચોરાશી કરાવી રહ્યા હતા. તેમને ઘેર શ્રીહરિ દુધ અને ભાત જમેલા. ત્યારે જ કાશીદાસના હૃદયમાં વર્ણીની છબી ઉંડી ઉતરી ગયેલી. સમય જતા શ્રીહરિ ઉદ્ધવ સંપ્રદાયના ગાદીપતિ થયા અને કાશીદાસને ઘરની જવાબદારી મળેલી.

વરતાલના સમૈયામાં આવીને કાશીદાસે મહારાજને બોચાસણ પધારવા પ્રાર્થના કરી. મહારાજ બોચાસણ પધાર્યા. તેમની વાડીમાં ગળીના કુંડ હતા તે કાઢી નાખવાની આજ્ઞા કરી. શ્રીહરિની આજ્ઞાનો વિના વિચાર્યે અમલ કરનાર આ વિશ્વાસુ ભક્તએ આજ્ઞાનુસાર શેરડીની ખેતી કરીને મહારાજને તેડાવ્યા. શ્રીહરિએ વાડીએ પધારીને રસઉત્સવ કરેલો. કહેવાય છે કે તે દિવસે કાશીદાસના ખેતરમાં અક્ષરધામમાંથી વિમાનો ઉતરેલા. અક્ષરમુક્તોએ પણ શ્રીહરિનો પ્રસાદ લીધેલો. આજે પણ એ ખેતર વિમાનીયા ખેતર તરીકે ઓળખાય છે. અરે! તેમને ત્યાં લાગેલી આગને ગઢડામાં બેઠા બેઠા મહારાજે પોતાના હાથે ઓલવી નાંખેલી.

વેપાર ધંધામાં છળ કરીને ભાગીદારે ફરિયાદ કરેલી, કાશીદાસને જેલની સજા થયેલી પણ મહારાજે તેની રક્ષા કરેલી. શ્રીહરિના ના કહેવા છતાં દીકરા દીકરીનાં લગ્ન કરીને આજ્ઞાના ઉલ્લંઘનનો સ્વાદ ચાખ્યા પછી કાશીદાસે આજીવન શ્રીહરિની નાની મોટી આજ્ઞાએ શિરને સાટે પાળેલી. ધન્ય છે આવા સહજાનંદી ભક્તને...







ॐ श्री पर्वताय नमः।।

## ભક્તરાજ શ્રી પર્વતભાઈ

અઢારમી સદીની ઉષાએ ઉદ્ધવ સંપ્રદાયના આદ્ય સ્થાપક શ્રી રામાનંદ સ્વામીએ સૌરાષ્ટ્રમાં ભક્તિનું અનોખું આંદોલન જગાવ્યું હતું. તેમના બ્રહ્મચર્ય તથા ભક્તિના સ્પંદનો જીલીને કેટલાય સામાન્ય કુટુંબના સભ્યો પણ ઉચ્ચકોટિના ભક્તો બન્યા હતા.

સ્વામીના અગ્રણી ગૃહસ્થ શિષ્યોમાં જેમનું નામ સૌથી પ્રથમ લેવાય છે. એ જ ભક્તરાજ છે પર્વતભાઈ. તેમની કર્મભૂમિ સૌરાષ્ટ્રમાં આવેલ "અગતરાઈ" નામનું ગામડું હતું. તેઓ વ્યવસાયે ખેડૂત હતા..ખેતી કરતાં કરતાં પણ તેમને અધ્યાત્મના પંથે ખૂબ મોટી મંજીલ પ્રાપ્ત કરેલી. રામાનંદસ્વામી માટેની એમની નિષ્ઠા અબાધ્ય હતી. સુખસિંધુ શ્રીહરિના પ્રથમ દર્શને જ વૃત્તિ સ્થિર થઈ ગઈ. મૂર્તિ અંતરમાં ઉતરી ગઈ.

પછી તો ત્રણે અવસ્થામાં એનું જ ધ્યાન કરતા. સંસારની કોઈ માયા તેમને મોહિત કરવામાં સફળ નો'તી થઈ. તેઓ શરીરે સંસારના બંધનમાં હતા. પણ તેમનો આત્મા ભક્તિના પ્રચંડ પૂરમાં તણાય ગયેલો. હળ હાંકતાં હાંકતાં માનસી પૂજા કરતા છતાં યોગીઓ અચંબામાં પડી જાય તેવી વૃતિની સ્થૈર્યતા કેળવતા.

ભક્તરાજ પર્વતભાઈનું જીવન પ્રેરણાના પવિત્ર ઝરણાં જેવું છે. ઈતિહાસ તેના બધા જ પ્રસંગોની નોંધ નથી લઈ શક્યો, છતાં હળ હાંકતા હાંકતાં માનસીપૂજાના પ્રસંગની નોંધ ખૂબ જ મહત્વપૂર્ણ માનીને લેવામાં આવી છે. કર્મયોગની આ અંતિમ સીમા છે. જ્યારે કર્મયોગ અને ભક્તિયોગ વચ્ચેની ભેદરેખા ભૂંસાઈ ભૂલાઈ ત્યારે જ પર્વતભાઈ જેવા ભક્તપાત્રો સત્સંગને સાંપડે છે.

અંબરીષને ભૂલાડે એવું આત્મનિવેદીપણું અને પર્વત નાનો પડે એવી જબરી નિષ્ઠા. જાડા વસ્ત્રો, જાડી ભાષા-છતાં મૃદુ સ્વભાવના પર્વતભાઈ જેવા કેટલાંય ભક્તોએ આ સત્સંગનું ગૌરવ વધાર્યું છે.

વંદન હો આ ભક્તજનન ચરણે...



ॐ श्री नाथजिते नमः।।

## શ્રી નાથજી ભક્ત

જેના નામના ઈતિહાસનો ઉલ્લેખ કર્યા વિના વડોદરા સત્સંગનો પ્રાચીન ઈતિહાસ અધૂરો રહી જાય એવા શ્રીહરિના અનન્ય નિષ્ઠાવાન ભક્ત હતા નાથજી ભક્ત. આ ભક્તે અનેક અગ્નિપરીક્ષાઓ આપીને પોતાના જીવનને વધુને વધુ શુદ્ધ કરેલું.

ઉત્તમ કસબી કલાકાર નાથજી ભક્ત કાપડ વણવાનો વ્યવસાય કરતા. રાજવીને શોભે તેવા કાપડને વેંચતા ત્યારે ખાસ ઓફર કરતા. આ કાપડ તમે શ્રીજી મહારાજના શણગાર માટે ખરીદો તો મારી મજૂરી નહિ લઉં. પરિણામે વડોદરાથી મહારાજને રાજવી પોશાકો મળતા રહેતા.

એકવાર ગઢપુર સમાગમ કરીને નીકળેલા નાથભક્તને બોલાવવા શ્રીહરિએ પાર્ષદને મોકલ્યો. તે વડોદરા વિશ્વામિત્રી નદીના બ્રીજ પર મળ્યા. તેણે મહારાજનો આદેશ સુણાવ્યો ત્યારે આ ભક્ત ઘર અતિ નજીક હોવા છતાં ત્યાંથી જ પાછા ગઢપુર ગયા. વચન પાલનનો કેવો ખટકો. મહારાજને જ્યારે ખબર પડી કે નાથજી ભક્ત વિશ્વામિત્રીના બ્રીજ પરથી પાછા આવ્યા છે ત્યારે અતિ રાજી થયેલા.

છતાં ઉત્તમ ભક્તની કસોટી કરવા કપરું પેપર કાઢીને મોકલી આપ્યું. એક વ્હાલો ૧૬ વર્ષનો યુવાન દિકરો મૃત્યુ પામ્યો. ત્યારે નાથ ભક્તે પોતાના પુત્રના અક્ષરવાસનો ઉત્સવ મનાવીને સાકર વહેંચીને ફર્સ્ટ ક્લાસ પાસીંગ સર્ટીફિકેટ મેળવ્યું. એમના પત્ની ધામમાં ગયા છતાં નરસિંહ મે 'તાની જેમ હરિ ભજન કરેલુ.' આ નાથભક્તને સત્સંગના પક્ષ ખાતર જેલમાં પૂરેલા ત્યારે સ્વયં શ્રીહરિએ દર્શન દઈને થાળ જમાડેલો. ગઢપુરમાં મંદિરની ગાયોને કસાયને ત્યાંથી છોડાવવા ગયેલા ત્યારે નાથભક્તે નિષ્ઠાના બળે કસાઈઓને પૂતળાં જેવા જડ કરી મૂકેલા. આજ્ઞા ઉપાસનાના પ્રતાપે તેમણે પરચા મેળવેલા પણ ખરા અને પૂરેલા પણ ખરા.

ધન્ય છે આવા નિષ્ઠાવાન નાથભક્તને...







ॐ श्री नाचिकेताय नमः।।

## ભક્તરાજ શ્રી નાચિકેત

નાચિકેત ઉર્ફે નાનાભાઈ કરજીસણના વિદ્વાન બ્રાહ્મણ હતા. તેઓને વ્યવહારકુશળતા સિદ્ધહસ્ત હતી. શ્રીજીમહારાજના આશ્રિત થયા ત્યારબાદ શ્રીહરિ ઉત્સવો કરતા તેમાં અગ્રપણે નાનાભાઈને રાખતા. શ્રીજીમહારાજે પોતાની ગેરહાજરીમાં  જેતલપુરમાં જ્યારે યજ્ઞ કર્યો ત્યારે નાનાભાઈને અગ્રપણે રાખી બાપુભાઈ તથા ગોવિંદાનંદ સ્વામી પાસે તે યજ્ઞ કરાવ્યો હતો. શ્રીજીમહારાજ જ્યારે કરજીસરણ જતા ત્યારે નાનાભાઈને ઘેર ઉતરતા અને અનેક ઉત્સવો કરતા.



ॐ श्री नन्दुभयाय नमः।।

## ભક્તરાજ શ્રી નંદુભાઈ

સત્સંગ દિગ્વિજયના ઈતિહાસમાં ઉમરેઠ આગવું સ્થાન ધરાવે છે. આ ઉમરેઠના વતની અને ખેડાવાળા બ્રાહ્મણ તરીકે ઓળખાતા ભક્તરાજ નંદુભાઈ એક આદર્શ નિષ્ઠાવાન સત્સંગી હતા. વિદ્વાન હોવાથી મુક્તમુનિ અને નિત્યાંનદ મુનિ જેવા વિદ્વાનોની વિદ્વતાથી પ્રભાવિત થયેલા. તેથી જ્યારે સ્વયં શ્રીહરિ ઉમરેઠ પધાર્યા ત્યારે આ વિદ્વાનોના ગુરૂ સ્વયં કેવા હશે તે જોવા માટે આવ્યા. ત્યારે જ અવિનાશીએ એક આશ્ચર્યના ઉદધિમાં ડુબાડી દે એવી અલૌકિક લીલા કરી. ત્યાંના એક મૂંગા છોકરાં પાસે વેદ ઋચાઓનું મંગલ ગાન કરાવ્યું. આ દૃશ્ય જોતા જ નંદુભાઈના પૂર્વકર્મના થર તૂટી પડ્યા અને ભાગ્યોદયનો સૂર્ય ઉગ્યો અને શ્રીહરિનું શરણું સ્વીકાર્યું. તેમના પિતાશ્રી રૂપરામ ઠાકર ઉમરેઠના સત્સંગીઓમાં મુખ્ય હતા.

ઉમરેઠમાં મતવાદીઓના દ્વેષને કારણે ઘણીવાર સહન કરવાનો સમય

આવતો. ત્યારે તો આ નંદુભાઈ સહન કરી લેતા પણ સત્સંગથી દુઃખાયેલા કોઈ નિર્વિકલ્પાનંદ જેવા મોળી વાત કરતા તો તેને તીખા બાણ જેવું વચન મારતા પણ નિષ્ઠાની દોરી તૂટવા ન દેતા.

એક ઈતિહાસ એમ કહે છે કે શ્રીહરિએ નંદુભાઈના પગ દાબેલા. વાત એવી બનેલી નંદુભાઈ ઉમરેઠથી ગોધરા ગયેલાને પાછા ફરતા રાત્રે ભૂલા પડ્યા તેથી મુંઝાયા. ત્યારે યાદ આવ્યું. ભગવાન ભક્તના બેલી છે. ખૂબ ભજન કરવા લાગ્યા. ત્યાં કૂતરાનો અવાજ આવ્યો. ઉભા થઈને જોયું તો દીવો દેખાણો.ત્યાં ગયા ત્યાં એક સરકારી થાણેદારના ડ્રેસમાં શ્રીહરિ સ્વયં નંદુભાઈની રક્ષા માટે ઉભેલા.

નંદુભાઈએ પૂછપરછ કરી. સરકારી માણસ વગડામાં આવતા મુસાફરોની સહાય માટે રહીએ છીએ. કયારેક કોઈક ભૂલ્યું ભટકયું આવે છે. એમ કહેતા શ્રીહરિએ ઘોડી લઈને બાંધી તેને ઘાસ નાખ્યું નંદુભાઈને જમવાનું પૂછ્યું. ના પાડી તો ખાટલો ઢાળી આપ્યો. નંદુભાઈને નિરાંતની ઊંઘ આવવા લાગી ત્યારે શ્રીહરિએ પગ દાબી આપ્યા. રાત પસાર થઈને સવાર થયું. શ્રીહરિએ નંદુભાઈને જગાડીને રસ્તો બતાવ્યો.

નંદુભાઈ ઘોડીએ બેસીને નીકળ્યા. આગળ મુસાફર મળતા વાતમાંથી વાત નીકળી. અહીં સરકારી થાણાનો માણસ બહુ સારો છે. તેણે વાત નકારી બન્ને ખાતરી કરવા ત્યાં પાછા ગયા. જોયું તો ઘોડીની લાદ પડેલી. નંદુભાઈએ નક્કી કરી લીધુ. આ મહારાજ જ હતા. ત્યાંથી સીધા જ વરતાલ આવ્યાને પગમાં પડ્યા.મહારાજ હસ્યા ને કહે, ‘‘ભગવાનના ખરા ભક્તના તો અમે ભક્ત છીએ.’’

શ્રીહરિચરિત્રામૃતસાગરમાં નંદુભાઈના પ્રશંસાના શબ્દો આધારાનંદ સ્વામીએ આલેખ્યા છે. રૂપરામ ઠાકર તેમાં મુખ્ય હતા. નંદુભાઈ તેમના પુત્ર હતા. શ્રીહરિ યજ્ઞ કરતા તેમાં તે ધનથી સેવા કરી રાજીપો મેળવતા. શ્રીહરિ તથા સંતોની સેવામાં ખુબ ઉત્સાહ રાખતા અને ધનાઢ્ય હોવા છતાં ખાનપાન અને વસ્ત્રાદિથી શરીરનું જતન બહુ રાખતા નહિ. સોનાના આભૂષણ ધારતા નહીં, હરિભક્તના બધા ધર્મ પાળવામાં શૂરવીર હતા. સત્સંગ માટે સેવાનો યોગ આવે ત્યારે બહુ ઉત્સાહિત થતા. (હરિચરિત્રામૃતસાગર ભાગ-૪, પૃષ્ઠ- ૪૩૪)

આમ, ભગવાન જેની ભક્તિ કરે એવા ભક્તને ધન્ય છે.







ॐ श्री नरोत्तमाय नमः॥

## ભક્તરાજ શ્રી નરોત્તમ ઠાકર

ઉમરેઠના વેદજ્ઞ વિદ્વાનોમાં શ્રી નરોત્તમ ઠાકર પ્રથમ પંક્તિના વિદ્વાન ગણાતા. તેઓ ઉમરેઠ સત્સંગના મોભી રૂપરામ ઠાકરના નજીકના સગા હતા. ધન-સંપત્તિના ઢગલાં હતા. વાગ્માધુર્ય, વૈદિક વિજ્ઞાન અને વિદ્વાનોની શોભારૂપ હોવા છતાં શ્રીહરિ અને સત્સંગને સદાય દાસભાવે ભજતા.

શ્રીહરિ વરતાલ આદિ ધામોમાં જ્યારે યજ્ઞ કરતાં ત્યારે માત્ર મંત્રો બોલવા નહિ પણ સેવા માટે ખાસ જતા. યજ્ઞમાં વિદ્વત્તાની સાથે દ્રવ્ય પણ વાપરતાં. ત્રણ-ચાર ભક્તો સાથે મળીને સત્સંગીઓ સહિત શ્રીહરિને રસોઈ આપીને જમાડતા.

શ્રી નરોત્તમ ઠાકર ને ચાર પુત્રો હતા. આ ચારેય પુત્રો સત્સંગ અને જ્ઞાતિમાં આગેવાન હતા.

(હ. ચ.૨૦/૫૬ પેજ નં.૪૩૪)



ॐ श्री रामसिंहाय नमः॥

## પાર્ષદશ્રી રામસિંહ

રામસિંહ શ્રીજીમહારાજના અનેક પાર્ષદોમાં અગ્રગણ્ય પાર્ષદ હતા. શ્રીજીમહારાજની સેવામાં અખંડ રહેતા હતા. શ્રીજીમહારાજ સત્સંગના પ્રચાર પ્રસાર માટે ફરતા તેમની સાથે રામસિંહ પણ જોડે પ્રવાસમાં ફરતા.



ॐ श्री नृसिंहानन्दमुनीन्द्राय नमः।।

# સદ્‌ગુરુ શ્રી નૃસિંહાનંદ સ્વામી

શ્રીહરિનાં પાંચસો પરમહંસના તેજસ્વી તારમંડળમાંના એક નૃસિંહાનંદ સ્વામી 'અયોધ્યા'ના વતની હતા. તેમણે બાર વર્ષ સુધી રામજી મંદિરમાં રામચંદ્ર ભગવાનની સેવા કરવી, એવો નિયમ ધારીને ત્યાં ઠાકોરજીની સેવા કરતા હતા. તે વખતે એક વૈરાગી દ્વારકાની યાત્રા કરીને તે રામજી મંદિરમાં આવેલા. ત્યારે તેને બીજા વૈરાગીએ પૂછ્યું કે *"आप कहां से आते है"?* ત્યારે તેણે કહ્યું કે *"द्वारका की यात्रा करके आते है।"* ત્યારે તેણે પૂછ્યું કે *" वहांकोई नया पंथ चला है ?* ત્યારે તેમણે કહ્યું કે : *एक जीवनमुक्तका पंथ चला है और वे भगवान कहलवाते है, और एसा पाखंड करता है कि सब को समाधि भी कराता है, ऐसे तो बहु पाखंड करता है ।* આ પ્રમાણે તે નિંદા કરે છે. તે જ વખતે પ્રગટ પ્રભુના નામના પ્રતાપથી તે મંદિરમાં પ્રકાશ પ્રકાશ થઈ ગયો. તે નિંદા કરે ત્યારે પ્રકાશ બંધ થઈ જાય . એમ ચાર-પાંચવાર પ્રકાશ થયો અને બંધ થઈ ગયો.

નૃસિંહાનંદ સ્વામીને તે પ્રકાશ જોઈને વિચાર થયો કે જેનું નામ લેવાથી દિવ્ય પ્રકાશ થઈ જાય છે તે તો જરૂર ભગવાન હોવા જોઈએ. માટે તે ભગવાનને પ્રાપ્ત કરૂં નહીં તો આ જન્મ વ્યર્થ થશે. નૃસિંહાનંદ સ્વામી એ ભગવાનની સેવા બીજા વૈરાગીઓને સોંપીને ત્યાંથી ચાલી નીકળ્યા. તેઓ તીર્થ કરતા કરતા દ્વારકામાં આવ્યા. ત્યાં રણછોડજીના દર્શન કર્યા અને લોકોને પૂછ્યું કે " અહીં કોઈ મોટા પુરૂષ છે ? તેઓએ કહ્યું કે માંડવી(કચ્છ)માં ખયો ખત્રી સત્પુરૂષ છે. તેઓ ખયાને સત્પુરૂષ જાણીને મળ્યા. ત્યારે ખયે પૂછ્યું કે સાધુરામ ભેખ શા સારુ લીધો છે ? ત્યારે કહ્યું કે " ભગવાનને પ્રાપ્ત કરવા માટે, તમને સત્પુરૂષ જાણીને હું તમારી પાસે આવ્યો છું. માટે મને ભગવાન બતાવો. ત્યારે તેણે કહ્યું કે "હકડો નિરાકાર બ્રહ્મ જોઈતો હોય તો હું બતાવું પરંતુ મૂર્તિમાન સાકાર બ્રહ્મ જોઈતો હોય તો ભૂજમાં ગંગારામ મલ્લને ઘેર છે. પછી તેઓ ભૂજમાં ગંગારામ મલ્લને ઘેર ગયા ને ત્યાં પ્રભુ શ્રીહરિના દર્શન થયાં ને તરત સમાધિ થઈ ગઈ. સમાધિમાં અક્ષરધામમાં શ્રીહરિના દર્શન થયા. સમાધિમાંથી જાગીને શ્રીહરિને દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે " મહારાજ ! આપશ્રી મળ્યા. મારો મનુષ્ય જન્મ સફળ થઈ ગયો,





હવે મને તમારો સાધુ બનાવો. પછી મહારાજે તેમને દીક્ષા આપી સાધુ કર્યા અને "નૃસિંહાનંદ " નામ પાડ્યું અને ત્યાં જ મહારાજ સાથે રહ્યા."

એકવાર નૃસિંહાનંદ સ્વામી ફળિયામાં લઘુશંકા કરીને પાછા આવતા લડથડી પડયા. તે બળદીયાના શિંગડામાં વચાળે આવી ગયા તે વખતે નૃસિંહાનંદ સ્વામીએ મનમાં જાણ્યું જો બળદ ઉભો થાશે કે આઘુ પાછું માથું કરશે તો જીવાશે નહિ તેથી પ્રભુસ્મરણ કર્યું અને પાળાઓ સ્વામીનું ભજન સાંભળીને દોડી આવ્યા. ને સ્વામીને બળદના શિંગડા વચ્ચેથી કાઢી લીધા. પછી સ્વામી કહે " આ બળદને અમે ધામમાં તેડી જશું. ફરી જન્મ લેવો નહીં પડે."

આવા પરહિતેચ્છુ નૃસિંહાનંદ સ્વામી નિર્માની, નિખાલસ, ત્યાગપ્રધાન ભાવનાવાળા હતા. ઘણા કષ્ટો સહન કરીને દુર સુદૂર અંતરિયાળ પ્રદેશમાં સત્સંગ પ્રચાર પ્રસાર કરતા. છેલ્લી અવસ્થામાં ગઢપુરમાં રહીને જીવન વ્યતીત કર્યું હતું.



ॐ श्री ललितायै नमः।।

# ભક્તિમતીશ્રી લાડુબા

ગઢડાના ગામધણી એભલબાપુને પાંચ સંતાનો હતા. જીવુબા, લાડુબા, પાંચુબા, નાનુબા અને છેલ્લો ભાઈ ઉત્તમ. જેને લાડમાં સૌ દાદાખાચર કહે.

આ કુટુંબના ધન્ય ભાગ્ય પૂર્ણ પુરષોત્તમનારાયણ શ્રી સહજાનંદ સ્વામીની અપાર સેવા મળી. તેમણે એ સેવાભક્તિ નિષ્કામભાવે અને નિષ્ઠાથી કરી. સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસમાં આ કુટુંબ અમરનામ ધારણ કરી પ્રેરણાના પુંજ પાથરી ગયું. ત્યાગ તપ તથા સેવાની બાબતમાં જેમની બરોબરી સામાન્ય સત્સંગીઓ કદી કરી શકે નહિ એવા સ્વામિનારાયણ સંપ્રદાયમાં મહાન સન્નારીઓ, સાંખ્યયોગી, સતીઓ થઈ ગયા. તેમાં લાડુબાનું નામ સત્સંગમાં સપ્તર્ષિના સ્થાને છે.

લાડુબા જીવુબાના નાના બહેન હતા. નાનપણથી જ તે જુદી માટીના જણાઈ આવતા હતા. ભક્તિ તેમના જીવનનો પ્રધાન સૂર હતો. કારીયાણી ગામે માંચાખાચરના ઘરે એભલખાચર અને તેમના પરિવારને પ્રથમવાર શ્રીજી મહારાજના દર્શન સાનિધ્યનો અવસર પ્રાપ્ત થયો. ત્યારથી જ લાડુબાએ હરિવરને વરી અખંડ

સૌભાગ્યવતી થવાનો નિર્ણય કર્યો હતો. તપ,ત્યાગ અને નિષ્કામધર્મના આદર્શોને વરેલા રૂપ, ગુણ અને બુધ્ધિમાં આદર્શ એવા લાડુબાને એભલબાપુએ લગ્નબંધને બંધાવા ફરજ પાડી હતી. બોટાદના ખોડા ધાધલ સાથે તેમના લગ્ન થયા હતા. પણ ભગવાનની સેવામાં સમર્પિત થવાની તેમની દૃઢતા જોઈને સાસરિયાએ રાજીખુશીથી તેમને સંમતિ આપી હતી. લાડુબાને સૌ લલિતા કહીને પણ ઓળખતા, તેઓ સેવાભક્તિથી સૌને રાજી રાખતા. તેઓ દરબારના દીકરી હતા. ઘરકાજ અંગે દાસદાસીઓની ખોટ ન હતી પણ લાડુબા નાનામાં નાની સેવા જાતે કરતા. એમની ભક્તિ અને શ્રધ્ધા જોઈને શ્રીહરિ પ્રસન્ન થતા.બાઈઓને ઉપદેશ આપી કહેતા : " આ બન્ને બહેનો જેવા ગુણ શીખજો. કેમ જે તેમની સેવા કરવાની અપાર શ્રધ્ધા આગળ મેરુ પર્વત પણ નમી પડે એમ છે! "

બન્ને બહેનો વચ્ચે સેવા કરવાની મીઠી ખેંચતાણ હંમેશા રહેતી. તેથી શ્રીહરિએ રસોઈ, ઉત્સવોની સેવા વગેરેની વહેંચણી કરી. શુક્લપક્ષના ઉત્સવો જીવુબા કરે અને કૃષ્ણપક્ષના ઉત્સવો લાડુબા ઉજવે. એક વખત જીવુબા તથા લાડુબા કારિયાણીથી રથમાં બેસી ગઢપુર આવતા હતા. ત્યાં માર્ગમાં સંતોને જોયા, રથ થંભાવી સારથિ મોકલી બાઈઓએ ખબર પૂછાવ્યા તો જાણ થઈ કે મોટા અખંડાનંદ સ્વામીને અતિશય ઝાડા થઈ ગયા હતા. ને ચાલી શકે તેમ પણ ન હતા. એ રાજકુંવરીઓ રથમાંથી ઉતરી પડી, રથમાં સંતોને મોકલ્યા ને પોતે ચાલતા નીકળ્યા. આ વાત જ્યારે મહારાજે જાણી ત્યારે પ્રસન્નતાથી બોલી ઉઠ્યા " મારા સંતની સેવા એ મારી જ સેવા બરાબર છે આવી ભક્તિ કોઈથી ન થાય."

લાડુબા તપશ્ચર્યામય જીવન વ્યતીત કરતા. તેઓ દરરોજ અર્ધો શેર અનાજ જોખીને જમતા. પોતાની પાસે સારામાં સારા આભૂષણો હતા. શ્રીજી મહારાજ માટે સાચવી રાખતા. પોતાના ભાગની તમામ મિલ્કત તેમણે તાંબાના પતરા ઉપર શ્રીજી મહારાજને લખી આપી અર્પણ કરી હતી.

ત્યાગની મૂર્તિ, સેવામૂર્તિ, પવિત્રતાની મૂર્તિ એવા લાડુબાએ પોતાનો દેહત્યાગ ગઢપુરમાં જ કર્યો. નિષ્કુળાનંદ સ્વામીએ બન્ને બહેનોને ભક્તચિંતામણિમાં પ્રશંસાની અંજલિ આપી લખ્યું છે.

"જયા લલિતા જન મોટા, સત્સંગમાં શિરોમણિ,
પ્રીત્યે વાલમ વશ કર્યા, એની કહીએ મોટપ શું ઘણી !"

આવા લાડુબા અને જીવુબા સત્સંગના ઈતિહાસમાં તેમની અપાર પ્રેમલક્ષણા ભક્તિ, સમર્પણભાવના અને સ્વરૂપનિષ્ઠાને કારણે યુગો સુધી અમર બની રહેશે.







ૐ શ્રી જયાયૈ નમઃ॥

## ભક્તિમતીશ્રી જીવુબા

પરમકૃપાળુ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ એભલખાચરના પરિવારની પ્રેમદોરીએ બંધાઈને પોતાનું ઘર માનીને ગઢપુરમાં રહ્યા. તે એભલબાપુના મોટા સુપુત્રી જીવુબા. એભલબાપુને સંતાન થતાં પણ જીવતા નહી.સંવત્ ૧૮૪૧ માં તેમને ત્યાં પારણું બંધાયું. એ દીકરી જીવી ગયા એટલે તેમનું નામ પડ્યું "જીવુબા"

જીવુબા નાનપણથી જ ગુણિયલ અને ભક્તિભાવવાળા હતા. પ્રભુની સેવામાં અતિ પ્રેમ રાખતા. જીવુબાને શ્રીહરિના પ્રથમ દર્શન કર્યા ને હરિના સ્વરુપમાં લગન લાગી. અને હરિવરને વરી અખંડ સૌભાગ્યવતી થવાનો નિર્ણય કર્યો..છતાં પણ એભલબાપુએ તેમના લગ્ન કુંડળના દરબાર હાથિયા પટગર સાથે કર્યા. લગ્ન કર્યા છતાં સંસાર છોડી ત્યાગમય અને ભક્તિમય જીવન ગાળી સાંખ્યયોગી બહેનો માટે ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે. કાઠી દરબારની દીકરીઓ પરણ્યા પછી સાસરે ન જાય એ જમાનામાં દુષ્કર હતું. છતાં પણ જીવુબાનો નિશ્ચય અડગ હતો.

શ્રીજી મહારાજની કીર્તિ અને પ્રશંસા સર્વત્ર ફેલાઈ રહી હતી. ત્યારે વખતસિંહજીના કહેવાથી લાડુદાન શ્રીજી મહારાજની પરીક્ષા લેવા ગઢપુર આવ્યા. લાડુદાનજી વિદ્યા, સૌંદર્ય અને બુધ્ધિના ગર્વ સાથે શ્રીહરિની પરીક્ષા કરવા ગઢપુર પહોંચ્યા,પણ તેમના સંકલ્પો સર્વજ્ઞપણે પુરા કરી શ્રીજી મહારાજે તેમને સ્વવશ કર્યા! હા, હજુ આભૂષણો રેશમી વસ્ત્રો કે અંતરમાં ભરેલા વિદ્યાના અહંનો ત્યાગ નો'તો કર્યો ! મહારાજે અદ્‌ભુત યુક્તિ વિચારી. કવિરાજને કહ્યું : લાડુદાનજી, તમે તો વિદ્યાના ભંડાર છો. આ દાદાખાચરની બહેનોને સમજાવો કે ગૃહસ્થાશ્રમમાં રહે, જેથી અમારું ખરાબ ન દેખાય.

કવિવરે તો રમત વાત માનીને દરબારગઢમાં પડદો નંખાવી જીવુબા પાસે

બેઠા, લાડુદાને વાત શરૂ કરીને ધીરે ધીરે સાક્ષાત્ શૃંગારરસને શણગાર્યો. શાંતિથી બધું સાંભળીને જીવુબાએ બ્રહ્મચર્યના મહિમાની, માનવજીવનની દુર્લભતાની અને પ્રગટ પ્રભુના યોગની વાત કરી. આ સાંભળી કવિવરનું હૃદય વિંધાઈ ગયું. અહીં કવિતાનો પરાજય થયો અને ભક્તિના તત્વજ્ઞાનનો વિજય થયો. કવિવરનો આધ્યાત્મિક અવતાર શરૂ થયો ને આપણને બ્રહ્માનંદ સ્વામીની ભેટ મળી.

જીવુબા સંપ્રદાયમાં ‘‘મોટીબા’’ તરીકે જાણીતા હતા. શ્રીજી મહારાજ તેમની નમ્રતા, સાધુતા, ઈર્ષ્યાનો અભાવ વગેરે ગુણોના વખાણ કરીને તેમને સ્ત્રી ભક્તોમાં શ્રેષ્ઠ ગણાવતા. જીવુબા દિલના ઉદાર હતા. દરબારમાં એમની પ્રેરણાથી આશરે દોઢસો જેટલી સાંખ્યયોગી બહેનો હતી. અને સર્વબાઈઓના યોગક્ષેમની સંપૂર્ણ જવાબદારી જીવુબા ઉપાડતા.

‘‘હરિચરિત્રામૃતસાગર’’માં આધારાનંદ સ્વામી જીવુબા વિશે કહે છે કે જીવુબાનો સ્વભાવ સારો હતો કે સાંખ્યયોગી સર્વે બાઈઓ તેમને વિશે ગુરુભાવ રાખતા. બધાને સત્સંગ થાય એવા પ્રેમથી બાઈઓને વાતો કરતા. વાત કરતા પોતાનામાં અપાર ગુણો હતા. તેની કયારેય વાતો કરતા નહીં અને બીજા સત્સંગીઓના ગુણો વિખ્યાત કરતા.

શ્રીજી મહારાજ અક્ષરધામમાં ગયા પછી જીવુબા ગોપીનાથજી મહારાજના ત્રિભંગી યુક્ત દર્શન કરતા ત્યારે તે સ્વરૂપ એકાકાર બની જઈને સાક્ષાત્ પુરૂષોત્તમ-નારાયણ રૂપે દર્શન દેતા. આવી અનુપમ તાદાત્મ્ય ભક્તિ કરતા કરતા સંવત્ ૧૯૧૬ માં જેઠ સુદ છઠના રોજ જીવુબાએ બ્રહ્મગતિ પ્રાપ્ત કરી.

ગઢપુરમાં લક્ષ્મીબાગમાં શ્રીજી મહારાજની સમાધિની નજીક જીવુબાનો ઓટો છે. આજે પણ દુઃખી સ્ત્રીઓ પોતાના દુઃખ દૂર કરવા માટે ગદ્‌ગદ્ હૃદયથી જીવુબાને ખોળો પાથરી વિનંતી કરે છે અને જીવુબા પણ એ શ્રધ્ધાળુઓની મનોકામનાઓ પૂર્ણ કરે છે.

આવા પરમ તપસ્વિની અને સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયના માતુશ્રી તુલ્ય જીવુબાનાં પવિત્ર ચરણોમાં વંદન...

“ શ્રી હરિકૃષ્ણાય નમોનમ : ”

# જનમંગલમંત્રાર્થ

## શ્રીહરિના જીવન પ્રસંગોની ઐતિહાસિક તવારીખ

| વર્ષ | માસ-તિથિ | વિગત |
|---|---|---|
| સં. ૧૮૩૭ | ચૈત્ર સુદ ૯ | શ્રીહરિનું પ્રાગટ્ય - જન્મોત્સવ. |
| સં. ૧૮૩૮ | અષાઢ વદ ૭ | નામકરણ સંસ્કાર. |
| સં. ૧૮૩૮ | શ્રાવણ સુદ ૧૧ | ભૂમિ ઉપવેશન સંસ્કાર. |
| સં. ૧૮૩૮ | આસો સુદ ૨ | અન્નપ્રાશન સંસ્કાર. |
| સં. ૧૮૩૮ | આસો સુદ ૧૦ | કર્ણવેધ સંસ્કાર, શમી પૂજન. |
| સં. ૧૮૩૯ | જેઠ સુદ ૫ | ચૌલ સંસ્કાર, બાલકેશ ઉતાર્યા |
| સં. ૧૮૪૫ | મહા સુદ ૧૦ | યજ્ઞોપવિત સંસ્કાર. |
| સં. ૧૮૪૯ | અષાઢ સુદ ૧૦ | ગૃહ ત્યાગ, વન પ્રયાણ |
| સં. ૧૮૫૬ | શ્રાવણ સુદ ૧૧ | ગિરનાર આરોહણ. |
| સં. ૧૮૫૬ | શ્રાવણ વદ ૬ | લોજ ગામે આગમન. |
| સં. ૧૮૫૬ | જેઠ વદ ૧૨ | ગુરુ રામાનંદ સ્વામીનો મેળાપ. |
| સં. ૧૮૫૭ | કારતક સુદ ૧૧ | દીક્ષા ગ્રહણ-પીપલાણા |
| સં. ૧૮૫૮ | કારતક સુદ ૧૧ | ધર્મધુરા સ્વીકાર, જેતપુર. |
| સં. ૧૮૬૧ | મહા સુદ ૧૧ | દુર્ગપુર પ્રથમાગમન. |
| સં. ૧૮૬૫ | પોષ સુદ ૧૫ | ડભાણનો યજ્ઞ કર્યો. |
| સં. ૧૮૭૬ | માગશર સુદ ૪ | વચનામૃતનો પ્રારંભ (જયંતિ.) |
| સં. ૧૮૭૬ | પોષ સુદ ૭ | જેતલપુરમાં યજ્ઞ કર્યો. |
| સં. ૧૮૭૮ | ફાગણ સુદ ૩ | શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા- અમદાવાદ. |
| સં. ૧૮૭૯ | વૈશાખ સુદ ૫ | શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા- ભૂજ. |
| સં. ૧૮૮૧ | કારતક સુદ ૧૨ | શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા-વરતાલ. |
| સં. ૧૮૮૨ | કારતક સુદ ૧૧ | આચાર્ય સ્થાપન. |
| સં. ૧૮૮૨ | મહા સુદ ૫ | શિક્ષાપત્રી જયંતિ |
| સં. ૧૮૮૨ | વૈશાખ સુદ ૧૩ | શ્રી મદનમોહનજીદેવની પ્રતિષ્ઠા-ધોલેરા. |
| સં. ૧૮૮૪ | વૈશાખ વદ ૨ | શ્રી રાધારમણદેવની પ્રતિષ્ઠા-જૂનાગઢ. |
| સં. ૧૮૮૫ | આસો સુદ ૧૨ | શ્રી ગોપીનાથજીદેવની પ્રતિષ્ઠા-ગઢપુર. |
| સં. ૧૮૮૬ | જેઠ સુદ ૧૦ | અંતર્ધ્યાન-સ્વધામગમન. |



INDEX



## अथ श्री जनमङ्गलमन्त्रार्थः

(મહાપૂજા દરમ્યાન જનમંગલનામાવલિ દ્વારા શ્રીહરિનું તુલસીદલથી પૂજન કરવામાં આવે છે. તેથી અહીં જનમંગલમાં આવતા શ્રીહરિનાં ૧૦૮ નામોની શાસ્ત્રીય અર્થ સાથેની સંક્ષિપ્ત સમજુતી મુકવામાં આવી છે.)

### (१) ॐ श्री कृष्णाय नमः ।

ભક્ત ચિત્તવૃત્તિને ખેંચનારાને કૃષ્ણ કહેવાય. સંસ્કૃતની મૂળ ધાતુ " કૃષ્ વિલેખને " પરથી આ શબ્દ નિષ્પન્ન થયો છે. શ્રીજી મહારાજ અસંખ્ય મુક્તોની તમામ વૃત્તિઓને પોતામાં ખેંચતા થકા સદૈવ અક્ષરધામમાં બીરાજે છે. અનેક મુક્તોના મન-બુદ્ધિ-ચિત્તને પોતામાં લીન કરનાર એવા અક્ષરાધિપતિ સર્વાવતારી શ્રીહરિને મારા નમસ્કાર છે.

### (२) ॐ श्री वासुदेवाय नमः ।

આ મંત્રથી ભગવાનની દ્વિવિધ વ્યાપ્તિ (વ્યાપકપણું) સિધ્ધ થાય છે. પ્રથમ એમ જે જીવપ્રાણી ! માત્રમાં વ્યાપીને રહેનારા તે વાસુદેવ. આ અર્થથી ભગવાનનું અંતર્યામી સ્વરૂપ સિદ્ધ થાય છે. જ્યારે બીજો અર્થ એમ જે જીવપ્રાણીમાત્ર જેમાં વ્યાપીને રહ્યા છે. આ રીતે જગત (ચેતન-અચેતન સમુદાય)ના આધારભૂત ભગવાન છે. અનેક મુક્તોની ચિત્તવૃત્તિનો નિરોધ કરીને સદા દિવ્ય સાકાર મૂર્તિ થકા અક્ષરધામમાં રહ્યા એવા જે ભગવાન તે જ જડ ચેતન જીવ પ્રાણીમાં વ્યાપીને રહ્યા છે, માટે તેમને વાસુદેવ શબ્દથી સંબોધ્યા છે. અક્ષરધામમાં રહ્યા થકા સર્વ ભૂતપ્રાણીમાત્રમાં વ્યાપક વાસુદેવ એવા શ્રીહરિને મારા નમસ્કાર છે.

### (३) ॐ श्री नरनारायणाय नमः ।

નરે સહિત એવા નારાયણ પ્રભુ કે જે પોતાના ભક્તોના કલ્યાણ માટે સદાય બદ્રિકાશ્રમમાં રહીને તપ કરે છે. (વ.ચ.કા.૫) તે પ્રભુને પ્રણામ. નર શબ્દને અહીં મુક્ત અર્થમાં લેવો, જેથી મુક્તમંડળ સહિત વિરાજમાન શ્રી નારાયણપ્રભુ અમારા નમનના વિષય છે એવો અર્થ થાય. અક્ષરાધિપતિ અંતર્યામી શ્રીહરિને જ્યારે આ ધરાને પાવન કરવી હતી; ધર્મ-ભક્તિ આદિકને સ્વસ્વરૂપની ઓળખાણ કરાવવી હતી



sh_4 F :\job\KANDARI\Mahapooja\dame-3_11-12-04.P65 157 P-4

ત્યારે પૃથ્વી પર પ્રગટ થયાનો અક્ષરધામમાં કોઈ હેતુ ન હોવાથી બદરિકાશ્રમમાં નરનારાયણરૂપે દુર્વાશાનો શાપ સ્વીકાર્યો. માટે અહીં કણ-કણ વ્યાપક હોવા છતા ભક્તોના અનેક મનોરથપૂર્ણ કરવા માટે નરતનું ધારણનું નિમિત્ત નરનારાયણરૂપે સ્વીકાર કરનાર ઈષ્ટદેવ શ્રીહરિને મારા નમસ્કાર.

## (૪) ॐ श्री प्रभवे नमः ।

પ્રભુનો અર્થ સમર્થ થાય. વેદોમાં કહ્યું છે જે ''सत्यकामः सत्यसंङ्कल्पः ''। એવો જે અતિશય મહિમા તેણે યુક્ત અતિસમર્થ પ્રભુને મારા પ્રણામ. પોતાના નિત્ય નિવાસભૂત અક્ષરધામમાં પ્રાગટ્યનો હેતુ ન હોવા છતા સ્વસામર્થ્યથી ત્યાં રહ્યા થકા જ આ ધરા પર સ્વપ્રાગટ્યનો સંકલ્પસિદ્ધ કરવામાં સમર્થ એવા ભગવાન શ્રીહરિને મારા નમસ્કાર છે.

## (૫) ॐ श्री भक्तिधर्मात्मजाय नमः ।

ધર્મદેવ અને ભક્તિદેવી અનાદિકાળથી પ્રભુને પુત્રરુપે પામવા તપ કરી રહ્યા છે. તેથી પૂર્વે ધર્મના આશ્રમમાં ધર્મ-ભક્તિ થકી પ્રભુ નરનારાયણરુપે પ્રગટ થયા છે એવી કથા છે અને આ હળાહળ કળિકાળના પ્રભાવે વ્યાપેલા અધર્મને ડામવા માટે સ્વેચ્છાથી બદરિકાશ્રમમાં ઋષિશાપને નિમિત્ત કરી પૃથ્વી પર ધર્મ અને ભક્તિ થકી પ્રગટ થયા અને ભક્તિધર્માત્મજ કહેવાયા એવા ભક્તિધર્મના પુત્ર શ્રીહરિને મારા નમસ્કાર.

## (૬) ॐ श्री अजन्मने नमः ।

મહર્ષિ શ્રી શતાનંદ સ્વામીએ આ પ્રત્યેક મંત્રો એક ક્રમમાં કંઈક સમજાવવાના આશયથી ગુંથ્યા છે. આગળના મંત્રમાં ધર્મ-ભક્તિના પુત્રરુપે પ્રગટેલા એમ કહીને પાછા આ મંત્રમાં જણાવી દીધું કે પ્રભુનું એ વિશિષ્ટ સામર્થ્ય છે જે જન્મ ધારણ કરે છે એવું લૌકિક દૃષ્ટિએ દેખાય છે છતા પ્રભુ અજન્મા કહેતા જન્મથી રહિત છે. શ્રુતિ પણ કહે છે. अजायमानो बहुधा विजायते અર્થાત્ જીવની જેમ પરવશતાપૂર્ણ કર્મજન્ય જન્મ પ્રભુને નથી હોતો. સ્વેચ્છાથી ભક્તસુખાર્થે પ્રગટ થનારા ઈષ્ટદેવ શ્રીહરિને મારા નમસ્કાર.





## (૭) ॐ श्री कृष्णाय नमः ।

જળ પરિપૂર્ણ જલધર સમાન શ્યામ શોભા ધારણ કરતા હોવાથી પ્રભુનુ કૃષ્ણ નામ પડયું. છપૈયાના આબાલવૃદ્ધ નરનારીઓ બાળપ્રભુ ઘનશ્યામને જોઈને ભીતમાં ચિતરેલાં ચિત્રની જેમ સ્થિર થઈ જતાં. છપૈયાની નારીઓ શ્રીહરિ ઉઠે તે પહેલાં રમાડવા માટેની લાઈનમાં ઉભી રહી જતી. માતાજીનો વારો પણ ન આવતો. આમ દર્શકમાત્રના ચિત્તને ચોરનાર એવા ઈષ્ટદેવ શ્રીહરિને મારા નમસ્કાર.

## (૮) ॐ श्री नारायणाय नमः ।

સંસ્કૃત વ્યાકરણના નિયમ મુજબ '' नराणां समुदायं नारम् '' નર- એટલે જગત. કેવું જગત ? જડ ચેતનમય જગત તેને નાર કહેવાય. નાર (જડચિદ્રુપ જગત) માં વ્યાપીને રહેનારા. શ્રુતિ પણ કહે છે. ''अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणः स्थितः'' એ જ રીતે આ નાર જડ ચેતન જે જગત તેના અયન-આશ્રય તેને પણ નારાયણ કહેવાય. તેથી આ મંત્રથી અન્તર્વ્યાપ્તિ અને બહિર્વ્યાપ્તિ નિરુપાયેલી છે. રામાનુજ વેદાન્તના મતે ભગવાનના અનેક નામો છે. તેમા આ નારાયણ નામ અસાધારણ છે અને અન્ય સર્વ ભવરુદ્રાદિમૂર્તિઓનું વ્યાવર્તક નામ છે. તેથી જ વેદોમાં પ્રાધાન્યતઃ '' एकोऽह वै नारायण आसीत् '' અને '' अथ दिव्यो देव एको नारायणः '' વિગેરે મંત્રોથી નારાયણનું જ પ્રાધાન્ય બતાવ્યું છે. આવા વેદવેદ્ય ઈષ્ટદેવ શ્રીહરિને મારા નમસ્કાર.

## (૯) ॐ श्री हरये नमः ।

હરિ અર્થાત્ હરનારા. ''हरतीति हरिः'' ભક્તજનોના પાપને હરનારાને હરિ કહેવાય અને યજ્ઞમાં આહુતિ રુપે હોમેલું હવિષ્યાન્ન હરનારા હોવાથી પણ હરિ કહેવાય છે. સ્વાશ્રિતોના આનંદકંદ શ્રીહરિનું ''હરિ'' એવું શુભ નામ જન્મ કુંડલીના નિમયાનુસાર નામકરણ સંસ્કાર સમયે મહર્ષિ માર્કન્ડેયજીએ પાડ્યું હતું. સ્વાશ્રિતોના પાપ માત્રને હરણ કરનાર એવો અર્થ પણ અભીષ્ટ છે. જોબન જેવા અનેકના અઘનું હરણ કરનારા શ્રીહરિને મારા નમસ્કાર છે.



sh_4 F :\job\KANDARI\Mahapooja\dame-3_11-12-04.P65 159 P-4

(૧૦) ॐ श्री हरिकृष्णाय नमः ।

પ્રભુના પ્રાગટ્ય પશ્ચાત્ ધર્મદેવના ઘેર પધારેલા માર્કન્ડેય મુનિએ બાલઘનશ્યામનો જન્મ ચૈત્ર માસમાં હોવાથી કૃષ્ણ નામ રાખ્યું તથા જન્મસમયે કર્ક રાશિમાં ચંદ્ર હોવાથી હરિ નામ રાખ્યું અને પછી બંને નામોને સંયુકત કરી ત્રીજુ નામ હરિકૃષ્ણ એવું રાખ્યું. સ્વાશ્રિતોનાં પાપને હરનારા અને ભક્તોના ચિત્તચોર એવા શ્રી હરિકૃષ્ણપ્રભુને મારા નમસ્કાર.

(૧૧) ॐ श्री घनश्यामाय नमः ।

શ્રીહરિના પ્રાગટ્ય સમયે પ્રભુના દિવ્ય શરીરનો વર્ણ નવીન જલથી ભરાયેલા મેઘ સમાન શ્યામ હોવાથી છપૈયાની મહિલાઓએ ઘનશ્યામ એવું પ્યારું હુલમાણું નામ રાખ્યું. घन इव श्यामः એવા પ્યારા પ્રભુને પ્રણામ.

(૧૨) ॐ श्री धार्मिकाय नमः ।

ધર્મના પુત્ર હોવાથી સ.ગુ.શ્રી શતાનંદસ્વામીએ આ નામ આપ્યુ અને ધર્મના અનુસરણમાં પોતે હંમેશા અગ્રેસર રહી આશ્રિતોને પોતાનું જ ઉદાહરણ પુરુ પાડયુ હોવાથી ધર્મને ધરનારાને પણ ધાર્મિક કહેવાય આવા ધર્મનંદન ધર્મપાલક પ્રભુને પ્રણામ.

(૧૩) ॐ श्री भक्तिनन्दनाय नमः ।

ધર્મપત્ની મૂર્તિદેવી બદ્રિકાશ્રમમાં થયેલા ઋષિશાપથી છપૈયામાં અવતીર્ણ થયા અને ભક્તિદેવીનાં નામે વિખ્યાતિ પામ્યાં. એ ભક્તિદેવીને પુત્રરૂપે પ્રગટ થઈ માતૃહૃદયને આનંદિત કરે તે ભક્તિનન્દન. રમવું, જમવું, ઉઠવું, બેસવું, વિગેરે ક્રિયાઓ દ્વારા માતાજીને આનંદ આપનારા ભક્તિનંદન શ્રીહરિને મારા નમસ્કાર.

(૧૪) ॐ श्री बृहद्व्रतधराय नमः ।

શાસ્ત્રોમાં અનેકવિધ વ્રતોનું પ્રતિપાદન છે. તે વ્રતોમાં બૃહદ અર્થાત મહાન શ્રેષ્ઠ એવું જે વ્રત તેને ધારણ કરનારા અર્થાત્ નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતને ધારણ કરી વનમાં વિચરણ કરનાર બ્રહ્મચર્યમૂર્તિ શ્રીહરિને મારા નમસ્કાર.





(૧૫) ॐ श्री शुद्धाय नमः।

જે પ્રભુ સ્વયં સ્વરૂપતઃ સદા વિશુધ્ધ છે અને શરણાગત જીવોને પણ પરમ શુદ્ધ કરે છે. બ્રહ્મચર્યવ્રત શ્રીહરિએ સ્વાશ્રિતોની શિક્ષા માટે ધારણ કર્યુ છે નહિ કે શુદ્ધ થવા માટે, એવા ગર્ભિત આશયથી શતાનંદ સ્વામી બૃહદવ્રતધર પછી તુરંત 'શુદ્ધ' એવા નામથી શ્રીહરિને સંબોધે છે. ભગવાન શ્રીહરિ અસંખ્ય કલ્યાણ-ગુણગણાર્ણવ અને અખિલહેય પ્રત્યનીક છે. વ્રત-તપથી શુદ્ધિની જેને જરૂર નથી એવા ઈષ્ટદેવ શ્રીહરિને મારા નમસ્કાર.

(૧૬) ॐ श्री राधाकृष्णेष्ट दैवताय नमः।

આશ્રિતોને ભક્તિરીતિ શીખવવા માટે જે પ્રભુ સ્વયં એક ભક્તની રીતે વર્તી મનુષ્ય સહજ ચેષ્ટાઓ દ્વારા રાધાકૃષ્ણને ઈષ્ટદેવપણે માનનારા એવા ભક્તની રીતિમાં વર્તનારા ભગવાનને પ્રણામ.

(૧૭) ॐ श्री मरुत्सुत प्रियाय नमः।

મરુત્સુત એવા પવનપુત્ર " શ્રી હનુમાનજી" ને જે પ્રભુ અતિપ્રિય છે. એવા પ્રભુને પ્રણામ અથવા તો પ્રભુને પણ જે પવનપુત્ર હનુમાજી અતિપ્રિય છે એવા પ્રભુને પ્રણામ. શ્રી હરિની વનવિચરણ લીલાઓમાં હનુમાનજીની સેવા સર્વત્ર દેખાય આવે છે અને પ્રભુનો પણ તેમના પ્રત્યેનો પ્રેમ જોવા મળે છે. પ્રેમથી હનુમાનજીની સેવાઓ સ્વીકારનાર શ્રીહરિને મારા નમસ્કાર.

(૧૮) ॐ श्री कालीभैरवाद्यतिभीषणाय नमः।

વસ્તુતઃ વાત્સલ્યવારિધિ એવા ભગવાન અતિ સૌમ્ય મૂર્તિ છે. છતાં પણ પ્રભુનો વધ કરવાને ઈચ્છતા એવા કાલીભૈરવાદિ માટે જે પ્રભુ અતિભયંકર ભાસે છે. એવા પ્રભુને મારા નમસ્કાર.

(૧૯) ॐ श्री जितेन्द्रियाय नमः।

જે પ્રભુએ સર્વ ઈન્દ્રિયોને અતિશય વશ કરી લીધી છે અને વિષયમાત્રથી સ્પૃહારહિત થઈને પોતાના આશ્રિતોને પણ ઈન્દ્રિય જીતવા માટે સદા આગ્રહ રાખ્યો



sh_4 F :\job\KANDARI\Mahapooja\dame-3_11-12-04.P65 161 P-4

છે. દ્રષ્ટિમાત્રથી વિષયો તરફ જતા ઈન્દ્રિયોના વેગને હરનારા ભગવાન શ્રીહરિ ઈન્દ્રિય નિગ્રહ માટે તપશ્ચર્યા નથી કરતા. શ્રીહરિ જીતેન્દ્રિય જ છે. આત્મારામ છે. ઈન્દ્રિયોના સ્વામી છે. એવા પ્રભુને પ્રણામ.

(૨૦) ॐ श्री जिताहाराय नमः।

ઈન્દ્રિયમાત્રમાં દુર્જેય ઈન્દ્રિય એવી રસનાને પણ જે પ્રભુએ અતિશય નિગ્રહમાં લીધી છે. પોતે તો ભગવાન હોવાથી ઈન્દ્રિયોને દમવામાં સમર્થ હોય પરંતુ પોતાના ત્યાગી-ગૃહી ભક્તોને પણ રસના ઈન્દ્રિય વશ કરવા માટે મરચાં મીઠી આવળ જ નહિ માત્ર વારિ અને વાયુ ભક્ષણ કરીને પ્રેરણા કરનારા આહારને વશ કરનારા એવા પ્રભુને પ્રણામ.

(૨૧) ॐ श्री तीव्रवैराग्याय नमः।

પ્રભુ તીવ્રવૈરાગ્યવાળા છે. તેથી વૈરાગ્યવેગથી બાળપણમાં જ ગૃહત્યાગ કરી શ્વેતગિરિ ને શ્યામગિરિમાં મૃત્યુની પરવા કર્યા વગર વિચરણ કરી કઠિન તપશ્ચર્યાને કરી રહ્યા છે. વનમાં અનેક આપત્તિઓ આવે છે પણ પ્રભુ વિના કોઈમાં પ્રીતિ નથી માટે સદા આનંદમાં રહે છે અને ષડૂર્મિઓ સહન કરીને તીવ્ર તપશ્ચર્યાને કરતા રહે છે એવા તીવ્રવૈરાગ્યવાન પ્રભુને મારા નમસ્કાર.

(૨૨) ॐ श्री आस्तिकाय नमः।

ભારતીય દર્શનાનુસાર વેદોમાં વિશ્વાસ એ આસ્તિકતા છે. સામાન્ય દ્રષ્ટિએ ભગવાન છે એમ પ્રભુના અસ્તિત્વને માનનારા આસ્તિકો છે. આ બંને પ્રકારના આસ્તિકભાવો જેમાં અતિદ્રઢ વર્તે છે એવા પ્રભુને પ્રણામ.

(૨૩) ॐ श्री योगेश्वराय नमः।

અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યો છે. જેમણે એવા જે યોગીઓ છે તેમના પણ ઈશ્વર અર્થાત્ આરાધ્ય છે. વનમાં અનેક યોગીઓ તેમની પ્રાપ્તિ માટે આરાધના કરતા હતા. તેમને જ્યારે વર્ણિવેષ શ્રી નીલકંઠના દર્શન થયા ત્યારે તેની ઈશ્વર માનીને તેમની પૂજા કરી. નવલખા પર્વતમાં તપઃપૂત લાખો યોગીએ શ્રીહરિના દર્શનથી તપો સાધના પૂર્ણ કરેલી. ગોપાળયોગી પાસે યોગ શીખીને તેમની વૃત્તિ પણ અંતે સ્વ સ્વરૂપમાં આકર્ષી તેમના પણ ઉપાસ્ય બનેલા એવા યોગેશ્વર શ્રીહરિને મારા નમસ્કાર.



મહાપૂજા મુક્તગાથા

(૨૪) ॐ श्री योगकलाप्रवृत्तये नमः।

પ્રભુને સર્વયોગ સહજસિદ્ધ છે અને પોતાના આશ્રિતોને એ યોગ સિદ્ધ કરાવવા જે સતત પ્રયત્નશીલ છે. લોજમાં સંતોને યોગાભ્યાસ શીખવનારા એવા નીલકંઠ પ્રભુ જ્યારે સાધનબળ થી યોગસિદ્ધિ ન પામી શકે ત્યારે પોતાની કૃપામાત્રથી યોગની તમામ કળાઓને પ્રવર્તાવે છે. એવા શ્રીહરિને મારા નમસ્કાર.

(૨૫) ॐ श्री अतिधैर्यवते नमः।

ગુરુ રામાનંદ સ્વામીનાં દર્શનને ખાતર જે પ્રભુએ વન વિચરણ અટકાવ્યું છતાં ગુરુની આજ્ઞાથી જેમણે નવમાસ પર્યંત ધૈર્ય ધારણ કરી થાંભલાને બાથ લીધી ને શ્રી મુક્તાનંદ સ્વામીના શિષ્યત્વને ગ્રહણ કર્યુ એવા અતિ ધૈર્ય ધારણ કરનારા પ્રભુને પ્રણામ.

(૨૬) ॐ श्री ज्ञानिने नमः।

દેશ-વસ્તુ-કાળથી અપરિચ્છિન્ન જ્ઞાનને ધારણ કરનારા શ્રી નીલકંઠ બ્રહ્મચારીના પૂછેલા પાંચ પ્રશ્નો તેમના જ્ઞાનીપણાને પ્રગટ કરનારા છે. તેઓ સ્વયં જ્ઞાની છે. જ્ઞાનના સાક્ષાત્ આશ્રયરૂપ છે. એવા જ્ઞાનમૂર્તિ ઈષ્ટદેવ શ્રીહરિને મારા નમસ્કાર.

(૨૭) ॐ श्री परमहंसाय नमः।

વૈરાગ્યની પરાકાષ્ઠાએ પહોંચેલા જે જડભરત વિગેરે હંસ સંજ્ઞા ધારણ કરનારા વૈરાગ્યવાન છે. તેઓના મધ્યે જે શિખર સમાન વૈરાગ્યવાન હોવાથી પરમહંસ છે. પ્રભુના શરીરે પરસેવો વળે તે માટે ગુરુદેવ શ્રી રામાનંદ સ્વામીએ અનેક ઉપચારો કર્યા હતા, છતાં પરસેવો જ ન વળ્યો. આવા સિદ્ધ પરમહંસરૂપ પ્રભુને પ્રણામ.

(૨૮) ॐ श्री तीर्थकृते नमः।

ભગવાનનો મહિમા અપરંપાર છે તેમની ચરણરજ જે ધરા પર પડે તે ધરા મટીને ધામ બને છે. ભગવાન શ્રીહરિ તીર્થને તીર્થત્વ આપનારા છે. છતાં તીર્થયાત્રા કરે છે અને તીર્થવિધિને અનુસરે છે. એવા તીર્થકૃત ભગવાનને મારા નમસ્કાર છે. પોતના પગલે ગઢપૂર, લોયા, પંચાળા જેવા તીર્થોનું સર્જન કરનાર તીર્થકૃત ભગવાન શ્રીહરિને મારા નમસ્કાર.



sh_4 F :\job\KANDARI\Mahapooja\dame-3_11-12-04.P65 163 P-4

### (૨૯) ॐ श्री तैर्थीकार्चिताय नमः।

જે જે તીર્થોમાં પ્રભુ વિચરણ કરતા પધાર્યા તે તે તીર્થોના રહેવાસીઓએ યોગીઓએ, સાધુઓએ, મહંતોએ, રાજાઓએ અને તપસ્વીઓએ આ સાક્ષાત પ્રભુ છે-મહાન યોગી છે એમ માની પૂજા કરી હોવાથી પ્રભુનુ આ અન્વર્થ નામ છે. એવા તીર્થવાસીઓથી પૂજિત પ્રભુને મારા નમસ્કાર.

### (૩૦) ॐ श्री क्षमानिधये नमः।

જીવપ્રાણી માત્રના ગમે એવા મોટા અપરાધ સહન કરવા એ ક્ષમા ગુણ છે. આવા ક્ષમા ગુણના નિધિ એવા પ્રભુને પ્રણામ. આણંદની બજારમાંથી પસાર થતા જેની ભ્રકુટિના વિલાસમાત્રથી બ્રહ્માંડોનો લય થઈ શકે તે પ્રભુ ઉપર અધર્મીઓએ પથ્થરો ફેંક્યા ધૂળ ઉડાડી છતા પણ ક્ષમા આપી એવા કોણ બીજા ક્ષમાશીલ હોઈ શકે. ! તથા આ જીવ પણ અનેક જન્મનો અપરાધિ છે છતાં તે તમામ અપરાધ ક્ષમા કરીને શરણાગતનું રક્ષણ કરનાર ક્ષમાનિધિ શ્રીહરિને મારા નમસ્કાર.

### (૩૧) ॐ श्री सदोन्निद्राय नमः।

પ્રભુએ સર્વદા નિદ્રાને જીતી લીધી છે. નિદ્રા તંદ્રા, પ્રમાદ અને આળસ વિગેરથી સર્વદા જે પ્રભુ રહિત છે. પ્રભુ પોઢ્યા હોય અને કોઈ કંઈક કરે તો તુરંત જાગી જતા એવા જીતનિદ્ર પ્રભુને પ્રણામ.

### (૩૨) ॐ श्री ध्यानिष्ठाय नमः।

પ્રભુના સ્વરૂપમાં તૈલધારાવત્ અવિચ્છિન્ન વૃત્તિ રાખવી તે ધ્યાન છે. તેથી પ્રભુ હંમેશાં પોતાના અપરસ્વરુપમાં અખંડ સ્થિર હોવાથી સદા ધ્યાનમગ્ન રહે છે. એવા પ્રભુને વંદન.

### (૩૩) ॐ श्री तपःप्रियाय नमः।

પ્રભુને તપ અતિશય પ્રિય છે. સ્વેચ્છાથી પ્રભુએ વનવિચરણ દરમ્યાન કેવું તપ આદર્યુ. શરીરમાંથી લોહીનો ભાગ સુકવી નાંખ્યો અને તપ કરનારા સંતો ભક્તો પણ પ્રભુને ખુબ પ્યારા છે, એવા તપઃપ્રિય પ્રભુને પ્રણામ.





### (૩૪) ॐ श्री सिद्धेश्वराय नमः।

અનેકવિધ સાધનાઓથી સિદ્ધદશાને પામેલા યોગીઓના પણ જે ઈશ્વર છે એવા પ્રભુને પ્રણામ. યોગસિદ્ધ શ્રી ગોપાળાનંદ મુનિ જેવા સંતના પણ સ્વામી, જ્ઞાનસિદ્ધ શ્રી નિત્યાનંદ સ્વામી જેવાના પણ આરાધ્ય અને ધ્યાનસિદ્ધ શ્રી કૃપાનંદ સ્વામી જેવાના પણ જે ધ્યેય ઈશ્વર છે એવા સિદ્ધેશ્વર શ્રીહરિને મારા વંદન.

### (૩૫) ॐ श्री स्वतन्त्राय नमः।

જે પ્રભુના સમાન બીજુ કોઈ તત્ત્વ નથી તો અધિક તો કઈ રીતે હોઈ શકે? તેથી અન્ય અધિપતિ ન હોવાથી સદા સ્વયં જ સર્વેના પતિ હોવાથી સ્વતન્ત્ર છે. પ્રભુનું સ્વાતન્ત્ર્ય એટલું વિશાળ છે કે દેશ-કાળ કે વસ્તુ કોઈપણનું પારતન્ત્ર્ય પ્રભુને નથી એવા સ્વરાટ્ સ્વતંત્ર શ્રીહરિને પ્રણામ.

### (૩૬) ॐ श्री ब्रह्मविद्याप्रर्वतकाय नमः।

વિદ્યામાત્રમાં શ્રેષ્ઠ બ્રહ્મવિદ્યા છે. વેદોમાં કહેલી બત્રીસ વિદ્યાઓથી પણ આ વિદ્યા શ્રેષ્ઠ છે. આ વિદ્યાને જ પરાવિદ્યા - સદ્વિદ્યા કહેવાય છે. એ પ્રભુપ્રાપ્તિની પરમ સાધનભૂત બ્રહ્મવિદ્યાને જીવ જીવ સુધી પહોંચાડવા ૫૦૦ પરમહંસોની બ્રહ્મતેજથી ઝળહળતી મંડળી તૈયાર કરીને અનેક અધમ જેવા જીવોને પણ બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપી અક્ષરના અધિકારી બનાવ્યા એવા બ્રહ્મવિદ્યાપ્રવર્તક શ્રીહરિને મારા પ્રણામ.

### (૩૭) ॐ श्री पाषण्डोच्छेदनपटवे नमः।

વેદ વિરુદ્ધ વ્યાપેલા પાખંડધર્મ તથા પાખંડિઓના દંભ કપટપૂર્ણ આચારનું ખંડન કરવામાં અતિ ચતુર છે. ભગવાન શ્રીહરિએ હિંસામય યજ્ઞો વેદવિરુદ્ધ સિદ્ધ કરી બંધ કરાવ્યા. અનેક દુરાચારીઓ ધર્મના ઓથે અર્ધમને પોષતા હતા. તેઓના પાખંડ પૂર્ણ વ્યવહારને ખુલ્લા પાડ્યા. જગન્નાથપુરીમાં પ્રભુએ પાખંડીઓના સરદાર એવા હજારો બાવાઓને પરસ્પર લડાવીને માર્યા. સ્વયં નિષ્ક્રિય રહેવા છતા અસુરોનો યુક્તિથી નાશ કરવામાં ચતુર હોવાથી શતાનંદ સ્વામી પાખંડોચ્છેદનપટુ કહે છે. એવા પાખંડના ખંડનમાં (પટુ એટલે ચતુર) એવા શ્રીહરિને પ્રણામ.



sh_4 F :\job\KANDARI\Mahapooja\dame-3_11-12-04.P65 165 P-4

(३८) ॐ श्री स्वस्वरुपाचलस्थितये नमः

જે પ્રભુ પોતાના સ્વરૂપમાં અચળ (ક્ષણવાર પણ ચલિત થયા વિના અખંડ) સ્થિર રહે છે. માયાજન્ય કોઈ પદાર્થ કે સ્વયં માયા પણ પ્રભુને તેની સ્થિતિમાંથી ડગાવવા સમર્થ નથી. મોટા માન સન્માન થાય કે  અપમાન થાય. મનુષ્ય લીલામાં પણ સદૈવ આત્મસ્થ. એવા શ્રી હરિને પ્રણામ..

(૩૯) ॐ श्री प्रशान्तमूर्तये नमः

જે પ્રભુની મૂર્તિ અતિ શાન્ત છે. મલયાગિરિ ચંદન સમાન શાંતિપૂર્ણ શ્રી હરિના દર્શનથી તો ધગધગતા અંગારા જેવા જીવો પણ શાંતચિત્ત થઈ ગયા. અતિ અશાંત ચિત્તવાળા પઠાણનું ચિત્ત ઝિંઝાવદર ગામમાંથી પસાર થતાં જ શાંત થયું. વિચાર્યું કે નક્કિ કોઈ ખુદા કે ખુદાઈ પુરુષ અહીં હોવા જોઈએ. પછી તે પઠાણ પ્રભુને મળી પ્રભુના શરણે થયા એવા પ્રશાન્તમૂર્તિ પ્રભુને પ્રણામ.

(૪૦) ॐ श्री निर्दोषाय नमः

પ્રભુમાં બે ગુણ ચક્રવર્તી સમ્રાટના છત્ર અને ચામરની જેમ સદૈવ વિદ્યમાન છે. (૧) અખિલહેયપ્રત્યનીકતા અને (૨) સકલકલ્યાણગુણગણાકરતા. ત્યાગવા યોગ્ય લોભ-કામ-ક્રોધ-દંભ આદિ અધર્મ સર્ગના દોષોથી ત્રણે કાળમાં પ્રભુ રહિત છે અને કલ્યાણકારી ગુણોના નિધિ છે. એવા દોષ રહિત શ્રી હરિને પ્રણામ.

(૪૧) ॐ श्री असुरगुर्वादिमोहनाय नमः

પૃથ્વીપર અનેક રૂપે અવતરેલા અસુરોને કે જેઓ ગુરુરુપે રાજાનો સાથ લઈને અનેકને અધર્મને માર્ગે ચલાવતા હતા. તેઓને વિચિત્ર ચરિત્ર કરી શસ્ત્ર ઉપાડ્યા વિના જ મુગ્ધ કરી યમલોકમાં પહોંચાડી દીધા એવા ચતુર પ્રભુને પ્રણામ.

(૪૨) ॐ श्री अतिकारुण्यनयनाय नमः ।

સંસારી જીવમાં કરૂણા હોય પરંતુ સકારણ હોય - સ્વાર્થમય હોય. જ્યારે ભગવાનમાં અપાર કરૂણા રહી છે. તે પણ અકારણ અહૈતુક છે.એવી અપાર કરૂણાથી પૂર્ણ નેત્રોવાળા પ્રભુને પ્રણામ.





(૪૩) ॐ श्री उद्धवाध्वप्रवर्तकाय नमः ।

આપણા સંપ્રદાયનું નામ ઉદ્ધવ સંપ્રદાય છે. કારણ કે તેના સ્થાપક સદ્‌ગુરૂશ્રી રામાનંદ સ્વામી ઉદ્ધવજીનો અવતાર હતા. તેથી આ સંપ્રદાય ઉદ્ધવ સંપ્રદાય કહેવાય છે. રામાનંદ સ્વામીએ આ ઉદ્ધવ સમ્પ્રદાયની ધર્મધૂરા જેતપુરમાં શ્રીજીમહારાજને આપી અને મહારાજે તેને દિગંત વ્યાપી બનાવ્યો. તેથી શ્રીહરિને શતાનંદ સ્વામી ઉદ્ધવાધ્વપ્રવર્તક  કહે છે. ઉદ્ધવાધ્વપ્રવર્તક શ્રીહરિને મારા નમસ્કાર.

(૪૪) ॐ श्री महाव्रताय नमः ।

જેવા વ્રતો મનુષ્યથી ન થઈ શકે એવા અસાધ્ય તપ તથા વ્રતને આચરનારા પ્રભુ છે. લોજમાં સરજુદાસ સદાવ્રત ચલાવે છે. બધા વૈરાગીઓને અનાજ આપી પોતે મીંઢી આવળના ગોળા બનાવી જમે. એક બાવાજીને થયુ આ મહંત બીજાને બાજરો ખવરાવી પોતે લાડવા ખાતા લાગે છે. તેથી મહારાજ સાથે જમવા બેઠા. મહારાજે ચાર ગોળામાંથી દયાએ કરી એક મુક્યો ને જ્યાં હોંશથી જમવા જાય ત્યાં તો આખા શરીરમાં આગ પ્રગટી. આવા મહાન વ્રતો કરનાર શ્રીહરિને મારા નમસ્કાર.

(૪૫) ॐ श्री साधुशीलाय नमः ।

સાધુ અર્થાત્ સાદુ. વેદ અને શાસ્ત્ર સંમત શીલ અર્થાત્ ચરિત્રને ધારણ કરનારા એવા પ્રભુને પ્રણામ. બીજાના અપકારને ભૂલીને તેનું રૂડુજ કરે એવી સહજ દયાળુ પ્રકૃતિ શ્રીહરિની છે. આવા સાધુશીલથી યુક્ત શ્રીહરિને મારા નમસ્કાર.

(૪૬) ॐ श्री साधुविप्रप्रपूजकाय नमः ।

સાધુ અને વિપ્રની કદર કરી તેને પૂજનારા પ્રભુને પ્રણામ. મહારાજ જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં બ્રાહ્મણોનું દારિદ્ર્ય દૂર થતું એવો પરોપકારી પ્રભુનો સ્વભાવ હતો. અને સાધુઓની તો મહારાજે કેટલી પૂજા કરી. સંતોને દંડવત્ કર્યા, સંતોના ચરણો ધોયા અને સંતો પર રાજી થઈ પોતાના વસ્ત્રાભૂષણ જ નહિ અનેકવાર ચરણારવિંદ પણ આપ્યા. આમ સાધુ અને બ્રાહ્મણોની પૂજા કરનાર શ્રીહરિને મારા નમસ્કાર.



sh_4 F :\job\KANDARI\Mahapooja\dame-3_11-12-04.P65 167 P-4

(૪૭) ॐ श्री अहिंसयज्ञप्रस्तोत्रे नमः ।

જીહ્વાસક્તિથી વિદ્વાન બ્રાહ્મણોએ પોતાના સ્વાર્થને ખાતર વેદોનું તાત્પર્ય હિંસામય યજ્ઞપરક કરી હિંસામય યજ્ઞો પ્રર્વતાવ્યા, ત્યારે જે પ્રભુએ જેતલપુર અને ડભાણમાં મહાન યજ્ઞો કરી સર્વત્ર અહિંસામય યજ્ઞોનું પ્રવર્તન કર્યું. વિદ્વાનોની સભામાં શાસ્ત્રોના પ્રબળ પ્રમાણ આપી વૈદિક યજ્ઞ હિંસારહિત જ હોવાનું પ્રતિપાદન કર્યું. એવા અહિંસામય યજ્ઞના પુરસ્કર્તા શ્રીહરિને મારા નમસ્કાર.

(૪૮) ॐ श्री साकारब्रह्मवर्णनाय नमः

મહાસભામાં વિદ્વાનો સાથે જ્યારે શાસ્ત્રાર્થ થાય ત્યારે વેદાદિ શાસ્ત્રોના પ્રમાણો આપી જે પ્રભુએ " ભગવાન સદા સાકાર જ છે. " એવું પ્રતિપાદન કર્યું છે. એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને પ્રણામ.

(૪૯) ॐ श्री स्वामिनारायणाय नमः

" पतिं पतीनां परमं महेश्वरम्, तत्सर्वं वै हरेस्तनुः" વગેરે શ્રુતિસ્મૃતિના વચનોથી શ્રીહરિ એક જ સર્વેના સ્વામી કહેતા નિયંતા છે. બીજુ સમસ્ત જડ ચેતન જગત તો કઠપૂતળીની જેમ પ્રભુના સંકલ્પના સથવારે નાચતું દેખાય છે. એવા સ્વામી એવા જે નારાયણ તે સ્વામિનારાયણ. નારાયણ મંત્રના વિદ્વાનોએ અનેક અર્થો કર્યા છે. જેમા પ્રમુખ અર્થ એવો છે. "નાર" એટલે કે સ્વરુપથી જેનો નાશ નથી એવા જડચેતન પદાર્થનો સમૂહ. અયન - એટલે આશ્રય. જગતમાત્રના નિયંતા એવા અન્તર્યામી પરમાત્મા જ સ્વામિનારાયણ.

નારાયણ એ પ્રભુનુ અસાધારણ નામ છે. બીજા અનેક નામો વિશેષણ વિશિષ્ટ નામો છે. જ્યારે આ નામ અનાદિ છે. તેથી જ પ્રભુએ પોતાના આ વિશિષ્ટ નામને સ્વયં પોતે જ સર્વશાસ્ત્રોના સારરુપે પ્રગટ કર્યુ. એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને અમારા નમસ્કાર.

(૫૦) ॐ श्री स्वामिने नमः

સ્વ-અર્થાત્ ઐશ્વર્ય. શાસ્ત્રોમાં ज्ञानशक्तिबलैश्वर्य वीर्यतेजांस्यशेषतः આ રીતે (૧) જ્ઞાન (૨) શક્તિ (૩) બળ (૪) ઐશ્વર્ય (૫) વીર્ય અને (૬) તેજ, આ છ





મહાન ઐશ્વર્ય ગણાવ્યા છે. તે પૂર્ણપણે જેમાં હોય તેને જ ભગવાન કહેવાય અને એવા ઐશ્વર્યને (સ્વને) ધરનારા હોય તેને સ્વામી કહેવાય. એવા જીવ પ્રાણીમાત્રના નિયામક ઈષ્ટદેવ શ્રીહરિને મારા પ્રણામ.

(૫૧) ॐ श्री कालदोषनिवारकाय नमः

કાળ એવો જે કળિયુગ તેના પ્રભાવથી લોકોમાં વ્યાપેલાં દોષોને જેવા કે કામ, ક્રોધ, લોભ આદિને જે પ્રભુએ કૃપા કટાક્ષથી ટાળી નાંખ્યા છે એવા પ્રભુને પ્રણામ.

(૫૨) ॐ श्री सच्छास्त्रव्यसनाय नमः

સચ્છાસ્ત્રના શ્રવણમાં વ્યસનવત્ અનુરાગ રાખનારા પ્રભુને પ્રણામ. પ્રાગજી પુરાણી તથા શ્રી નિત્યાનંદ સ્વામી જેવા સંતોને સદા સાથે રાખી શ્રી હરિ અનેકવિધ શાસ્ત્રોનું શ્રવણ નિરંતર કરતા.

(૫૩) ॐ श्री सद्यःसमाधिस्थितिकारकाय नमः

જન્માન્તરની સાધનાથી પણ દુઃસાધ્ય સમાધિને જે પ્રભુ માત્ર કૃપાદૃષ્ટિથી કરાવી શકે છે એવા પ્રભુને પ્રણામ. સાધન સંપત્તિ શૂન્ય જીવોને પણ પ્રભુએ માંગરોળમાં ચપટી વગાડી સમાધિની સ્થિતિ કરાવી હતી. આ પ્રભુનું અલૌલિક ઐશ્વર્ય છે. એટલું જ નહિં પોતે પોતાના ઘણા આશ્રિતોને આવી રીતે બીજાને ક્ષણવારમાં સમાધી કરાવવાનું ઐશ્વર્ય આપ્યુ પણ હતું. એવા ક્ષણવારમાં સમાધિ કરાવનાર શ્રીહરિને નમસ્કાર.

(૫૪) ॐ श्री कृष्णार्चास्थापनकराय नमः

ભગવાનના અર્ચા સ્વરૂપોની જેમણે મંદિરોમાં પ્રતિષ્ઠા કરી સનાતન વૈદિક ધર્મને ગુંજતો કર્યો. ભગવાનની લક્ષ્મીનારાયણ વિગેરે પ્રતિમાઓને વૈદિક વિધી વિધાન અનુસાર મંદિરોમાં પ્રતિષ્ઠાપિત કરનારા પ્રભુને પ્રણામ.

(૫૫) ॐ श्री कौलद्विषे नमः

શાક્તપંથનું જ બીજુ નામ કૌલમત છે. શક્તિને (દેવીને) માનીને અનેકવિધ અધર્મને ખુલ્લેઆમ પોષનાર આ પંથને ઘૃણા કરવાવાળા ભગવાન શ્રીહરિ છે. કીચક



sh_4 F :\job\KANDARI\Mahapooja\dame-3_11-12-04.P65 169 P-4

વિગેરે કૌલાર્ણવના ભણેલાને મહારાજે ખુલ્લા પાડી ધર્મમાં રહેલા અધર્મનો નાશ કર્યો. આમ કૌલદ્વેષ દ્વારા અધર્મનું ઉચ્છેદન કરનાર શ્રીહરિને મારા નમસ્કાર.

(૫૬) ૐ શ્રી कलितारकाय नमः

જેમ સારો નાવિક હોય તો માણસને ગમે તેવા સાગરમાંથી સામે પાર ઉતારી દે. એ રીતે કલિકાળના દરિયા જેવા કલુષિત વાતાવરણમાંથી પોતાના આશ્રિતોને તારી દેનારા ભગવાન શ્રીહરિને પ્રણામ.

(૫૭) ૐ શ્રી प्रकाशरुपाय नमः

નિરતિશય પ્રકાશયુક્ત દિવ્ય સ્વરૂપવાળા શ્રી પ્રભુને પ્રણામ, અક્ષરધામમાં વિરાજમાન પ્રભુના સ્વરુપમાં કોટિ કોટિ સૂર્ય-ચંદ્ર સમાન તેજ ભાસી રહ્યું છે. એ દિવ્ય સ્વરુપને વર્ણવતું આ નામ છે.

(૫૮) ૐ શ્રી निर्दम्भाय नमः

અધ્યાત્મ માર્ગનો મહાન શત્રુ દંભ છે. તેના જ અન્ય પ્રકારો પાખંડ-કપટ વિગેરે છે. બીજાને ઠગવા માટે ભક્તિનો - ધર્મનો બાહ્યાડંબર કરવો એ દંભ છે. આવા દંભથી સર્વદા રહિત એવા પ્રભુને પ્રણામ. અર્થાત્ ભગવાનની સદા એક સરખી જ રીતી હોય છે. જેમાં દેખાડાપણાની તો ગંધ જ નથી હોતી. એવા શ્રીહરિને પ્રણામ.

(૫૯) ૐ શ્રી सर्वजीवहितावहाय नमः

જીવપ્રાણી માત્રનું ઈહલૌકિક તેમજ પરલૌકિક હિત સાધનારા એવા પ્રભુને પ્રણામ. જીવથી માત્ર મનુષ્યો જ નહિ. પ્રભુ જ્યારે પૃથ્વી પર પ્રગટ થાય ત્યારે પોતાના યોગમાં આવેલા સ્થળચર-જળચર અને નભચર પક્ષીઓનું પણ કલ્યાણ કરે. બુધેજ માં કબુતરોને સમાધિ કરાવી અને સરધારમાં માછલાને પણ સમાધિ કરાવી. આ રીતે પ્રભુ જીવપ્રાણીમાત્ર પર દયા કરી તેમનું પરમહિત કલ્યાણ થાય એવી કૃપા કરતા જ હોય છે. આમ જીવપ્રાણી માત્રનું હિત કરનાર શ્રીહરિને મારા નમસ્કાર.

(૬૦) ૐ શ્રી भक्तिसम्पोषकाय नमः

ભક્તિના નવ પ્રકાર છે. શ્રવણ-કીર્તન-સ્મરણ વિગેરે એ સર્વે પ્રકારાને પોતાના સંપ્રદાયમાં પ્રર્વતાવીને ભક્તિનું ખુબ જ પોષણ કર્યુ એવા શ્રીહરિને નમસ્કાર.





(૬૧) ૐ શ્રી वाग्मिने नमः

શ્રી હરિ બોલવામાં ખુબ જ ચતુર છે. સદા હિતકારી અને મધુર બોલનારા એવા પ્રભુને વંદન. સાહિત્યિકોના મતે હિતકારી અને મધુર વચનોનો સંયોગ દુર્લભ છે, જ્યારે પ્રભુમાં આ બંને વાણીના ગુણો રહ્યા હોવાથી વાગ્મી છે.

(૬૨) ૐ શ્રી चतुर्वर्गफलप्रदाय नमः

પ્રભુની મૂર્તિને શ્રીહરિએ વચનામૃત ગ.પ્ર.૧ માં ચિંતામણીતુલ્ય કહી છે. મૂર્તિ ચિંતિત અર્થમાત્રને સાધનારી છે. ચિંતામણી કરતા પણ વિશેષ છે. કેમ જે ધર્મ-અર્થ અને કામ તો સિદ્ધ કરે પરંતુ મોક્ષરૂપ અંતિમ પુરુષાર્થને પણ સદ્ય આપે છે એવા ચારે પુરુષાર્થને સાધનારા શ્રીહરિને વંદન.

(૬૩) ૐ શ્રી निर्मत्सराय नमः

બીજાનો ઉત્કર્ષ સહન ન થવો એ મત્સર દોષ છે. આવા મત્સર દોષથી રહિત શ્રીહરિને વંદન. તેથી જ તો પ્રભુએ કારિયાણીના છઠ્ઠા વચનામૃતમાં મત્સર ઉપજયાનો હેતુ તથા તેને ટાળવાનો ઉપાય બતાવી આશ્રિત માત્રને આ દોષથી સાવધાન રહેવા પ્રેર્યા.

(૬૪) ૐ શ્રી भक्तवर्मणे नमः

વર્મ અર્થાત કવચ, ભક્તોજનોની કવચની જેમ રક્ષા કરનારા શ્રીહરિને પ્રણામ. સ.ગુ.શ્રી મુક્તાનંદ સ્વામી આદિ સંતો પર કેટલીવાર જીવલેણ હુમલાઓ થયા. છતા તે સર્વે સંતોના કવચ બની શ્રી હરિએ રક્ષા કરી. વાંકાનેરના જીવરામ વિપ્રની પણ નિકટ સ્થિતિમાં રક્ષા કરી. આમ ભક્તના દુઃખ માથે લઈને કવચની જેમ તેની રક્ષા કરનાર શ્રીહરિને મારા નમસ્કાર.

(૬૫) ૐ શ્રી बुद्धिदात्रे नमः ।

ભગવાનને ભજી શકાય એવી નિર્મળ બુદ્ધિ જીવને સ્વયં ભગવાન જ કરૂણા કરીને આપે છે. ददामि बुद्धियोगं ते येन मामुपयान्ते '' ગીતાનું વચન છે. ભગવાન પોતાના વ્હાલા ભક્તને જ આવી સદ્‌બુદ્ધિ આપે છે. શ્રીજીમહારાજના વખતમાં લાખો મનુષ્ય નર-નારીઓએ લોક-લાજ, રાજ, કુટુંબની મર્યાદા છોડીને પ્રભુ ભજ્યા. આમ અનેકને સદ્‌બુદ્ધિ આપનાર શ્રીહરિને મારા નમસ્કાર.



sh_4 F :\job\KANDARI\Mahapooja\dame-3_11-12-04.P65 171 P-4

(६६) ॐ श्री अतिपावनाय नमः ।

જે પ્રભુના દૃષ્ટિપાતથી તો જેતલપુરની વેશ્યા જેવા પામરજીવો પાવન થાય છે જ પરંતુ જેના નામના સ્મરણમાત્રથી પણ, પામરજીવો અતિપાવન થાય છે. એવા જગતને પવિત્ર કરતા પ્રભુને પ્રણામ.

(६७) ॐ श्री अबुद्धिहृते नमः ।

"अनादिकालतो जीवाः मायया परिवेष्टिताः" એ ઉક્તિ અનુસાર માયાના ગાઢ તમથી આવૃત સમસ્ત જીવો અનાદિકાળથી અજ્ઞાનથી આવૃત છે. એ અજ્ઞાનરુપ જે અબુદ્ધિ કે કુબુદ્ધિ છે, તેને હરનારા એવા શ્રીહરિને નમસ્કાર..

(६८) ॐ श्री ब्रह्मधामदर्शकाय नमः ।

જન્માન્તરના પુણ્યના અંતે સ્વર્ગ મળી શકે. ભગવદ્ધામ મેળવવું કે તે ધામના દર્શન પામવા તે ઘણું જ કઠણ કામ છે. છતા જે શ્રીહરિ કોઈપણ પ્રકારની સાધના જેના જીવનમાં નથી એવા જીવોને પણ ક્ષણવારમાં પોતાના દિવ્યધામનાં દર્શન કરાવે છે. એવા શ્રીહરિને પ્રણામ...

(६९) ॐ श्री अपराजिताय नमः ।

જે પ્રભુ કોઈથી પણ પરાજય નથી પામતા. શ્રીહરિને મારવા માટે અનેક બાવાઓએ કેટલા પ્રયત્નો કર્યા. બાવાઓની કાન ભંભેરણીથી અમદાવાદના સુબાએ કપટપૂર્વક શ્રીહરિને મારવા માટે પ્રયાસ કર્યો છતા બધું વ્યર્થ થયું - કેમ કે મહારાજ કોઈથી પરાભવ પામે એવા નથી. બહારના શત્રુથી તો પરાભવ ન પામે પરંતુ આભ્યાંતર શત્રુઓ જે કામ-ક્રોધ-લોભ આદિ છે, તેનાથી પણ કદી પરાજય ન પામનારા શ્રી હરિકૃષ્ણ પ્રભુને પ્રણામ.

(७०) ॐ श्री आसमुद्रान्तसत्कीर्तये नमः ।

જે પ્રભુનો લોકકલ્યાણકારી યશ સમુદ્રપર્યંત ફેલાયેલો છે. એવા પ્રભુને પ્રણામ. એટલા માટે જ છેક ક્યાંથી ક્યાંથી મુમુક્ષુ આત્માઓ ખેંચાઈને આવ્યા અને શ્રીહરિની માળાના મણકા બની ગયા.





(७१) ॐ श्री श्रितसंसृतिमोचनाय नमः ।

શરણાગત જીવના અપરાધો સામું ન જોઈને તેની પ્રવૃત્તિથી પ્રસન્ન થઈ કૃપાએ કરી તેના સંસારનાં બંધનો ખોલી તેને મુક્ત કરનારા એવા શ્રી હરિકૃષ્ણ પ્રભુને પ્રણામ. શ્રી દિનાનાથ ભટ્ટે એટલા માટે જ પોતે પ્રભુની આવી અનુભવી સ્તુતિ કરી જે "शरणागतपापपर्वतं गणयित्वा न तदीय सद्‌गुणम् । अणुमप्यतुलं हि मन्यते सहजान्द गुरुं भजे सदा ॥

(७२) ॐ श्री उदाराय नमः

પ્રભુ સમાન કોઈ ઉદાર નથી. પ્રભુ જ્યારે આપવા બેસે ત્યારે પોતાની જાતને પણ ભક્ત માટે ન્યોછાવર કરી દે છે તેથી પરમ ઉદાર એવા ભગવાન શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુને પ્રણામ.

(७३) ॐ श्री सहजानन्दाय नमः ।

સંસારી જીવોનો આનંદ વસ્તુસાપેક્ષ હોય છે. વસ્તુ પર નિર્ભર હોવાથી જ જીવોનો આનંદ ચિરસ્થાયી નથી હોતો. પ્રભુતો સહજ-સ્વભાવથી જ સ્વરુપથી જ આનંદ - આનંદમય છે. એવા અતિશય આનન્દમય શ્રી સહજાનંદ સ્વામીને પ્રણામ. સ.ગુ.શતાનંદ સ્વામીએ શિક્ષાપત્રી ભાષ્યમાં એવો અર્થ પણ કર્યો કે - સહન કરે તેને સહજ કહેવાય. સહન કરનાર જનો એટલે (सहजाः ) પરમહંસો. તેઓને આનંદ પમાડનારા શ્રી હરિકૃષ્ણ પ્રભુ હોવાથી સહજાનંદ કહેવાય છે.

(७४) ॐ श्री साध्वीधर्मप्रवर्तकाय नमः ।

સાધ્વી એવી જે પતિવ્રતા સ્ત્રીઓ તેના પાતિવ્રત્ય - પતિપ્રેમ પતિશુશ્રુષા વિગેરે ધર્મોને પ્રવર્તાવનારા એવા શ્રીહરિને પ્રણામ. શ્રીહરીએ પુરુષભક્તોનાં ઉત્થાન કાર્યોની સાથોસાથ સ્ત્રી ભક્તોની ઉર્ધ્વગતિ માટે પણ અનેક કાર્યો કર્યા. શિક્ષાપત્રીમાં સધવા-વિધવા તમામ સ્ત્રીઓના ધર્મો વિશેષપણે લખી પોતાના ધર્મશાસ્ત્રમાં સ્ત્રી પાત્રોને આગવું સ્થાન પણ આપ્યું છે.

વ્રતના આદરથી આ વૈદ્ય વિપ્રને દિવસે દિવસે ધન-ધાન્યનો લાભ થવા લાગ્યો. પર્વના દિવસોમાં વારંવાર વ્રત કરવાથી તો અલ્પ કાળમાં જ આ વિપ્ર ધનાઢય થઈ ગયો. ॥ ૬૦ ॥

હે વિપ્રો ! ધનાઢ્ય થયેલો આ નૃસિંહ નામનો વૈદ્યરાજ વિપ્ર, વર્ણિવર્ય નારાયણાનંદજીના વચનથી પોતાને વૃત્તિથી પ્રાપ્ત થતા અન્ન-ધનાદિક આવકમાંથી દશમો ભાગ પ્રતિવર્ષ પોતાના ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણને નિયમથી નિરંતર આપવા લાગ્યો. ॥ ૬૧ ॥

ઈતિ શ્રીશતાનંદમુનિવિરચિતાયાં શ્રીમદાદિ
નારાયણકથાયાં પ્રથમોડધ્યાયઃ ॥ ૧ ॥





## અધ્યાય - ૨

શુકાનંદમુનિ કહે છે - હે વિપ્રો ! ગુજરાત દેશમાં વનશર્મા નામનો એક બ્રાહ્મણ હતો. આ બ્રાહ્મણ આ આદિનારાયણ વ્રતના અનુષ્ઠાનથી ભક્તરાજ પુત્રને પામ્યો હતો. કેની પેઠે ? તો જેમ શ્રીહરિ જયંતિનું વ્રત કરવાથી શિવગુપ્ત નામનો વૈશ્ય ભક્તરાજ પ્રિય પુત્રને પામ્યો હતો તેમ ॥ ૧-૨ ॥

આવી વાર્તા સાંભળીને હવે હરિશર્મા આદિક ઋષિઓ કહે છે - હે મહામુને! તમે જે શિવગુપ્ત કહ્યા તે કોણ હતા ? અને તે કયા ગામમાં રહેતા હતા અને તેમણે કોના ઉપદેશથી મહાપ્રભુનું વ્રત કર્યું હતુ ? વળી હે બ્રહ્મન્ ! મહાત્મા તે શિવગુપ્તે ક્યા વિધિથી તે વ્રત કર્યું હતુ ? આ સર્વ આસ્તિક જનોએ સાંભળવા યોગ્ય હોવાથી અમને તમો યથાસ્થિત કહો ॥ ૩-૪ ॥

આ રીતે વિપ્રોએ પૂછેલા મહામુનિ શુકાનંદજી પોતાને સુવ્રતમુનિએ (સત્સંગિજીવનમાં) જે કહ્યું હતું, તેને સ્મૃતિમાં લાવીને તેમના પ્રત્યે કહેવા લાગ્યા ॥ ૫ ॥

શુકાનંદમુનિ કહે છે - હે વિપ્રો ! સહર્ષ (આમોદ) નામના નગરમાં કોઈ એક શિવગુપ્ત નામનો મહાન વૈશ્યવર્ય (શેઠ) હતો. આ વૈશ્ય પોતે બુદ્ધિમાન્, જીતેન્દ્રિય, સ્વધર્મનિષ્ઠ અને પવિત્ર હતો ॥ ૬ ॥

સર્વ પ્રકારની સમૃદ્ધિએ સંપન્ન હોવા છતાં તેને પ્રજા ન હતી. અપ્રજપણાને લીધે સ્ત્રીએ સહિત બહુ ઉદાસીન અને ચિંતાગ્રસ્ત રહેતો ॥ ૭ ॥

ચિંતાતુર આ વૈશ્યે પુત્રપ્રાપ્તિ માટે બ્રાહ્મણાદિ જને જે જે વ્રતાદિ કરવાનું કહ્યું અને દેવોની માનતા પૂજા કરવાની કહી તે સર્વ પણ યથાવિધિ કર્યું. ॥ ૮ ॥

એમ કરવા છતાં પણ પુત્રને નહિ પામેલો ચિંતાતુર આ વૈશ્ય, પુત્રની પ્રાપ્તિ કરાવી આપે એવા કોઈ સિદ્ધને પૂછવા માટે તીર્થયાત્રાના મિષથી ભૂતળમાં ફરવા લાગ્યો. ॥ ૯ ॥

તે તે તીર્થમાં વર્તતા દાંભિકોના વચનમાં વિશ્વાસને નહિ પામેલા આ વૈશ્યને પોતાનો સાચો સુહૃદ કોઈ બ્રાહ્મણ વૃત્તાલયમાં વર્તતી ગોમતીજીના તટમાં જોવામાં આવ્યો. ॥ ૧૦ ॥

ગોમતી તટે મળેલા, વેદ શાસ્ત્રને જાણનારા ધર્મપરાયણ, કૃષ્ણભક્ત રામશર્મા



sh_4 F :\job\KANDARI\Mahapooja\dame-3_11-12-04.P65 255 P-4

નામના મિત્ર બ્રાહ્મણને નમસ્કાર કરીને, અપ્રજપણાના શોકને લીધે અશ્રુપૂર્ણ નેત્રવાળો આ વૈશ્ય તેની સમીપે બેઠો. ॥ ૧૧ ॥

રામશર્મા મિત્ર વિપ્ર પણ ચિંતાને લીધે કૃશ શરીરવાળા અશ્રુપૂર્ણ નેત્રવાળા વૈશ્યને જોઈને તેનું વૃત્તાંત પૂછવા લાગ્યો. પૂછેલા વૈશ્યે પણ પોતાનું શોકમાં કારણભૂત વૃત્તાંત યથાસ્થિત કહી સંભળાવ્યું. ॥ ૧૨ ॥

વૃત્તાંત સાંભળીને રામશર્મા વિપ્ર પ્રત્યે બોલ્યો કે, તમે ચિંતાનો ત્યાગ કરીને સ્થિર હૃદયવાળા થાવ અને હું જે ઉપાય બતાવું તેને તત્કાળ કરો. એ ઉપાય કરવાથી તમને પુત્રની પ્રાપ્તિ અલ્પકાળમાં થશે. ॥ ૧૩ ॥

શ્રીહરિજયંતી નામનું વ્રત તમો પ્રીતિપૂર્વક યથાવિધિ કરો. આ વ્રત કરવાથી જ ધર્માદિ ચાર વર્ગમાં જે ઈચ્છિત હશે તેની તત્કાળ સિદ્ધિ થશે. ॥ ૧૪ ॥

આ પ્રકારે રામશર્મા વિપ્રે કહેલો તે શિવગુપ્ત વૈશ્ય બોલ્યો કે - તમે જેમનું જયંતીવ્રત કરવાનું કહ્યું તે શ્રીહરિ કયા ? અને તે વ્રત કઈ વિધિથી મારે કરવું ? તે સર્વ મને કહો. મારે તો તમે જ વિશ્વાસપાત્ર છો. તો તમારા કહેવા પ્રમાણે શ્રીહરિજયંતી વ્રત હું કરીશ. ॥ ૧૫ ॥

આ રીતે વૈશ્યે કહેલો વિપ્ર હવે કહે છે, હે વૈશ્ય ! જે અક્ષરાધિપતિ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ છે એ જ સાક્ષાત્ ધરાતળમાં સ્વેચ્છાથી અવતર્યા હતા. અવતરીને હરિકૃષ્ણ નારાયણ એવા નામથી વિખ્યાત થયા હતા. એમનાં બીજાં પણ ગુણકર્માનુસારી મંગળ નામો હરિકૃષ્ણ, ઘનશ્યામ, નીલકંઠ, સ્વામી સહજાનંદ, સ્વામિનારાયણ આદિક વર્તે છે. ઈત્યાદિ અનેક દિવ્ય નામોથી પ્રખ્યાતિને પામેલા અને દિવ્ય ઐશ્વર્યે સંપન્ન એવા શ્રીહરિ થોડા સમય ઉપર પ્રાદુર્ભવ્યા છે. તેમનું અવતારચરિતાદિ સંક્ષેપમાં હું હવે કહી સંભળાવું છું. ॥૧૬-૧૮॥

આ ભરતખંડમાં આવેલા ઉત્તર કોશલ દેશમાં છપૈયા નામથી વિખ્યાત એક ઉત્તમ ગામ વર્તે છે. તેમાં એક નિર્મળ બુદ્ધિવાળા સદાપવિત્ર દેવશર્મા નામના વિપ્રવર હતા. આ વિપ્ર ધર્મમાં જ સતત દૃઢ સ્થિતિને લીધે ધર્મ એવા પણ સાર્થક નામથી પ્રખ્યાતિને પામ્યા હતા. તેમની પત્ની કૃષ્ણભક્તિમાં તત્પર હોવાને લીધે ભક્તિ એવા નામથી વિખ્યાતિને પામી હતી. ॥૧૯-૨૦॥

તે આ ધર્મભક્તિ દંપતી વિષયરોગે રહિત, ધર્માનુષ્ઠાનથી શુદ્ધ હૃદયવાળાં





અને જીતેન્દ્રિય થઈને સર્વના હૃદયમાં અંતર્યામિપણે વર્તતા સર્વેશ્વર શ્રીકૃષ્ણનું જ હૃદયમાં નિરંતર એકાંતિક ભાવથી ધ્યાન ધરતા હતાં ॥૨૧॥

કળિબળથી બહુ વૃદ્ધિને પામેલા, ગુરુ તથા રાજાના રૂપને ધરી રહેલા અનેક અસુરોએ જ્યાં ત્યાં વારંવાર અત્યંત પીડા પમાડેલાં પણ આ દંપતીએ પોતાની ધીરજતાનો ત્યાગ કર્યો જ નહિ ॥૨૨॥

વારે વારે અનેક પીડાને પામતાં આ દંપતીની સર્વ જનોને જેના થકી ભય છે, એવા ભૂત ભૈરવાદિકને પણ ભય કરનારો દેહ જેમનો છે અને આશ્રિત જનોને સુખકારી દર્શન જેમનું છે, એવા કુળદેવ હનુમાનજી પણ સન્નિધિ આપીને સમગ્ર કષ્ટ થકી રક્ષા કરતા હતા. ॥૨૩॥

સ્વધર્મે સહિત ભક્તિમાં દૃઢ સ્થિતિને પામેલાં આ દંપતીએ વૃન્દાવનમાં આવીને અનન્ય ભાવથી શ્રીકૃષ્ણનું આરાધન કરવા પૂર્વક યથાવિધિ વિષ્ણુયાગ કરીને સાક્ષાત્ તેમની પ્રસન્નતા મેળવી હતી. ॥૨૪॥

દંપતી ઉપર પ્રસન્ન થયેલા ભગવાને અસુરોએ ચોમેર પ્રવર્તાવેલો, ભૂમિને પણ મહાદુઃખમાં કારણભૂત એવા કૌલાદિ અધર્મનો તત્ક્ષણ નાશ કરવાની ઈચ્છાથી તે દંપતી થકી અવતાર ધારણનો શુભ સંકલ્પ કર્યો. ॥ ૨૫ ॥

ધર્મ જેને પ્રિય છે, સર્વ દેવોના દેવ એવા આ શ્રીકૃષ્ણનારાયણ પરમ કૃપાથી પોતાની દિવ્યાકૃતિને જ મનુષ્ય સજાતીય આકૃતિપણે કરીને ઉત્તર કોસલ દેશમાં વસંત ઋતુમાં ચૈત્ર માસના શુક્લ પક્ષની નવમી તિથિએ સોમવારે પુષ્ય નક્ષત્રમાં રાત્રિએ બીજા પહોરની ત્રીજી ઘડીમાં તે દંપતિના પુત્રભાવથી ભૂમિ ઉપર પ્રકટ થયા ॥૨૬-૨૭॥

તે સમયે શુભસૂચક અનેક મંગળ ચિન્હો પૃથ્વીમાં પ્રવર્ત્યાં હતાં. ધર્મસેવી સજ્જનોના હૃદયમાં અપૂર્વ હર્ષ ઉપજ્યો હતો. ધર્મદ્વેષી, અસુરાંશભૂત, રાજા કે ગુરુના મિષથી વિચરતા અને ભગવાનના શરીરભૂત વિપ્રાદિકના દ્રોહી એવા મનુષ્યોના હૃદયમાં બહુ જ ભય ઉપજ્યો હતો. ॥૨૮॥

બાળ માનુષલીલાને ધારી રહેલા આ ભગવાનના જાતકર્મ આદિ જેમાં છે અને ઉપનયન અંતે જેમાં છે, એવા સર્વ સંસ્કારો સારી રીતે પિતા ધર્મદેવે કર્યા અને હરિકૃષ્ણ આદિક મંગળ નામોને ધારી રહેલા, આ પ્રકટ ભગવાને માતાપિતાના



sh_4 F :\job\KANDARI\Mahapooja\dame-3_11-12-04.P65 257 P-4

પુત્રભાવને પ્રખ્યાત કરવાપૂર્વક બાળલીલા, અલૌલિક ઐશ્વર્ય, શીલ અને વૃતાદિક વડે તેમને બહુ જ રાજી કર્યા ॥૨૯॥

ઉપવીતને પામેલા આ શ્રીહરિએ તીવ્ર વૈરાગ્યથી ગૃહસુખનો ત્યાગ કરીને તપશ્ચર્યાપર થતાં તીર્થયાત્રા કરતા થકા, ત્યાં ત્યાં રહેલા ધર્મદ્વેષીઓનો પોતાના પ્રબળ પ્રતાપથી નાશ કરવાપૂર્વક ધરા ઉપર ધર્મની સ્થાપના કરી. ॥૩૦॥

વળી આશ્રિતજનોમાં શ્રીપતિની સ્વધર્મ જ્ઞાનવૈરાગ્યે યુક્ત એવી એકાંતિકી ભક્તિની પ્રવૃત્તિ કરાવી. તેવી ભક્તિની પ્રવૃત્તિ જોઈને જ ધર્મદ્વેષી અસુરો તો તત્ક્ષણ અતિશય ક્ષોભ પામી ગયા ॥૩૧॥

તે તે દેશમાં જે અધર્મ માર્ગમાં વર્તનારા અસુર ગુરુઓનાં ઘણાં મંડળો હતાં, જે ધર્મદ્રોહી રાજાઓ હતા, જે 'અમે જ બ્રહ્મ છીએ' એવા શુષ્ક જ્ઞાનના અભિમાનવાળા હતા, જે ભક્તિને દંભથી આચરનારા દંભી ભક્તો હતા, આ સર્વે પણ ભગવાન શ્રીહરિએ અનાયાસથી કરાતી ધર્મસ્થાપના અને તેમનું અલૌકિક ઐશ્વર્ય નહિ સહન થવાની મત્સરગ્રસ્ત હૃદયવાળા થઈને ભગવાનની પદવીને પામવા તો અસમર્થ હોવાથી તેમના મહાદ્રોહમાં જ પ્રવર્ત્યા ॥૩૨-૩૩॥

શ્રીહરિના દ્રોહમાં પ્રવર્તેલા તે દુર્જનો તો તેજોરાશિ તેમનો પરાભવ કરવા અસમર્થ હોઈને, ઉલટા દ્રોહાચારથી ઉપજેલા અતિપાપથી પોતે જ વિમોહ પામતાં, શસ્ત્રોને ધારીને પરસ્પર પ્રહાર કરતાં હજારો હજાર નાશ પામી ગયા ॥૩૪॥

કેટલાક તો એ જ દ્રોહજન્ય પાપાતિશયને લીધે પરાંગનાસંગ, પરધનહરણ આદિક અતિનિંદનીય દુષ્કર્મમાં પ્રવર્તતા, રાજાદિકે દંડરૂપે કરેલો નાસિકાચ્છેદ-કર્ણચ્છેદ-ગર્દભારોહને પામીને વિનષ્ટ થઈ ગયા. કેટલાક તો નૌકામાં આરોપીને મહાનદીના પ્રવાહ મધ્યે રાજાદિકે કરાવેલા જળમજ્જનથી વિનષ્ટ થઈ ગયા ॥૩૫॥

શ્રીહરિના દ્રોહમાં પ્રવર્તેલા કેટલાક અસુર રાજાઓ તો અસાધ્ય ક્ષયાદિ રોગોથી પીડા પામતા નાશ પામી ગયા. કેટલાક તો શત્રુઓએ પ્રહાર કરતા નાશ પામી ગયા. બીજા કેટલાક તો બળિયા રાજા આદિકે રાજ્યલક્ષ્મી હરી લેતાં ઘણી દુર્દશાને પામી ગયા. ॥૩૬॥

એ રીતે જ્યાં ત્યાં પોતાનો પ્રતાપ પ્રગટ કરતા ભગવાન શ્રીહરિએ ભૂમિમાં





વિચરીને અધર્મસર્ગ કામાદિકનો અત્યંત નાશ કર્યો અને સુરામાંસના ભક્ષણમાં પ્રીતિવાળા અસુરોએ લોપી નાંખેલા ધર્મસર્ગ અહિંસાદિકની પ્રવૃત્તિ કરી ॥૩૭॥

કેટલાક મનુષ્યોને યમાદિકના અભ્યાસ વિના જ પોતાની ઈચ્છાથી યોગીજન-દુર્લભ સમાધિ તત્કાળ કરાવીને, બહુ કાળથી સમાધિસિદ્ધિ માટે બહુ પ્રયત્ન કરનાર યોગીજનોને બહુ વિસ્મિત કરી દીધા હતા. ॥૩૮॥

જેઓ કલ્યાણના માર્ગને નહિ જાણનારા, સદાચારને પણ નહિ આચરનારા, ભગવાનના બહુ મહિમા પ્રતાપને પણ નહિં જાણનારા હતા, પણ કેવળ સમીપમાં આવીને તેમનો આશ્રય કરનારા હતા, તેઓને પણ કેવળ કૃપાથી જ યમદૂતો થકી રક્ષા કરીને મુકિત આપે છે. એવા આ દયાળુવર્ય શ્રીહરિ છે ॥૩૯॥

મુમુક્ષુ સુજ્ઞજનોએ તો આ શ્રીહરિનો નિરતિશય પ્રતાપ જોઈને, 'આ સાક્ષાત્ સર્વેશ્વર શ્રીકૃષ્ણ જ છે', એવો સુદૃઢ નિશ્ચય કરીને મુક્તિ માટે તેમના જ ચરણકમળનો સમાશ્રય કર્યો હતો. ॥૪૦॥

કેટલાક જનોએ શ્રીહરિના ચરણતળમાં તથા કરતળમાં વર્તતાં, પરમેશ્વરપણાને જણાવનારાં ધ્વજ, કમળ, ઉર્ધ્વરેખા વગેરે ચિન્હોને જોઈને જ તેમનો સર્વેશ્વરપણે નિશ્ચય કરીને તેમનો સમાશ્રય કર્યો હતો. બીજા કેટલાક સુજ્ઞોએ તો જેને તેને અનન્યસાધ્ય સાહજિક સમાધિ કરાવવાનું ઐશ્વર્ય અવલોકીને પણ તેમનો સર્વેશ્વરપણે નિશ્ચય કરીને તેમનો સમાશ્રય કર્યો હતો. ॥૪૧॥

કેટલાક જનોએ તો આ શ્રીહરિના આશ્રિત સાધુજનોની શાસ્ત્રોકત અસાધારણ ધર્મનિષ્ઠાને જોઈને તેમજ અન્ય લૌકિક સાધુઓમાં એવી ધર્મનિષ્ઠાને નહિ જોઈને જ શ્રીહરિનો પરમેશ્વરપણે નિશ્ચય કરીને તેમનો સમાશ્રય કર્યો હતો. ॥૪૨॥

જે કેટલાંક દંભીભક્તો પોતાનો મત દોષમય હોવા છતાં તેનો ત્યાગ નહિ કરીને કૃષ્ણાશ્રય થકી વિમુખ રહ્યા હતા, તેમને યોગકળાઓનો પ્રકાશ કરતા થકા પોતાનું અસાધારણ અલૌકિક ઐશ્વર્ય આશ્ચર્યરૂપ બતાવીને પોતાના અનન્ય આશ્રિત કર્યા હતા. ॥૪૩॥

એવા હજારો જનો શ્રીહરિના સંકલ્પથી જ ધારણા ધ્યાન આદિકના પ્રયત્ન વિના જ તત્ક્ષણ પોતપોતાના હૃદયમાં કૃપાથી સમાધિને પામ્યા હતા અને તે સમાધિમાં



sh_4 F :\job\KANDARI\Mahapooja\dame-3_11-12-04.P65 259 P-4

INDEX



પોતપોતાના ઈષ્ટદેવરૂપે શ્રીહરિને જ જોઈને પરમ હર્ષને પામ્યા હતા. ॥૪૪॥

સમાધિથી બહાર આવેલા તેઓ અત્યાશ્ચર્યને પામીને શ્રીહરિને જ પોતાના ઈષ્ટદેવપણે નિશ્ચય કરીને, પ્રથમ માનેલા પોતાના મતનો તુરત ત્યાગ કરીને તેમના શરણને પામીને મુક્તિ માટે તેમની જ આજ્ઞામાં વશ વર્તનારા થઈ રહ્યા હતા. ॥૪૫॥

જે નરો શુષ્ક વેદાંતીઓ હતા તેમને તો તત્કાળ સપ્રમાણ વાદથી જીતીને સાક્ષાત દિવ્યાકૃતિ પરબ્રહ્મનું જ પ્રેમપૂર્વક ઉપાસન સ્વીકારાવ્યું હતું ॥૪૬॥

જે વિપ્રોએ આ શ્રીહરિનો આશ્રય કર્યો હતો તે સર્વે સ્નાન સંધ્યા આદિક ષટ્કર્મમાં તત્પર, શમ દમાદિ આત્મગુણોએ સંપન્ન થઈને રાધારમણ શ્રીકૃષ્ણની ભક્તિમાં પ્રવર્ત્યા હતા (ધર્મે સહિત ભક્તિમાં નિષ્ઠાવાળા થયા હતા.) ॥૪૭॥

જે શ્રીહરિના આશ્રિત વર્ણિજનો તથા સાધુજનો હતા તે સર્વે દૃઢ બ્રહ્મચર્ય વ્રતધારી થઈને, કળિકાળમાં બીજાઓથી ન ધારી શકાય એવા બૃહદ્વ્રતને અષ્ટપ્રકારે પાળવાની સાથે સમગ્ર સાધુગુણોએ પરિપૂર્ણ હોવાથી લૌકિક સાધુઓ થકી અત્યંત વિલક્ષણ જણાતા હતા. ॥૪૮॥

લોકમાં બીજા પણ ઘણા વર્ણાશ્રમીઓ સ્વધર્મને યથાશાસ્ત્ર નિત્ય આચરતા થકા શ્રીહરિના પ્રતાપથી પોતામાં રહેલા કામ ક્રોધાદિ બધા દોષોને છોડીને તેમને પ્રેમાતિશયથી ભજતા હતા. ॥૪૯॥

લોકમાં જે સધવા-વિધવા સ્ત્રીઓ શ્રીહરિના સમાશ્રયવાળી હતી તે સર્વે પાતિવ્રત્ય ધર્મથી અને બ્રહ્મચર્યવ્રતથી પરિપૂર્ણ હોઈને, સ્વધર્મને નહિ ઉલ્લંઘન કરતી થકી તે ભગવાનમાં પરાભક્તિ રૂપ ઉત્તમ સ્થિતિને પામી હતી. ॥૫૦॥

વળી આ ભગવાને જન્માષ્ટમી આદિક દિવસોએ નિરવધિ શુદ્ધ મહાસામગ્રી વડે મહારાજાઓને પણ આશ્વર્ય ઉપજે એવા મહોત્સવો અને અન્નકૂટાદિ ઉત્સવો પણ વારેવારે કર્યા હતા. ॥૫૧॥

હે વૈશ્યોત્તમ ! વળી આ શ્રીહરિએ મહારાજાઓને પણ આશ્ચર્ય ઉપજે એવા અનેક વૈષ્ણવયાગો કરાવ્યા હતા અને બહુ માસપર્યંત અસંખ્યાત વિપ્રો તથા સાધુઓને અનેકવાર યથેષ્ટ જમાડયા હતા. ॥૫૨॥

વળી આ પરોપકારી શ્રીહરિએ ઘણાં ગામોમાં યાત્રાળુ લોકોના સંતોષ માટે





અનેક અનુકૂળ અન્નસત્રો બંધાવ્યા હતા. કેવાં ? તો જેમાં આવેલા યાત્રાળુ લોકો આશ્ચર્યથી યથેચ્છ બહુ સુખને પામતા હતા. ॥૫૩॥

વળી આ શ્રીહરિએ તે તે પ્રદેશોમાં જીવોના હિત માટે વાવો, કૂવાઓ, તળાવો અને સારી ધર્મશાળાઓ પણ કરાવી હતી. તથા ગૃહોપકરણે સહિત બ્રહ્મપુરીઓ દાનમાં આપી હતી. ॥૫૪॥

વળી ઘણા બ્રાહ્મણ બાળકોને ઉપયોગી ઘણું દ્રવ્ય ખર્ચીને ઉપવીત સંસ્કાર કરાવ્યો હતો. તેમજ ઘણાં વિપ્ર કન્યાદાનો બહુ દ્રવ્યનો વ્યય કરીને યથાવિધિ કરાવ્યાં હતા. ॥૫૫॥

વળી બહુ પ્રતાપી આ શ્રીહરિએ પોતાના આશ્રિત ધર્મનિષ્ઠ કેટલાક જનોને મહાઋણથી પીડા પામતા તે ઋણ આપવા અસમર્થ તેઓને બહુ ધન આપીને તુરત દેણદારો થકી મુકાવ્યા હતા. ॥૫૬॥

વળી કેટલાક વેદવેદી વિપ્રોને આસથ્ય તો કેટલાકને ત્રેતાગ્નિ ગ્રહણ કરાવ્યો હતો. તે વિપ્રોને કુટુંબ પોષણમાં ઉપયોગી વાર્ષિક ધનની આવક પણ બાંધી આપી હતી, જેથી હોમકર્મને હાનિ નહિ પહોંચતાં તેની સિદ્ધિ થાય. ॥૫૭॥

વળી ધર્મપોષક આ શ્રીહરિએ અમાવાસ્યાદિ પર્વ સમયે પૂર્ણ દક્ષિણા સાથે ગાયો, ભૂમિ, સુવર્ણ આદિક મહાદાનો વિપ્રવરોને યથાવિધિ બહુવાર અપાવ્યાં હતાં. ॥૫૮॥

વળી નિરવધિ સુખસ્વરૂપ આ ભગવાને કેટલાક પોતાના અનન્ય ભક્તોને બ્રહ્મપુર, ગોલોક આદિક દિવ્યધામો ત્યાં ત્યાંના અનવધિ મહા આશ્ચર્યો સાથે સમાધિમાં સંકલ્પ માત્રથી બહુવાર બતાવ્યા હતાં. ॥૫૯॥

વળી અચિંત્ય શક્તિવાળા આ શ્રીહરિએ પોતાના પૂર્વે થઈ ગયેલા વરાહાદિ અવતારોને પણ તેમના સેવકાદિ સાથે જ તેમના તેમના ઉપાસક કેટલાક જનોને સંકલ્પમાત્રથી બતાવ્યા હતા. ॥૬૦॥

વળી આ ભગવાને સચ્છાસ્ત્રોને જાણનારાઓએ માનેલાં જીવ માયા બ્રહ્મ ઈશ્વરનાં સ્વરૂપો સભામાં પૃથક્, પૃથક્ યથાશાસ્ત્ર રૂડી રીતે નિરૂપ્યાં હતાં અને કેટલાંક જનોને તો તે જીવાદિકનાં સ્વરૂપોને સ્વશક્તિથી સાક્ષાત્કાર પણ કરાવ્યો હતો. ॥૬૧॥



sh_4 F :\job\KANDARI\Mahapooja\dame-3_11-12-04.P65 261 P-4

બલીષ્ઠ શત્રુજનોએ રાજલક્ષ્મી હરિ લેતા રાજ્ય થકી ભ્રષ્ટ થયેલા કેટલાક રાજાઓ આ શ્રીહરિનો સમાશ્રય કરવાથી જ ફરી રાજ્યલક્ષ્મીને પામીને પૂર્વના કરતાં પણ અધિક સમૃદ્ધિને પામ્યા હતા. ॥૬૨॥

વળી આ શ્રીહરિના અનેક સકામ ભક્તો યથેચ્છ પુરુષાર્થ સિદ્ધિને પામ્યા હતા. અનેક નિષ્કામ ભક્તો પણ આ શ્રીહરિના સંકલ્પથી જ આ લોકમાં ભક્તિરૂપ સુખ અને પરલોકમાં મુક્તિરૂપ પરમ સુખને પામ્યા હતા. ॥૬૩॥

વળી આ ભગવાને ભૂમિ ઉપર લાંબા કાળા પર્યંત ભક્તિની પ્રવૃત્તિ માટે મોટાં અનેક કૃષ્ણમંદિરો કરાવ્યાં છે. જે મનોહર મંદિરોને જોઈને રાજાઓ પણ આશ્ચર્યને પામે છે. ॥૬૪॥

આ પ્રકારે પૃથ્વી ઉપર ધર્મ પ્રવર્તાવીને માનુષ્ય નાટ્યને તિરોધાન કરશે એવા આ શ્રીહરિએ નિરવધિ કૃપાથી જનોના કલ્યાણ માટે પોતાની ધર્મધુરા ધર્મવંશમાં સ્થાપન કરી છે. ॥૬૫॥

ઈતિ શ્રીશતાનંદમુનિવિરચિતાયાં શ્રીમદાદિનારાયણકથાયાં દ્વિતીયોऽધ્યાયઃ ॥૨॥

## અધ્યાય - ૩

રામશર્મા કહે છે - હે શિવગુપ્ત ! આ લોકમાં આવાં કલ્યાણકારી અનેક આશ્ચર્યકારી ચરિત્રોને કરતા એવા જગદ્‌ગુરૂ સાક્ષાત્ આ શ્રીહરિ સર્વ જનોએ સર્વ પ્રકારે આશ્રય કરવા યોગ્ય છે. ॥૧॥

આ આદિનારાયણ શ્રીહરિ અહિંથી અંતર્ધાન થઈ ગયા છે, તથાપિ ક્વચિત્ ક્વચિત્ પોતાના ભક્તોને પોતાની ઈચ્છાથી જ પોતાનું સાક્ષાત્ દર્શન યથાપૂર્વ આપે છે. ॥૨॥

"કિં બહુના" સમસ્ત સ્વભક્તોને દેહાવસાન સમયે આ સ્વયં શ્રીહરિ કૃપાથી પોતાનું દર્શન આપીને તેઓનું યમદૂતો થકી રક્ષણ કરીને મુકિતને જ આપે છે. ॥ ૩ ॥

આદિનારાયણ શ્રીહરિના જન્મ દિવસે ઉપવાસ સાથે મહોત્સવ કરવો, તેથી સમસ્ત વાંછિત સિદ્ધ થાય છે, એવો મને અનુભવ છે. ॥ ૪ ॥





નિષ્કામ ત્યાગીજન પણ આ વ્રતના અનુષ્ઠાનથી જ્ઞાન વૈરાગ્યની દ્રઢ સિદ્ધિ અને તેથી શ્રીહરિમાં ભક્તિની પુષ્ટિને પામે છે. ॥ ૫ ॥

ધર્માર્થી ધર્મને પામે છે, કામાર્થી સર્વ કામોને પામે છે, ધનાર્થી ધનને પામે છે, મોક્ષાર્થી ઈપ્સિત મોક્ષને પામે છે, ભાર્યાર્થી ભાર્યાને પામે છે, પુત્રાર્થી ઉત્તમ પુત્રને પામે છે. એમ આ વ્રતથી સર્વ અર્થની સિદ્ધિ થાય છે. માટે બુભુક્ષુઓએ આ વ્રત ચૈત્ર માસના શુક્લપક્ષની નવમી તિથિએ અવશ્ય કરવું ॥ ૬-૭ ॥

હવે વ્રતમાં ગ્રાહ્ય તિથિનો નિર્ણય આપે છે - આ વ્રતના કર્તાઓએ ઉપવાસ કરવામાં અષ્ટમીના વેધે રહિત સૂર્યોદયવ્યાપીની નવમી તિથિ ગ્રહણ કરવી. ॥ ૮ ॥

આ તિથી જો શુદ્ધા-અષ્ટમીના વેધે રહિત હોઈને અધિક-બે દિવસ વ્યાપતી હોય તો પૂર્વની જ તિથિ ઉપવાસમાં લેવી. જો અષ્ટમીના વેધવાળી નવમી ક્ષય પામી જતી હોય-એટલે પરદિને સૂર્યોદય પહેલાં જ નિવૃત્ત થઈ જતી હોય ત્યારે તો પ્રથમની વિદ્ધા જ નવમી તિથિ વ્રતમાં લેવી ॥ ૯ ॥

જો પૂર્વદિને અષ્ટમી વિદ્ધા નવમી હોય, પરદિને તો શુદ્ધા હોય, તથાપિ પૂર્વદિવસે રાત્રિએ દશ ઘટિકા પરિમિત કાલ વ્યતીત થતાં જો પુષ્યનક્ષત્રનો યોગ હોય અને જો સોમવાર હોય અને પરદિને તે આ નવમી ચંદ્ર પુષ્પયોગ ન હોય, તો વિદ્ધા એવી પણ એ જ નવમી વ્રતોત્સવમાં સ્વીકારવી, પણ શુદ્ધા પરદિને વર્તતી ન સ્વીકારવી, કારણ કે શ્રીહરિના જન્મ સમયે આ બધો યોગ હતો ॥ ૧૦-૧૧ ॥

આ શ્રીહરિજયંતી વ્રતમાં ચારેય વર્ણોને તથા તેમની સ્ત્રીઓને પણ અધિકાર છે. માટે શ્રેયની ઈચ્છાવાળા સ્ત્રી પુરુષોએ શ્રીહરિનું આ વ્રત અવશ્ય કરવું. ॥૧૨॥

શ્રીહરિના આશ્રિત વ્રતકર્તા સ્ત્રી પુરુષોએ આ વ્રતમાં નવમીનો ઉપવાસ સર્વથા જ કરવો. ફળાહારાદિ ન કરવું અને તે ભગવાનની મહાપૂજા કરવી અને રાત્રીએ જાગરણ કરવું. ॥ ૧૩ ॥

વ્રતકર્તા નર પૂર્વદિન અષ્ટમીએ મિતાહારી થઈ, નવમીએ અરુણોદય સમયે ઉઠીને શ્રીહરિકૃષ્ણનું ચિંતન કરતો થકો દેહશુદ્ધિને કરે ॥ ૧૪ ॥

સ્વચ્છ જળના બાર કોગળા વડે મુખશુદ્ધિને કરે, કાષ્ઠ વડે દંતધાવન ન કરે, કેમ તો વ્રત દિવસે કાષ્ઠ વડે દંતધાવનનો નિષેધ કર્યો છે. ॥ ૧૫ ॥



sh_4 F :\job\KANDARI\Mahapooja\dame-3_11-12-04.P65 263 P-4

પછી વ્રતકર્તા જન સ્નાનાદિ નિત્યકર્મ કરીને, શ્રીહરિને નમસ્કાર કરીને તેમની આગળ આ મંત્રથી નિયમને ગ્રહણ કરે. ॥૧૬॥

નિયમ ગ્રહણ મંત્રને કહે છે- " હે જગત્પતે ! આ દિવસે અહોરાત્ર નિરાહાર રહીને, આવતી કાલે આપનું પ્રાસાદિક અન્ન જમીશ. હે હરે ! આપની પ્રસન્નતામાં પ્રવર્તેલો હું, તે મારું આ વ્રત તમો પાલન કરો." આ મંત્રથી વ્રતને ગ્રહણ કરે. ॥૧૭॥

વ્રતકર્તા જન આ પ્રકારે નિયમ ગ્રહણ કરીને નિત્યકર્મને સમાપ્ત કરે. વ્રત દિવસે વ્યાવહારિક કાંઈ પણ કર્મ કરે નહિ. ॥૧૮॥

વ્રત દિવસે વ્રતીએ જે કર્મ ભગવાનની પરિચર્યા રૂપ હોય તે જ કરવું, બીજું ન કરવું. બ્રહ્મચર્ય વ્રત પાળવું. ક્રોધ તો સર્વ પ્રકારે ત્યાગ કરવો. ॥ ૧૯ ॥

પરદારાના નિરીક્ષણથી, સ્ત્રીના સ્પર્શથી તથા સ્ત્રી સાથે સંભાષણથી બ્રહ્મચર્ય વ્રતનો ભ્રંશ થાય છે, પોતાની સ્ત્રીનો તો અંગસંગ કરવાથી ભ્રંશ થાય છે, માટે આ સર્વનો વ્રત દિને ત્યાગ કરવો. ॥ ૨૦ ॥

દિવસની નિંદ્રાથી, તાંબૂલના ચર્વણથી, એક પણ અન્નકણના ભક્ષણથી ને વારેવારે જળપાનથી ઉપવાસનો નાશ જ થાય છે. માટે વ્રતદિને આ સર્વ વર્જવું. ॥૨૧॥

આ વ્રતમાં પ્રવર્તેલી સ્ત્રીઓએ ઉપવાસ દિવસે મૃત પુત્રાદિકને સંભારીને શોક કે રુદન કરવું નહિં, સૂતર કાંતવું નહિં, બહુ વસ્ત્રો ધોવા નહિ, વસ્ત્રો સીવવાં નહિ અને કોઈ સાથે કજિયો કરવો નહિં. ॥ ૨૨ ॥

વ્રત કર્તા નરે દિવસે અપેક્ષિત સમગ્ર પુષ્પાદિ પૂજાપદાર્થો યથાશક્તિ મેળવીને રાત્રિએ શ્રીહરીની પૂજા કરવી. ॥ ૨૩ ॥

વ્રત દિવસે પવિત્ર પ્રદેશમાં મંડપ કરવો. આ મંડપને કેળના થાંભલા, સારાં વિચિત્ર વસ્ત્રો, વિવિધ પુષ્પો અને આસોપાલવ તથા આંબાના પલ્લવો વગેરે વડે સુશોભિત કરવો. ॥ ૨૪ ॥

તે પછી મંડપના મધ્યમાં રંગવલ્લીથી સુશોભિત એવા ઉત્તમ પીઠ (બાજોઠ) ઉપર રક્તાદિ પાંચ વર્ણના રંગોથી રંગેલા આખા ઝીણા ચોખા વડે રચેલા સર્વતોભદ્ર નામના શુભ મંડળમાં અથવા તેવા તાદુંલથી રચેલા અષ્ટદળવાળા કમળમાં છિદ્રવર્જિત તામ્રકળશને જળથી ભરીને વ્રતકર્તા સ્થાપન કરે. ॥ ૨૫-૨૬ ॥





તે તામ્રકળશમાં પંચરત્ન તથા પંચ પલ્લવાદિકને મૂકે. આવા કળશ ઉપર સ્થાપેલા તામ્રપાત્ર વિષે અમૂલ્ય વસ્ત્રાદિ વડે રચેલા શ્રેષ્ઠ આસનમાં યથાશક્તિ કરાવેલી કાંચનમયી શ્રીહરિ પ્રતિમાને સ્થાપન કરે. ॥ ૨૭ ॥

સ્થાપેલી તે પ્રતિમાની પૂજા કરે. જે મંદિરમાં આ શ્રીહરિકૃષ્ણની ભક્તિ-ધર્મ સાથેની પ્રતિમા અચલા કે ચલા હોય ત્યાં તેની જ પૂજા યથાવિધિ વ્રતકર્તાએ કરવી. અન્યત્ર તો ઉક્ત પ્રકારે શ્રીહરિની સુવર્ણમયી પ્રતિમા કરાવીને પૂજા કરવી. ॥ ૨૮-૨૯॥

શ્રીહરિના જમણા ભાગમાં સુવર્ણમયી ભક્તિપ્રતિમા સ્થાપવી. ડાબા ભાગમા સુવર્ણમયી ધર્મમૂર્તિ સ્થાપવી, આવા શ્રીહરિના પશ્ચિમ ભાગમાં (પછવાડે), હસ્તકમાં છત્રને ધરી રહેલા સંકર્ષણ (રામપ્રતાપ) સ્થાપવા, તથા હસ્તમાં વીંજણાને ધરી રહેલા પ્રદ્યુમ્ન (ઈચ્છારામ) સ્થાપવા. ॥ ૩૦ ॥

દંપતી ધર્મભક્તિના અગ્ર પ્રદેશમાં (પડખામાં) હસ્તમાં ચામરને ધારી રહેલા શ્રીહરિના દત્તપુત્રો, આચાર્યવર્ય અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીને સ્થાપવા. શ્રીહરિની આગળ હાથમાં રૂમાલને ધારી રહેલા રૂપામય ઉદ્ધાવતાર શ્રી રામાનંદ સ્વામી સ્થાપવા. ॥ ૩૧ ॥

તે પછી વ્રતકર્તા ધર્માદિકે સહિત ભગવાન શ્રીહરિની મહાપૂજાને યથાવિધિ કરે. રાત્રિએ શ્રીહરિની દિવ્ય કથાના શ્રવણકીર્તનાદિ વડે જાગરણ કરે. ॥૩૨॥

નિરાહાર ઉપવાસ કરવા અશક્ત એવો વ્રતકર્તા તો રાત્રીએ શ્રીહરિના પૂજનને અંતે કિંચિત્ ફળાહાર કરે અથવા ચાર પળ પરિમિત (લગભગ અર્ધો શેર) દૂધ પીવે. ॥ ૩૩ ॥

બીજે દિવસે પ્રાતઃકાળે ઉઠીને સ્નાનાદિ નિત્યકર્મ કરી પરવારીને, ફરીથી શ્રીહરિની પૂજા કરીને વિસર્જન કરે. પૂજેલી તે પ્રતિમા વિપ્રને આપે અને બ્રાહ્મણો તથા સાધુઓને જમાડે. ॥ ૩૪ ॥

તે પછી વ્રતધારી જન સ્વજનો સાથે પારણાં કરે આ રીતે વ્રત કરવાથી વ્રતીના સર્વ મનોરથો સફળ થાય છે. ॥ ૩૫ ॥

આવા પૂજનાદિકમાં અશક્ત પુરુષે તો બીજા કોઈ સમર્થે પૂજેલી શ્રીહરિપ્રતિમાના દર્શન કરીને ભક્તિથી પ્રણામ જ કરે તથા શ્રીહરિના એકાંતિક ભક્ત

sh_4 F :\job\KANDARI\Mahapooja\dame-3_11-12-04.P65 265 P-4

સાધુજનોનાં દર્શન કરી ભક્તિથી પ્રણામ કરે ॥ ૩૬ ॥

તેટલા માત્રથી પણ આ અશક્ત પુરુષ સાક્ષાત્ કરેલા પૂજનના ફળને અનાયાસથી પામે. આ વ્રતનો આવો મોટો મહિમા છે, તો સર્વ જનોએ આ વ્રત અવશ્ય કરવું. ॥ ૩૭ ॥

હે શિવગુપ્ત ! તમે તો આ શ્રીહરિજયંતી વ્રતને ઉદ્યાપને સહિત નિશ્ચે કરો. આ વ્રતના અનુષ્ઠાનથી આ લોકમાં પુત્રફળને પામીને અંતે મુક્તિને પામશો. ॥૩૮॥

શુકાનંદ મુનિ કહે છે- હે વિપ્રો ! રામશર્મા વિપ્રે આ પ્રકારે શિવગુપ્તને કહીને, પછીથી સમગ્ર ઉદ્યાપનવિધિ કહી સંભળાવ્યો. શિવગુપ્તે પણ આ ધર્મપુત્ર શ્રીહરિ સાક્ષાત્ શ્રીકૃષ્ણ જ છે. એવો નિશ્ચય કરીને તેમનો જ દઢપણે આશ્રય કર્યો. ॥૩૯॥

તે પછી પોતાને ઘેર આવીને શિવગુપ્તે ભાર્યા સાથે યથાવિધિ વ્રત કર્યું. વ્રતથી પ્રસન્ન આદિનારાયણ મહાપ્રભુના અનુગ્રહથી અલ્પ કાળમાં તેને સત્પુત્રની પ્રાપ્તિ થઈ. ॥૪૦॥

હે વિપ્રો ! તે પછી હરિભક્તો પોતપોતાના ઈષ્ટ કાર્યની નિર્વિઘ્ન સિદ્ધિ માટે આ વ્રતને કરીને ઈષ્ટ ઐહિક ફળને પામ્યા હતા તેમજ ઈપ્સિત અક્ષયફળને પણ પામ્યા હતા. ॥ ૪૧ ॥

ઈતિ શ્રી શતાનંદમુનિવિરચિતાયાં શ્રીમદાદિ

નારાયણકથાયાં તૃતીયોઽધ્યાયઃ ॥ ૩ ॥

## અધ્યાય - ૪

શુકાનંદ મુનિ કહે છે- હે વિપ્રો ! તમોએ જે શિવગુપ્તનું આખ્યાન પૂછયું તે સઘળું મેં તમને કહી સંભળાવ્યું. તેવી જ રીતે બીજી પણ અવશ્ય સાંભળવા યોગ્ય વાર્તા હું કહું છું, તેને એકાગ્ર મનથી તમો સાંભળો. ॥ ૧ ॥

ચરોત્તર દેશના અધિપતિ, મહુધાપુરના નિવાસી, ધર્મનિષ્ઠ, આસ્તિક, અજય (અજાભાઈ) નામના કોઈ એક વૈશ્ય (પાટીદાર અમીન ) હતાં. ॥ ૨ ॥

આ વૈશ્યવર્ય મોક્ષ માટે આ ભરતખંડમાં જેટલાં તીર્થક્ષેત્રો પ્રસિદ્ધ છે તે સર્વમાં ફર્યા તથાપિ પોતાના મોક્ષરૂપ મનોરથની સિદ્ધિને પામ્યા નહિ. ॥ ૩ ॥





તે પછી દૈવેચ્છાએ પોતાને ઘેર આવેલા મહામુનિ મુક્તાનંદજીનાં દર્શન થતાં તેમના શરણને પામ્યા. ॥ ૪ ॥

શરણને પામેલા વૈશ્યવર્ય અજયને મહામુનિ મુક્તાનંદે પ્રત્યક્ષ શ્રીહરિનો સુદૃઢ નિશ્ચય કરાવ્યો. દૃઢ નિશ્ચયવાળા આ વૈશ્ય સાક્ષાત્ શ્રીહરિને પામીને પોતાને કૃતાર્થ માનવા લાગ્યા. ॥ ૫॥

અને સચ્છાસ્ત્રના અભ્યાસથી અને સાધુ સમાગમથી શ્રીહરિના દૃઢ ભક્ત થયા. તથાપિ સપત્નીક આ વૈશ્યના હૃદયમાં ગુપ્તપણે પુત્રની ઈચ્છા થઈ આવી ॥૬॥

ધન-ધાન્ય આદિક સંપત્તિએ સંપન્ન એવા પણ આ અજય વૈશ્ય, પુત્ર વિના મનમાં અસંતુષ્ટ હોઈને નિશ્ચય કરાવનારા મુક્તાનંદમુનિ તો અક્ષરવાસી થયેલા હોવાથી મુકુંદાનંદ વર્ણિના શરણને પામીને પ્રાર્થના કરવા લાગ્યા. ॥ ૭ ॥

હે સમર્થ વર્ણિરાજ ! તમે પ્રત્યક્ષ શ્રીહરિના મહાકૃપાપાત્ર છો. પૃથ્વી ઉપર તમારુ જે વિચરણ છે તે મારા જેવા અર્થી લોકોના શ્રેય માટે જ છે. ॥ ૮ ॥

હે બ્રહ્મન ! તમે સમગ્ર પ્રાણીઓના સંકલ્પોને અંતરાત્માપણે જાણો છો. એટલે મારે કહેવાની જરૂર નથી. તો સકામ એવો હું તે મારુ વાંછિત સંપૂર્ણ કરો. ॥૯॥

હે વિપ્રો ! આ રીતે અજય વૈશ્યે પ્રાર્થના કરેલા વર્ણિરાજ મુકુંદાનંદજી તેમના હૃદ્ગત અભિપ્રાયને જાણતા હોવાથી મંદમંદ હસતા થકા હરિભક્ત વૈશ્યવર્ય પ્રતિ આ પ્રકારે બોલ્યા. ॥ ૧૦ ॥

હે વૈશ્યેન્દ્ર ! હમણાં જ તમો પત્ની સાથે આદિનારાયણનું વ્રત શ્રદ્ધાપૂર્વક પ્રીતિથી કરો. કેમ કે, આ વ્રતમાં શ્રીહરિની બહુ પ્રસન્નતા વર્તે છે. ॥ ૧૧ ॥

આ રીતે વર્ણીન્દ્રે કહેલા વૈશ્યેન્દ્રે વર્ણિએ કહેલા વિધિને અનુસારે શ્રીહરિવ્રત કરીને, મંડળ સાથે વર્ણિની પૂજા કરીને લક્ષ્મીનારાયણ દેવને નિરંતર પૂજા પ્રવાહની સિદ્ધિ માટે કેટલીક જમીન શ્રીકૃષ્ણાર્પણ કરી. ॥ ૧૨ ॥

અને બ્રહ્મચારી તથા બીજા પણ બહુ હરિભક્ત બ્રાહ્મણોને મિષ્ટાન્ન ભોજન વડે સંતુષ્ઠ કરીને, વર્ણિની આજ્ઞાથી પોતે સંબંધીજનો સાથે પારણાં કર્યા. ॥ ૧૩ ॥



sh_4 F :\job\KANDARI\Mahapooja\dame-3_11-12-04.P65 267 P-4

આ વ્રતના અનુષ્ઠાનથી તેમની ઉપર આદિનારાયણની અતિશય પ્રસન્નતા થઈ અને તેથી તેમને ગુણે કરીને પોતાને તુલ્ય, હરિકૃષ્ણમાં ભક્તિનિષ્ઠાવાળા અને પોતાના કુળને ધરનારા એવા સુપુત્રને પામ્યા. ॥ ૧૪ ॥

હે વિપ્રો ! આદિનારાયણના પ્રસાદનો આદર તથા અનાદર કરવાથી જે ઈષ્ટ-અનિષ્ટ ફળ થાય છે, તે હવે હું સંક્ષેપમાં કહું છું. તેને સાંભળો, જેના શ્રવણથી તેનું માહાત્મ્ય સમજવામાં આવે. ॥ ૧૫ ॥

મારવાડ અને ગુજરાત દેશના મધ્યમાં વર્તતા દેશોનો અધિપતિ ઈડરપુર નિવાસી કોઈ એક ગંભીરસિંહ નામનો રાજા હતો. આ રાજા સાક્ષાત્ શ્રીહરિ થકી તો વિમુખ હતો. ॥ ૧૬ ॥

આ રાજા એક સમયે મનુષ્યપુરમાં સાક્ષાત્ મહાપ્રભુ શ્રીહરિના અનન્ય ભક્ત અને પોતાના સંબધી એવા આનંદજીતને ઘેર આવ્યા. ॥૧૭॥

આ દિવસે ભક્તવર્ય આનંદજીતે પ્રત્યક્ષ આદિનારાયણ શ્રીહરિનું વ્રત કર્યું અને તેની સમાપ્તિમાં સાધુ બ્રાહ્મણોને યથેષ્ટ જમાડયા. ॥૧૮॥

તે પછી હરિભક્ત આનંદજીતે ગંભીરસિંહ રાજાને આદિનારાયણનો પ્રસાદ આપવા માંડયો, પણ રાજાએ કુસંગને લીધે તેમજ રાજ્યમદને લીધે તે પ્રસાદનો અનાદર કર્યો ॥ ૧૯ ॥

આનંદજીત ભક્ત તો આ રાજાને ભવિષ્યમાં થનારા અનિષ્ટને અંતરમાં જાણીને જ કાંઈ પણ બોલ્યા જ નહિ. અનંતર રાજા ત્યાંથી પોતાના પુર પ્રત્યે પાછો આવ્યો. ॥ ૨૦ ॥

સબીજ એવા પણ આ રાજાને ભગવત્પ્રસાદનો અનાદર અને વળી ભગવદ્ભક્તનો અપરાધ આ બે કારણોથી પોતાની સ્ત્રીઓમાં પુત્ર થયો નહિ. ॥ ૨૧॥

આ રાજાએ સ્ત્રીઓ સાથે પુત્રપ્રાપ્તિ માટે ઉપાયો તો બહુ બહુ કર્યા, પણ તે નિષ્ફળ ગયા. જેમ લોકમાં કોઈ સ્ત્રી પોતાના પતિનો ત્યાગ કરીને પુત્ર માટે અન્ય ઉપાય કરે તે નિષ્ફળ થાય છે તેમ. ॥ ૨૨ ॥

વળી આ પુત્રાર્થી રાજાએ પુત્રપ્રાપ્તિ માટે વિપ્રાદિકને જે જે વ્રતાદિક કરવાનું





કહ્યું તે સર્વ પણ યથાવિધિ કર્યું. અને ઘણા દેવોની માનતા બાધાઓ પણ કરી. ॥ ૨૩॥

આ રીતે બહુ પ્રયત્ન કરવા છતાં પુત્રને નહિં પામતાં તેનું જ અંતરમાં ચિંતન કર્યા કરતા, ભક્તરાજ આનંદજીતને પણ સંભારતા, વૃદ્ધ દશામાં આવી ગયેલા આ રાજાને સદ્ભાગ્યવશાત્ અચાનક આકાશવાણી થઈ. ॥ ૨૪ ॥

થયેલી આકાશવાણી કહે છે- હે રાજન્ ! તમે કુસંગીને લીધે એક તો આદિનારાયણ શ્રીહરિના દેવદુર્લભ પ્રસાદનો અનાદર કર્યો છે અને બીજું પ્રત્યક્ષ શ્રીહરિના એકાંતિક ભક્તની દુર્બુદ્ધિથી અવજ્ઞા કરી છે. આ કારણથી સબીજ એવા પણ તમને પુત્ર થતો નથી. માટે હવે હે ભૂપ ! જે ઉપાય કરવાથી પુત્ર થાય એવો ઉપાય કરો. ॥ ૨૫-૨૬ ॥

આવી આકાશવાણી સાંભળીને ગંભીરસિંહ રાજા ભક્તરાજ સંબંધી આનંદજીતને બહુ આદરથી પોતાને ઘેર બોલાવીને વિનયથી બોલ્યા. ॥ ૨૭ ॥

શું ? તો હવે તમે મારી ઉપર પ્રસન્ન થાવ. તમે જેમ કહેશો તેમ હવે હું નિષ્કપટ થઈને કરીશ. તમે પ્રત્યક્ષ શ્રીહરિના મહાન ભક્ત છો. ॥ ૨૮ ॥

આ રીતે રાજાએ પ્રાર્થના કરેલા, સ્વામિનારાયણના અનન્ય ભક્ત એવા આનંદજીત દયાથી ભીના હૃદયવાળા હોવાથી તેનું ઉત્તમ હિત ઈચ્છતા થકા તેના પ્રત્યે બોલ્યા. ॥ ૨૯ ॥

હે રાજન ! તમે કુસંગનો ત્યાગ કરીને સર્વ પ્રકારે સત્સંગી થાવ અને ભક્તિધર્મના પુત્ર ભગવાન શ્રીહરિકૃષ્ણનું પ્રતિદિન ધર્મ સહિત આરાધન કરો. જ્યારે તમો આ રીતે કરશો ત્યારે હું તમારી ઉપર પ્રસન્ન થઈશ. આ થકી બીજા પ્રકારથી હું પ્રસન્ન થઈશ નહિં. આવું ભક્તરાજ આનંદજીતનું હિતવચન સાંભળીને રાજા સત્સંગી થયા અને હરિભક્તિમાં તત્પર થયા. ॥ ૩૦-૩૧ ॥

અનંતર રાજાએ પોતાના દેશમાં જ મંડળ સાથે ફરતા વર્ણિવર્ય વાસુદેવાનંદજીને જાણીને તેમને પોતાના પુરમાં તેડાવ્યા. ॥૩૨॥

આવેલા વર્ણીન્દ્રને બહુ આદરભાવથી પુરમાં પધરાવીને, સાષ્ટાંગ પ્રણામ કરીને, ઉત્તમ ઉતારામાં ઉતારીને, સારી રીતે જમાડીને, પૂજા કરીને તેમની સેવામાં તત્પર થયા. ॥ ૩૩ ॥



sh_4 F :\job\KANDARI\Mahapooja\dame-3_11-12-04.P65 269 P-4

સેવાથી સંતુષ્ટ થયેલા વર્ણીન્દ્ર, હરિભક્ત છતાં પણ સકામ એવા રાજાની પુત્રેચ્છાને જાણીને તેમજ તેણે કરેલા શ્રીહરિનો અપરાધ (તેમના પ્રસાદના અનાદર રૂપ) તથા તેમના ભક્તનો કરેલો પ્રથમ અનાદર અને પછી કરેલો આદર તેને પણ જાણીને, સ્વયં કૃપાનિધિ હોવાથી તે રાજા પાસે આદિનારાયણ શ્રીહરિનું વ્રત યથાવિધિ કરાવીને તેમનો મહાપ્રસાદ રાજાને જમાડીને તેમના પ્રત્યે પ્રસન્નતાથી બોલ્યા કે - હે રાજન ! તમારો મનોરથ જલ્દી સંપૂર્ણ થશે માટે હવે તમે ચિંતાએ રહિત થાવ. ॥૩૪-૩૬ ॥

શુકાનંદ મુનિ કહે છે - હે વિપ્રો ! અનંતર વૃદ્ધ એવા પણ રાજાને યુવસિંહ નામના સત્પુત્રની પ્રાપ્તિ થઈ, તે પછી આ રાજાએ વર્ણીની આજ્ઞાથી ઈડરમાં મોટું મંદિર શિખરબદ્ધ કરાવ્યું. ॥ ૩૭ ॥

કરાવેલા તે મંદિરમાં રાજાએ ગોપીનાથ નામની ભગવન્મૂર્તિની યથાવિધિ ભક્તિથી પ્રતિષ્ઠા કરાવીને, તે દેવની પૂજામાં નિરંતર ઉપયુક્ત પદાર્થોની સિદ્ધિ માટે સારી વૃત્તિ પણ ક્ષેત્ર વર્ષાસનાદિ બાંધી આપી. ॥ ૩૮ ॥

આ જ રીતે બીજા કેટલાક ભક્તજનો પણ આદિનારાયણના પ્રસાદને અત્યાદરથી ગ્રહણ કરીને, આ લોક પરલોકમાં પોતપોતાના મનોરથની સિદ્ધિને પામ્યા હતા. ॥ ૩૯ ॥

સભામાં બેઠેલો કોઈ વેદબાહુ નામનો વિપ્ર, વૈકુંઠાનંદવર્ણિ થકી આદિનારાયણનો પ્રસાદ પ્રેમથી સ્વીકારવા વડે સત્પુત્રને પામ્યો તથા શ્રીહરિમાં દુર્લભ દાસભાવને પામ્યો. ॥ ૪૦ ॥

હે વિપ્રો ! ઘણા મનુષ્યો આ વ્રતનો અનાદર કરવાથી ઘણા કષ્ટને પામ્યા હતા તથા વ્રતકર્તાનો અપરાધ કરવાથી પણ કષ્ટને પામ્યા હતા, તેઓની એક વાર્તા હું સંક્ષેપમાં કહું છું તે સાંભળો. ॥ ૪૧ ॥

ઈતિ શ્રી શતાનંદમુનિવિરચિતાયાં શ્રીમદાદિનારાયણકથાયાં ચતુર્થોઽધ્યાયઃ ॥ ૪॥





## અધ્યાય - ૫

શુકાનંદમુનિ કહે છે - હે વિપ્રો ! એક સમયે સદ્ગુરૂ શ્રી ગોપાળાનંદમુનિ વટપત્તનમાં વાસ કરી રહ્યા હતા. આ સદ્ગુરૂએ મહાપૂજાદિ લક્ષણવાળું આદિનારાયણ વ્રત આનંદાનંદ વર્ણિ પાસે યથાવિધિ કરાવ્યું. એ અવસરે એ સ્થળમાં ત્યાગી ગૃહિ ભક્તોની મોટી સભા ભરાઈ હતી ॥ ૧-૨ ॥

આવી સભાના સમયમાં એક દાક્ષિણાત્ય (દક્ષિણી) દ્વિજ નારૂપંત નામનો આવ્યો. આ દ્વિજ સયાજીરાવ રાજાનો આપ્ત મંત્રી, માટે જ સમર્થ શ્રીહરિનો ભક્ત, પ્રશંસાપાત્ર ગુણોએ કરીને તો સર્વેએ સત્કાર કરવા યોગ્ય, રાજાએ આપેલી પોતાની છત્ર - છડી આદિક શોભાએ સંપન્ન અને ધન-ધાન્યાદિ વૈભવે કરીને તો સર્વ થકી અધિક હતો. આવો આ મંત્રી સભાસદ જનોએ યથોચિત સન્માન કર્યો થકો સભ્યોને નમસ્કાર કરીને ઉચિત આસનમાં બેઠો. ॥ ૩-૪ ॥

સભામાં બેઠેલો રાજમંત્રી, તે સમયે થતી ભગવાનની મહાપૂજા આદિકનો વિસ્તાર જોઈને જ રજોગુણવશાત્ કોઈ પૂર્વના અનિષ્ટ દૈવની પ્રેરણાથી આવું વચન બોલ્યો કે - આ મહાપૂજાદિક બહુ કરવાથી શુ ? તેની કશી જરૂર નથી. લક્ષ્મીપતિ ભગવાન શું ભૂખ્યા છે ? મહાપ્રભુ સ્વયં શ્રીકૃષ્ણ તો પૂર્ણકામ હોવાથી ભક્તોના ભાવની અપેક્ષાવાળા છે. પણ વસ્તુની અપેક્ષાવાળા નથી. માટે આ બધું કરવાની કશી જરૂર નથી. ॥ ૫-૬ ॥

આવું કંચિત્ ગર્વગર્ભિત વચન, લક્ષ્મીમદને લીધે ગોપાળાનંદાદિ મોટા સાધુઓને પણ નહિં ગણીને સર્વને સાંભળતા જ બોલ્યો. ॥ ૭ ॥

વળી રજોગુણથી આવરિત આ રાજમંત્રી નારૂપંતે મોટા સદ્ગુરૂ વગેરે સજ્જનોને જ કોઈ દીન હરિભક્તનો તિરસ્કાર કર્યો. ॥ ૮ ॥

આવું નરૂપંતનુ વચન સાંભળીને સભ્યો તો કશું પણ બોલ્યા જ નહિં. નારૂપંત તો મહાપૂજાની સમાપ્તિ પહેલાં જ ત્યાંથી ઉઠીને પોતાને ઘેર ગયા. ॥ ૯ ॥

અનંતર આ બે મહાઅપરાધે કરીને નારૂપંતની સદ્બુદ્ધિનો વ્યત્યય થયો. આ કારણથી જેના થકી મોટી મોટપને પામ્યા હતા તે મહારાજા વિષે પણ પ્રતિકૂળ બુદ્ધિવાળા થયા. ॥ ૧૦ ॥

આને પરિણામે પોતાના રાજાનું અનિષ્ટ કરવાની ઈચ્છાવાળા દુર્જનોને ગુપ્તપણે સહાય કરનારા થયા. આ બધી બાબત સયાજીરાવ રાજાની જાણમાં આવતાં



sh_4 F :\job\KANDARI\Mahapooja\dame-3_11-12-04.P65 271 P-4

તેની ઉપર બહુ કોપાયમાન થયા. ॥ ૧૧ ॥

કોપને પરિણામે મહારાજાએ નારૂપંતને પ્રથમ અધિકારમાંથી દૂર કરીને પછીથી તેનું ઘર ધન-ધાન્ય-ક્ષેત્રાદિ સર્વસ્વ હરિ લઈને તેનો પોતાની દૃષ્ટિ થકી પણ ત્યાગ કરી દીધો. ॥ ૧૨ ॥

આ રાજા નારૂપંતને પ્રત્યક્ષ શ્રીહરિના અનન્ય ભક્ત જાણીને જ બીજા અપરાધ કર્તાઓની પ્રાણહાનિ સાથે ફકત તેમના પ્રાણની હાનિ કરતા અચકાયા.॥૧૩॥

પ્રાણહાનિથી બચેલા આ નારૂપંત, રાજકૃત અનાદરથી અન્ન-વસ્ત્ર-વાસ વગેરેના અતિશય કષ્ટને પામ્યા,અને પછીથી પોતે હરિભક્ત હોવાથી મનમાં દુઃસહ પશ્ચાત્તાપને પામ્યા. ॥ ૧૪ ॥

આ અસાધ્ય કષ્ટના નિવારણ માટે આત્મબુદ્ધિથી બહુ બહુ ઉપાયો કર્યા તથાપિ અલ્પ પણ સુખને પામ્યા નહિ. ॥ ૧૫ ॥

દારિદ્રય દુઃખથી દીનતાને પામેલા આ નારૂપંત, નિઃશ્વાસ સાથે રૂદન કરતા થકા બે હાથ જોડીને જેમની સન્નિધિમાં ભગવાન તથા ભક્તનો અપરાધ કર્યો છે, એ જ સદ્‌ગુરુ ગોપાળાનંદ મુનિના શરણને પામ્યા. ॥ ૧૬ ॥

હે વિપ્રો ! ગર્વગંજન, ભક્તપ્રિય,યોગિરાજ, ગોપાળાનંદ મુનિ પણ દયાનિધિ હોવાથી અતિ નમ્રતાએ યુક્ત અને બહુ દીન વચનને બોલનારા નારૂપંત ઉપર બહુ દયા કરીને, અમૃતને વર્ષનારી દૃષ્ટિથી તેની સામું જોઈને, પશ્ચાત્તાપને પામેલા તેની પાસે આદિનારાયણનું વ્રત બહુ આદરથી વિધિપૂર્વક કરાવ્યું. ॥ ૧૭-૧૮ ॥

તે પછી નારૂપંત વિપ્રે યોગીન્દ્ર ગોપાળાનંદમુનિના કહેવા પ્રમાણે અતિગદ્‌ગદ થઈ બહુ પ્રેમથી ચંદન પુષ્પ આદિ વડે શ્રી લક્ષ્મીનારાયણ દેવ તથા સાધુ બ્રાહ્મણોની પૂજા કરી. ॥ ૧૯ ॥

તે પછી જેનો જેનો પોતે પ્રથમ અપરાધ કર્યો હતો, તે તે ભક્તજનોને પ્રણામ કરીને તેમને પ્રસન્ન કરીને, આ લોકમાં દિવ્ય વૈભવ અને પરલોકમાં મુક્તિ પામ્યા. ॥ ૨૦ ॥

હે વિપ્રો ! આવું અદ્‌ભુત આદિનારાયણ શ્રીહરિના વ્રતનું માહાત્મ્ય વર્તે છે. માટે આ લોક પરલોકમાં કષ્ટની નિવૃત્તિને અર્થે અને મહાસુખની પ્રાપ્તિને અર્થે સર્વ જનોએ આ વ્રત શ્રદ્ધાથી કરવું. ॥ ૨૧ ॥

હે વિપ્રો ! જે મનુષ્યને જે જે સ્ત્રી-પુત્ર-વિત્ત વગેરે અપેક્ષિત હશે. તે સર્વ પણ આ હરિવ્રતના અનુષ્ઠાનથી નીશ્ચે સિદ્ધ થશે. જો મુક્તિની વાંછા હશે તો તે પણ





ધર્મપુત્ર શ્રીહરિના પ્રસાદથી મળશે એમાં સંશય નથી. ॥ ૨૨ ॥

હવે શુકાનંદમુનિ સમાપ્તિમાં ઈષ્ટદેવ શ્રીહરિને નમસ્કાર કરે છે- આ સર્વોત્તમ વ્રતને કરનારા સ્વાશ્રિત જનોને ઈપ્સિત સુખ આપનારા અને આદિનારાયણ મંગળ નામ જેમનું છે, એવા અવતારી શ્રીહરિ તમને તથા તમારા આશ્રિત જનોને હું નમસ્કાર કરું છું. ॥ ૨૩ ॥

હવે શતાનંદ મુનિ કહે છે - આ રીતે કહીને પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને પ્રણામ કરીને, વાર્તાલાપ થકી વિરામને પામેલા શુકાનંદમુનિને હરિશર્મા વિપ્ર મુખ્ય જેમાં છે. એવા પૂર્વોક્ત સમસ્ત શ્રોતાઓ બહુ હર્ષ પામીને પ્રણામ કરવા લાગ્યા. ॥ ૨૪ ॥

સભામાં બેઠેલા વિપ્રવર્ય મયારામ ભટ્ટ (માણાવદરના) દીનાનાથ ભટ્ટ (આમોદના) પ્રયાગજી પુરાણી (ભૂજના) આ ત્રણ પંડિતો શુકાનંદમુનિનું વચન સાંભળતા જ બહુ પ્રસન્ન થઈને મારા પ્રત્યે બોલ્યા. ॥ ૨૫ ॥

પંડિતો બોલ્યા હે શતાનંદ મુને ! મુનિરાજ આ શુકાનંદે બહુ સારી વાર્તા કરી. આ વાર્તા અલ્પ શ્રદ્ધાવાળા મનુષ્યોને પણ ઈપ્સિત ફળને આપનારી છે. ॥ ૨૬॥

માટે હે મુને ! આપે સત્સંગિજીવન ગ્રંથમાં તો ભક્તોએ જાણવા યોગ્ય, કરવા યોગ્ય, પામવા યોગ્ય બધી જ બાબતો વિસ્તારથી કહી છે. તથાપિ આટલી વાર્તાના વર્ણનવાળો એક સર્વોપકારી નાનો ગ્રન્થ કરો એવી અમારી પ્રાર્થના છે॥ ૨૭॥

આ રીતે સર્વનું મંગળ ઈચ્છતા ભક્ત શિરોમણિ તે પંડિતોની પ્રાર્થનાથી તેમની તથા બીજા સર્વજનોની પ્રસન્નતા માટે મેં આ આદિનારાયણ કથા નામનો નાનો નિબંધ કર્યો છે. ॥ ૨૮ ॥

આ ગ્રન્થ રચવા રૂપ શુભ કર્મથી ઈશ્વરોના ઈશ્વર ધર્મ ભક્તિના પુત્ર એવા આદિનારાયણ શ્રીહરિ તથા તેમના આશ્રિત ત્યાગી-ગૃહી સમસ્ત ભક્તો મારી ઉપર પ્રસન્ન થાય અને હું તે સર્વને પ્રણામ કરૂં છું. ॥ ૨૯ ॥

હવે આ ગ્રન્થના શ્રવણ-કીર્તનનું ફળ કહે છે. જે જન આદિનારાયણ શ્રીહરિના વ્રતના વિધિને ભક્તિથી સાંભળે અથવા કીર્તન કરે તે બન્ને જનો વ્રતના અધિદેવ શ્રીહરિના અનુગ્રહથી વ્રતના ફળને અને ઈપ્સિત બીજા સર્વ અર્થને નિશ્ચે પામે. ॥ ૩૦ ॥

ઈતિ શ્રી શતાનંદમુનિવિરચિતાયાં

શ્રીમદાદિ નારાયણકથાયાં પંચમોડધ્યાયઃ ॥ ૪ ॥

॥ ઈતિ શ્રી આદિનારાયણકથા સંપૂર્ણા ॥



sh_4 F :\job\KANDARI\Mahapooja\dame-3_11-12-04.P65 273 P-4



## શ્રીજી બાવની

જય જય સ્વામી સહજાનંદ, આશ્રિત જનને મન આનંદ. ૧
જય જય શ્રી કરુણાધીશ, તવ ચરણોમાં નામું શીશ. ૨
કરો કૃપાદ્રષ્ટિ ભગવાન, આપો મુજને ભક્તિ-જ્ઞાન ૩
માગું કરજોડી તવ પાસ, મુજ હૃદયમાં કરજો વાસ. ૪
સરજુ કિનારે સુંદર ગામ, નિર્મલ છે છપૈયા ધામ. ૫
સામવેદી છે વિપ્ર તમામ, જન્મ્યા ત્યાં શ્રીજી ઘનશ્યામ. ૬
છપૈયામાં જન્મ ધરી, ધર્મ-ભક્તિ કુળ પાવન કરી. ૭
આઠ વર્ષમાં ઉપવીત ધરી, અગિયાર વર્ષે વન વિચરી. ૮
લોજ પૂરે વસિયા જઈ આપ, હરવા ભક્તોના સંતાપ. ૯
દીક્ષા દીધી રામાનંદ, શુભ નામ દઈ સહજાનંદ. ૧૦
ગઢપુર આવી વસિયા નાથ, ઉત્તમ નૃપનો ઝાલ્યો હાથ. ૧૧
નિજ જનના છો પ્રાણજીવન, તવ ચરણે ગઢપુર પાવન ૧૨
અનેક યજ્ઞો આપે કર્યા, ભક્તજનોનાં સંકટ હર્યા. ૧૩
શિક્ષાપત્રી સદ્‌ગ્રંથ કર્યા, 'વચનામૃત' થી સંશય હર્યા. ૧૪
'સ્વામિનારાયણ' પ્રગટ્યા આપ, કરવા શાંત ત્રિવિધ તાપ. ૧૫
શ્રી ઘનશ્યામ તમારું નામ, સહજાનંદ પૂરણકામ. ૧૬
જે મુખે સહજાનંદ ગાય, તેનાં દુઃખો દૂર પલાય ૧૭
નારાયણ મુનિ શુભ નામ, ભક્તજનોની પૂરે હામ. ૧૮
'હરિકૃષ્ણ' હૃદિયામાં ધરે, તેના મનોરથ પૂરણ કરે. ૧૯
'નીલકંઠ' બ્રહ્મચારી નામ, જપાવાથી અંતર આરામ. ૨૦
'શ્રીજી' 'શ્રીજી' નામ ઉચ્ચાર, સરજુદાસ તરશે ભવપાર. ૨૧
રામકૃષ્ણ ચોવીસ અવતાર, તેણે હણિયા અસુર અપાર. ૨૨
ધર્મ એકાંતિક સ્થાપન કાજ, અવનિ ઉપર પ્રગટ્યા આજ. ૨૩
અનંત પરચા આપ્યા તમે, ભક્તભેરુ થયા વિકટ સમે. ૨૪
રૈવતગિરિ દત્તાત્રેય ધામ, દત્તચરણ પર શ્રી ઘનશ્યામ. ૨૫



महापूजा मुक्तगाथा

ઊભા દત્તરૂપે થઈ આપ, પૂજારી કરીયો નિષ્પાપ. ૨૬
નરસૈંયાને ચોરે જઈ, રાસમંડળનાં દર્શન દઈ. ૨૭
હાટકેશ્વર જીરણગઢ ધામ, શિવ સેવકને દીધા દામ. ૨૮
રાવણ, કંસ, અસુર તમામ, કામ ક્રોધલોભના ગુલામ ૨૯
એ કામ ક્રોધ જીત્યા તમે, કર્યા પરમહંસ સૌને ગમે. ૩૦
ચોવીસ અવતારોનાં રૂપ, ચોવીસ તીર્થંકર સુખ રૂપ. ૩૧
ચોવીસ પેગંબર રૂપ સામ, તમે દીધાં દર્શન સુખધામ. ૩૨
કાઠી, કોળી, પરધન હરે, ધાડપાડુના ધંધા કરે. ૩૩
અફીણ દારૂ મુખથી જમે, તેને માળા આપી તમે. ૩૪
મહી ચરોતરની મોઝાર, ચોર ચોર તણો સરદાર. ૩૫
જોબનપગીની વાગે હાક, તેણે શરણ લઈ કરીઓ પાક. ૩૬
પાપી જે કરતા પંચ પાપ, તેને તો કીધા નિષ્પાપ ૩૭
દર્શન દઈ જપાવ્યા જાપ, અવતારના અવતારી આપ. ૩૮
ધર્મ, જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય, ઉપજાવ્યો તેનો અનુરાગ. ૩૯
જીવ, માયા, ઈશ્વરનાં રૂપ, બ્રહ્મ અને પરબ્રહ્મ સ્વરૂપ. ૪૦
તેનું દીધું જ્ઞાન અનુપ, એકાંતિક ધર્મે સુખરૂપ. ૪૧
આત્મસ્વરૂપ અનુભવ જ્ઞાન, ભલું કર દીધું ભગવાન ૪૨
વિષ્ણુ શિવ બ્રહ્માદિક દેવ, પુરુષોત્તમની કરતા સેવ. ૪૩
અમે સત્સંગી તમારા બાળ, સદા અમારી લો સંભાળ ૪૪
સત્સંગી મંડળ માગે ફરી, તવ ચરણોમાં રાખો હરિ. ૪૫
અલ્પ મતિથી કરું સ્તવન, સ્વીકારી સુખ ધ્યો ભગવાન ૪૬
છેલ્લી અરજ તમારી પાસ, અક્ષરધામે દેજો વાસ. ૪૭
માગું છું કર જોડી ખાસ, વચન દીઓ મુજ હૃદયે વાસ ૪૮
દાસ જાણીને પૂરો હામ, નખશિખ મૂર્તિ શ્રી ઘનશ્યામ. ૪૯
માગે તીર્થ માધવાનંદ, શરણ તમારું સહજાનંદ. ૫૦
શ્રીજીબાવની જે કોઈ ગાય, સહજાનંદજી કરશે સહાય ૫૧
અંતરમાં છાયો આનંદ, બોલો સહુ જન સહજાનંદ (૨) ૫૨



sh_4 F :\job\KANDARI\Mahapooja\dame-3_11-12-04.P65 275 P-4

## મહાપૂજાની સામગ્રી

૧. ઈષ્ટદેવની ધાતુની પ્રતિમા-મૂર્તિ
૨. કેળના ચાર સ્થંભો કે ચાર પાન.
૩. ગણપતિજી-હનુમાનજીની ધાતુની પ્રતિમા
૪. આસોપાલવના તોરણ કે પાન.
૫. તાંબાનો કળશ ઘડો.
૬. જનોઈ જોટા બે તથા નાડા છડી.
૭. આચમની, તરભાણું, પ્યાલો.
૮. ચોખા તથા ઘઉં.
૯. અબીલ, ગુલાલ, કંકુ, ચંદન, હળદર.
૧૦. કપૂર, અગરબત્તી, વાટો.
૧૧. ફૂલહાર, છૂટાફૂલ, તુલસીપત્ર.
૧૨. નાગરવેલના પાન, ફળ, સૂકોમેવો.
૧૩. ૧૧૦ નંગ સોપારી, નાળીયેર.
૧૪. પંચામૃત, અત્તરની શીશી.
૧૫. બે બાજોઠ, બે ઉનના આસન.
૧૬. સ્થાપન માટે બે લાલ વસ્ત્ર, રુમાલ બે નંગ
૧૭. નૈવેદ્ય- મગજ, સુખડી.
૧૮. દક્ષિણા માટે પરચૂરણ.
૧૯. પ્રસાદ માટે સિંગ, કાજુ, સાકર.
૨૦. આરતી, અખંડદીપ, ઘંટડી, શંખ





## પ્રકાશક સંસ્થાનો પરિચય

આજ થી બસો વર્ષ પહેલા સર્વાવતારી, સદાચારમય ભાગવત ધર્મ પ્રવર્તક ભગવાન શ્રી સ્વામિનારાયણે પુણ્યાર્જન માટે શાસ્ત્રવિહિત તમામ સાધનોનો નીચોડ આપતાં કહ્યું છે કે ''માત્ર આપણા આ સત્સંગમાં જ નહિ પરંતુ સમગ્ર પૃથ્વી પર સદ્વિદ્યાનું પ્રવર્તન કરવું. પ્રવર્તનીયા સદ્વિદ્યા ભુવિ યત્ સુકૃતં મહત્'' તથા વચનામૃતમાં પણ કહ્યું છે જે ''અમારો દાખડો સફળ કરજો.'' સર્વજીવહિતાવહ શ્રીજી મહારાજના આ મંગલ આદેશને અનુલક્ષી પરમ પૂજ્ય સદ્‌ગુરૂવર્ય શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીએ કંડારી ગામને આંગણે સંવત્ ૨૦૫૦ માં ''શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ'' ની શુભ શરૂઆત કરી.

### પૂર્વભૂમિકા :

વૃત્તાલય વિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં અને પરમપૂજ્ય સદ્‌ગુરૂ કોઠારી સ્વામીશ્રી નંદકિશોરદાસજી સ્વામીની નિશ્રામાં રહી વરતાલ પીઠાધિપતિ પ.પૂ. ૧૦૦૮ આચાર્યશ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ હસ્તે વિક્રમ સંવત્ ૨૦૩૩ના ચૈત્ર સુદ એકાદશીના રોજ ભાગવતી દિક્ષા ગ્રહણ કરીને જ્ઞાનવાપી કાશી નગરીમાં સંસ્કૃતનો અભ્યાસ કરીને ગુરૂવર્યનો રાજીપો મેળવીને પ.પૂ. ૧૦૦૮ આચાર્યશ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ સાથે દેશ-વિદેશમાં સત્સંગ પ્રચાર અને કથા-પારાયણો કરી સત્સંગ સમાજનો ખૂબ રાજીપો મેળવ્યો.

સત્સંગ વિચરણ બાદ ''શ્રી સ્વામિનારાયણ છાત્રાલય વલ્લભવિદ્યાનગર'' ના મહંતપદે રહીને સત્સંગ-સુમન વાટીકાના કોમળ છોડ જેવા કુમળા બાળકોને શિક્ષા સાથે સંસ્કારને આધુનિક સાથે આધ્યાત્મિક જ્ઞાન આપી ભક્તિરસ પાવાની શુભ પ્રેરણા પામ્યા. નાની વયના બાળકોને ધાર્મિક સંસ્કાર સીંચી. તેમના જીવનઘડતર કરવા ભારતીય સંસ્કૃતિની પ્રાચીન શિક્ષણ પ્રવૃત્તિની ઝાંખી કરાવતી ''ગુરૂકુલ-સંસ્થા'' સ્થાપવાનો શુભ સંકલ્પ કર્યો.

### શુભ શરૂઆત :

શ્રીહરિની દિવ્ય પ્રેરણાથી પૂજ્યપાદ શાસ્ત્રીજી સ્વામી સદ્વિદ્યા પ્રવર્તનની શુભ શરૂઆત કરવા વિચારી રહ્યા હતા. તેવામાં કાનમદેશમાં મૂર્ધન્ય સ્થાન ધરાવી રહેલ



sh_4 F :\job\KANDARI\Mahapooja\dame-3_11-12-04.P65 277 P-4

તીર્થધામ ગામ શ્રી કંડારીના ભાવિક ભક્તોની આશાના સોનેરી કિરણો પ્રસરાવતો સમય આવી ચૂક્યો. આગેવાન ભક્તજનોના સાથ સહકારથી ને.હા.નં. ૮ ના કાંઠા ઉપર વિશાળ જમીન ખરીદવામાં આવી.

સંવત્ ૨૦૪૫ના વસંતપંચમીને દિવસે પરમપૂજ્યપાદ શાસ્ત્રીજી સ્વામી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીના કરકમળોથી "સ્વામિનારાયણ ગુરૂકુલ" ની સ્થાપના કરવામાં આવી.

**ગુરૂકુલનું ગૌરવ :**

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ સંસ્થા એક મહાન ગૌરવવંતી સંસ્થા છે. સંપ્રદાયમાં પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રીએ ગુરૂકુલ સંસ્થાનું સૌ પ્રથમવાર ખાત મુહર્ત આ સંસ્થાનું કર્યું છે. વિક્રમ સંવત્ ૨૦૪૫ના વૈશાખ સુદ - પંચમી તા. ૧૦-૫-૮૯ને બુધવારના રોજ પ. પૂ. આચાર્ય મહારાજના વરદ હસ્તે સંસ્થાનો શિલાન્યાસ વિધિ થયો અને વળી ગુરૂકુલ ઉદ્‌ઘાટન તથા મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પણ તેમના વરદ હસ્તે સંવત્ ૨૦૫૦ના વૈશાખ સુદી નવમીને દિવસે તા. ૧૯-૫-૯૪ ના રોજ કરવામાં આવ્યું અને પહેલે જ વર્ષે ૧૫૦ વિદ્યાર્થી બાળકો આ સંસ્કાર કેન્દ્રમાં દાખલ થયા. આજે ૨૭૫ જેટલા વિદ્યાર્થીઓ શ્રીજી મહારાજ અને સંતોના સાનિધ્યમાં રહી શુભ-સંસ્કાર મેળવી રહ્યા છે ને પ્રતિવર્ષે પ્રવેશ માટે ખુબ જ ઘસારો રહે છે.

**શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ-વિદ્યાલય :**

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ કંડારીમાં સને ૧૯૯૪ થી 'શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ પ્રાથમીક શાળા' સને ૧૯૯૫ થી 'સ્વામિનારાયણ ગુરૂકુલ માધ્યમિક શાળા' પણ શરૂ કરવામાં આવી છે. જેમાં ગુરુકુલ છાત્રાલયમાં રહેતા બાળકો ધો. ૬-૭-૮-૯ અને ૧૦ માં અભ્યાસ કરી રહ્યા છે. ટુંક સમયમાં જ નૂતન સ્કૂલ બિલ્ડીંગ તૈયાર થતા ધો. ૧૧-૧૨ પણ શરૂ કરવામાં આવશે. હાલમાં દરેક ધોરણનો એક એક કલાસ છે તેને વધારી બે-બે કલાસ કરવામાં આવશે.

**વડોદરા ગુરૂકુલ :**

કંડારી ગુરૂકુલમાં શ્રીજી મહારાજ અને સંતોના સાનિધ્યમાં રહી ધો. ૧૦ સુધીનો પોતાનો અભ્યાસ પૂર્ણ કરી યુવાનીના ઊંબરે આવેલ બાળકોને કોલેજ જીવનમાં પણ શ્રી હરિ અને સંતોનું સાનિધ્ય મળી રહે તેવા શુભ-આશયથી જ પરમપૂજ્યપાદ સદ્‌ગુરૂવર્ય શાસ્ત્રી સ્વામીએ સંસ્કાર નગરી છોટી કાશી વડોદરા





મુકામે કંડારી ગુરૂકુલની પ્રથમ શાખા કરવા નિર્ધાર્યું છે. હાલમાં ત્યાં રહીને સંતો સત્સંગ વૃદ્ધિ કરી રહ્યા છે.

**લોયાધામ જીર્ણોદ્ધાર :**

સમ્પ્રદાયના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે નોંધાયેલા જગપ્રસિદ્ધ લોયાધામ ઈતિહાસના પૃષ્ઠોમાં જ ચમકતુ હતુ પરંતુ તેની ભૌતિક સ્થિતિ ખળભળી ગયેલી હતી. પરિણામે પૂજ્યપાદ શાસ્ત્રીજી સ્વામી આ લોયાધામના વિકાસ માટે સંકલ્પબદ્ધ થયા છે. આજે સમ્પ્રદાયમાં મોટા યોગાનંદ સ્વામી નિર્મિત મંદિરના જીર્ણોદ્ધાર સાથે કાષ્ઠ કલાકૃતિથી સજ્જ એક નયન રમ્ય મંદિર તૈયાર થઈ ચૂક્યું છે. બે-બે શિલ્પયુક્ત આરસની છત્રીઓ, લીંબવૃક્ષનો ઓટો, હોસ્પિટલ અને ગૌશાળા વિગેરે કાર્ય પૂર્ણ થઈ ચૂક્યા છે.

નૂતન શિખરબદ્ધ મંદિર માટે પ્રસાદીની જગ્યા પણ સંપાદિત કરવામાં આવી છે. તેમાં ૨૦૦૬માં નૂતન શિખરબધ્ધ મંદિરનો શિલાન્યાસ કરવમાં આવશે.

ટૂંકમાં લોયાધામ વિકાસના પંથે અગ્રેસર થઈ રહ્યું છે છતા પાતાળિયો કૂવો, સૂરાખાચરનો દરબારગઢ, ધર્મકુળ મિલન સ્થાન જેવા અતિ મહત્ત્વના સ્થાનોનો જીર્ણોદ્ધાર બને તેટલા ટુંક સમયમાં કરવાની તાતી જરૂરીયાત છે. આવો આપણે આ વિકાસના કાર્યમાં સહભાગી બનીને ધન્યભાગી થઈએ.

**સાહિત્ય પ્રકાશન :**

નિઃસ્વાર્થભાવે માત્ર સત્સંગ સેવા માટે જ સ્થપાયેલ આ સંસ્થા દ્વારા શરૂઆતથી જ સત્સંગ સૌરભ વિસ્તારક બ્રહ્મવિદ્યા નામનું માસિક પ્રકાશિત થાય છે. જેનું વાર્ષિક લવાજમ રૂા ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૫૦૦/- રાખવામાં આવેલ છે. આ ઉપરાંત સંપ્રદાયના મૂળભૂત જ્ઞાન માટે "જ્ઞાન-સરીતા" આદિક પુસ્તકોનું પણ પ્રકાશન કાર્ય કરવામાં આવ્યું છે. તો "સત્સંગિજીવન સાગર મંથન" જેવા વિશાળ ગ્રંથનું પ્રકાશન દેશ-વિદેશમાં અતિલોકપ્રિય બન્યું છે. આર્થિક અડચણો દુર થતા જ ટુંક સમયમાં જ આ ગ્રંથનું પુનર્મુદ્રણ કરવાનું છે. વિદેશમાં વસતા ભક્તો માટે અંગ્રેજી God Realization, શિક્ષાપત્રી, Beloved Ghanshyam વિગેરે પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવે છે.

**ગુરૂકુલના ઉદેશ્ય અને કાર્ય :**

શ્રીજી મહારાજના સર્વજીવહિતાવહ સંદેશાનુસાર પ.પૂ. સદ્‌ગુરૂવર્ય શાસ્ત્રીજી સ્વામી એ સત્સંગ સેવાનુ આ કાર્ય હાથમાં લીધેલું છે. આ ગુરૂકુલ દ્વારા ઘણા નવા



sh_4 F :\job\KANDARI\Mahapooja\dame-3_11-12-04.P65 279 P-4

મુમુક્ષુ ભક્તોને સત્સંગ ઓળખાયો છે. કિશનાડ, વાંકાનેર, જેવા ગામના ગામો સત્સંગી થયા છે. આ નવા જુના તમામ ભક્તોને ભક્તિરસમાં તરબોળ કરવા માટે સૌ પ્રથમવાર ''બ્રહ્મસત્ર'' અને સત્સંગ શિબિરની યોજના પૂજ્યપાદ શાસ્ત્રીજી સ્વામીએ પ્રારંભ કરેલી. પરિણામે આજ કાનમ પ્રદેશ સત્સંગથી રસ તરબતર થઈ રહ્યો છે. ૩૫ જેટલા સંતો-પાર્ષદો અવિરત નિષ્કામ ભક્તિયોગમાં આહૂતિઓ આપી રહ્યા છે.

આ ઉપરાંત જપયજ્ઞ, સપ્તાહ પારાયણો તથા જાહેર સત્સંગ સભાઓના આયોજનો કરવામાં આવે છે. સાથે સાથે દૈવી આપત્તિ, દુષ્કાળ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, પૂર, વાવાઝોડામાં સહાય કરવામાં આવે છે તથા વિશેષ કરીને ''નવમંદિર નિર્માણ'' તથા મંદિરોનું જીર્ણોદ્ધાર કાર્ય, બાળ-યુવક મંડળોની પ્રવૃત્તિ તો આ સંસ્થા દ્વારા ચાલી જ રહી છે.

**વિદેશમાં સત્સંગ પ્રચાર :**

આ માત્ર ભારતમાં જ નહિ પરંતુ વિદેશમાં પણ પૂજ્યપાદ શાસ્ત્રીજી સ્વામીએ સંતમંડળ સાથે, અમેરિકા આફ્રિકા, લંડનના સત્સંગ પ્રવાસ દ્વારા ત્યાંના સત્સંગ સમાજને કથા-વાર્તા દ્વારા પોષણ આપ્યું છે. અને વિદેશોમાં પણ સારો એવો સત્સંગ પ્રચાર થયો છે અમેરિકા, આફ્રિકા, લંડનની સત્સંગયાત્રા દ્વારા ત્યાંના સત્સંગ સમાજને કથા-વાર્તા દ્વારા પોષણ આપ્યું છે. અને વિદેશોમાં પણ સારો એવો સત્સંગ પ્રચાર થયો છે આપણા માટે ગૌરવની વાત છે કે આ સંસ્થા દ્વારા દેશ-વિદેશમાં ખૂબજ સત્સંગ-સંવર્ધન કાર્ય થઈ રહ્યું છે.

વૃત્તાલય વાસીની અમીદ્રષ્ટીથી, આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી શ્રીજીમહારાજના મૂળભૂત સિદ્ધાંતોને પોષણ આપતી આ સર્વોપયોગી સંસ્થાની મુલાકાત લેવા અમારૂ હાર્દિક આમંત્રણ છે.

લી. સાધુ આનંદવલ્લભદાસ
(ગુરૂ- શાસ્ત્રીજી સ્વામી) ના
જયશ્રી સ્વામિનારાયણ





# સન્દર્ભ ગ્રન્થો


| | ગ્રન્થનું નામ | | કર્તા, સંશોધક, પ્રકાશક |
|---|---|---|---|
| (૧) | વચનામૃત | - | શ્રી સ્વામિનારાયણ ભગવાન |
| (૨) | શિક્ષાપત્રી | - | શ્રી સ્વામિનારાયણ ભગવાન |
| (૩) | શ્રી સત્સંગિજીવન | - | શ્રી શતાનંદ સ્વામી |
| (૪) | શ્રીહરિલીલા પ્રદીપ | - | આચાર્યશ્રી ભગવત્ પ્રસાદજી મહારાજ |
| (૫) | હરિલીલામૃત (ભાગ ૧, ૨) | - | આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ |
| (૬) | હરિલીલા કલ્પતરૂ (ભાગ ૧ થી ૫) | - | શ્રી અચિન્ત્યાનંદજી બ્રહ્મચારી |
| (૭) | શ્રી હરિદિગ્વિજય | - | શ્રી નિત્યાનંદ સ્વામી |
| (૮) | શ્રીહરિચરિત્રામૃત સાગર | - | શ્રી આધારાનંદ સ્વામી |
| (૯) | ભક્તચિંતામણી | - | શ્રી નિષ્કુળાનંદ સ્વામી |
| (૧૦) | મુક્તાનંદ કાવ્ય | - | શ્રી મુક્તાનંદ સ્વામી |
| (૧૧) | નિષ્કુળાનંદ કાવ્ય | - | શ્રી નિષ્કુળાનંદ સ્વામી |
| (૧૨) | ગુણાતીતાનંદ સ્વામીની વાતો | - | ગુરુકુલ રાજકોટ |
| (૧૩) | અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો | - | ગુરુકુલ રાજકોટ |
| (૧૪) | તદ્રુપાનંદ સ્વમીની વાતો | - | સર્વજીવ હિતાવહ ગ્રંથમાળા |
| (૧૫) | ભાયાત્માનંદ સ્વામીની વાતો | - | ગુરુકુલ રાજકોટ. |
| (૧૬) | નિર્ગુણદાસ સ્વામીની વાતો | | શ્રી કૃષ્ણવલ્લભદાસજી સ્વામી |
| (૧૭) | સોરઠી સત્સંગ | - | શ્રી પ્રભુ સ્વામી |
| (૧૮) | શ્રી હરિચરિત્ર ચિંતામણી | - | શ્રી રૂગનાથચરણદાસજી સ્વામી |
| (૧૯) | સ્વામિનારાયણ કથામંગલ | - | શ્રી રમણલાલ સોની |
| (૨૦) | અક્ષરાનંદ સ્વામીની વાતો | - | શ્રી કૃષ્ણાનંદજી |
| (૨૧) | સત્સંગની શુભવાર્તા | - | ગુરુકુલ રાજકોટ |
| (૨૨) | આદર્શ ભક્તગાથા | - | શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી |
| (૨૩) | બ્રહ્મનિષ્ઠ સંતો | - | શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી |


sh_4 F :\job\KANDARI\Mahapooja\dame-3_11-12-04.P65 281 P-4

| | | | |
|---|---|---|---|
| (૨૪) | પ્રેમસખી પ્રેમાનંદ | - | શ્રી હરિપ્રસાદ ત્રિભુવન ઠક્કર |
| (૨૫) | શ્રી હરિચરિત્ર ચિંતામણી | - | શ્રી મહાનુભાવાનંદ સ્વામી |
| (૨૬) | હરિલીલા કમલ ભાસ્કર | - | ભૂજ મંદિર |
| (૨૭) | સ્વા. સમ્પ્ર. નો સચિત્ર ઈતિહાસ | - | શ્રી સ્વંયપ્રકાશદાસજી સ્વામી |
| (૨૮) | શ્રી હરિચરિત્રામૃત | - | શ્રી કૃષ્ણાનંદ સ્વામી |
| (૨૯) | મુક્ત ચિંતામણી | - | પીપલાણા મંદિર |
| (૩૦) | સત્સંગિજીવન સાગર મંથન | - | કંડારી ગુરૂકુલ |
| (૩૧) | દ્વિશતાબ્દિ મહોત્સવ ગ્રંથમાળા (૨૦૦ પુસ્તિકા) | - | જ્ઞાનબાગ - વડતાલ |
| (૩૨) | જ્ઞાનોદય (માસિક) | - | ગાંધીનગર ગુરુકુલ |
| (૩૩) | બ્રહ્મના ઉપાસક બ્રહ્મચારી | - | શ્રી પ્રભુ શાસ્ત્રીજી |

## શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ - કંડારી દ્વારા

## પ્રકાશિત પુસ્તકો

૧. સત્સંગિજીવન સાગરમંથન
૨. જ્ઞાન સરિતા
૩. મોહનજીને મળવાને
૪. વાણી-વિવેક
૫. અમાનવીય ક્રૂરતા
૬. જીવન એક સ્નેહ ઝરણું
૭. માનવતાના દીવડા
૮. જીવન યાત્રા
૯. નિત્ય નિયમાવલિ
૧૦. શાંતિપાઠ
૧૧. મુક્તાનંદ કાવ્યમ્
૧૨. મહાપૂજા મુક્તગાથા
૧૩. શિક્ષાપત્રી (ગુજરાતી)
૧૪. શિક્ષાપત્રી (અંગ્રેજી)
૧૫. શ્રીમદ્ભગવદ્ વિલાસમ્ (સંસ્કૃત)
૧૬. BELOVEDGHANSHYAM
૧૭. LORD SWAMINARAYAN
૧૮. NILKANTH CHARITRA
૧૯. JOURNY BACK TO GOD
૨૦. NITYA NIYAM



આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ



આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ



સદ્. શ્રી મુક્તાનંદ સ્વામી



સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી

गुरुकुल
कण्डारी